ગુર્જર સાક્ષર જયન્તીઓ

તથા

પહેલી-બીજી સાહિત્ય પરિષદના પ્રમુખનાં

ભાષણો.

કર્તા.

મગનલાલ અમરશી મહેતા.

કિંમત ૧ રૂપીયો.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા", પુસ્તક ૨૮ મું.

ગુર્જર સાક્ષર જયન્તીઓ

તથા

પહેલી-બીજી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખનાં

ભાષણો.

પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા,

સંપાદક-"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"; અમદાવાદ.

પ્રથમાવૃત્તિ] પ્રત ૧૦૦૦ [ઇ. સ. ૧૯૨૧.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું. ઠે. પાંચકૂવા નવાદરવાજા-અમદાવાદ.

કિંમત રૂપીઆ બે.

સમર્પણ.

" ગુર્જરસાક્ષરજયન્તી " ના યોજક

સદ્ગત ભાઈશ્રી

રણજીતરામ વાવાભાઈ મહેતાના

અમર આત્માને.

પ્રસ્તાવના.

ઇ. સ. ૧૯૦૩ માં " ગુર્જરસાક્ષરજયંતી " નો ઉપક્રમ સમારંભાયો. કલાપી, અખો અને મીરાંની જયંતી તે વર્ષે ઉજવાઈ. જયંતીની યોજના સફળ કરવા સાહિત્યપક્ષને સબળ કરવું આવશ્યક લાગ્યું. ગયા વર્ષના જાન્યુઆરીની પ્હેલી તારીખે અમારી સભા " ધિ લીટરરી એસોશીએસન " થઈ, ને એપ્રિલમાં " ગૂજરાત સાહિત્ય સભા " નું અભિધાન પામી.

ભિન્ન ભિન્ન સાક્ષરોનાં સાહિત્યસેવા રૂપી રસળતાં કિરણો એક સ્થળે કેન્દ્રિત થાય તો આપણાં સાહિત્યને હાલ થાય છે તેથી વિશેષ લાભ થાય તથા ઐક્યની ભાવના ઉદ્ભવે, એટલા સારૂ એક મંડળની આવશ્યકતા હતી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ગ્રન્થપ્રસિદ્ધિનું કામ કરે છે, પરંતુ સાહિત્યના અભ્યાસ ને સંશોધન પર વિશેષ લક્ષ આપનાર મંડળની ખોટ તેથી પૂરી પડતી નથી. બંગ પરિષદ્, નાગરી પ્રચારિણી સભા, તામિલ સાહિત્ય સભા (Tamil Literary Academy), આદિ મંડળો પોતાના પ્રાંતની જેવી સેવા બજાવે છે તેવી સેવા ગૂજરાત અને ગૂજરાતી ભાષાની બજાવે એવા મંડળની જરૂર લાગતી હતી. આવી અગવડો કંઇક અંશે દૂર કરવા પ્રયત્ન થાય એટલા માટે અમારી સભાનું " ગૂજરાત સાહિત્ય સભા " નામ પાડી, " ગૂજરાતી સાહિત્યનો બને તેટલો બ્હોળો વિસ્તાર કરવાનો તથા બનતા પ્રયાસે તેને લોકપ્રિય કરવાનો " ઉદ્દેશ રાખ્યો. ઉદ્દેશસાધના અર્થે વિવિધ સાધનો પ્રયોજ્યાં છે.

ધિ સોશીઅલ એન્ડ લીટરરી એસોશીએશને ઉપસ્થિત કરેલો " ગુર્જરસાક્ષરજયંતી " નો સમારંભ ચાલુ રાખવામાં આવ્યો છે. જેટલા સમારંભો પ્રયોજાયા છે તે નીચે લખ્યા છેઃ—

જેમની જયંતી ઉજવવાની છે તેમનું નામ.		તિથિ.
૧.	નરસિંહ મહેતા	...વૈશાખ સુદ ૫
*૨.	મીરાંબાઇ	...શ્રાવણ વદ ૮
*૩.	અખો	...ચૈત્ર સુદ ૯
*૪.	પ્રેમાનંદ	...પોષ સુદ ૨
૫.	સામળ	... ...
૬.	વલ્લભ	... ...
૭.	દયારામ	...માઘ વદ ૫
*૮.	ધીરો	...આશ્વિન સુદ ૧૫
૯.	દલપતરામ...	...ચૈત્ર સુદ ૩
*૧૦.	નર્મદાશંકર ...જન્મ ભાદરવા સુદ ૧ મૃત્યુ.	ઓગષ્ટ ૨૪
૧૧.	નવલરામ... ...	...અષાઢ વદ અમાવાસ્યા.
*૧૨.	મણિલાલ નભુભાઇ... ...	...ઓકટોબર ૩
૧૩.	હરિ હર્ષદ ધ્રુવ.	... ...
*૧૪.	બાલાશંકર	... ...
*૧૫.	સુરસિંહ (કલાપી) ...જ. માઘ સુદ ૯. મૃ.	જ્યેષ્ઠ સુદ ૧૧

* આવી ફુદડીવાળી જયન્તીઓ ઉજવાણી છે.

ગૂજરાતી સાહિત્યનો અભ્યાસ વધે તથા જનસમાજનું સાહિત્ય-તરફ લક્ષ આકર્ષાય એવા હેતુથી જયંતીઓ યોજાઇ છે. હાલ તો ફક્ત જાહેર વ્યાખ્યાનોથી જ જયંતી ઉજવીએ છીએ. સમારંભનું નામ 'જયંતી' રાખ્યું છે, પણ વસ્તુતઃ સાક્ષરોનું શ્રાદ્ધ સારવાની યોજના છે. જયંતી માટે મૃત્યુતિથિ ને તે ન મળે તો જન્મતિથિ લેવી, તેના અભાવે સાક્ષરોની કૃતિ સંપૂર્ણ થયાની તિથિ, અને તે પણ અનુપલબ્ધ હોય તો ગમે તે તિથિ પર જયંતીનો ઉત્સવ પાળવો. આ સમ્બન્ધે સવિસ્તર ચર્ચા સભાના પ્રમુખ રા. રમણભાઇએ પોતાના પ્રાસ્તાવિક ભાષણમાં કરી હતી.

તા. ૧૩-૧-૪. } રણજીતરામ વાવાભાઈ મહેતા,
મંત્રી, ગૂજરાત સાહિત્ય સભા.

"વસન્ત" વર્ષ ૭, અંક ૧૨ (પોષ, ૧૯૬૧) માં સદ્દગત ભાઇશ્રી રણજીતરામે ' ગૂજરાત સાહિત્ય સભાનો હેવાલ ' છપાવેલો તેમાંથી ઉપરનો ઉતારો લીધો છે. તે ઉપરથી 'ગુર્જરસાક્ષરજયંતી'-ની ઉત્પત્તિનો બરાબર ખ્યાલ વાચકોને આવી શકશે. એમાં જણાવેલી પંદર જયન્તીઓ ઉપરાંત સાક્ષરશ્રી સ્વ૦ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની જયન્તી પણ ઉજવાઈ હતી. તે સાથે એકંદર નવ જયન્તીઓ ઉજવાઇ, ને તે સર્વે આ ગ્રન્થમાં આપવામાં આવી છે. તે ઉપરાંત પહેલી તથા બીજી સાહિત્ય પરિષદ્દના પ્રમુખશ્રીઓનાં ગુર્જર સાહિત્ય અને તેના ઇતિહાસને લગતાં વિદ્વત્તાપૂર્ણ ભાષણો પણ છેવટે આપવામાં આવ્યાં છે. આ સંગ્રહમાં સા. શ્રી નરસિંહરાવભાઈનો 'નવલરામ' વિશેનો મહત્વપૂર્ણ લેખ દાખલ કરવા મારી ઉત્કટ ઇચ્છા હતી; પરંતુ તે લેખ તેમના ગદ્યસંગ્રહમાં છપાવાનો હોવાથી આ જયન્તીમાલાના સંગ્રહમાં લેવાની અનુમતિ તેમના તરફથી મળી શકી નથી.

ગૂજરાત સાહિત્ય સભાએ યોજેલી જયન્તીઓમાંની લગભગ અર્ધી હજી ઉજવાયા સિવાય જ રહી ગઇ છે.તે ઉપરાંત ત્યાર પછી સ્વર્ગવાસી થયેલા બીજા પ્રસિદ્ધ ગુર્જર સાક્ષરોની જયન્તીઓ માટે પણ સાથે સાથે ઉપક્રમ થવો આવશ્યક ને ઇષ્ટ છે. ઉજવાયેલી જયન્તીઓ માટે લખાયેલા લેખો પણ સામાયિક લેખના દૃષ્ટિબિન્દુથી લખાયેલા હોવાથી સર્વાંશે સંપૂર્ણ ગણાય તેવા તો ન જ, હોય, માટે તેમાંની કેટલીક જયન્તીઓ ફરી ઉજવાય અને બીજા વિદ્વાનો તે માટે ખાસ લેખો તૈયાર કરે તો જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી ઘણું જ ઉત્તમ ને સ્વતંત્ર સાહિત્ય તૈયાર થઈ શકે ખરૂં. આશા છે કે સાહિત્ય સભાના હાલના કાર્યવાહકો આ અધૂરૂં રહી ગયેલું પુણ્યકાર્ય અવશ્ય ઉપાડી લેશે.

એક અજાયબ લાગે તેવી પરંતુ સત્ય હકીકત જણાવતાં

અને અત્યંત દુઃખ થાય છે. પ્રસંગોપાત સાહિત્યની ઉન્નતિ વિષે વાતો કરવામાં કેટલાક ગુર્જર વિદ્વાનો જેટલી લાગણી દર્શાવે છે, તેટલું પ્રોત્સાહન તેવું કોઇ કાર્ય કરનારને માત્ર સલાહરૂપી મદદ આપવામાં પણ મળતું નથી એમ મને પોતાને લાંબા અનુભવથી જણાઈ આવ્યું છે. આ જયન્તીઓના લેખોના જ સંબંધમાં સંબંધ ધરાવતા ગૃહસ્થોમાંના કેટલાકને એક, બે ને ત્રણ ત્રણ પત્રો લખ્યા છતાં તેમના તરફથી–તેમના પોતાના લેખ વિષે પણ–કાંઇ જ ખુલાસો મળી શક્યો નહિ! કવિવર ડો. રવીન્દ્રનાથ ટાગોર સરખા જગવિખ્યાત વિદ્વાન્ તરફથી પ્રત્યુત્તર મેળવવાની આશા રખાય, પરંતુ આપણા ગુજરાતમાંના કોઈક વિદ્વાનો તરફથી તેવી પણ આશા ન રાખવાનો મને આ અનુભવ કાંઇ પહેલો જ નથી. માત્ર સહાનુભૂતિ, પ્રોત્સાહન અને હાર્દિક લાગણી-થી ઘણાં સારાં ને ભારે કામો સામાન્ય જણાતા માણસો પાસેથી પણ કરાવી શકાય છે, તેનો મૂર્તિમંત દાખલો ગૂજરાતમાં મહાત્મા ગાંધીજીનો સૌ કોઈ જોઇ રહ્યા છે. એ અનુકરણીય કર્મવીરનું આદર્શ જીવન સાહિત્યક્ષેત્રની ખીલવણી માટે અનુકરણીય જણાતું નહિ હોય?

'પ્રેમાનંદ' વિશેનો લેખ સાક્ષર શ્રી કેશવલાલભાઈએ અતિ શ્રમ પૂર્વક છેલ્લી શોધખોળ પ્રમાણે સુધારી આપવાની કૃપા કરી છે, તે સારૂ તેમનો હું અતિ આભારી છું.

ભાઇશ્રી હીરાલાલ ત્રિ. પારેખે આ કાર્યમાં મને વખતોવખત ઘટતી સલાહ તથા મદદ આપી છે તે માટે તેમનો તથા વિશેષે કરીને આમાંના સર્વે લેખો "વસન્ત" માસિક પત્રમાંથી મળ્યા છે તે સારૂ એ પત્રના વિદ્વાન્ તંત્રીશ્રીનો તેમજ તે લેખોના સર્વે વિદ્વાન્ લેખકોનો હું અત્યંત આભારી થયો છું.

આ પુસ્તક વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સારૂ બને તેટલું વહેલું પ્રસિદ્ધ કરવાનું ઠરવાથી છપાવવાનું કામ ઉતાવળે લીધું છે, તેથી

બનતી કાળજી રાખવા છતાં જે કાંઇ ખામી, અપૂર્ણતા કે ભૂલો રહી ગઇ હોય તે માટે વાચકોની ક્ષમા યાચવા સિવાય બીજું શું હોઇ શકે ?

" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " ની શરૂઆતથી જ આ સંગ્રહ પુસ્તક રૂપે બહાર પાડવાની મારી ધારણા હતી, ને તે 'ગૂજરાત વિદ્યાપીઠ' અને તેના 'મહાવિદ્યાલય'ના કાર્યવાહકોના પ્રોત્સાહન વડે આજે પાર પડી છે, તેથી મને અત્યંત સંતોષ થાય છે. આવો જ બીજો એક–સાહિત્યની દૃષ્ટિથી અમૂલ્ય ગણાય તેવો–સંવાદોનો સંગ્રહ–**संवादमाला**-પ્રસિદ્ધ કરવાની મારી ધારણા છે ને તે ઇશ્વરકૃપા હશે તો આ વર્ષમાં જ બહાર પડશે. તેનું સાહિત્ય લગભગ એકત્ર થઇ ગયું છે.

કાગળના તથા છપામણી બંધામણીના ભાવ લડાઇ પહેલાના કરતાં ત્રણથી ચાર ગણા થઇ જવાથી પુસ્તકોની કિંમત પ્રથમના કરતાં વધારે રાખવી પડે છે; પરંતુ તે માટે બીજો કોઇ પણ ઉપાય ન હોવાથી લાચારીથી તેમ કરવું પડે છે. જો કે અમારી "પુસ્તક-માળા"ના **ગ્રાહકોને તો માળાનાં બધાં પુસ્તકો બીજાના પ્રમાણમાં બહુજ સસ્તા દરે–લગભગ પડતર ખર્ચે જ મળે છે.** સારા ને સંગીન વાંચનના પુરતા અભાવને લીધે જનસમાજમાં હલકી પ્રતિનું વાંચન વધારે ખપે છે ને ઉંચી કોટિનું બહુ ઓછું ખપે છે, એ ચાલુ સ્થિતિ અનુભવવા છતાં અમે અમારી પસંદગીનું ઉંચું ધોરણ છ વર્ષ થયાં કાયમ સાચવી રહ્યા છીએ, તેટલો જ સંતોષ છે.

અમદાવાદ,
તા૦ ૭–૧–૨૧.

જીવનલાલ અમરશી મહેતા.

અનુક્રમણિકા.

સ્વતંત્ર પૃષ્ઠો.

રાષ્ટ્રીયશિક્ષણ પુસ્તકમાળા; પુ. ૧ લું.

ગુર્જરસાક્ષરજયન્તીઓ.

૧.

પ્રમુખનું ભાષણ.*

'ધિ સોશીઅલ એન્ડ લિટરરી એસોસીએશન' ના સાહિત્યશોધક પક્ષ તરફથી ગુર્જરસાક્ષરજયન્તીની યોજના કરવામાં આવી છે તેનો આ પ્રસંગે પહેલો મેળાવડો છે. ગુજરાતના સાક્ષરોના જન્મતિથિને દિવસે એકત્ર થઇ તેમના જીવન અને લખાણોનો અભ્યાસ કરવામાં કંઇક કાલ કહાડવો એવો આ યોજનાનો ઉદ્દેશ છે. કોઇ સાક્ષરની જન્મતિથિ ન જડે તો તેના કોઇ લેખ કે કૃત્ય સંબંધે વિશેષતા પામેલા દિવસે આ કાર્ય માટે મળવું, અને વર્ષમાં બનતાં સુધી બધા સાક્ષરોની જયન્તી આ પ્રમાણે કરવી, એવી ધારણા છે. 'સાક્ષર'ના જેવા અર્થવાળો અંગ્રેજી શબ્દ Man of Letters છે, અને જેમણે

---

* અમદાવાદની "ધિ સોશીઅલ એન્ડ લિટરરી એસોસીએશન" તરફથી થયેલી યોજના અનુસાર "કલાપી" ની જયન્તી તા. ૬ ફેબ્રુઆરી ૧૯૦૩ ના રોજ કરવામાં આવેલી તે પ્રસંગે તે સભાના પ્રમુખ રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠે કરેલું (ઉપોદ્ઘાત અને ઉપસંહાર રૂપ) ભાષણ અને રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટે લખી મોકલેલો લેખ.

અભ્યાસ કરી વિદ્વત્તા સંપાદન કરી હોય તથા શિષ્ટ ગ્રન્થો લખ્યા હોય તેમને અંગ્રેજીમાં એ પદ આપવામાં આવે છે, એટલે, કેવળ 'લેખક' નહિં પણ 'વિદ્વાન્ લેખક' એ નામથી ઓળખાય છે. એ શબ્દનો આવો અર્થ હોવાથી English Men of Letters નામે ઇંગ્રેજી સાક્ષરોની જે જીવનમાલા રચાઇ છે તેમાં મહાકવિ શેક્સપિઅરને દાખલ કર્યો નથી કેમકે તે વિદ્વત્તાસંપન્ન પંડિત નહોતો. આવો ભેદ ગુર્જરસાક્ષરોની જયન્તીમાં ઉદ્દિષ્ટ કર્યો નથી. ગુજરાતના પ્રાચીન લેખકોના અભ્યાસ વિશે ઝાઝી માહીતી મળી નથી, તથા લેખકના લેખમાં જણાઇ આવતા સંસ્કાર તથા વિચાર પરથી તે સાક્ષરવર્ગમાં ગણાવા યોગ્ય છે કે નહિં એ ધોરણ યથાર્થ છે.

આજ સંવત ૧૯૫૯ ની મહા સુદ ૯ ને દિવસે લાઠીના સ્વર્ગવાસી ઠાકોર સાહેબ શ્રી સુરસિંહજીનો જન્મદિવસ છે. વર્તમાન સાહિત્યમાં "કલાપી" ના ઉપનામથી તેઓ સુપ્રસિદ્ધ છે, અને એ રાજકવિથી આ સાક્ષરજયન્તીનો આરંભ કરવામાં કાંઈ વિશેષ યોગ્યતા રહેલી છે. રાજત્વ અને કવિત્વનો યોગ વિરલ હોય છે. કાલિદાસે કહ્યું છે તેમ શ્રી અને સરસ્વતીનાં રહેઠાણ સ્વભાવથી જુદાં જુદાં હોય છે. સાક્ષરો, કવિઓ, ચિંતકો, લેખકો, ઘણા ખરા સામાન્ય વર્ગમાંથી ઉત્પન્ન થાય છે. રાજવર્ગના સાક્ષરો અપવાદ રૂપ હોય છે; પણ એ અપવાદ આપણું ધ્યાન સબળતાથી ખેંચે છે. પહેલાં ભોજ, હર્ષદેવ અને વિગ્રહરાજ વગેરે રાજ-કવિઓ આ દેશમાં થઇ ગયા અને હાલના કાલમાં પણ રાજકોટના મહેરામણસિંહજીનો "પ્રવીણસાગર" આ અપવાદની સાક્ષી પૂરે છે. રાજવંશમાં ઇંગ્રેજી કેળવણી દાખલ કર્યા પછી સુરસિંહજીએ રાજ-કવિની પરંપરા જાળવી છે અને નવો વિકાસ પામતા ગુજરાતી સાહિત્યને રાજત્વ

તથા કવિત્વના યોગથી ન્યૂન રહેવા દીધું નથી. માટે રાજવર્ગ અને કવિવર્ગ બન્નેની તેમના તરફ ઉપકારબુદ્ધિ હોવી જોઇએ, અને બન્નેના પ્રતિનિધિ તરીકે આ જયન્તીના મંગલાચરણમાં તેમનું સ્મરણ યથાયોગ્ય છે.

ઠાકોર **સુરસિંહજી**ના જીવનનો ટુંકો હેવાલ આજના **વ્યાખ્યાનમાં** વર્ણવ્યો છે. જીવતા પુરુષોની અને જેમના સમકાલીન **જનો** જીવતા હોય તેવા ગત પુરુષોની જીંદગાની વિશે પૂરેપૂરો વિસ્તાર થઈ શકતો નથી. તેથી, આ વૃત્તાન્ત જે તેવા રૂપમાં જ સ્વીકારવો જોઇએ. **સુરસિંહજીનાં** લખાણ હવે પછી સંપૂર્ણ ગ્રન્થમાં પ્રસિદ્ધ થવાનાં છે તે બેલાશક સાહિત્યના અભ્યાસીને બહુ ઉપયોગી થશે.

ગુજરાતી કવિતામાં **એક** ખુબીદાર નવીન રીતિ દાખલ થઇ છે તેના **સુરસિંહજી** અનુયાયી છે. ફારસી સુફીઓની ગઝલોની રીતિ **પ્રમાણે** આ કાવ્યોની રચના થઇ છે. એ રીતિના મુખ્ય સંસ્થાપક આપણા માનનીય વિદ્દેહ સાક્ષર **મણિલાલ નભુભાઈ** દ્વિવેદી છે.

' કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે,
ખુદા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઇ છે;
જુદાઇ જીંદગી ભરની કરી રો રો બધી કાઢી,
રહી ગઈ વસ્લની આશા અગર ગરદન કપાઇ છે. '

અમરઆશા.

' ખરી આશા તણો પાયો ચણાવી તે ઉપર કીસમત. '

જવનિકા, અભેદોર્મિ.

' તારો દીવાનો તેં જ પાયો મુજને ઇશ્કે શરાબ,
માર કે જીવાડ ચાલે શું હવે લપટાઇને ? '

પ્રેમજીવન.

એ અને એવાં રા. મણિલાલનાં મનોરંજક રમણીક કાવ્યો સર્વને વિદિત છે. રા. બાલાશંકરની કેટલીક રચનાઓ પણ આ શૈલીમાં થયેલી છે. તેમજ, "જટિલપ્રાણપદબંધ" માંની ગઝલોમાં એ શૈલીનું અનુસરણ જોવામાં આવશે.

કવિતામાં કાંઈ એક જ રીતિ કે શૈલી હોતી નથી. વિચિત્રતામાં કવિઓની કલા સમાયેલી છે. દયારામે ગુજરાતી કવિતામાં નવી શૈલી દાખલ કરી છે તેથી ગુજરાતી સાહિત્યમાં ઉમેરાયેલી સુન્દરતા આપણે સર્વ જાણીએ છીએ. શૈલીની પેઠે ભાષામાં પણ કવિઓએ નવીનતા વખતો વખત દાખલ કરેલી છે. હિંદુસ્તાનમાં એકવાર બધી કવિતા વ્રજ ભાષામાં લખાતી, તે પછી પ્રાન્તોની ભાષામાં કવિતા લખાવા માંડી, ત્યાર પછી વ્રજભાષામાં ગુજરાતી કવિઓએ કવિતા રચી છે. દયારામના શતશૈયા, ગોધાના મનહર સ્વામીનાં પદ, એ વગેરે કવિતા હિંદી ભાષામાં લખાયેલી મશહૂર છે. દ્વારકાનો ગુગળી બ્રાહ્મણ મુકુંદ જે વિક્રમ સંવતના ૧૭ મા સૈકામાં થઈ ગયો તેના 'ગોરક્ષચરિત્ર"માં અડધી ગુજરાતી અડધી હિંદી ભાષા છે:

" કાશીપુરીમાં ગયા ગોરખજી,
મિલ્યા સર્વ સમાજ હૈ;
મોટા મોટા લોક આવ્યા છે,
કાશી કા જ્યાં રાજ હૈ. "

દયારામે મરાઠીમાં કાવ્ય લખ્યાં છે:

पहावें भाग्य नरसिंह महेतांचें, वल्लभदेवाचें;
जीर्णगढवासी विप्रजाती नागरांची ज्ञाती;
भेटीले भगवंत अद्भुत रीती अखिल विश्वख्याती.

આજનું વ્યાખ્યાન કરનાર ગૃહસ્થ " કલાપી " વિશે વિવેચન કરવાના કાર્ય માટે વિશેષે કરી લાયક છે. તેઓ એમના મિત્ર હતા, છે. ' કલાપી ' ના હૃદયની ગતિ તેમને વિદિત છે. હવે વધારે વિલંબ ન કરતાં તેમણે મોકલેલો લેખ વાંચવા હું સૂચના કરું છું.

कलापीने सम्बोधन.*

(" ઓધવજી સંદેશો કહેજો શ્યામને " એ-રાગમાં).

સુરતાની વાડીના+ મોંઘા મોરલા
ગાજતી શા ઉરસાગર ઉલ્લાસ જો!
નિર્ઝરતી સૌભાગ્ય સુહાગન જ્યોત્સ્નિકા!
નયને ઝાંકે નમાવ્યું નિર્મલ હાસ જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

---

* આ 'સંબોધન' 'કેકારવ' ની શરૂઆતમાં મૂકેલું છે. 'કલાપીના કેકારવ'ની નવી આવૃત્તિ અમારા તરફથી થોડી જ મુદતમાં બહાર પડવાની છે. તેમાં કાવ્યપ્રસંગોનાં ખાસ તૈયાર કરાવેલાં આઠ ચિત્રો ઉપરાંત કલાપીની અપ્રસિદ્ધ નિત્યનોંધ, બનશે તો કેટલાક પત્રો, રાણી રમા તથા સ્નેહરશ્મિ શોભનાની છબીઓ પણ આવશે. અર્થાત્ આ આવૃત્તિ તદ્દન નવાજ સ્વરૂપમાં બહાર પામશે. **જી. અ. મહેતા.**

\+ સુરતાની વાડી is the garden of all that constitute angelhood. સુરતા—દેવત્વ. angelhood.

આંજે ને અજવાળે આંખડલી સખી !
અન્તર ઉપર ઉઘડે આલમ નૂર જો !
" હેત હૈયાનાં વહતી વાજે વાંસળી "
ઊડે સ્વર આકાશે અન્દર દૂર જો !
મુરતાની વાડીના મીઠા મોરલા !

(૨)

નન્દનવનના પ્રાસાદાની ટોચથી,
મધુરી કેકા આજે શી ઉભરાય જો !
સુરભીઓની સાથે સંસારે સરી,
અન્તર્દ્વારે ગીતા શી અથડાય જો,
મુરતાની વાડીના મીઠા મોરલા !

" તત્સવિતાનુ ભર્ગ વરેણ્યં ધીમહિ " !
ગાયત્રીનો જૂનો ભેદક મન્ત્ર જો !
આજે અન્ય પ્રકારે આ માથું નમે !
નમતો સાથે આત્માનો એ તન્ત્ર જો !
મુરતાની વાડીના મીઠા મોરલા !

કાન્ત.

કલાપી.

મહાશય અધ્યક્ષ સાહેબ, ગૃહસ્થો, બન્ધુઓ,

આજે આપણી ગરવી ગુજરાતના રાજકવિ કલાપીની જન્મતિથિ છે. કલાપી તે કાઠિયાવાડમાં આવેલા લાઠી સંસ્થાનના સ્વર્ગવાસી ઠાકોર સાહેબ સુરસિંહ. તેઓ ૧૮૭૪ ના ફેબ્રુઆરીની ૨૬ મી તારીખે જન્મ્યા હતા, અને ૧૯૦૦ ના જૂનની ૧૦ મીએ સ્વર્ગવાસી થયા.

૧૮૮૨ ના જૂનની ૨૨ મીએ તેઓ રાજકોટની રાજકુમાર કૉલેજમાં દાખલ થયેલા. મિ. ચેસ્ટર મેકનૉટન તે વખતે પ્રિન્સિપાલ હતા. ૧૮૯૧ ના ઑગસ્ટની ૧૪ મીએ તેમણે કૉલેજ છોડી તે પહેલાં ૧૮૮૯ ના ડીસેમ્બરની ૧ લી તારીખે તેમનાં કચ્છ રોહા અને કોટડા એ બે સંસ્થાનની રાજકન્યાઓ સાથે લગ્ન થયેલાં. પાછળથી એક પત્રમાં કલાપીએ લખ્યું છે, કે—

" લગ્ન થયાં પણ મને મ્હારા અભ્યાસમાં નડનાર તે અરુચિકર હતાં. "

૧૮૯૧ ના ઑક્ટોબરની ૧ લીએ સુરસિંહ હિંદુસ્તાનની મુસાફરીએ નિકળ્યા. ૧૮૯૨ ના જાન્યુઆરીની ૨૨ મીએ જગન્નાથપુરીથી " પ્રિય માસ્તર સાહેબ જોશીજી " ઉપર લખેલો એક વિસ્તીર્ણ અને સુન્દર પત્ર પાછળથી " કાશ્મીરનો પ્રવાસ અથવા સ્વર્ગનું સ્વપ્ન " એ નામે પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ થયેલો છે. ૧૮૯૨ ના મેની ૨૨ મીએ તેઓ મુસાફરી પૂરી કરી પાછા આવેલા.

૧૮૯૨ ના ઑક્ટોબરની ૧૫ મીએ " ફકીરી હાલ " એ નામથી એજ સાલના નવેમ્બરના સુદર્શનમાં પ્રસિદ્ધ થયેલી ગઝલો

લખાઈ,–ગુજરાતની ગરીબ થયેલી વાડીમાં કલાપીની કેકા સંભળાવી શરૂ થઇ, જે કલાપીના સ્વર્ગારોહણની સાથે જ વિરામ પામેલી છે.

૧૮૯૮ ના જૂલાઇની ૧૧ મી તારીખે તેમણે શોભના સાથે લગ્ન કરેલું. કલાપી અને શોભનાનો સ્નેહ એ કલાપીના આન્તર જીવનનો સર્વોપરિ ભાગ છે, પણ એ ઇતિહાસ ગુજરાતના સાહિત્યમાં પ્રસિદ્ધ થવાને હાલ વિલમ્બ છે.

એજ સાલના જાન્યુઆરીની ૧૪ મી તારીખે એક પત્રમાં કલાપી લખે છેઃ—

" કવિતા ! મ્હારી કવિતાને હું કવિતા કહેતો નથી. હું કવિ છું એવું હું માની જ શક્યો નથી. ફરીથી કહેવા દો, કે મિલ્ટન કે શેક્સપિયર હિંદુસ્તાનમાં હમણાં નથી, અને બહુ કાલ સુધી આવવાના નથી. અહીં કોઇને " કવિ " કહેતાં તે શબ્દને જ હલકો કરવા જેવું છે, અને એ પણ શું નથી થઇ ગયું ? આપણે હમણાં જેને " કવિ " કહીએ છીએ તેને 'poet' કહી શકીશું ? મને વિચારો ગોઠવતાં આવડતું નથી, મ્હારા જીવનમાં કલા નથી, માત્ર લાગણીઓ છે; અને મ્હારી કવિતા પણ તેવીજ છે. હું જે કાંઇ લખું તે મને જ આનંદ આપી શકે તેવું એ થતું નથી. હું શેલી કે શેક્સપિયર વાંચતો હોઉં છું ત્યારે ઘણી વખત મન થઇ જાય છે, જાણે મ્હારી કવિતાને–એ કાગળોને બાળી નાખું. વળી સ્વાનુભવરસિક કવિમાં અને સર્વાનુભવ રસિક કવિમાં હું બહુ ભેદ જોતો નથી. જે વ્યષ્ટિને બરાબર ગાઇ શકે તે શું સમષ્ટિનું જ ગીત નથી ? એકજ ચાવી બધે લાગી રહી છે."

૧૮૯૮ ના એપ્રિલની ૧૭ મીએ ગોપનાથથી કલાપીએ સ્વીડનબોર્ગના " સ્નેહવિશ્વ " ઉપર એક વિસ્તીર્ણ પત્ર લખેલો, જે

પાછળથી 'એક જિજ્ઞાસુ'' ની સહીથી પ્રસિદ્ધ થયેલો છે. એ લેખમાં કલાપી કબૂલ કરે છે, કે, "શ્રદ્ધા કારણોમાંથી નહિ, પણ કારણો શ્રદ્ધામાંથી આવે છે." પણ એ પત્રમાં ધર્મ અને સ્નેહ સમ્બન્ધી જે વિચારો દર્શાવાયા છે, તે ઉપર ઘણું કહેવાની જરૂર છે, જો કે આ પ્રસંગે તે કહેવાને મને અવકાશ નથી.

સંવત ૧૯૫૬ ના વૈશાખ જ્યેષ્ઠના "ચન્દ્ર" માં "કાન્તનો દિનચર્યા લેખ" એ નામનો એક ઇંગ્લિશ નવલનો ન્હાનો સરખો અનુવાદ પ્રસિદ્ધ થયેલો છે, તે ઘણું કરીને કલાપીનો છેલ્લો મહત્ત્વનો લેખ છે. એ લેખમાં તે લખે છેઃ—

"પોતાનું મરે અને પારકાનું મરે એમાં દુનિયા ભેદથી રડે છે. દુનિયાની બહાર ગયેલું કોઈ એ ભેદથી છૂટી જાય છે. કલાવીર કલામાં અને દયાલુ દયામાં ગળી પડે છે, ત્યાં કોને પારકું પોતાનું હોય ? જે બાલા હમણાં ઉડી ગઈ, તેમાં પ્રભુએ તેવી દયા મૂકી હતી. એવા જીવને બધાં ચાહે છે. પણ એવા જીવને એવો બીજો જીવ કેવું ચાહે છે ? તે કાન્તને પૂછો અત્યારે."

કલાપીનાં ઘણાં કાવ્યો સુદર્શનમાં અને થોડાંએક ચન્દ્રમાં પ્રસિદ્ધ થયેલાં છે. ઘણાં હજી અપ્રસિદ્ધ છે. સુદર્શનમાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો માટે એ માસિકના નવીન તન્ત્રીએ લખ્યું છે, કે, "તેમાં મનુષ્યહૃદયની અમુક વૃત્તિઓ એના વિવિધ ભેદપ્રભેદ સાથે ઠીક ઉતારવામાં આવી છે." મને લાગે છે કે એ વિદ્વાન્ તન્ત્રીએ કહી શકાય તે કરતાં ઓછું કહ્યું છે. મને તો એમ લાગે છે કે ઉછરતી પ્રજાના રસિક બન્ધુઓ કલાપીને ઘણું વધારે માન આપશે, કારણ કે સુદર્શનનાં વિદ્વાન્ તન્ત્રી એ જીવનની જે "વિલક્ષણ મધુરતા"ની વાત કરે છે, તે કલાપીના તમામ લેખોમાં સ્પષ્ટ અનુભવી શકાય તેમ રહેલી છે.

કલાપી આલમનો શોધક છે. તેની કેકામાં પ્રાપ્તિનો ઉલ્લાસ નથી, પણ સાચી પ્રીતિનો આવેશ છે. તે ગાય છે:—

* પેદા થયો છું ઢૂંઢવા તુંને સનમ!
ઉમ્મર ગુઝારી ઢૂંઢતાં તુંને સનમ!

અને તરત તે અફસોસ કરે છે—

છે દુશ્મનો લાખો ભુલાવા રાહને;
દુશ્મન બનાવી યાર અંજયો, સનમ!

ઓ પ્રભુ, તારા તરફના રાહને ભુલાવવાને લાખો દુશ્મનો છે, અને હું એ દુશ્મનોને યાર બનાવી અંજાયો!

ગફલત મહીં હું, ઝાલીમો કાબીલ એ:
જુદાઇ યારોની મઝા એને, સનમ!

ઓ પ્રભુ, હું ગફલતમાં, અને એ દુષ્ટો પ્રવીણ: તારાથી મારી જુદાઇ—તમામ યારોની જુદાઈ એમને તો મઝા!

જે રાહદારીમાં અમોને લૂટતું,
ઉમેદ બર આવો નહીં એની, સનમ!

ઓ પ્રભુ, અમને માર્ગે ચાલતાં લૂટે છે તેની અમને લૂટવાની ઉમેદ સફલ ન થાઓ!

ગૃહસ્થો આ બધી ગઝલો સાંભળતાં આપને લાગશે કે "કલાપીને સંબોધન" માં તેના નીચે રહેલા બન્ધુએ કશી અતિશયોક્તિ કરેલી નથી.

ભાવનગર, ૩ : ૨ : ૭૩. [illegible]

* આલમની શોધ.

ઉપસંહાર.

આ વ્યાખ્યાન ટુંકું છે, પણ મનનયોગ્ય છે. "ઠાકોર"પણું, "શ્રી"પણું, અને "સાહેબ"પણું મુકી "કલાપી"ના નામથી સાહિત્યના પ્રજાસત્તાક રાજ્યમાં દાખલ થયેલા એ ઉચ્ચ સંસ્કારી લેખક વિષે આથી આપણને કાંઇક ખ્યાલ આવે છે. ૨૬ વર્ષની વયે એ વિચારવંત અને રસમય જીવનનો અંત આવ્યો એ સ્મરણ કરતાં આપણને ખેદ થાય છે, પરંતુ, બાયરન, શેલી, કીટ્સ, એ સર્વ આટલી જુવાન ઉમ્મરમાં પાર્થિવ જીવનમાંથી લુપ્ત થયા છે એ ધ્યાનમાં લેતાં આપણને યાદ આવે છે કે કવિત્વને દીર્ઘાયુ સાથે આવશ્યક સંબંધ નથી. ગ્રીક વીર એકીલીઝને કીર્તિ અને દીર્ઘાયુ એમાંથી એક પસંદ કરવાનું કહેવામાં આવેલું અને તેણે કીર્તિ પસંદ કરેલી એ કથા આ આશ્વાસનને સમર્થ કરે છે.

કલાપીની કલ્પનાની પૂરેપૂરી કદર જાણવા તેનાં સર્વ કાવ્યોનો અભ્યાસ કરવો જોઇએ. પણ તેમાંથી થોડાં ઉદાહરણ અહીં સંભારીશું.

પતંગને દીપમાં પડી બળી જતું જોઇ કલાપીને વિચાર આવ્યો છે કે,

'કાંઈ મીઠું સુખ નહીં હશે પ્રેમિને બાળવામાં,
કે કૈં તેથી વધુ સુખ હશે પ્રેમિને દાઝવામાં.'

"તુલશી."

ઉપર આરંભમાં સૂચવેલી શૈલીમાં કલાપીના કેટલાક ઉદ્‌ગારો આવા છેઃ—

'સાકી જે શરાબ મને દીધો દીલદારને પાયો નહીં,
'સાકી જે નિશો મુજને ચડ્યો દિલદારનેય ચઢ્યો નહીં.'

સાકીને ઠપકો.

'ગુનાહ પર શી રહમ! માશુક! કતલ કર એ હુકમ હક જે!
ડરે તો હે મને ખંજર! ઝબેહ આ દિલ કરૂં હું તો!'

ગુનેહગાર.

આજના વ્યાખ્યાનકાર રા. મણિશંકરની એક શૈલીનું પણ કલાપીએ અનુસરણ કર્યું છે.

'વ્હાલાં ઉર જાઝાંને પાજો.
થોડાંને ગાજોને ગાજો ને ન્હાજો.
ગાતાંને, ન્હાતાંને ન્હાતાંને ન્હાજો.
ન્હાજો વ્હાલાં વ્હાલાંઓને.

એક પ્રાર્થના.

એ આ શૈલીનું ઉદાહરણ છે. રામદાસ સ્વામી નામના મરાઠી કવિએ લખેલા અંજની ગીતની આ શૈલી છે, જેમાં માપ ઓવીનું જણાય છે.

રા. મણિશંકરની લેખનશૈલીની એક બીજી છાપ ઠાકોર સુરસિંહજી ઉપર પડી છે. સંવાદ (dialogue) રૂપી લેખની ગુજરાતી [illegible]માં બહુ [illegible] Conversations ના નમુના પ્રમાણે રા. મણિશંકરે સંવાદના કેટલાક કલ્પિત પ્રસંગો લખ્યા છે અને તેમને ધોરણે કલાપીએ પણ એ વિષયમાં

પ્રયાસ કર્યો છે. " જલંદર અને ગોપીચંદ " ના તેમણે લખેલા કલ્પિત સંવાદમાંથી થોડો ઉતારો આપીશું. એમાં તેમની ગદ્ય શૈલીનું તથા તેમના કેટલાક વિચારનું દર્શન થશે.

'ગોપીચંદઃ મને તો એજ લાગે છે કે બુરાઈ પણ અમર છે.'

'જલંદરઃ નહિં નહિં બેટા ! જે ઉપયોગી છે તે જ કાલના મહાન્ ધસારામાં ટકી શકે છે.'

'જલંદરઃ બેટા ! તું હજુ સુધી ન સમજ્યો કે શાન્તિ સંગ કે અસંગ, ભોગ કે યોગ એવા કોઈ પદાર્થમાં નથી; પણ શાન્તિ વિવેકમાં છે.'

'ગોપીચંદઃ સત્ય ગુરૂદેવ.'

'જલંદરઃ અને વિવેકથી ભોગ ભોગવાય તો યોગની અપેક્ષા નથી.'

'જલંદરઃ પણ ભાઈ—ભોગ કરતાં યોગ ઓછા ભયવાળો નથી. દૂધ બગડે છે ત્યારે વિષ બને છે. યોગ તૂટી પડે છે ત્યારે બહુ દુઃખ થાય છે.'

'જલંદરઃ વિરાગ મેનાવતીએ અપાવ્યો. પ્રભુએ આપ્યું હતું તેવું મેનાવતી ક્યાંથી અપાવી શકે ?'

'જલંદરઃ મેં મેનાવતીને કહ્યું હતું કે " ઉતાવળની જરૂર નથી. ગોપીચંદ અમર નથી પણ ગોપીચંદનો આત્મા અમર છે. " પણ તે પુત્રના લાવણ્યને અમરત્વ ઇચ્છતી નથી.'

'ગોપીચંદઃ અને તે જે ઇચ્છતી હતી તે આપની કૃપાથી પ્રાપ્ત
પણ કરી શકી.'

'જલંદરઃ ખરૂં, તે ઇચ્છતી હતી તે તો બન્યું, પણ હું ઇચ્છતો
હતો તે નહિ.'

'ગોપીચંદઃ આપ શું ઇચ્છતા હતા? અમરત્વથી પણ વિશેષ
હિત એ કયું?'

'જલંદરઃ હું ઇચ્છતો હતો તે શાંતિ.'

'ગોપીચંદઃ પણ, ગુરૂદેવ, ભગવાં વસ્ત્રમાં ટેવાઇ ગયેલાને
રાજ્યની સીનેરી હવે ખૂંચશે નહિ?'

'જલંદરઃ હાલ તો નહિજ ખૂંચે, ખૂંચે ત્યારે ફેંકી દેજે.'*

સ્વીડનબોર્ગના ધર્મવિચારો ઉપર કલાપીએ વાર્તિક લખ્યું છે તેમાં તેમના ગદ્ય લેખનનું બીજું ઉદાહરણ મળી આવે છે. પ્રસ્તાવનામાં તે ઘણા વિનયથી લખે છે કે 'લખનાર ઉપદેશક કે સિદ્ધ માનીને લખતો નથી પણ તેની શોધક અને શિષ્ય રહેવાની વૃત્તિ છે. * * * લખનાર પોતે જાણે છે તે સમજાવવા નહિં પણ પોતાની ભૂલ હોય તે જાણવા ઉત્સુક છે.' વાર્તિક લખતાં તે કહે છે કે 'સ્વીડનબોર્ગ તેના "સ્નેહ" ના પુસ્તકમાં જે કહે છે તે જ તેને જુદી જુદી રીતે બધે કહેવાનું છે એમ મને સમજાયું, અને એમ જ હોય. એક મહાત્મા એકથી વધારે વાત કહી શકતો નથી. પરમાત્માના કોઇ એક બિંદુની જ ઝાંખી એક ઝીંદગીમાં થઇ શકેછે.'

* આ શૈલીએ જુદા જુદા વિદ્વાનોએ ગુજરાતીમાં લખેલા સંવાદોનો એક સંગ્રહ છપાવવાની અમારી યોજના છે; ને તે થોડી જ મુદતમાં છાપવાનું શરૂ પણ થશે. જી. આ. મહેતા.

સુરસિંહજીનું ઠાકોરપણું. આ લેખમાં એક ઠેકાણે કાયમ રહેલું જણાય છે. રજપુત રાજાની સાંસારિક ભાવના તેમને છોડી શકી નથી અને તેની અસરથી આ વાર્તિકમાં તેઓ એક ઠેકાણે કહે છે. ' અનેકસ્ત્રીલગ્નને વ્યભિચાર માનતાં કાલિદાસનાં તો બધાં નાટકો અને કાવ્યો જેમ વ્હેલાં બાળી દેવાય તેમ વધારે સારૂં એમ માનવું પડશે * * * અનેક સ્ત્રી પરણનારા મુસલમાનોને એક જેવા તેવા હલકા સ્વર્ગમાં મોકલી વળી એ સ્વર્ગને પણ નરક જેવું બદબોથી ગંધાતું (સ્વીડનબોર્ગે) બનાવ્યું છે. કદાચ હું જે રીતે અનેક સ્ત્રીલગ્નને યોગ્ય ગણું છું તેવી રીતે મુસલમાનોએ નહિં ગણ્યું હોય. * * * ગમે તેમ હોય પણ સ્વીડનબોર્ગના પ્રવાહની સૂક્ષ્મતાને વધારે સૂક્ષ્મ કરી જાતાં અનેકસ્ત્રીલગ્ન સ્વર્ગીય ઠરે એમાં મને તો કશી શંકા રહેતી નથી. '

અનેકસ્ત્રીલગ્નમાં રહેલો અન્યાય અને અનર્થ રાજવર્ગના ધ્યાનમાં આવવા માંડયો છે અને સર્વ ગાદીપતિઓ ક્રમે ક્રમે એકપત્નીવ્રતધારી રામચંદ્રના આદર્શનું અનુકરણ કરતાં શીખશે એ આશા વ્યર્થ નથી.

આજનો સમારંભ હવે સમાપ્ત થયો છે. અને સમાપ્તિ કરતાં એટલી આશા પ્રદર્શિત કરીશું કે ગુજરાતના સાક્ષરો તરફની આપણી આ પ્રકારની ફરજ બજાવવાનો પ્રયાસ ચાલુ રાખવામાં આવશે. અને એ સાક્ષરોના જીવનકાર્યનો અભ્યાસ કરવાનો જેમને વિશેષ અવકાશ ન મળે તેમને વર્ષમાં એક દિવસ પણ એ અભ્યાસમાં ગાળવાનો પ્રસંગ આ સભા આપી સકશે.

૨.

અખો અને તેનું કાવ્ય.*

ગુર્જરી ભાષાના અભ્યાસકોને અખાનું નામ અજાણ્યું હોવું સંભવતું નથી. પણ આજ સુધી ચાલેલી ઉંચી કેળવણીની પદ્ધતિની શોચનીય અસર એ થઇ છે કે પ્રત્યેક કેળવાયલો વિદ્યાર્થી મિલ્ટન, શેક્સપીઅર, વર્ડ્સવર્થ, શેલી આદિ અંગ્રેજ કવિ અને તેનાં કાવ્યોનાં રહસ્યોમાં જેટલો પ્રવીણ હોય છે તેટલો પોતાની માતૃભાષાનો ઉત્તમ સાક્ષરોની કૃતિથી પરિચિત હોતો નથી. આપણો સ્ત્રીવર્ગ આપણા ગુર્જર કવિઓની કૃતિથી જેટલો જાણીતો છે એટલો નવી પદ્ધતિથી કેળવાયલો યુવક જાણીતો નથી. આથી આપણી ગુર્જર પ્રજાની સાસારિક ઉન્નતિમાં સ્ત્રીપુરૂષના ભાવ અને વિચારના સંમેલનની જે અગત્ય છે એ આ માતૃભાષાની ઉપેક્ષાને લીધે પૂરી પડતી નથી. અલ્પ સમય થયાં આ પ્રકારનું સ્વરૂપ સહજ બદલાતું ચાલ્યું છે. માતૃભાષાની ઉપાસના થવાનાં ચિહ્નો સર્વત્ર જણાવા લાગ્યાં છે; પ્રાચીન

* 'ધિ સોશીઅલ એન્ડ લિટરરી એસોસિએશન' તરફથી ઉજવાતી જયંતીઓમાંની બીજી જયંતી વેળા આ નિબંધ વંચાયો હતો. પ્રથમ જયંતી વખતે તિથિ નક્કી કરવાનો નિયમ જણાવ્યો હતો. તે મુજબ "અખેગીતા' માંથી મળી આવેલી 'રામનવમી' ની તિથિએ જયંતી પાળવા વિચાર હતો. પરંતુ કેટલાંક કારણસર તેમ થઇ શક્યું નહોવાથી સં. ૧૯૫૯ ના આષાઢ સુદ ૮ ને ગુરૂવારે 'ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટયુટ' માં આ મેળાવડો રા. બ. રમણભાઇ મહિપતરામના પ્રમુખપદ નીચે મળ્યો હતો.

ગુર્જર કવિની કૃતિઓ પરીક્ષકદૃત્તિથી હવે અવલોકાવા માંડી છે; સ્વભાષામાં નવીન વિચારોને સ્વતંત્ર રીતે ઉતારવાના પ્રયત્નો થયા છે; અને આપણા વિદ્યાલયમાં પણ એમ. એ. ની સર્વોત્તમ પરીક્ષામાં આપણી માતૃભાષાના અભ્યાસને સંસ્કૃત, ફારસી આદિ પ્રૌઢ ભાષાનું સમાન સ્થાન આપવામાં આવ્યું છે.

સર્વ ભાષામાં ગદ્ય કરતાં પદ્યનો આરંભ પ્રથમ થયલો હોય છે અને તે જ ન્યાયે આપણી ગુર્જરી ભાષામાં પણ કાવ્યોની પ્રતીતિ પ્રથમ થયલી છે ગુજરાતી કાવ્યના વિકાસક્રમમાં ત્રણ પગથીઆં છે. (૧ પ્રાચીન કાવ્ય: જેની સાદી શોભા આદિ કવિ નરસિંહ મ્હેતામાં ભક્ત કવિ વિષ્ણુદાસ તથા ભાલણમાં, અને કેટલાક જૈની કવિઓમાં ઝળકે છે. (૨) મધ્યકાલીન કાવ્ય: જેમાં કથારસમાં નિપુણ સામળ, સર્વરસચતુર પ્રેમાનંદ, તત્ત્વવિચારમાં કુશળ અખો, ભોજો, ધીરો, તથા પ્રીતમ, અને શૃંગારરસિક દયારામની કૃતિઓ પ્રધાનપદ ભોગવે છે. (૩) અર્વાચીન કાવ્યનો આરંભ કવિ દલપતરામથી થાય છે. આ છેલ્લા સમયમાં પશ્ચિમના વિચારોની છાયાની સંક્રાન્તિ થયલી અનુભવાય છે, અને તેની સાથે આપણી વૃદ્ધ માતૃભાષામાં સંસ્કૃતના અભ્યાસના ફલ રૂપે વાણીની વિશુદ્ધિ પણ અધિક પ્રવેશ પામેલી જણાય છે. આ સમયના કેટલાક તારાઓ નર્મદાશંકર, આદિ અસ્ત થયા છે, અને ક્ષિતિજ ઉપર અન્ય ઝળકે પણ છે.

ઇંગ્રેજી ભાષાના અભ્યાસથી જાગૃત થતા નવીન વિચારોનો અનુગમ જેમાં નથી તેમ છતાં વિચારસ્વાતંત્ર્ય જેમાં અધિક સ્ફુરે છે એવા મધ્યકાલીન કવિઓમાંના અખાની ગુજરાતી ભાષામાં જે ચમત્કૃતિ છે તે અન્યમાં નથી. ગુજરાતના સાક્ષરોની જયંતી ઉજવવા

ઉત્સાહવાળા મંડળના પ્રશસ્ય પ્રયત્નને ધન્યવાદ આપી આપણે આ અખાની ચૈત્ર શુદ નવમીના જયંતીના મંગલ દિવસે તે વિચારશીલ કવિની કૃતિના અવલોકનમાં તેની આધ્યાત્મિક અવિનાશી મૂર્તિને નમન કરીશું.

અમદાવાદમાં ખાડીઆમાં સોનીની વ્યવહારકુટિલ ગણાતી નાતમાં આશરે સને ૧૬૧૯ માં જન્મ પામનાર આ કવિ હાલની પદ્ધતિ પ્રમાણે શાળાની કેલવણીમાં સંસ્કાર પામેલો નહતો, તો પણ ધર્મ તથા નીતિનું બલ સ્વભાવસિદ્ધ હોવાને લીધે, રૂઢ કુટિલતા અને પ્રપંચ પ્રતિ તેને તિરસ્કાર થયો, અને પોતાનું સાદું ધાર્મિક જીવન મહાત્માના સંગના પ્રભાવથી એટલું તો નિદર્શનરૂપ તે કરી શક્યો કે બ્રાહ્મણાદિક ઉંચી વર્ણના વિદ્વાનોના વિચાર તથા આચાર તેના આગળ ઝાંખા પડ્યા. સાંપ્રદાયિક ધર્મોની અવનતિ એની સૂક્ષ્મ નજરમાં સત્વર જણાઇ આવી, અને શુદ્ધ વેદાંતશાસ્ત્રના સ્વતંત્ર વિચારનો આશ્રય કરી તેનું મનન કર્યું, અને તેના ફલ રૂપે ગુજરાતી ભાષામાં ઘણા માર્મિક છપ્પા લખી ભાષાના સાહિત્યમાં વધારો કર્યો.

અખાને કવિ ગણવો, ભક્ત ગણવો, તત્ત્વવિચારક ગણવો, કે તત્ત્વજ્ઞ ગણવો એ સંબંધમાં ઘણા મતભેદ પરીક્ષકની વૃત્તિના ભેદથી હોવા સંભવે છે. જેઓ શબ્દ તથા અર્થના અલંકારમાં જ કાવ્યનો આત્મા આવી ઠર્યો એમ માને છે તેમને અખો કવિરૂપે લાગવાનો નહિ, પણ નિર્દોષ શબ્દ વડે કોઇ પણ અંગી રસની નિષ્પત્તિ કરવામાં કાવ્યનું રહસ્ય રહ્યું છે એવું જેઓ માને છે તેને તો અખો નિઃસંશય કવિ રૂપે ભાસવાનો. જે રસની નિષ્પત્તિ કરવાનો આશય હોય તે રસની નિષ્પત્તિ થવા સારૂ જે શબ્દનું, અર્થનું, વર્ણનું,

ભાવનું ઔચિત્ય જોઇએ તે ઔચિત્ય જેમાં સ્ફુરે છે તે શબ્દરચના જ કાવ્ય છે, અને તેવા ઔચિત્યવાળી જ અખાની રચના છે એમ પ્રત્યેક વિચારકને જણાશે. આ ઔચિત્યને કાવ્યનો આત્મા ગણી વેદકાલીન મંત્રદ્રષ્ટાને પણ કવિ કહેવાની પ્રથા સંસ્કૃત ભાષામાં ચાલે છે; કેમકે તેઓ 'ક્રાંતદર્શી' એટલે વિશ્વદૃષ્ટિવાળા હતા. અખાને પોતાને પણ રૂઢ અર્થમાં ગણાતા કવિ તરીકે ગણાવાની વૃત્તિ હતી નહિ. "જ્ઞાનિની કવિતા ન ગણીશ"—એવું માનનાર અખાની દૃષ્ટિમાં, જે શબ્દરચનાથી હેયોપાદેયરહિત અર્થાત્ ત્યજવા યોગ્ય તથા ગ્રહણ કરવા યોગ્ય જેમાં કાંઇ રહ્યું નથી એવું અખંડ પરમાત્મતત્ત્વ સમજાય, તે શબ્દરચના જ કાવ્ય હતી:—

" અખો શું કવિતાપણું કરે, જે વાત કશી ન પોંચે શરે;
" કે લેવું કે મુકવું કહે, તે તો ત્યાં આઘેરૂં રહે.
" એવું કવતાં આવે લાજ, સમજ્યા સરખો છે મહારાજ;
" ઉકેલ પડે તે જોડ્યું ખરૂં, જેણે જીવપણું જાયે પરૂં.
" બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સો કો ગાય;
" અખા અર્થસહિત જે જો સાર, નાચે પૂત તવ લાજે માત."

(આત્મલક્ષ અંગ.)

અખાના ઉપરના વિચારમાં ઘણો ઉંડો અર્થ રહ્યો છે. જે કાવ્યથી માત્ર સાંસારિક રસનો અનુભવ થાય છે, પણ અંતઃકરણમાં બોધની છાયા પડતી નથી તે કાવ્ય પ્રજાની નૈતિક ઉન્નતિમાં કાંઇ પણ ઉપયોગનાં નથી. જેમ વસ્ત્રાલંકારમાં વનિતાનું સૌંદર્ય નથી પણ તેનાં અંગ-ઉપાંગોમાં ઝળકતા લાવણ્યમાં જ સૌંદર્ય છે, તેમ શબ્દ તથા અર્થના અલંકારમાં કાવ્યનું કાવ્યત્વ નથી પણ શબ્દાર્થને પકડે રહેલાં

બોધમય રસમાં કાવ્યત્વ છે. વળી જેમ નગ્નતામાં સૌંદર્ય નથી, તેમ કઠોર વાણી અને અર્થમાં કાવ્યત્વ નથી. શબ્દાર્થ બોધરૂપ રસના ઉપકારક છે, પણ બોધ વિના શબ્દાર્થનું વૈચિત્ર્ય શબને અલંકૃત કરવા જેવું છે. વિલક્ષણ શબ્દાર્થની રચનાથી બોધ ધ્વનિત થવો એમાં જ કાવ્યનું રહસ્ય છે, નહિ કે કથા માંડી આમ કરવું જોઈએ તેમ કરવું જોઈએ એવો સ્પષ્ટ ઉપદેશ કરવા બેસવું. આ કારણથી જ કાવ્યદ્વારા બોધ આપવાની શૈલી અલંકારશાસ્ત્રકારોને વધારે સમ્મત છે. અને કાવ્યના પ્રયોજનોનું વર્ણન કરતાં મમ્મટાચાર્ય—**कान्तासंमिततयोपदेशयुजे**—એમ કહી કાન્તાની પેઠે મધુર ઉપદેશ આપનાર કાવ્ય છે એવો સિધાન્ત પ્રતિપાદન કરે છે.

આ પ્રકારની વિદગ્ધ વાણી દ્વારા બોધરૂપ શાંત રસને પ્રકટ કરવામાં અખો અતિશય કુશળ છે. આ રસ પ્રકટ કરવામાં શબ્દરચના તરીકે અખાએ છપ્પાને પસંદ કર્યા છે, સરળ અને હૃદયભેદક માર્મિક વાણીનો આશ્રય કર્યો છે; અને પ્રૌઢ સંસ્કૃત ભાષામાં જે ગહન તત્ત્વવિચારો છે તે ગુજરાતીમાં પ્રસાદમય શૈલીથી ઉતારવા પ્રયત્ન કર્યો છે. આ શ્રેણીમાં તે કેટલે અંશે સફલ થયો તે આપણે એના કાવ્યની પરીક્ષા કરતાં જોઈશું.

બોધપ્રધાન અખાની કવિતાનો મોટો ભાગ સાતસો છેંતાલીશ છપ્પામાં છે, અને તેનાં ચૂમાળીશ અંગ પાડયાં છે. અખાએ આ છપ્પાને વ્યવસ્થાસર ગોઠવવાને પ્રયત્ન કર્યો નથી, તો પણ તે છપ્પાઓ ભિન્ન ભિન્ન વખતે લખાયલા હોવાથી તથા પ્રસિદ્ધ કરવાનાં સાધનો તે સમયમાં હાલના જેવાં નહિ હોવાથી તેણે બુદ્ધિમાં કાંઈ વ્યવસ્થા ધારી હશે પણ તેનાથી તે પ્રકટ રૂપમાં મૂકાઈ નથી. અખાના અભ્યા-

સકને આ અંગોમાં વર્ણયેલા વિચારો પ્રતિ લક્ષ કરતાં નીચેના ચાર વર્ગમાં છપાઓ પડેલા જણાશેઃ—

પ્રથમ તો રૂઢ થયલા સંપ્રદાયોના ધર્મના દોષોના ગ્રહમાંથી છૂટવા સારૂ તેણે કેટલાંક અંગો રચ્યાં છે. આ અંગમાલાને આપણે **દોષનિવારક અંગવર્ગ** કહીશું. આ વર્ગમાં-(૧) વેષનિંદા, (૨) આભડછેટ નિંદા, (૩) સ્થૂળ દોષ અંગ (૪) પ્રપંચ અંગ, (૫) ચાનક અંગ, (૬) સૂક્ષ્મ દોષ અંગ, (૭) ભાષા અંગ, (૮) ખળજ્ઞાની અંગ, (૯) જડભક્તિ અંગ, (૧૦) સગુણભક્તિ અંગ, (૧૧) દંભભક્તિ અંગ, (૧૨) જ્ઞાનદગ્ધ અંગ, (૧૩) દશવિધજ્ઞાની અંગ, (૧૪) વિભ્રમ અંગ, (૧૫) કુટકળ અંગ.

બીજા વર્ગમાં બ્રહ્મવિદ્યાના સાધનોનું મુખ્યત્વે કરીને પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ વર્ગનું નામ **ગુણગ્રાહક અંગવર્ગ** આપણે આપીશું. તેમાં નીચેનાં તેર અંગોનો સમાવેશ થાય છેઃ—(૧) ગુરુ અંગ, (૨) સહન અંગ, (૩) કવિ અંગ. (૪) વૈરાગ્ય અંગ, (૫) વિચાર અંગ, (૬) ક્ષમા અંગ, (૭) તીર્થ અંગ, (૮) સ્વાતીત અંગ. (૧૦) કૃપા અંગ, (૧૧) ધીરજ અંગ. (૧૨) ભક્તિ અંગ, (૧૩) સંત અંગ.

ત્રીજા વર્ગમાં બ્રહ્મવિદ્યાના પ્રમેયો અર્થાત્ જાણવા યોગ્ય પદાર્થો તથા સિદ્ધાન્તોનું પ્રતિપાદન છે. આ વર્ગને **સિદ્ધાન્ત પ્રતિપાદક અંગવર્ગ** કહીશું. તેમાં નીચેનાં ચૌદ અંગોનો અંતર્ભાવ થય છેઃ—(૧) માયા અંગ, (૨) સૂઝ અંગ, (૩) મહાલક્ષ અંગ, (૪) વિશ્વરૂપ અંગ, (૫) સ્વભાવ અંગ, (૬) જ્ઞાની અંગ, (૮) જીવ ઈશ્વર અંગ, (૮) આત્મલક્ષ અંગ, (૯) વેષ વિચાર અંગ, (૧૦) જીવ અંગ, (૧૧) વેદ અંગ, (૧૨) અજ્ઞાન અંગ, (૧૩) મુક્તિ અંગ, (૧૪) આત્મા અંગ.

ચોથા વર્ગમાં બ્રહ્મવિદ્યાના ફલનું વર્ણન કરતાં કાવ્યો છે. આ ફલપ્રતિપાદક વર્ગમાં (૧) પ્રાપ્તિ અંગ, અને (૨) પ્રતીતિ અંગનો સમાવેશ થઈ શકે છે.

અખાના છપ્પા ઉપરાંત અન્ય પ્રસિદ્ધ ગ્રંથો અખેગીતા, અનુભવબિંદુ, કૈવલ્યગીતા, ચિત્તવિચાર સંવાદ, પંચીકરણ, ગુરૂશિષ્ય સંવાદ, તથા કેટલાક વેદાન્તશાસ્ત્રના સિદ્ધાન્તોને ચર્ચતાં છુટક પદોનો સંગ્રહ છે. અખાની શાસ્ત્રસિદ્ધાન્તમાં નિપુણ મતિનું ભાન કરાવવા પ્રથમના ચાર ગ્રંથો બસ છે. કાવ્યચમત્કૃતિ તથા બ્રહ્મવિદ્યાનું પ્રસાદમય વાણીમાં પ્રતિપાદન જેટલું છુટક પદોમાં છે તેટલું અન્ય ગ્રંથોમાં નથી. તત્ત્વવિદ્યાની સર્વ શોભા તથા પ્રતિષ્ઠા વિદ્વાનના અનુભવમાં છે. જ્યાં અનુભવ નથી પણ માત્ર પરોક્ષ જ્ઞાન છે ત્યાં શ્રોતાના મન ઉપર અસર કરવાની શક્તિ નથી. અખાના સંબંધમાં વિશેષ આલોચન કરવા યોગ્ય એ છે કે એના નિર્મલ બ્રહ્મત્વના અનુભવનો ચંદ્રમા એની ગંભીર પદ્યસ્રોતસ્વિનીના પ્રત્યેક તરંગમાં ઝળકે છે, અને તેથી અભ્યાસકને કંઈ નહિ તો ક્ષણભર આ સંસારના મિથ્યાત્વનું તથા તેના અંતરપટમાં રહેલા પરમાત્મતત્ત્વની યથાર્થતાનું ભાન સત્વર થાય છે. આ અનુભવની ખુમારી " અક્ષય લીલા" ના પદોમાં એટલી સ્ફુરે છે કે તેની કેટલીક પંક્તિઓ અત્ર ટાંકવાનું યોગ્ય ગણ્યું છે:-

" સંતોરે વનસ્પતિ ફુલી, માયા કેરા ધામમાં;
" ઘર ગયો છે ભુલી, સંતોરે વનસ્પતિ ફુલી. સંતોરે. ૧

" વણ બેડું વણ વરખડો, જઈ ગગન માંહે મોર્યો;
" ફાલ્યો ફુલ્યો બહુ ફળ્યો, ત્રિલોકમાં ફોર્યો. સંતોરે. ૨

" પગ વિના પગ કાઢવો, વણ વાટે દીવો બાળો;
" જે ઘર જાવું મુઆ પછી, તે ઘર જીવતાં નિહાળો. સંતોરે. ૩

" પથીલ થઇને પરવરો, ઘરધન જેમ ફેડે;
" જે ફળ છે અગમ અગોચર, તે ફળ વિરલા વેડે. સંતોરે, ૪

" ઘટ ઘુંઘટ ઘેરી રહ્યો, માયા મનશું બાંધો;
" ઘટ ઘુંઘટ અળગો કરો, તે સાંઈ આપે લાધો. સંતોરે. ૫

" અનેક પદવી ઉપરે, અક્ષર એક સૂજે;
" અક્ષરે અક્ષર ઉતરે, અખો એ અક્ષર બૂજે; સંતોરે. ૬

" સંતોરે વહેતે નવ વહીએ, આત્મા શું અવિલંબતા;
" લહેમાં લીન થઇએ, સંતોરે વહેતે નવ વહીએ"

* * * * * *

અખાના રોમે રોમમાં જે બ્રહ્મરસ પ્રસરી રહ્યો છે તે એના "અનુભવ બિંદુ"ના અભ્યાસીને સહજ જણાય તેમ છે. આ ગ્રંથ લઘુ છે, તો પણ તેનું ગાંભીર્ય અવર્ણનીય છે. છપ્પામાં જે અખાને આપણે અવિચારી ધર્માન્ધોને સપાટા મારતાં જોઈએ છીએ તે અખાની લેખિની અને આ ગ્રંથની લેખિનીમાં ઘણો ભેદ છે. જેમ ઉત્તરરામચરિતમાં ભવભૂતિની પરિણત પ્રજ્ઞા ઝળકે છે તેમ આ લઘુ કૃતિમાં અખાની અત્યંત ગંભીર બ્રહ્મતત્વમાં ઠરેલી મતિ સ્ફુરે છેઃ—

" જેમ વર્ષાઋતુ જાય, શરદ ઋતુ રૂડી દીસે;
" દામિની દોડી પળાય , વાય મન હળવા હીસે.
" ચોદિશ ચળકે ચંદ, દંદ બહુ મનનો ભાગે;
"તેમ ભાગે ભવભ્રાંતિ, કાંતિ જેમ દ્વિતીયા આગે.

"વિમળ વપુ હોય વારિ, ચતુર લિંગ દેખી લહે;
" ચિદાકાશ ચિન્મય અખા, ધ્યાતા ધ્યેય સમરસ રહે."

અખાનાં કાવ્ય તાત્પર્યપ્રધાન છે, અને તેથી તેમાં પદલાલિત્યાદિ ગુણો વધારે સ્ફુરતા નથી. પોતાની વ્યવહારચતુરતા સંસ્કાર પામેલી વાણીદ્વારા બ્રહ્મવિદ્યાનાં તત્ત્વોને સામાન્ય પ્રજા આગળ પ્રકાશ કરવા પ્રતિ તેનું લક્ષ ખેંચાયલું છે. સંસારરસમાં મગ્ન જીવોના હૃદયમાં ઉંડી લાગણી થાય અને તેની સાથે ઉપદેશ આપનાર કવિ પ્રતિ તિરસ્કાર ના ઉપજે એવી માર્મિક વચનશ્રેણિનો ઉપયોગ કરવામાં અખાના જેવી કુશળતા અન્ય બોધક કવિઓમાં જણાતી નથી. આ વચનોની શ્રેણિમાં એક દૃષ્ટાંત અને બીજું દૃષ્ટાન્તિક એને "અને" શબ્દથી જોડી, બન્નેના સમાન ધર્મોની શ્લેષદ્વારા અભિવ્યક્તિ અખો ઘણી ચમત્કારક રીતે કરે છે. અજ્ઞાની જીવનું સ્વરૂપ વર્ણવતો આ કવિ એક સ્થળે કહે છે કેઃ—

" અણ સમજ્યો જીવ ને બીજું ઝાંખરૂં, જ્યાં દેખે ત્યાં વળગે ખરૂં;
" પ્રકૃતિ મળે ત્યાં તે અડે, નહિં તો ખાધું વાટે પડે.
" એમ અખા સઘળો સંસાર, ઝાખર ઝોળે કરે વેપાર."

(જીવ ઈશ્વર અંગ.)

અજ્ઞાન જીવ અને ઝાંખરાનું સામ્ય " વળગવામાં " રહ્યું છે. અર્થાત્ જેમ ઝાંખરૂં રસ્તે જનાર માણસને વળગે છે તેમ અજ્ઞાન જીવ પ્રકૃતિના પરિણામ રૂપ સંસારના વિષયો સાથે ગુંચાય છે. જો વટેમાર્ગુનું લુગડું ઝાંખરાને વળગી રહે તેવું હોય તો ઝાંખરૂં સાથે જાય અને નહિ તો વાટમાં પડી રહે છે. તેમ જીવનું અંતઃકરણ રાગદ્વેષવાળું હોય તો વિષયોના સંસ્કાર ચોંટે છે, નહિં તો વિષયરૂપ ઝાંખરાં વળગી રહેતાં નથી.

સગુણ ભક્તિ કરતાં નિર્ગુણ ભક્તિની પ્રશંસા કરતાં વળી અખો અન્યત્ર કહે છે કેઃ—

" પડતું સુવર્ણ ને બીજું મન, તેનું ધોવું ધાવું ન હોય જતન.
" જો મર્મ ખાર અગ્નિને મળે, તો થાય ચોડું ન પાછું વળે.
" મનની કીધી સર્વ ઉપાધ્ય, મનાતીત અખા આરાધ્ય."

(સગુણ ભક્તિ અંગ.)

અહિં જેમ હલકા સોનાની શુદ્ધિ ધોવા કરવાથી થતી નથી પણ અગ્નિમાં તપાવવાથી જ થાય છે તેમ મનની ખરી શુદ્ધિ મન-મોહન આગળ ઘુઘરી વગાડવા રૂપ સગુણ ભક્તિની લીલાથી થતી નથી પણ નિર્ગુણ તત્ત્વના સંબંધી સંયમાગ્નિથી જ થાય છે, એ ઘણી સાદી અને ચમત્કારક ભાષામાં વર્ણવ્યું છે.

અખાની ઠોક, વગર સમજે ધર્મના આચાર માત્રને વળગી રહેનાર મનુષ્યો પ્રતિ જબરી છે, અને સર્વને માનસ પવિત્રતા અર્થાત્ વિચારની શુદ્ધિ કરવા વારંવાર પ્રબોધે છે. આ સાથે જણાવવું જોઇએ કે અખાને આચારનું નિરર્થકપણું સમજાયું નથી. આચાર શુદ્ધ વિચારના ફલરૂપ હોવા જોઇએ, તે વિના મૃત શરીર તુલ્ય ગણાવા જોઇએ, એ સિદ્ધ કરવા તેનો ખાસ આગ્રહ છે. આચારનું વાસ્તવ સ્વરૂપ વર્ણવતાં અખો કહે છે કેઃ—

" ઇશ્વર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
" મીઠાં મોડાં માન્યાં દ્રાખ, અન્ન નોય અનમાંની રાખ,
" સોનામુખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વાણું વાય."

અર્થાત્ જે આચાર વડે ઇશ્વરતત્ત્વ સમજાય તે જ આચાર છે. " હાડ ચામડાં " ને ધોવા માત્રમાં "આચાર" રહ્યો નથી, એ તો ઉપરનો "ઉપચાર" છે.

નિર્દંભિકપણુનો અખાને અતીવ આગ્રહ છે. જેવી રીતે વિચારશૂન્ય આચાર કામનો નથી, તેવી રીતે દંભ તથા અભિમાન સાથેનો તત્ત્વવિચાર પણ નિરૂપયોગી છે. તત્ત્વવિચારમાં બાળકના જેવું સરળ અને નિષ્કપટ મન થવું જોઇએ, તે વિના તત્ત્વનિષ્ઠ રૂપ ફલનો ઉદય થતો નથી. ફલોદયમાં જેમ અજ્ઞાન વિરોધી છે તેમ જ્ઞાનનું અભિમાન પણ વિરોધી છે.બંનેના ત્યાગની મોક્ષના ઉદયમાં જરૂર છેઃ—

" ડહાપણ ભોળપણ છાંડી રહે, આડ કરે હરિમારગ બે,
" ભોળાને અસુઝની આડ, વિચક્ષણ પડયો ચતુરાઇની ખાડ;
" અખા તરવું તેને માથે ભાર, હીરા છાર બે નાખે પાર."

(વિભ્રમઅંગ.)

આવા "ડહાપણ" માં ડૂબેલા પંડિતોના હૃદયમાં જ્ઞાન રવિનો પ્રકાશ હોતો નથી, અને એવા જનોનો ઉપહાસ કરતાં અખો એક સ્થળે કહે છે કેઃ—

" જ્યાં જોઇએ ત્યાં કૂડે કૂડ સામે સામાં બેઠાં ઘૂડ,
" કોઇ આવી વાત સુરજની કરે, તે આગળ જઇ ચાંચ જ ધરે;
" અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા,
" અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડ્યો પાણ."

(કુટકળ અંગ.)

" કોઇ એક ઉત્તમ વ્યસની થયા, કોઇ એક મધ્યમ વ્યસનમાં વહ્યા,
" ઉત્તમ મધ્યમ બેએ વ્યસન, જેમ મદ્ય કપુર બે ઘેરે તન;
" સત્કર્મ વિકર્મ બે એ વિકાર, અખા નિજ રૂપે રહે નિરધાર.

(દોષ અંગ.)

તત્ત્વના ઉપદેષ્ટા પ્રતિ અખાને બહુ માન છે પણ તે ઉપદેષ્ટામાં શાસ્ત્રની તથા અનુભવની બંને આંખ જોઇએ એમ અખાનું માનવું

છે. આ ઉભય દૃષ્ટિવાળા મહાત્માનું વર્ણન કરતાં અખો કહે છે કેઃ—

" પ્રીછે તો ગુણ પારે રહે ગુણમાં આવે તેને કહે,
" જે ઊડયો જાયે આકાશ, તે નોહે પૃથ્વીની પાસ;
" અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી દરી સુંદરી.

* * * * *

" નથી અચેતન મૂરત ભલી, જ્ઞાની મૂરત સર્વોપરી. "

અને એવા " હરિ "રૂપ થયલા તત્ત્વજ્ઞના અનુગ્રહથી ભવસાગર તરાય છેઃ—

" હરિ ભજતાં જોઈએ હેત પ્રીત, મટે આતુરતા સંતની રીત,
" સદ્‌ગુરુનું શરણ ગ્રહેવું ખપે, હરિને કાજે મન બહુ તપે;
" તે નર હરિને પામે નિર્વેદ, અખા એજ ભજવાનો ભેદ. "

* * * *

" સદ્‌ગુરુ જો ઉઘાડે બાર, અખા હરિ દીસે સંસાર. "

(સદ્‌ગુરુ.)

પણ " હરિ " " સદ્‌ગુરુ " અને " અંતરાત્મા " એ ત્રણનો વાસ્તવ અભેદ વૃત્તિમાં રૂઢ થવાની જરૂર છે, અને તેથી આત્મપ્રસાદની આવશ્યકતા અખાએ સ્વીકારી છેઃ—

" સાચો અંતર્યામી ગોર, બીજો ગુરુ બાજીગર મોર;
" તેના અર્થ કેવા શોભવા, સંસારીનું મન લોભવા.
"પણ રીધ આવે જેમ રૂપૈયાવડે, તેમ અખા આતમથી આતમ જડે."

(આત્મલક્ષ અંગ.)

આ પ્રમાણે અખાના અભિપ્રાય પ્રમાણે તત્ત્વવિદ્યાના ઉદયમાં વિઘ્ન નાખનારે મુખ્ય દોષો (૧) વગરવિચારે ધર્મના બાહ્ય આચારને

વળગી રહેવાપણું, (૨) દાંભિક વર્તન. (૩) પાંડિત્યનું મિથ્યાભિમાન, અને (૪) શાસ્ત્ર તથા અનુભવરૂપ ચક્ષુવાળા મહાત્માના ઉપદેશ પ્રતિ અલક્ષ—એ ચાર છે. હવે આ કવિના વિચાર પ્રમાણે મુખ્ય સાધનો ક્યાં છે તે પ્રતિ લક્ષ કરીએ.

વેદાન્તશાસ્ત્રનાં વિવેકાદિ ચાર સાધનો અખાને ઇષ્ટ જ છે. પણ તેની સાથે નિર્ગુણ પરમાત્મતત્ત્વ પ્રતિની ભક્તિનો અખાને ઘણો આદર છે. જડ ભક્તિ પ્રતિ અખાને મોહ નથી, કેમકે તેના સમયમાં તે ભક્તિનાં માઠાં પરિણામ આવેલાં તેણે અનુભવ્યાં છે. સગુણ સાકાર પરમેશ્વરની ભક્તિ નિર્ગુણ તત્ત્વની ઉપાસનામાં ઉપકારક છે. પણ તે સદ્‌વિચારયુક્ત હોય તો જ, નહિ તો તે જડતાની જ ઉપાદક થાય છે, તત્ત્વના સામાન્ય સ્વરૂપને જાણ્યા વિના તેના પ્રતિ પ્રીતિ બંધાતી નથી અને તેથી જ અખો કહે છે કેઃ—

" પ્રીછીને હરિ ભક્તિ આદરે, તો અંત્યે પડે સહુ વરે.
" હું તે કોણ હરિ શી વસ્ત, જે જાણી મહું જેહ હસ્ત;
" એમ જાણી જપે મળે ભગવાન, નહિ તો અખા વરત્તોણી જાન.

* * * *

" "સદ્‌વિચાર તે સાચી ભક્તિ, જેણે જીવ શિવની લહીએ વ્યક્તિ."

અર્થાત પરમાત્માના તથા પોતાના વાસ્તવ અભેદને વિચારદ્વારા જાણી પરમ તત્ત્વ પ્રતિ પરમ પ્રીતિના પ્રવાહને ચલાવવો એ જ સત્ય ભક્તિ છે. વેદાંતશાસ્ત્રમાં પણ આ જ પ્રકારની ભક્તિને ઇષ્ટ ગણી છેઃ—

आत्मरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्यपरे जगुः ॥

(विवेक चूडामणि)

જ્યાં સેવ્યસેવકના ભેદભાવથી ભજન થાય છે ત્યાં પ્રેમની પરાકાષ્ઠા નથી, તે સમર્યાદ પ્રેમ છે, અને તેની સાથે તે સ્વાભાવિક નથી પણ નૈમિત્તિક છે; અને નૈમિત્તિક પ્રેમ નિમિત્તનો ભંગ થયે નિવૃત્ત થાય છે. પરમેશ્વર આપણા વાસ્તવ આત્મા છે, અને આત્મા સર્વ પ્રેમનો આધાર છે, માટે તેના પ્રતિનો પ્રેમ સ્વાભાવિક ઊર્મિરૂપ છે, અને તે વિચારના ઉદય પછી અપ્રતિબદ્ધપણે વહે છે.

જે તત્ત્વને જાણી તેના પ્રતિ પ્રીતિનો પ્રવાહ ચલાવવાનું અખાએ ઇષ્ટ ગણ્યું છે તે તત્ત્વનું સ્વરૂપ અખાએ કેવું બાંધ્યું છે તે અખાના અભ્યાસીએ અવશ્ય જાણવું જોઇએ. આ તત્ત્વ પ્રપંચના અધિષ્ઠાન-રૂપ છે અને તેના વડે પ્રપંચની સત્તાસ્ફૂર્તિ છે.

" પ્રપંચ પારે રહે છે રામ સદા સર્વદા ન્યારૂં ધામ,
" તે વડે ચાલે આ સંસાર, આપમાપાયિ તે નિરધાર;
" અખે રામ ઓળખાઓ તેહ, ઉદર આભ્યંતર નાવે જેહ,

* * * *

" પ્રપંચ પાર પરમેશ્વર રહે, કો ગુણના કૃતને સાચાં કહે."

વળી આ પરમેશ્વરરૂપ તત્ત્વ ઇન્દ્રિયગ્રાહ્ય નથી કેમકે તે સાધકનાં અંતરાત્મારૂપ છેઃ—

" ઇન્દ્રિયગ્રાહ્ય પરમેશ્વર નથી, ભરમે કોઇ ન મરશો મથી,"

* * * * * *

" પરબ્રહ્મ જોવાને મન, બહુ ભાતનાં કરે જતન;
"પુતળીને કેમ જુએ ચક્ષ, દેખણહાર પુતળી છે મુખ્ય,
" દરપણ માંડી જોવા જાય, તે અખા નિજ છાયા પ્રાય. "

આ તત્ત્વ સર્વત્ર સભર ભરેલું છે અર્થાત્ સર્વવ્યાપક છતાં ન્યૂનાધિક નથીઃ—

" શ્વાન શ્વપચ જોબ્રાહ્મણ જોય, રામ થકી અળગો નહિ કોય,
" તત્ત્વ એક ને ચેતન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
" આપે અખા ચલાવે ખેલ, એમ સમજતાં પડે ઉકેલ,
" ઉંચ ખરા તે ઉંચ ન જાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ.
" ઉંચમાં રામ બમણો નથી ભર્યો, નીચ પીંડ ઠાલો નથી કર્યો.
" કહે અખા સપનામાં બક્યો, જેમ છે તેમ જોઇ નવ શક્યો."

આ સર્વોપાસ્ય પરમ તત્ત્વ એક જ છેઃ—

" અખા એ મોટો ઉત્પાત, ઘણા પરમેશ્વર ક્યાંની વાત."

સર્વના અધિષ્ઠાનરૂપ, ચૈતન્યઘન મનવાણી આદિથી અગોચર, સર્વના અંતર્યામીરૂપ હોવાથી પરમ પ્રેમના પાત્રરૂપ અને સર્વોપાસ્ય પરમ તત્વની અભેદભાવે ભક્તિ કરવા અખાએ પોતાની ચાનક લાગે એવી સરલ ભાષાવડે ગુર્જર પ્રજાને પ્રબોધી છે. અખાના સિદ્ધાન્તમાં ભક્તિનો, જ્ઞાનનો અને વૈરાગ્યનો સદા સર્વદા અવિરોધ છે. સ્વરૂપના અજ્ઞાનને વશ વર્તનારા તથા સંપ્રદાયના સંકુચિત ધર્મોમાં શાસ્ત્રનું સમગ્ર રહસ્ય માનનારા દુરાગ્રહી પુરુષોએ આ ત્રણ સાધનોનો વિરોધ ઉપજાવી સામાન્ય બુદ્ધિવાળાને સુમાર્ગે વહન થવામાં ઘણા પ્રતિબંધો ઉપજાવ્યા છે. સંસારના સ્ત્રી પુત્રાદિ વિષયો પ્રતિનો મોહ છૂટ્યા વિના, સર્વાન્તર્યામી પ્રભુ પ્રતિ અખંડ પ્રીતિનો પ્રવાહ વહેવો સંભવતો નથી. વળી પ્રભુના વાસ્તવ સ્વરૂપને સામાન્યતઃ જાણ્યા વિના પ્રીતિના અંકુરો ફૂટતા નથી. આ પ્રમાણે ભક્તિ, જ્ઞાન, અને વૈરાગ્ય પરસ્પરના ઉપકારક છે અને તેથી અખો કહે છે કેઃ—

" ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક, ત્રણ નામ વિભાગ:
" તેને અજાણ્યો કહે જુજવા, સમજુને તે એક જ હુવા.

" અનુભવતાં જાણી જે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ,
" જગત ભાવ રહેથી ગયો, ત્યારે ત્યાં વૈરાગ્ય જ થયો.
" જ્યાં જુવે હરિ દ્રષ્ટિ પડે, ત્યારે ભક્તિ શરાડે ચડે,
" દ્વૈતભાવ અખા જ્યારે ગયું, ત્રણ પ્રકારે જ્ઞાન જ થયું. "

આ ત્રણ સાધનોના સમ્યક્ પાલનથી સ્વરૂપનો યથાર્થ અનુભવ થયા પછી જ્યારે જ્યારે ભેદની પ્રતીતિ વ્યુત્થાનજનક સંસ્કારથી થાય ત્યારે ભેદના અસત્યપણાના ભાન સાથે પરમાત્માના યશોગાન કરવા રૂપ પ્રવૃત્તિને જ સેવવાનું અખાએ યોગ્ય ગણ્યું છેઃ—

" અહંકૃતિ ત્યજી સ્મરણ કરો, મન ક્રમ વચન હરિ વડે આદરો,
" ગવરાવ્યા જશ હરિના ગાઓ; હરિના છો ને હરિના થાઓ;
" અહંતે અળગતા ન થયા. જતા મણીથી છેટા રહ્યા. "

અર્થાત્ " **ब्रह्मैव सन् ब्रह्माप्येति** " એ શ્રુતિપ્રોક્ત ન્યાયે " હરિના છો ને હરિના થાઓ "—એમાં જ જીવનનું રહસ્ય છે.

આ સાધનત્રયી–ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય—માંના જ્ઞાન અથવા સદ્વિચારરૂપ સાધનને અખો પોતાની ગામઠી પરિભાષામાં " સુઝ " કહે છે. આ " સુઝ " ને અખો સહજ સાધન પણ કહે છે. બુદ્ધિની પરમ શુદ્ધિ થયા પછી જીવ, ઇશ્વર તથા જગતના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અથવા " સુઝ " સહજ પ્રકટ છે. આ સહજ સાધનના પ્રભાવથી જગદાકારા વૃત્તિ બ્રહ્માકારા થાય છે અને " **हरिरेव जगज्जगदेव हरिः** "—અથવા અખાના શબ્દોમાં કહીએ તો "સભર ભરાઇ રહ્યો છે નાથ, હિંડતાં લાગે હરિને હાથ "—એ પ્રકારની નિરાવરણ દ્રષ્ટિ પ્રકટ થાય છે. " સુઝ " જેમાં પરોવાયલી નથી એવાં કેવલ હઠયોગાદિનાં સાધનો કૈવલ્યને પ્રકટ કરતાં નથી પણ તેના

સાધનરૂપ ધેનુને સિદ્ધિની બગાઇ લાગે છે. અખો એક સ્થળે કહે છે કે—

" ઉન્મત્ત મનને યોગ સાધવો, જો કર્મ બોધ કરે નહિ નવો,
" જેમ છૂટી ધેનુ મારતી ફરે, અંધારે બાંધે ટેવ વિસરે;
" અખા તે જાણી કર્યો ઉપાય, ત્યાં સિદ્ધિ લાગી બગાય."

સારાંશ, અખાના અભિપ્રાય પ્રમાણે યોગનાં સાધનો ઉન્મત્ત મનને વશ કરી પરમાત્મપ્રવણ કરવા અર્થે છે જ્યાં તે આશયને અરે મુકી અણિમાદિ સિદ્ધિ પ્રતિ જીવ આકર્ષાઈ પુનઃ મનને ઉન્માદ પ્રાપ્ત કરાવે છે. આ વિચારમાં ઘણું ગાંભીર્ય સમાયલું છે. પરમાત્મામાં પુનઃ પુનઃ રમણ કરનાર જીવાત્માને કૈવલ્યસિદ્ધિ પ્રકટ થતાં પરમેશ્વરના ઐશ્વર્યાદિ ગુણ ધર્મોની તેના ચિત્તસત્ત્વમાં અનુવૃત્તિ પ્રયત્ન વિના થયલી હોય છે અને પરેચ્છા-પ્રારબ્ધના બલથી તથા લોકસંગ્રહાર્થ પ્રસંગે તેની અભિવ્યક્તિ અધિકારી જનોને થાય છે. પણ એટલા માત્રથી ઉલટો નિયમ સિદ્ધ થઇ શકતો નથી: એટલે કે ઐશ્વર્યની પ્રતીતિ કૈવલ્યની અનુમાપક નથી, જ્યાં જ્યાં વાસ્તવ કૈવલ્ય છે ત્યાં ત્યાં સર્વ પ્રકારનું ઐશ્વર્ય ઉદ્ભૂત અથવા અનુદ્ભૂત દશામાં હોય છે અને અનુદ્ભૂત હોય તો પ્રકૃતિના સિદ્ધ નિયમાનુસાર પ્રસંગે પ્રકટ પણ થાય છે, પણ જ્યાં જ્યાં ઐશ્વર્ય છે ત્યાં ત્યાં કૈવલ્ય હોવું જ જોઇએ એ વ્યાપ્તિ સત્ય નથી. કૈવલ્ય એ વસ્તુસ્થિતિ છે અને ઐશ્વર્ય એ માયિક સ્થિતિ છે એ વાર્તા ઘણા વિદ્વાન્ પુરૂષો પણ વિસરે છે. કૈવલ્યનો પ્રભાવ જ એવો છે કે જે ચિત્તસત્વમાં તેનો ઉદય થયો તે ચિત્તસત્વમાં માયાના વિશુદ્ધ ઐશ્વર્યાદિ ધર્મોનો અનુગમ થાય છે, પણ તે ઉત્થાન દશામાં દ્વૈતના પ્રતિભાસ કાળે જ, અદ્વૈતનિષ્ઠાના પ્રસંગે નહિ. જ્યાં અમુક ઐશ્વર્ય પ્રકટ કરવાનું

કહેવામાં આવે છે ત્યાં યથાર્થ અદ્વૈતનિષ્ઠા નથી જ. પ્રયત્ન વડે અમુક ઐશ્વર્યની પ્રતીતિ કરાવવી અને અલંકારવત્ સર્વ ઐશ્વર્યના અનુવૃત્તિ રહેવી એ બે સ્થિતિઓમાં મોટો ભેદ છે. જ્યાં યથાર્થ ઐશ્વર્યની કૈવલ્યના ફલરૂપે અનુવૃત્તિ હોય છે ત્યાં શોકમોહાદિ દ્વંદ્વ ધર્મોનો આત્મા સાથે અભેદારોપ હોતો નથી. જ્યાં સાધક દશાનું અવાન્તર ઐશ્વર્ય હોય છે ત્યાં શોકમોહાદિ દ્વંદ્વ ધર્મોનો આરોપ આત્મા સાથે હોય છે અને તેથી કદાચ તેવું ઐશ્વર્ય અમુકમાં હોય તો તેથી તેની કૃતાર્થતાનું અનુમાન કરવું એ ભ્રાંતિ છે. સિદ્ધિની બગાઇ લાગેલા ઘણા સાધકો આપણે જોઇએ છીએ, અને એક પક્ષે જેમ દુઃખમાં સડયા કરતા અને રાગદ્વેષાદિ દ્વંદ્વનો આત્મા વિષે આરોપ કરી પોતે સુખી કે દુઃખી છીએ એવું અંદરથી માનતા છતાં મિથ્યા વેદાંતના આડંબરમાં અન્યને પોતે મુક્ત છે એવું ભાન કરાવનાર દાંભિક વેદાંતિઓ છે, તેમ અન્ય પક્ષે પોતાનો તથા પરમાત્માનો વાસ્તવ અભેદ કેવા પ્રકારનો છે તેનો વિચારદ્વારા નિર્ણય કર્યા વિના યોગ-શાસ્ત્રના યમનિયમાદિ ઉત્તમ સાધનોનું પાલન કરવાથી જે આરોગ્યાદિ સંપત્તિ પ્રાપ્ત થાય તેટલાથી જ કૈવલ્યનું દ્વાર ઉઘડયું છે એવું માનનારા અવિવેકી યોગીઓ પણ ઘણા છે. આ ઉભયપક્ષના મનુષ્યો અખાના અભિપ્રાયમાં " સુઝ " વિનાના છે. જેવી રીતે સિદ્ધિની બગાઈ લાગેલા યોગીઓ હોય છે અને તેના પ્રતિ જેવો અખાનો કટાક્ષ છે તેવી રીતે પરમાત્મસાક્ષાત્કાર કરી સ્વરૂપના અગાધ વૈભવના આંતર ભાન વિનાના શુષ્કજ્ઞાની તથા જ્ઞાનદગ્ધ પ્રતિ અખાની તેવી જ ગોઠ છેઃ—

" સુક્કું જ્ઞાન અને વ્યંઢળ મૂછ, કરપી ધન કૂતરનું પૂછ,
" એ ચારથી અર્થ ન થાય, સામું ઓમ ઉઘાડે કાય;
" અખા અમલ વિન હાકેમ જશે, કચ્યું જ્ઞાન પણ હરિ નવ વશે.

* * * * *

" શુષ્ક જ્ઞાની નીરસ હોય રહે, વાણી જાણી લૂખું વદે,
" દીસે નહિ તે સર્વાવાસ, ચેતન જાણી નોય ઉલ્લાસ;
" એ લક્ષણ શુષ્ક જ્ઞાની તણું, જ્ઞાનદગ્ધ અખા હવે ભણું,
" જ્ઞાનદગ્ધ હોયે અધ બળ્યો, સંત સમાગમે રહે તે મળ્યો.
" બાહ્ય કર્મે ઝલાણી મત્ય, માંહે આપોપું હતા સત્ય,
" અનુભવ અંકુર ન ફૂટે ત્યાંહાં, જેમાં અખા દહે છે સ્પૃહા."

અખાના હૃદયમાં તત્ત્વવિચારની કેટલી ઊંડી છાપ હતી તે જણાવવા નીચેની કડીઓ બસ થશે:—

" જોગ ધ્યાન તપ તીરથ ત્યાગ, ભક્તિ કર્મ ને વૃક્ષ વૈરાગ્ય;
" વિષય વૃત્તિ નાનાવિધ ભોગ, ચાલ્યો જાય છે ચેતન જોગ.
" અખા સર્વ સ્વામીના રંગ, સદા સર્વદા આપ અભંગ.

* * * * *

" સકલ ચરણ શિરકર અવયવ, સકલ શબ્દ બોલે જે દેવ;
" તેમાં ઉગી નીકળ્યું સહુ, નિત્ય ખરે નિત્ય વાધે બહુ.
" કેમ કહું કો કાળે અવતાર, જેને તે વડે ચાલે સંસાર;
" કદળી થંભ ઘણા પડવળે, વચમાંથી ઘુંબો નિકળે.
" જગત્ કાનરો કેળ મહાભૂત, જેવડે રંભા તે અદ્ભુત;
" અખા અરૂપી ઉગ્યો જોઇ, પૂર્વપક્ષ ન કરશો કોઈ. ૨

* * * * *

" વેલ ન દિસે દિસે પાન, દિસે કીરણ ન દિસે ભાન;
" પ્રવાહ ન દિસે દિસે તરંગ, તેમ ચિદ્ ન દિસે દિસે અંગ.
" અખા દેખણ હારો દ્વૈત, જાગતે રહે તે સર્વાતીતનું, ૩

* * * * *

" ચિદ્ અર્ણવ કેરા બુદ્બુદા, ઉપજે ખપે સ્વભાવે સદા,
" અસ્તિ નાસ્તિ એની ન કેવાય, નર છાયા જેમ સાથે જાય;
" સૂરજ ધામ કહેવાને બે, એમ જીવ શિવ અખા જોઈ લે. ૪

" ઓઢેલ ભરાઈ બેઠો જન, હું જ ધણી એમ માને મન,
" કાળ સદા ખેડે સારથી, બેઠો ફરે અવિનાશી રથી. ૫

* * * * *

" મહા વિચાર વિચાર્યો અખે, જે ગગનચંદ નાવિવેજલ વિષે,
" વસે લહરિ તરંગ બુદ્બુદા, બિંદુ વિકાર ઇંદુને નહિ કદા;
" એમ પરમાત્મા જાણે પિંડ, તે પરમાત્મા તારક સુમંડ્ય. ૬

* * * * *

" નિરાધાર નાટક અટપટું, સ્વતઃસિદ્ધ દિસે સામટું,
" ઉત્પત્તિ સ્થિતિ લય સ્હેજે થાય, પ્રવાહ તણી પેરે ચાલ્યું જાય;
" તેમાં આચાર્યે કીધી યુકિત, કલ્પ્યો બંધ ને માની મુકિત." ૭

અત્ર પહેલી કડીમાં ચૈતન્યઘન પરમાત્માને એક અખંડ યોગીની ઉપમા આપી આ સંસાર એ એક વિલક્ષણ યોગની ધારા ચાલતી હોય એવું ભાન કરાવ્યું છે. બીજીમાં વિરાટ્ આત્માનું અપૂર્વ આલંકારિક ભાષામાં વર્ણન છે. ત્રીજીમાં દ્વૈતભ્રમની ઉપર પ્રતીતિ અને અદ્વૈત તત્ત્વનું ગુપ્ત અવસ્થાન દૃષ્ટાંત પરંપરાથી આબેહુબ વર્ણવ્યું છે. ચોથીમાં, પાંચમીમાં અને છઠ્ઠીમાં જીવાત્મા અને પરમાત્માનો કેવા પ્રકારનો સંબંધ છે, અને વસ્તુનું અદ્વિતીયત્વ કેવી રીતે છે તેનું

વેદાંતશાસ્ત્રની રસિક પરિભાષામાં ઉત્તમ રીતે નિરૂપણ કર્યું છે. અને સાતમીમાં પ્રપંચનું મિથ્યાત્વ અને બંધ-મોક્ષની કલ્પના કેવી રીતે ઊભી થઇ છે તે બતાવ્યું છે.

અદ્વૈત તત્ત્વના અનુભવ સારૂ અખાએ દષ્ટિસૃષ્ટિવાદની પ્રક્રિયા સૃષ્ટિદષ્ટિવાદ કરતાં વધારે પસંદ કરી છે. અદ્વૈતનો શાસ્ત્રાનુસાર નિર્ણય કર્યા પછી દ્વૈતપ્રતિભાસ અદ્વૈતમાં શી રીતે થયો એનો વ્યાવહારિક નિશ્ચય કરવા વેદાન્તશાસ્ત્રમાં ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ છે. એ સર્વ પ્રક્રિયાઓમાં માયાવાદ અનુસ્યૂત છે, તોપણ કેટલાકનું એમ માનવું છે કે આ વિશ્વસૃષ્ટિ પરમેશ્વરના માયિક સંકલ્પથી ઉત્પન્ન થયલી છે અને તે જીવની દષ્ટિના વિષય રૂપ થાય છે. આ વિચારને સૃષ્ટિદષ્ટિવાદ કહે છે. અન્ય વિચારકોનું એમ માનવું છે ક જીવની દષ્ટિથી જ આ સૃષ્ટિ ઉત્પન્ન થયલી છે. અર્થાત્ જીવની અજ્ઞાનમયી ભાવના જ આ ભેદમય સંસારને પ્રકટ કરે છે. આને દષ્ટિસૃષ્ટિવાદ કહે છે. અખાએ આ વિચારને સ્વરૂપ-નિર્ણયમાં વધારે ઉપયોગી ગણ્યો જણાય છેઃ—

" જગત નામ જગદીશજ તણું, જોયામાં કારણ છે ઘણું,
" ચિત્ત સહિત જોતાં તો જગત, ચિત્ત રહિત હરિ છે વ્યક્ત;
" શાર્દૂલ સુત માતાને મળે, અન્ય અખા રિપુ જાણી પળે.

" મોટું વૈગુણ્ય ચિત્તનું પડ્યું, વસ્તુ વિષે દ્વૈતપડ ચડ્યું,
" પડે ભાત નાનાવિધ તણી, ચિત્ત ઉપાધ્ય વાધી અંત્ય ઘણી;
" માદક પુરૂષને ઘેલો કરે, સ્વસ્વરૂપ અખા તેને વિસરે.
" ચિત્ત શમતે નિશ્ચળ મન થાય, નિશ્ચળ મન તે શિવ સદાય,
" શિવ તણે પદ દ્વૈત જ નથી, ચિત્ત ઉપાધ્ય વાધી અણછતી;
" ચિત્ત કલ્પિત અખા અવતાર, એ સતશાસ્ત્ર તણો નિરધાર."

અખાના કાવ્યગત સિદ્ધાન્તોનું સ્વરૂપ સૂક્ષ્મમાં પ્રતિપાદન કર્યા પછી તે કવિની અન્ય કવિઓ સાથે સરખામણી કરવાનું આ વાર્તિકમાં બાકી રહે છે. અખો કેટલાક અંશમાં એક અદ્વિતીય મધ્યકાલીન ગુજરાતી કવિ છે. એનું બહુશ્રુતપણું અન્ય ભકત તથા જ્ઞાની કવિઓમાં નથી. શાસ્ત્રના સિદ્ધાન્તો જે સરળ ભાષામાં એ ઉતારવા સમર્થ થયો છે તેમાં અન્ય કવિઓ હાર ખાઈ ગયા છે. અખામાં રહેલા આ ગુણો પ્રતિ બહુમાન દર્શાવ્યા છતાં આપણે કહેવું જોઇએ કે તેનામાં ધીરાની કલ્પનાશકિત નથી, તથા યોગમાર્ગના અનુસારા ભાગ્યે જ જણાય છે. પ્રીતમની પેઠે તેનામાં શાંત તથા શૃંગાર એ ઉભય રસની નિષ્પત્તિ કરવાનું સામર્થ્ય નથી. અખો ઘણે પ્રસંગે શુષ્ક કવિ લાગે છે. પ્રીતમ શાંત અને તેની સાથે રસિક કવિ છે. પ્રીતમમાં તેના નામ પ્રમાણે ભાષાનું માધુર્ય અદ્દભુત છે. નીચેની પ્રીતમની પંકિતઓની મધુરતા નથી અખામાં, નથી ભોજામાં, અને નથી નિષ્કુળાનંદમાં:—

" અશાડે અમરિત તણા વરસ્યા વરસાદ,
" હરિ હરિ સઘળે થઇ રહ્યું, થાવર જંગમ જાત;
" ચિત ચાતક રંગે રટે, બોલે મન મોર,
" જયાં ત્યાં ચૈતન્ય બ્રહ્મના, ઉગતા અંકુર.
" સુખસાગર સહેજે ઉછળ્યો, સરિતા શુભ સાર,
" બ્રહ્મ નિરંતર જળભર્યાં, કોઇ પામે ન પાર;
" માણે મત્સ્ય મગન થઇ, મરજીવા સંત,
" પ્રીતમ પલક ન્યારા નહિ, રસિઆ રસવંત. "

(જ્ઞાનમાસ.)

પદલાલિત્ય જેટલું પ્રીતમમાં તથા ધીરામાં છે તેટલું અખામાં નથી. પ્રીતમ શાંત તથા શૃંગાર રસમાં સરખી શક્તિ પ્રકટ કરવા જાય છે, પણ શૃંગારની છાયા તેના શાંત રસમાં પણ પ્રવેશે છે. પ્રીતમમાં જ્ઞાન અને ભક્તિનું સમાન બળ છે. અખામાં વિચારનું પ્રાધાન્ય છે.

ભોજનમાં મર્મ વાણી જબરી છે, અને ઘણે પ્રસંગે કઠોર છે. અખાના ચાબખા રસભર્યા છે. વિષયી જનને ભોજા પ્રતિ એકવાર વાંચ્યા પછી ઉપેક્ષા થાય છે. ચાબુક વાગ્યા છતાં પુનઃ અખાને વાંચવાનું મન થાય છે. ભોજો એક સાદો નિષ્કપટી પરમેશ્વરનો ભક્ત છે, અખો એક વિચારશીલ અને ચતુર કવિ છે.

નરસિંહ મ્હેતામાં અનુભવબલ અખા કરતાં વધારે છે. નિર્દોષ ભક્તિથી રસબસ કરવા એ આદિકવિ જેવી કુશળતા અખામાં નથી. નરસિંહ મ્હેતાની દૃષ્ટિમાં ઇશ્વરશરણતામાં સર્વસાર છે, અખાની દૃષ્ટિમાં વિચારથી વસ્તુસ્વરૂપ સમજવામાં રહસ્ય છે. બન્નેને અદ્વૈતનિષ્ઠા ઇષ્ટ છે. નરસિંહ અને પ્રીતમ માયાનું બળ શમાવવામાં પરમેશ્વરના અનુગ્રહને ઇચ્છે છે. અખો સ્વાશ્રયી છે અને પરમેશ્વરને આરંભથી જ અદ્વૈતભાવે યજે છે. અખામાં જ્ઞાનની કાંઇક ખુમારી છેઃ—

" પરાત્પર બ્રહ્મ પ્રકટ થયા, ગુણ દોષ તે દિનના ગયા,
" અચ્યુત આત્માનું એ એંધાણ, ચચ્યું ન ચાવે અખા અજાણ;
" જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે.

* * * * * *

" વાંકુંરસમું જાણ્યું ત્યાં હરી, હું તો મારે બેઠો ઠરી,
" ભલા ગૃહસ્થને વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાંય;
" છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખો કર ઝાકમ ઝોળ."

આ પ્રમાણે આપણે અખાના કાવ્યમાંથી તરી આવતી તેની આધ્યાત્મિક મૂર્તિને નમન કરી આ આત્મસંસ્કારજનક વાર્તિકને સમાપ્ત કરીશું.

જલાલપુર
તા. ૫-૮-૧૯૦૩ } ન. દે. મહેતા.

ૐ

મીરાંબાઈ.

પારસી, **મુસલમાન**, ગાયકવાડ સરકાર, ઇંગ્રેજ સરકાર, **ગોસ્વામીજીના બાલ**, **સ્વામીનારાયણ** સંપ્રદાયના સંસ્થાપકઃ પરમુલકવાસી એવાં અનેક **મહાબલ** આપણા ગુજરાતના ઉદ્ધાર અર્થે આપણામાં આવી વસ્યાં છેઃ પણ રાજ્ય, સંપ્રદાય કે ન્યાતનાં સીમાબંધન અવગણી સકલ ગુર્જરવાસીના ગૃહદ્વારમાં પ્રવેશી દેવસેવાને ઓરડે તો એક જ પરદેશનું પુષ્પ પરિમલ સ્ફુરી રહ્યું છે, અને તે મેવાડનાં મહારાણી **મીરાંબાઇ**. આજ એમની જીવનકથા જોઇએ.

સકલ **ભારતનો** ઇતિહાસ આછે અક્ષરે લખાયેલ છેઃ નિઃસંશયના પ્રકાશનાથી છપાવાની હજી વાર છે સૂર્યવંશનાં **મહારાણીજીની** કથા એ ઇતિહાસનું જ એક પ્રકરણ છેઃ એટલે એના અક્ષર પણ સુવર્ણના જેવા આછા જ છે.

ટોડ સાહેબનું રાજસ્થાન, ભક્તમાલા, બાબુ **કીર્તપ્રસાદનો** લેખ, દયારામભાઇનું **મીરાંચરિત્રનું** પદ, **મીરાંબાઇનાં** પોતાનાં કેટલાંક પદ, ભક્તોની દન્તકથાઓ, નર્મદના કેટલાક લેખ : એ સઉ આ સુન્દર સુન્દરીજીવન જાણવાનાં સાધનો છે. મહામહોપાધ્યાય કવિરાજ **શામળદાસજી મેવાડના** ઇતિહાસનું સંશોધન કરતા— કર્યું છેઃ તેહેનો થોડોક ભાગ ખાનગી રીત્યે છપાયો છે. **શામળદાસજીની** શોધોને આધારે આપણી વાચનમાળાની નવી આવૃત્તિમાં એક મહત્ત્વની ફુટનોટ પાંચમી ચોપડીમાં છે. ચાલતા વર્ષના મે માસની ૨૩મી તારીખના **મુંબઈ સમાચાર પત્રમાં** '**જોધપુરના** રાઠોડવંશનાં રાજવંશી કવિ **મીરાંબાઈ**

ઉપર એક ઐતિહાસિક શોધનવાળો સારો લેખ છે. તે પણ ઉપલી ફુટનોટનો સમર્થક છે. આ સૌ મીરાંબાઇની જીવનકથાનાં સાહિત્યો છે: થોડાં છે છતાં સકલ વિસંવાદી છે. વર્તમાન કો કાલિદાસ રઘુવંશની કથા આગળ કથશે ત્હારે એક મહાગાનમાં અન્યસ્થ વિસંવાદ વિરમશે. આપણે બન્ને જીવન સાંભળીએ અને મેવાડની જાહોજલાલી સત્યના તેજમાં મુદ્રાંકિત થાય ત્હાં સુધી મત ઉચ્ચારતા થોભીશું.

મહારાણી મીરાંની કથામાં નિઃસન્દેહ વાતો આટલી છેઃ—

૧. જોધપુરના ભાયાત મેડતાના રાઠોડ વંશમાં ત્હેમનો જન્મ હતો.

૨. ચીતોડગઢના સૂર્યવંશમાં ત્હેમનું લગ્ન થયું હતું.

૩. મીરાંને પતિનું સુખ ન હતું.

૪. શ્વશુરકુલ તરફથી વૈષ્ણવ સંપ્રદાય તજવવા ત્હેમને પજવણાં થતાં.

૫. વૃંદાવન અને દ્વારિકા, શ્રી કૃષ્ણના પૂર્વ અને ઉત્તરચરિત્ર-લીલાની ભૂમિની મીરાંએ યાત્રા કરી હતી.

ઇતિહાસના પડદા ઉપડે નહીં ત્હાં સુધી અન્ય સહુ વિતંડા-વાદ જેવું જ છે.

મીરાંબાઇની જન્મતિથિ કે મૃત્યુતિથિ નિશ્ચિત નથી. અનન્તતાના આકાશમાંથી એ શુક્રમાલા ક્ય્હારે ઉગી કે અનન્તતા પાછળ ક્ય્હારે તે આથમી તે આપણે જાણતા નથી. રાજસ્થાનમાંથી ગુર્જરરાષ્ટ્રે આવી, મીરાંબાઇ ગાઇ ગયાં છે એટલું આપણે જાણીએ છીએ. બાબુ કીરતપ્રસાદ કહે છે કે મીરાંબાઇનો જન્મ સંવત ૧૪૭૫ માં થયો હતો અને મુંબઇ સમાચારમાંના લેખક લખે છે કે મૃત્યુ સંવત ૧૬૦૩ માં થયું. એ રીત્યે મીરાંબાઇને લેખકો ૧૨૮ વર્ષનું આયુષ્ય

આપે છેઃ જે **મીરાં**બાઇના એક પદ સાથે સરખાવવા જેવું છે :

" એસી ટૂંકી સી જીંદગીમેં ક્યા માગું ?
ક્યા માગું ? રે મેં ક્યા માગું ?
એસી ટૂંકી સી જીંદગીમેં ક્યા માગું ? "

આજ ગોકુલઅષ્ટમી છે, કૃષ્ણજન્મની તિથિ છેઃ **મીરાં** પરમ કૃષ્ણભક્ત હતાં, તેથી આજની તિથિ **મીરાંજયન્તી** માટે નીમવામાં આવી છે.

મીરાંના પિતાના નામનો પણ નિશ્ચય નથી. દયારામભાઇના સાથે લોકવાયકા ગાય છે કે :

જયમલ રાઠોડની દીકરી રે સુણો **મીડ**ના એનું ધામ;
રૂપગુણ કોઇ સમોવડ નહીં, કંકુ ધર્યું **મીરાં**બાઇ નામ.

મીરાંમન મોહન શું માન્યું.

નવું સંશોધન આવું છેઃ રાઠોડવંશી રાવ **જોધાજી**એ સંવત ૧૫૧૫ માં **જોધપુર** વસાવ્યું. તે **જોધાણનાથના** ન્હાના કુંવરોમાંથી કુમાર **વીકાજી**એ ઉત્તરે રેતીના પગથારમાં **બીકાનેર** સ્થાપ્યું અને કુમાર દુદાજીએ સંવત ૧૫૧૮ માં પુરાણા **મેડતાનગરનો ઉદ્ધાર** કીધો. રાવ દુદાજીના મ્હોટા પુત્ર **વીરમજી**ના કુંવર તે **ભક્તવીર જયમલ** અને નહાના કુમાર રત્નસિંહની કુંવરી તે **ભક્તવીરાંગના મહારાણી** **મીરાં**બાઇ. **મેડતા** ફરતો વીશ ગાઉનો પ્રાન્ત **હજી** **મીરાં**બાઇના દેશ તરીકે પ્રખ્યાત છે. નવી શોધ **પ્રમાણે કુમાર જયમલ અને કુમારી** **મીરાં** કાકાકાકાના પુત્રપુત્રી હોઇ ભાઇબ્હેન **થાય. મુંબઇ સમાચારમાં** આપેલી વંશાવલિ આમ છે :

રાવ ચુંડાજી રાઠોડ.
|
રાવ રીડમલજી.
|
રાવ જોધાજી.

- રાવ સુજાજી (જોધપુર)
- કુમાર વીકાજી (બીકાનેર)
- કુમાર દુદાજી. (મેડતા)
  - વીરમજી
    - જયમલ
  - રત્નસિંહ
    - મીરાંબાઈ

પ્રભાતીયાં ગાનાર મીરાંનો જન્મ કુકડી ગામમાં થયેલો કહેવાય છે. બાલ વયમાં જ મીરાં નમાયાં થયાં હતાં. અને પછી દાદા દુદાજીને દરબાર રહેતાં. મુંબઈ સમાચારમાંના ઐતિહાસિક લેખમાં લખ્યું છે કે: " મેડતામાં ચતુરભુજજીનું પ્રખ્યાત મન્દિર રાવ દુદાજીનું સ્થાપેલું હમણાં સુધી મોજુદ છે...મીરાંબાઈને પણ બચપણથી શ્રી ગિરધરલાલજી ઉપર સ્નેહ હતો......ગિરધરલાલજી શ્રી કૃષ્ણનાં સેંકડો નામોમાંનું એક નામ છે...મેડતાના મન્દિરની મૂર્તિમાં પણ શ્રી કૃષ્ણ ડાબા હાથમાં પહાડ લઈ ઉભેલા છે અને જમણા હાથમાં બાંસળી છે. " નમાયી દીકરીને દાદા લાડ લડાવે અને દાદાના ભજન-

કીર્તનમાં દીકરી સાથે રહે અને સંસ્કાર પામે તે સ્વાભાવિક જ છે. દયારામભાઇ મીરાંચરિત્રમાં ગાય છે કે:

" જોશીએ વાંચી જન્મોતરીરે ત્હેમાં લખ્યું નીકળ્યું એહ;
વરશે વિશ્વંભરનાથને, કરશે નન્દકુવર શું નેહ;
મીરાંમન મોહન શું માન્યું.

ભક્તમાલામાં કથા છે કે મીરાં ન્હાનપણમાં હરિની માટીની મૂર્તિ રચતાં અને રાધામાધવનો વિવાહ રમતાં. મીરાંબાઇનું એક પદ છે:

" કાલ્યે પરણાવશું ગોપી, કુંવરને કાલ્યે પરણાવશું ગોપી,
કહાનવર મ્હારો ઘોડે ચ્હડશે, માથે મુગટ આરોપીઃ કુંવરને.
રાધિકા જ્હારે મન્દિર પધારશે, મન્દિર ર્‌હેશે ઓપીઃ કુંવરને.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર લીલા વાઘા ને પીળી ટોપીઃ કુંવર."

લગ્નની વેદીપ્રભાથી મન્દિર ઓપી રહે છે એ મીરાંથી અજાણ્યું ન હતું; પ્રેમની કટારીના ઘાવ, પ્રેમ તણી અબલાને અન્તર ગેબની ગોળી વાગે છે એ મીરાં જાણતાં એવું થોડાં જ જાણતાં હશે. પણ મીરાંને પાર્થિવથી તૃપ્તિ ન હતી. વિધિના લેખ પણ એવા પડેલા કે મીરાં સંસારમાં સ્વામીસુખથી અળગાં રહે. મીરાં પોતે ગાય છે કે:

" કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે,
મ્હને લાગી કટારી પ્રેમની.

રાજસ્થાનના મુગટ ચીતોડનાં મહારાણી થવે મીરાંનું મન માનતું ન્હોતું. 'મીરાંમન મોહન શું માન્યું' હતું. ત્રિલોકનાથનાં મહારાણી થવા ત્હેમની ઇચ્છા હતી અને એ પદ પામ્યાં પણ ખરાં.

મેવાડમાં મીરાંનો સંપ્રદાય ચાલે છેઃ કૃષ્ણમીરાંની મૂર્તિઓ સાથે પૂજાય છે. રાધાનું પદ આમ મીરાંએ કંઇક છીનવી લીધું છે. મીરાંનો લગ્નપ્રસંગ તપાસતાં આ વાતો વીસરવા જેવી નથી.

દયારામભાઇ ગાય છેઃ

" ઉદ્યોતપુરના રાણો રાજીઓ રે તે સાથે કરી છે સગાઇઃ
પરણાવીને વળાવ્યાં સાસરે કંઇ લૌકિક રીત્યે મીરાંબાઇ:
મીરાંમન મોહન શું માન્યું. "

કરનલ ટોડ અને દન્તકથા મીરાંબાઇને વિક્રમવન્તા રાણા કુંભાનાં મહારાણી કહે છે. કુંભા રાણાજી વીરમણિ હતા. તેમની સમશેરની ઝલક માળવા અને ગુજરાતના સુલતાનોની આંખોમાં અંજાઇ હતી. રાણા કુંભાજી રસિક હતા. ટોડ સાહેબ કહે છે કે જયદેવના ગીતગોવિન્દ ઉપર એમણે ટીકા લખી છે. કુંભારાણાએ ચણાવેલો સુન્દર આરસનો કીર્તિસ્થંભ ચિતોડની વિકાળ ભમ્મરને હજી શણગારે છે. મીરાંબાઇના જેવા ભરપૂર હ્રદયને એવા પૂરા પ્રશસ્ત રાણાજી ભરથાર તરીકે આપવામાં લોકસમૂહે મણિને કુંદનને જ ખોળે મૂક્યું છે. પણ નવી શોધોને બીજું જ કહેવાનું છે.

એમ સાંભળ્યું છે કે કવિરાજ શામલદાસજીના સંશોધનમાં મેવાડના ઇતિહાસની એવી કેટલીક વાર્તાઓ હાથ આવી છે કે હજી તે સૌ પ્રજા સમક્ષ મૂકી શકાય એમ નથી. છતાં દેશ પરદેશમાં કેટલીક વાતો પવન લઇ ગયો છે. " મારવાડ અને મેવાડ જ્યાં મીરાંબાઇએ પોતાના આયુષ્યનો " પ્રથમ " ભાગ ગુજાર્યો હતો ત્યાં અનેક શોધખોળ કર્યા પછી મીરાંબાઇ સંબંધી જે હકીકત મળે છે તે " મુંબઇ સમાચારમાંના શોધક લેખક નીચે પ્રમાણે આપે છેઃ—

રાણા કુંભાના પુત્ર રાણા રાયમલ અને રાણા રાયમલજીના પુત્ર મહારાણા સંગ, જે મુગલ મહારાજ્યના સ્થાપક ચિત્રવિચિત્રજીવનશાળી બાબરની સ્હામે હિન્દુ સેના દોરી ગયા હતા. સાંગારાણાના જ્યેષ્ઠ કુમાર ભોજરાજજી સાથે મીરાંબાઇનું લગ્ન સંવત ૧૫૭૩ માં થયું હતું. આ રીત્યે મીરાં કુંભા રાણાનાં ત્રીજી પ્હેડીએ કુલવધૂ થાય અને વીરભદ્ર રણધીર પ્રતાપસિંહનાં કાકી થાય. વંશાવળી આમ છે :

રાણા કુંભાજી.

રાણા ઉદાજી — રાણા રાયમલજી

રાણા રાયમલજી → મહારાણા સંગ

મહારાણા સંગ → કુમાર ભોજરાજ — રાણા રત્નસિંહ — રાણા રાણાઉદયસિંહ — વિક્રમાજીત.

= મીરાંબાઇ

મહારાણા પ્રતાપસિંહ.

કચ્છના રાવની કુંવરી ટોડાની કથા કાઠીઆવાડમાં જાણીતી છે કે કૃષ્ણગોપની બંસી ત્હેને ડસી ગઇ હતી અને હરિભક્તનો ત્હેને 'દોર લાગ્યો' હતો. તે કુંવરીનાં રાવે લગ્ન લીધાં ત્યહારે કુંવરી સાધુડીનો વેશ લઇ ચાલી નીકળી અને દ્વારિકાંમાં જઇ રહી. મીરાંબાઇએ પણ લગ્ન વેળા પરણવા ના પાડયાનું કહેવાય છે.

લગ્ન પછી મીરાં સાસરે ગયાં ત્યહારથી જ ત્હેમનો સાસરીઆં

સાથેનો સંબંધ કચવાતો જ હતો. રાજકુલનાં વરકન્યા 'દેવીને દેવા વધામણાં' ચાલ્યાં; 'રાણે પારવતીજી પૂજ્યાં,' પણ મીરાંનું મસ્તક ન નમ્યું.

સાસુ કહે: સૌભાગ્ય વધે, વહુ ! નમો શક્તિને પાય,
મીરાં કહે: મસ્તક નહીં નમે વિના શ્રી ગિરવરધર રાયઃ
મીરાંમન મોહન શું માન્યું.

સાસુને રીસ ચ્હડી કે વહુ આજથી જ વડિલનાં સામું બોલી અને રાણાજીને શીખામણ દીધી કે 'ન્યારૂં રચાવો એનું ધામ.'

એવું સુણીને મીરાં મગ્ન થયાં રે, ભલું થયું ભાગ્યો જંજાળ;
સાધુની સંગે દીનરેન નિર્ગમશું સુખે, સેવીશું ગાઈશું ગોપાળ:
મીરાંમન મોહન શું માન્યું.

લગ્નજીવનને પ્હેલે જ પગલે આવી રીત્યે મીરાંને ડેશ વાગી અને અવળાં ડગ ભરાયાં. આમ મીરાં 'નન્દનન્દન સાથે ન્યારાં રહ્યાં.'

આવી જ કથા તુલસીદાસજી વિશે પણ છે કે એક વેળા ભગવાને ત્હેમને કૃષ્ણાવતારના રૂપથી દર્શન દીધાં. ત્યહારે તુલસીદાસજી ત્હેમને ન નમ્યા અને વચન કહ્યું કેઃ—

મોર મુગટ, કર બંસરી, ભલે બને હો નાથ !
તુલસી મસ્તક તબ નમે ધનુષબાન લો હાથ.

આને મળતો એક પ્રસંગ ગોવર્ધનરામભાઈએ સરસ્વતીચન્દ્રની નવલકથામાં આણ્યો છે. સુન્દરગિરિ ઉપર સાધુઓના મન્દિરમાં યદુનન્દનની મૂર્તિને સરસ્વતીચન્દ્ર નમતો નથી અને પોતે યોગ્ય કર્યું હોય એમ માને છે. ઉદાર ઉરના યજમાનો જે ત્હેના ઋણ સેવના

હતા અને ત્હેમના હૃદય ઉપર ધા મારતો **મહેમાન સરસ્વતીચન્દ્ર** એ બન્નેમાં ખરૂં સંસ્કૃતિનું સંસ્કારી કોણ? એ પ્રશ્નનો ઉત્તર શું અઘરો છે? વિવેકભ્રષ્ટ અનુદાત્ત **સરસ્વતીચન્દ્રનો** આત્મા તે સમયે ઉણો-અધૂરો લાગે છે, કલાખરેખર દર્શાય છે. મહાન **ભગવદ્‌ગીતા** સમા ગ્રંથમાં પણ ' **सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज** " જેવાં સંકોચનાં વચન છે.* 'લગ્નસ્નેહની પ્રસ્તાવનામાં રા. રા. **મણિશંકર** રત્નજી **ભટ્ટ** લખે છે કે કેટલેક કાળે આપણા આત્માઓ ફરતી દીવાલો બંધાય છે અને તે દિવાલો પડે છે ત્યહાં સુધી દેખાતી નથી. બાલક સમાન આનંદાશ્ચર્યનું નયન અને મહાભક્તની સર્વ સારગાહી બુદ્ધિભક્તિ હોય ત્હેનો જ પ્રાણનો વિકાસ સદન્તરનો છે: નહીં તો દીવાલોથી બંધાયેલી દૃષ્ટિનો માનવી સત્યના સકલ પ્રદેશે સફર કરી નથી શકતો, પણ માત્ર એક નગરવાસી જ રહે છે; અને તે નગરને જ સકલ સત્યપ્રાન્ત માને છે. એવાં આગ્રહી પણ સંકુચિત હૈયાંનો એવી પ્રતીતિ જ હોય છે કે પ્રભુ એક જ રીત્યે પ્રગટે છે. કોઇ **શંકર** તો કોઇ રાણાનાં માજીની પેઠે દેવી, કોઇ **મીરાંબાઇ** પેઠે કૃષ્ણ

* શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં "હું", "મને" આદિ સર્વનામનો અર્થ પરમાત્મા જ થાય છે. 'વૃષ્ણિઓમાં વાસુદેવ હું છું' અને 'આદિત્યોમાં વિષ્ણુ હું છું' એમ કહેનાર તે વાસુદેવ (કૃષ્ણ) અને વિષ્ણુ (દેવતાવિશેષ) કરતાં પાર રહીને બોલે છે એ સ્પષ્ટ છે. 'ધર્મો' એ બહુવચન પણ ઊંડા અર્થથી ભરેલું છે: ધર્મો-કર્તવ્યોની અનેકતાને ભેદી એની પાછળ રહેલી પરમાત્માને શરણ થવા રૂપ એકતા પ્રાપ્ત કરવાને અત્રે ઉપદેશ છે; કારણ, આમ થાય ત્યારે જ જીવનમાં સુશ્લિષ્ટતા-એકાર્થતા-એકરસતા આવે અને પરમ પુરુષાર્થ સિદ્ધ થાય.

'વસન્ત'ના **તન્ત્રી.**

તો તુલસીદાસજીની માફક રામ, કોઈ ક્રાઇસ્ટ તો કોઇ સરસ્વતીચન્દ્રની જેમ આન્તર દૃષ્ટિનુંજ માત્ર લક્ષ્યઃ એમ એક એક કલાએ જ પ્રભુ પ્રકાશે છે એમ આગ્રહી જન માને છે અને અન્ય કલાઓની અવગણના. નિન્દા કરે છે. રાજનગરના આપણે નાગરિકો કહીએ કે અંગ્રેજ સરકાર તો આપણા નગર માત્રમાં જ રાજ્ય કરે છે તો, અથવા તો કહીએ કે આપણા કોટના બાર દરવાજાની અન્દર જ સૂર્ય પ્રકાશે છે, તો તે ખરૂં કહેવાશે? સર્વ સંપ્રદાયો ધર્મનાં નગર છે. પ્રકાશમૂલ સર્વ સંચારી રાજરાજેશ્વર પ્રભુ ધર્મનાં સર્વ નગરો ઉપર તેજ ઢાળે છે, એટલું જ નહિ પણ અધર્મને પણ તેજના કણ છાંટે છે. પ્રભુનાં પગલાં હૈયામાં છે, કુલમાં છે, સંસારમાં છે, રાજ્યમાં છે, પૃથ્વીમાં છે, વિરાટ રૂપે બ્રહ્માંડમાં છે, અને એથી એ દશાંગુલ તો શું પણ અણગણ અંગુલ પર છે. તે ' એક છે, અનેક છે; પ્રવૃત્ત છે, નિવૃત્ત છે; એકમાં અનેક રાજે છે, પ્રેમ વિરાજે છે.' ઈશ્વર એક અદ્વિતીય છે, છતાં કોટિ કોટિ નામરૂપધારી છે; ઈશ્વર સર્જનવિધાને એક આશયી છે પણ અનંત લીલાઓનો રચનાર છે. મત, વાદ, સંપ્રદાયનાં થાણાં મૂકે અંતરમાં ઉછળતાં સત્ય રોકયાં રહેતાં નથી. ગોવર્ધનરામભાઇ જ બીજે સ્થળે ગાય છે કેઃ—

જગતને કહેજો રે હરિહર એક જ છેઃ
વૈકુંઠ વસે છે રે કૈલાસની મ્હાંય જ છે.

જેણે—

"सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति."

એમ ગાયું છે એની દૃષ્ટિ મહા વિશાળ હતી, તેનું નયન સૂર્ય જેવડું મહા પ્રતાપી કોટિ કોટિ કિરણવન્તું હતુંઃ તેણે સઘળે સદ્ભાવે પ્રભુને નિહાળ્યો છે.

મહાભક્તો મીરાંબાઈ અને તુલસીદાસ જેવાં એ સત્યથી અજાણ્યાં રહ્યાં હતાં : સરસ્વતીચન્દ્ર સમા વર્તમાન બુદ્ધિયુગના મનુબાલની એવી ભૂલ્યો ક્ષમાપાત્ર જ ગણવી ઘટે છે.

નંદનન્દન સાથે મીરાં ન્યારાં રહ્યાં, હરિજન ઘણા મ્હેલે આવતા, નિત્ય ભજન કથા કીર્તન ઓચ્છવે હરિને લાડ લડાવતાં. સંશોધકો કહે છે કે કુમાર ભોજરાજજી કુંવરપદે જ દેવલોક પામ્યા અને મીરાંબાઇ આ વેળા વિધવા હતાં. અને સંશોધકોના વેણને સમર્થન મીરાંના એક પદમાંથી મળી શકે એમ છે.

મુખડાની માયા લાગી રે મોહન પ્યારા ! મુખડાની૦
મુખડું મ્હેં જોયું ત્હારૂં, આ જગતડું થયું ખારૂં;
મન મ્હારૂં રહ્યું ન્યારૂં રે, મોહન પ્યારા ! મુખડાની૦

સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું;
ત્હેને તુચ્છ કરી ફરી રે, મોહન પ્યારા ! મુખડાની૦

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
ત્હેને ઘેર શીદ જઇએ રે, મોહન પ્યારા ! મુખડાની૦

પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મ્હારો;
રાંડવાનો ભે ટાળ્યો રે, મોહન પ્યારા ! મુખડાની૦

મીરાંબાઇ બલિહારી ત્હારી, આશા એક મ્હને ઉર ધારી;
હવે હું તો બડભાગી રે, મોહન પ્યારા ! મુખડાની૦

ગમે તે ખરૂં હો પણ પરણ્યા પછી નજીકના જ સમયથી એકાકિની જીંદગી અને તે દુઃખભારવાહિની જીંદગી પણ ન જીવવા દેવા માટેના જુલમ શરૂ થાય છે.

પ્હેલે જ પગરણે **મીરાંબાઇનાં** નણંદ ભાભીને સમજાવવા જાય છે, કે ભાભી ! આ શા ઉત્પાત ? પીયર વગોવી હવે રાણાકુલને વગોવવા માંડયું છે. **મીરાં** નણંદને જ સ્હામાં ઉપદેશે છે કે:—

'તહમે પણ જાઓ શીદ સાસરે રે બાઇ ! વૃથા વટાળો શાને દેહ ?

અને નણંદ સાથે રાણાજીને કહેણ કહાવે છે, કે ' નૃત્ય કરી હરીને ભજો, અને સાસુને કહાવે છે કે હવે ' વૃદ્ધ થયાં, ગોવિન્દ ગુણ ગાવ. બાળાપણના સંસ્કાર ઉખેડવા અશક્ય હતા : તે ઉખેડવા મથવું તે વ્યર્થ હતું.

એક સમયે રાણાજીને કોઇએ ખબર કરી કે **મીરાંના** મ્હેલમાં **મીરાં** કોઈ પુરુષ સાથે એકાન્તે છે. ઉગ્ર રાજપુત્ર તરવાર ખેંચી **મીરાંને** મ્હેલે ગયા અને જોયું તો **મીરાં** એકલાં. ઝાંખા પડેલા રાણાએ **મીરાંને** પૂછ્યું કે પેલો પુરુષ ક્યહાં છે ? **મીરાંએ** કહ્યું;—

ક્યહાં છે પૂછો શું રાણા ! રોમમાં રે, એ તો સઘળે વસે છે ભરપૂર
ધ્યાનમાં જૂવે જોગી, પ્રેમી પ્રત્યક્ષ પેખે, રહે છે દુષ્ટ થકી દૂર:
મીરાંમન મોહન શું માન્યું

'રાણાજી ! પ્રેમભક્તિ વડે પરબ્રહ્મ ભજો તો ત્હેનાં દર્શન થાય.

રાણાનો રોષ બમણો વધ્યો અને સમશેરનો ઘા કર્યો તો **મીરાં** બે દીઠાં. **મીરાંને** મારવા ખડ્ગ ઉગામ્યું તો ' **હરિએ દેખાડયાં મીરાં** ચાર. ' ખંડકિરીટી રાણાજી પછી મ્હેલે પાછા ફર્યા.

પ્હેલે જ પગલે છીંક થયેલી તે **મીરાંનું** સૌભાગ્ય વળ્યું જ નહીં, ઉઘડયું જ નહીં. દિન પર દિન અન્તરપટ ગુણાતા ગયા, ધારા બનતા ગયા. યશધ્વજ શા રાજસ્થાનના રાજેન્દ્રને કલંક કરતાં મૃત્યુ આદરણીય હતું. **મીરાંના** મૃત્યુનાં સાધન હવે યોજાવા માંડયાં. એક

વેળા એક પેટીમાં વિષનાગ પૂરી પેટી મીરાંને મોકલાવી અને કહાવ્યું કે આમાં સેવવા જેવા શાલીગ્રામ છે. રાજવરાને શ્રદ્ધા રાખી મીરાંએ પેટી ઉઘાડી તો મહીંથી સુન્દર શાલીગ્રામ નીકળ્યા. 'ફુલની ડાળીઓમાં વીંછુ મોકલ્યા,' કાંઇ ન વળ્યું. અન્તે હલાહલ ઝેર ઘોળ્યું અને હેમનો પ્યાલો ભરી રાણાજીએ મીરાંને મોકલ્યો અને દેવડીએ કહાવ્યું કે પ્યાલામાં કૃષ્ણપ્રભુનું ચરણામૃત છે. સોનાનો પ્યાલો હાથમાં

લીધો મીરાંએ મન મગ્ન થઇ રે, પ્રભુને દેખાડી કર્યું પાન,
અમૃત સરીખું થઇ ગયું, એનો સમરથ ધણી ભગવાન:

મીરાંમન મોહન શું નાચ્યું.

વૈષ્ણવ સંપ્રદાયી મહારાણી મીરાંબાઇ ઉપર સંસાર અને સગાંઓની આટલી પ્રાણહારી અવકૃપા કેમ? આટલા અભાવ અને જુલમ શાને? એ કૌતુકના પ્રશ્ન આપણને સહજ થાય છે. સૂર્યવંશી રાણાકુલ શિવમાર્ગી હતું, એકલિંગ મહાદેવનું ભક્ત હતું એ એક ઉત્તર છે, પણ તે સર્વાંગી ઉત્તર નથી. પરમ વૈષ્ણવ મહેતા નરસિંહને પણ એવી રાજ્યસંસારની વીટંબણાઓ વેઠવી પડેલી એ શાથી? ઉત્તર જનસમૂહના સ્વભાવમાં છે. મનુષ્યમાં જીવ છે તેમ જનમંડળ પણ જીવવન્તું છે: એના પણ સ્વભાવ અને સ્વભાવજન્ય ગુણદોષ હોય છે. એ જુલમનાં નિપજ્યાંનાં મૂલ લ્હાં ઊંડાં શૈવત્વનાં છે.

આજનો આપણો સંસાર ઇતિહાસનાં વેણ માનશે કે સ્વામીનારાયણના સંપ્રદાયમાં જનાર જનને ન્યાત બહાર મૂકતા? સત્ય તો કલ્પના કરતાં પણ વિશેષ કુતુકમય છે. ભૂતકાલ જો પોતાનો ભંડાર ઉઘાડે તો એકેક સત્યનાં એવાં અજવાળાં વાય કે આપણને અત્યા-

અર્થના આઘાત વાગે. સ્વામીનારાયણનો સંપ્રદાય ભાગવતધર્મ છે, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ગીતા, અને ઉપનિષદ્ ઉપર પાયા રોપતો એ રામાનુજ પન્થ છે. છતાં પુત્રોને એ સંપ્રદાય સ્વીકારતા જોઇ પિતા પોતાને નિષ્પુત્ર થયા માની સંસારત્યાગી સંન્યાસ લેતા. બ્રાહ્મણો એ સંપ્રદાયીઓથી અભડાતા, વાણીયાઓ વટળતા. આ સહુ આપણા ગુજરાતના ઇતિહાસની થોડાં વર્ષ ઉપરની કથની છે. એનું કારણ શું ?

જૂનાને જીવન માનનાર સંસાર સહુ કાંઇ નવલને અશ્રદ્ધાની આંખ્યે નીરખે છે. ગુજરાતમાં જ નહીં, સુર્યવંશના રાણાકુલમાં જ નહીં, ભારતમાં જ નહીં પણ સકલ માનવ દેશે 'નવીન તે નિરર્થક' એ સંસારનું સૂત્ર છેઃ અને પક્ષાપક્ષ વર્જી વિચારતાં એ આચારસૂત્ર સારૂં છે. કંઇ કાલ સુધી જીવી નવલ ચેતનની સ્થિરતા ન બતાવે, ઉત્સાહી અગ્રગણના જીવનના વિકાસી નવલ ઉપયોગિતા, સુખસાધકતા ન દર્શાવે કંઇ વર્ષો સુધી બારણે ઊભા દ્વાર ઠોકી ગૃહાન્તરમાં પ્રવેશવાનો નવલ દઢાગ્રહ ન દાખવે ત્હાં સુધી પ્રારબ્ધ ઉપર પગ મૂકી રસ્તાના સદસ અતિથિને કુલનું અંગ કરનારના કુલમાં અનાચાર આચરાય તો કાંઇ આશ્ચર્યજનક નથી. સંસાર મેઘાડમ્બર સમાન છે, ત્હેને ડોલાવતા સમીર સ્થિર બલવત્તર હોવા જોઇએ: ત્હેને ચીરતા વિદ્યુતકૃપાણ સત્યની જ્વાલાનાં ઘડાવાં જોઇએ: તેના અન્તરમાં ભરાવા મથતા મેઘ શુદ્ધનિર્મળ અમૃતમીઠા વારિદવન્તા જોઇએ. નવલ પોતાનું સત દાખવે ત્હાં સુધી સંસાર ત્હેને ક્ષિતિજ ઉપર રાખે, ત્હેના કાંચનની કસોટી કસે એ અતિ યોગ્ય છે. નરસિંહ-મીરાંના કાલમાં આપણે સંસાર કૃષ્ણભક્તિનું કાંચન કસતો હતો.

સો પોણોસો વર્ષ ઉપર ગુજરાત સ્વામીનારાયણના પન્થનું વીર પરીક્ષતો હતો. હવે એ પરીક્ષાની અવધ્ય પૂરી થઇ છે. કાલ જતાં નવલ તે જૂના થયા અને આપણા સંસારે ત્હેમને હૃદયમાં સ્થાન આપ્યાં. નવલવાદીઓને સંસારશાસ્ત્રના આ સૂત્રનો બોધ મનનયોગ્ય છે: નિરાશામાં આશા પ્રગટાવશે, દિલગીરીમાં દીલાસા દેશે.

મેવાડથી મીરાં હવે કંટાળ્યાં હતાં: જીવનના ભયથી નહીં પણ ભક્તિમાં વારંવાર પડતા ભંગથી: તેથી મીરાંએ મેવાડથી દેશવટો લીધો. મીરાં મેવાડથી મેડતે જઈ રહ્યાં, કે મેવાડથી પરભાયા વૃન્દાવન થઈ દ્વારિકામાં અખંડ વાસ કીધો, કે મેડતે થઈ દ્વારિકા જઈ ત્યહાંથી વૃન્દાવન ફરી પાછાં દ્વારિકાં આવી રહ્યાં, એ યાત્રાનો ક્રમ સંશયગ્રસ્ત છે. ' બિંદ્રાવન છેલછબીલા ઠાકોરકું ' સલામ મોકલતાં તે મીરાં ' ગુણસાગરકું ' સલામ ભરવા ગયાં, અને યમુનાજી ન્હાયાં, અને ગાયું કેઃ--

એ બિનતિ ચિત્ત ધરીએ, શ્રી જમનાંજી ! યે બિનતી ચિત્ત ધરીએ;
ગીરધરલાલ મુખાર્વિંદ રતિ જન્મ જન્મ મોહે કરીએ:
શ્રી જમનાજી ! યે બિનતિ ચિત્ત ધરીએ.

વળી પદ છે કેઃ--

હાંરે ચાલો ડાકોરમાં જઇ વસીએ;
હાંરે મ્હને લ્હે લગાડી રંગરસીએ રે—ચાલો.

* * * *

ચન્દ્રવદન રલીયામણી આંખ્યો;
હાંરે મુખડું સુંદર સોહીએ રે—ચાલો.

ઝમઝુમ ઝમઝુમ નેપુર બાજે,
હાંરે મન મોહ્યું મ્હારૂં મોરલીએ રે—ચાલો.
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર,
હાંરે અંગોઅંગ જઇ મળીએ રે—ચાલો.

વળીઃ—

મેરો મન હરી લીયો રાજા રણછોડ.

અને,

સાંઢવાળા સાંઢ શણગારજે રે જવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મ્હારે જળ રે પીવાનો દોષ.
ગોવિન્દો પ્રાણ અમારો રે, મન જગ લાગ્યો ખારો રેઃ
મને મ્હારો રામજી ભાવે રે, બીજો મ્હારી નજરે ન આવે રે;
ડાબો મેલ્યો મેવાડ રે મીરાં, ગયાં પશ્ચિમ મ્હાંય;
સરવ છોડી મીરાં નીસર્યાં જેનું માયામાં મનડું ન કાંય.
ગોવિન્દો.

એ સર્વ પદો ઉપરથી એમ કહી શકાય કે વૃંદાવન અને ડાકોરજીની યાત્રા કરી મેવાડ ત્યાગી મીરાં દ્વારિકામાં જઇ વસ્યાં.

સાસુ અમારી સુષુમણા રે સસરો પ્રેમસન્તોષ :
જેઠ જગજીવન જગતમાં, મ્હારો નાવલિયો નિર્દોષઃ ગોવિન્દો૦
ચુંદડી ઓઢું ત્હારે રંગ ચુવે રે રંગબેરંગી હોય:
ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય : ગોવિન્દો૦
મીરાં હરીની લાડણી રે રહેતી સન્ત હજુર:
સાધુ સંઘાતે સ્નેહ ઘણો, પેલા દિલકપટીથી દૂર : ગોવિન્દો૦

મેવાડના મહારાજ ‘ દિલકપટી ’ થયા અને મેવાડનાં મહારાણીએ મુગટ ઉતારી વૈરાગ્ય લીધો. આ વેળાનું મીરાનું જીવન મહાકરુણ હતું. મીરાંનું એક પદ છે:—

કરના ફકીરી, ક્યા દિલગીરી ? સદા મગનમેં રહેનાં રે,
કોઇ દિન વાડી, કોઇ દિન બંગલા, કોઇ દિન જંગલ સોના રે :
કરના ફકીરી૦
કોઇ દિન હાથી, કોઇ દિન ઘોડા, કોઇ દિન પાંઉસે ચલના રે,
કોઇ દિન ખાના, કોઈ દિન પીના, કોઇ દિન ફક્રમ ફક્રા રે.

રાજરાજેન્દ્ર ચિતોડનાથનાં રાણીજીને 'કોઈ દિન ફક્રમ ફક્રા' થતા, રથસુખપાલનાં ભોક્તાને 'કોઇ દિન પાંઉસે ચલના,' મહેલ ઉદ્યાનનાં વાસીને 'કોઇ દિન જંગલ સોના': એ સર્વ ચિત્તવેધક ચિત્ર નથી ? પણ આન્તરદીપક જેનો પ્રગટ્યો છે અને મહાવૈભવના ઝગમઘાટ ઝળકાવી રહ્યો છે ત્હેના બહારના રત્નરાશિ લૂટી લ્યો પણ શું ? મીરાં હૃદય-વિભૂતિમાં રમતાં, ત્હેમને પાર્થિવ સુખલોભ રહ્યો ન હતો. એ નિશ્ચે મીરાંએ—

પ્રેમ નિરખ્યા શ્રી રણછોડ,
વાસ પૂરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પ્હોચ્યા છે મનના કોડ;
મીરાંમન મોહનશું માન્યું.

પણ મેવાડમાં રસનાં રેલ્ય સવળી વ્હેવા માંડી. ભરતખંડના રાજકુલશિરોમણિનાં રાણી પરદેશમાં ભટકે એની અયોગ્યતાની બુદ્ધિથી કે કાં તો ભક્ત અને કવિ એવી સદ્‌શોભના પત્નીના પ્રેમની અતિ ઊંડી ઊંડી આન્તર વાસનાથી રાણાજીનું મન અન્તે ફર્યું અને મીરાંને તેડવા

ઉપરાઉપરી તેડાં મોકલ્યાં રે આવીને લાગ્યા સહુ પાય;
માજી ! પધારો મેવાડમાં વ્હેલાં, રાણાજી તો અન્ન ન ખાય :
મીરાંમન મોહનશું માન્યું.

પ્હેલાં તો મીરાંએ આવું કંઇક કહાવ્યું હશેઃ—

આજ મ્હારે સાધુજનનો સંગ રે રાણા ! મ્હારાં ભાગ્ય ભળ્યાં રે.
સાધુજનનો સંગ જો કરીએ, પીઆજી !
ચ્હડે તે ચોગણો રંગ રે : મ્હારાં ભાગ્ય૦
અડસઠ તિરથ સન્તોને ચરણે, પીઆજી !
કોટી કાશી ને કોટી ગંગ રે : મ્હારાં ભાગ્ય૦

ક્ષત્રિયરાજનો સ્નેહ પ્રજ્વળી ઉઠેલો હતો : ત્હેને કંઇ એ ઉત્તરે સન્તોષ ન આપ્યો. બીજો ભીષ્મસન્દેશ કહાવ્યોઃ—

" જ્યાર લગી ત્હમે રહેશો દ્વારિકાં રે ત્હાં લગી કરૂં અપવાસ

રાણાજીનો આગ્રહ મીરાંએ અન્તરનો નિરખ્યો : પણ મી પ્રભુભક્ત હતાં, આજ્ઞા વિના પગલું પાછું ભરે એમ ન હતાં. ને રજા માગવાને મીરાં ' આવ્યાં શ્રીપ્રભુની પાસ. ' વિનતિ સાંભળી હરિએ મીરાંને—

હરી ચાંપ્યાં રૂદિયા સાથ :

શ્રી કૃષ્ણસ્વરૂપમાં સમાઇ ગયાં રે મીરાં, જૅ જૅ શ્રી દ્વારિકાંના
મીરાંમન મોહનશું માન્યું.

બાબુ કીરતપ્રસાદ મીરાંનો જન્મ સંવત્ ૧૪૭૫માં અ દેહત્યાગ સંવત્ ૧૫૮૬ માં કહે છે. મુંબઈ સમાચારના સંશોધક લેખ મીરાંબાઇની લગ્નતિથિ સંવત્ ૧૫૭૩ આપે છે એટલે જન્મતિ આશરે સંવત્ ૧૫૬૦ અનુમાન થાયઃ તે વિદ્વાન્ મૃત્યુતિથિ સંવ ૧૬૦૩ આપે છે.

ચમત્કારોથી ભરેલી, દન્તકથાઓથી રંગાએલી, ઇતિહાસ

વિરોધોથી છંટાયલી મીરાંની જીવનકથા આવી છે. મારવાડ મેવાડ અને ગુજરાતના ઇતિહાસ ઉપરથી જ્હારે અન્ધકારના પડદા ઉપડશે ત્હારે આ જીવનકથની પણ નર્યા પ્રકાશની હોય એમ પ્રકાશશે.

મીરાં અને મીરાંના ધર્મ વિશે એકાદ બે પ્રશ્ન ચર્ચી આપણે સમાપ્ત કરીશું. કેટલાક મીરાં વિશે અર્થહીન પ્રશ્ન કરે છે કે મીરાં ભક્ત હતાં કે કવિ ? જાણે ભક્ત અને કવિ એ વિસંવાદી શબ્દો હોય ! મીરાં ઉભય હતાં. ભક્તશિરોમણિઓમાં મીરાં ઝળકે છે અને ઝળકશે: કોઇ હજી એમનું એ પદ છીનવી લેવા મથ્યું નથી, મથશે નહીં: મથશે ત્હેને સૂર્ય ઢાંકવા નાંખેલી ધૂળ આંખ્યમાં પડયા જેવું થશે.

મીરાં કવિ હતાં કે નહીં ?—એ પ્રશ્ન કરનારા એક દલીલ આગળ લાવે છે કે મીરાંએ પોતાનાં કાવ્યોને કાવ્યોં અણી રસાલંકારથી શણગારવા યત્ન કર્યો નથી. પ્રશ્નકારોને સ્હામો પ્રશ્ન એટલો જ કરીશું કે સ્વાભાવિક રીત્યે, સરલતાથી, વિનાયત્ને ગાઇ શકે એ કવિ નહીં અને શ્રમસાધ્ય સ્મૃતિજન્ય કાવ્યો લખે એ કવિ: એવો કીયા રસશાસ્ત્રનો નિયમ છે ?

ઇંગ્લિશ સાક્ષરજીવનમાળામાં મેકોલેનો ચરિત્ર ચીતરનાર મોરીસન એક સવાલ ચર્ચે છે કે મેકોલેએ "Lays of Ancient Rome" નામનાં અને બીજાં કેટલાંક સારાં, ઉત્સાહી, વીરરસનાં કાવ્યો લખ્યાં છે તો મેકોલેને કવિ ગણી શકાય કે નહીં ? એ પ્રશ્નના ઉત્તરમાં ના કહી એ લેખક લખે છે, કે કેટલાંક વર્ષ શ્રમસાધ્ય સારાં કાવ્ય હાલનો કોઇ પણ સુશિક્ષિત જન લખી શકે. વાંચન અને સ્મૃતિથી મેકોલેએ કાવ્યો લખ્યાં અને નન્દશંકરભાઇએ "કરણઘેલો" લખ્યો. મોરીસન કહે છે કે કેટલાંક વર્ષે ઘડી ઘડીને સારાં કાવ્ય

લખનાર મેકોલે કવિ ન હતો પણ રસિક હતો: થોડાંક અઠવાડિયામાં " Revolt of Islam " નાં બાર પુસ્તકનું પૂર જગતપટે વ્હેવડાવનાર શેલી તે કવિ હતો. જેની રગેરગમાં કવિતા ઉછળી રહી છે, જેનું હૃદય કવિતારસથી છલાછલ છલકે છે એ કવિ. એરિસ્ટોટલનું એક નીતિસૂત્ર છે કે:—પુણ્યનાં રડયાં ખડયાં કામ કરે તે પુણ્યવાન્ નહીં: મહાપાપીએ કદી કદી પુણ્યનાં કામ કરે છે. એવું જ રસસૂત્ર આપણે બાંધી શકીએ કે રડીખડી સારી કવિતાઓ લખી જાણે તે કવિ નહી, પણ જેનો ચીરંજીવી હૃદયભાવ જ કવિતા છે તે કવિ. યત્ન અંદરી મનુષ્ય પણ કોકિલ જેવું બોલી શકે છે: પણ એ સ્વવાદી નટને કોઈ કોકિલ કહેતું નથી. બોલે ત્યહારે નિરન્તર માધુરી વ્હેનાર જ કોકિલ. કવિની આ વ્યાખ્યા વર્તમાન યુગના કવિમાં ગણાતા મથતા રસિક વર્ગને કદાચ અરૂચશે. મીરાંનાં અનેકાનેક પદો ઉપરથી લાગે છે કે જ્યહારે જ્યહારે મીરાં બોલતાં ત્યહારે ત્યહારે તે ગાતાં. ભજન, નૃત્ય, ઓચ્છવ, કીર્તન: એ એમનાં આખા જીવનનાં સંગાથી હતાં. અણગણ પદોમાંથી ઉતારા લઈએ: પણ થોડાક શીકર સાગરનું શું ભાન કરાવશે ?

હાંરે કોઈ માધવ લ્યો માધવ લ્યો.
વેચંતી વ્રજનારી રે, હાંરે કોઈ માધવ લ્યો૦
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે મટકે ચાલી રે;
હાંરે કોઈ માધવ લ્યો૦

પ્રેમની પ્રેમની પ્રેમની રે, મ્હને લાગી કટારી પ્રેમની,
જળ જમનામાં ભરવા ગયાં'તાં, ત્યાં હતી ગાગર માથે હેમની રે;
મ્હને લ.ગી૦

કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે;
મ્હને લાગી૦

લ્હે લાગી મ્હને ત્હારી, અલ્લાજી ! લ્હે લાગી મ્હને ત્હારી.

ક્યાંરે ગયો રે પેલો મોરલીવાળો, અમને રાસ રમાડી રે ?
રાસ રમાડવાને વનમાં તેડયાં, મોહની મોરલી સુણાવી રે.

કાગળ કોણ લઇ જાય રે મથુરામાં વસે મેવાસી,
મ્હારા પ્રાણ પીઆરુ—કાગળ૦
એ રે કાગળમાં ઝાઝું શું લખીએ ?
થોડે થોડે હેત જણાય રે, મ્હારા પ્રાણપીઆરુ૦

જાણ્યું જાણ્યું હેત ત્હમારૂં જાદવા રે લોલ,
હેતજ હોય તો હૃદયામાં વરતાય જો;
અમે ત્હમારી આંખડીએ અળખામણાં રે લોલ,
વ્હાલપ હોય તો નયણાંમાં ઝળકાય જો:
(સત્યભામાનું રૂસણું)

ધીરજની વાતો ઘરથી જાણી નહીં રે લોલ,
પ્રીત કરીને પરવશ કીધા પ્રાણ જો;
કાળજડાં કોરીને ભીતર ભેદીયાં રે લોલ,
મીટલડીમાં માર્યાં મોહનાં બાણ જો—જાણ્યું જાણ્યું૦

રાધેકો ગજરો, પ્યારીજીકો ગજરો,
દે ડારો રાધે રાણીજીકો ગજરો.
મેં જલ જમુના જાતી ભરનેકો, ભર આઈ ગગરો,
બિસર આઇ ગજરો:—રાધેકો૦
તુમ મત જાનો બન્યો હે ફુલનકો,
રતન જડીત મોતીયાં હે દે ગજરો—રાધેકો૦

વાછરડી હારેડી હો લાલ ! ત્હારી વાછરડી રે,
એવડ એવડ નાડી બાંધી, ત્રેવડ નાડી તોડી: હો લાલ !૦

મીરાંના કાવ્યસાગરમાંના આ સઉ કણ છે: વધારે જોવા અત્યહારે આપણને અવકાશ નથી. એક પદ જોઇએ જે બતાવે છે કે **મીરાં** સ્ત્રીકવિ હતાં:

મુજ અબળાને મ્હોટી નીરાંત બાઇ! શામળો ઘરાણું
મ્હારે સાચું રે: ટેક.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરીનો મ્હારે હઇએ રે:
ચીતમાળા ચતુર્ભુજ ચુડલો, શીદ સોની ઘેર જઇએ રે ?—મુજ.
ઝાંઝરીયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે,
વિંછુવા ઘુઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે—મુજ.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રીકમ નામનું તાળું રે,
કુંચી કરાવું કરુણાનંદ કેરી, ત્હેમાં ઘરાણું મ્હારૂં રે—મુજ.
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે,
બાઈ **મીરાં** કહે પ્રભુ ગીરધરનાગર હરીને ચરણે જાશું રે—મુજ.

મણિમાળાઓ એવાડમાં ઉતારી, 'સાચું શામળાનું ઘરેણું' મીરાંબાઇએ પહેર્યું હતું. કવિતા આવી સ્વાભાવિક, સરલ, ઉછળતી, સ્નેહાળ સુંદરી કવિના સરિખડી સુંદર છે. મીરાં બર્ન્સના વર્ગનાં કવિ હતાં. સદ્ભાગ્યે પરભોમથી આવી આપણા પ્રાંતમાં પરિમળતા એ પુષ્પનાં ઋણ આપણે પૂરેપૂરાં કદી વાળી શકીશું ?

મીરાંનો ધર્મ કૃષ્ણભક્તિનો વલ્લભ સંપ્રદાયને મળતો હતો. પુરાણપંથીઓ ઉપર એવા આક્ષેપ કેટલીક વેળા થાય છે કે મીરાંના શુદ્ધ સ્નેહી હૈયાંની પણ પ્રભુના સ્વરૂપની કલ્પના અને ભક્તિ વિષેના વિચાર અતિ જડ સ્થૂલવંતા અને અણવિકસ્યા હોય છે. આ આક્ષેપ ખોટા છે કારણ કે ભક્તિ અને પ્રભુદર્શનની પ્રેરણા એ હૈયાની પ્રવૃત્તિઓ છે એટલે હૈયાં શુદ્ધ અને સ્નેહાળ છે એમ કહ્યા પછી બીજા આક્ષેપનું કારણ રહેતું નથી. બુદ્ધિના બાલક સ્નેહ, પૂજા અને ભક્તિ સમજી શકે છે; અને સ્નેહ, પૂજા, ભક્તિના અભિષેકને યોગ્ય મહાપ્રાણને પણ ઓળખી શકે છે. મીરાં સાક્ષર ન હતાં એમ લાગે છે, છતાં તેમના ભક્તિ વિશે અને પ્રભુ વિશેના ભાવ ઉન્નત અને આ 'સાક્ષરશિરોમણિ' ઓના જમાનામાં પણ બોધક હતા. તેમનાં બે પદ જ ફક્ત આપણે ગાઈ જઈએઃ--

મીરાં ભક્તિ કરત હે પ્રગટકી, નાથ ! તુમ જાનત હો સબ ઘટકી.
નાહી ધોઇ મીરાં લે સમરણી તો પૂજા કરત સીતાપતકી,
સાલીગ્રામકું તુલસી ચ્હડાવે, તો ભાલતિલક બીચ ટીપકી--મીરાં.

રામમંદિરમેં મીરાંબાઈ નાચત, તાલ બજાવત ચુટકી:
રૂમઝુમ રૂમઝુમ બાજત ઘુઘરા, લાજ તજી ઘુંઘટકી--મીરાં.

વિષના પ્યાલા રાણાજીએ ભેજ્યા, સાધુ સંગત મીરાં અટકી,
ફરી ચરણામૃત પી ગઇ મીરાં અમૃતકી જેસી ઘટકી—મીરાં.

સુરત દોરા પર ચાલીયે ધારો તોં શીર ગાગરપર મટકી,
મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, સુરતા ચલી જેની નટકી :
મીરાં ભક્તિ કર હે પ્રગટકી, નાથ ! તુમ જાનત હો સબ ઘટકી.

સાલીગ્રામને તુલશી ચ્હડાવતાં કે ભાલતિલકમાં ટિપકાં પૂરતાં, સીતાપતિની પૂજન કરતાં કે રામમન્દિરમાં નૃત્ય આદરતાં, અથવા તો મહાવિષનો પ્યાલો હોઠે માંડતાં મીરાંની એક જ દૃષ્ટિ હતી: સુરતા અડગ હતી: પનીહારીની બેડા ઉપર હોય છે તેવી. દોર ઉપર ચાલતા નટના જેવી. પૂજા, સેવા, નૃત્ય કે મહાવિષ ઘોળતાં એવી એક સુરતા રાખનાર ભક્ત હમણાં કેટલા છે ? મીરાં "एकमेवाद्वितीयम्" તો જાણતાં જ હતાં. ઉપરાન્ત એ એક ઉપર અખંડ દૃષ્ટિ માંડી રાખતાં પણ જાણતાં હતાં. યોગ કે ભક્તિનું આથી ઊંચું પગથિયું હજી શોધાવાનું બાકી છે.

મેં તો લીયો હે સાંવરીએને મોલ, માંઇ મેં ! તો લીઓ હે.
કોઇ કહે મુંગો, કોઇ કહે મુંગો :
મેં તો લીયો હે હીરાસુ તોલ—માંઇ !૦

કોઈ કહે હલકો, કોઈ કહે ભારી,
મેં તો લીયો હે તાકડીએ તોલ તોલ—માંઇ !૦

કોઇ કહે છાને, કોઈ કહે ચોડે,
મેં તો લીયો હે બાજતે ઢોલ—માંઇ !૦

કોઇ કહે ઘટતો, કોઇ કહે બઢતો,
મેં તો લીયો હે બરાબર તોલ—માંઇ !૦

કોઇ કહે કાલો, કોઈ કહે ગોરો,
મેં તો દેખ્યો હે ઘુંઘટપટ ખોલ—માંઇ !૦
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
મ્હારે પુરવ જનમરો હે કોલ—માંઇ ! ૦

આ બે પદ પછી અમને તો શક રહેતો નથી કે મીરાંએ "ઘુંઘટપટ ખોલી" ને પ્રભુ ઇ દર્શન લીધાં હતાં અને પરમોન્નત પ્રકાશ પામ્યાં હતાં.

મીરાંની જીવનકથામાં એક વાત મશહુર છે જે ત્હેમના ધર્મનું લક્ષણ દર્શાવે છે. વૃંદાવનની યાત્રાએ મીરાં ગયાં ત્યહારે ત્હાં એક જીવા ગોસાંઈ રહેતા હતા મીરાંને ત્હેમનાં દર્શનની વાંછા થઇ હતી પણ ગોસાંઇજીએ કહાવ્યું કે પોતે કોઈ સ્ત્રીનું મુખ જોતા નથી. મીરાંએ ઉત્તર મોકલ્યો કે:

આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;
વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો, ત્હેમાં ધન્ય તમારો વિવેક.
૦ મીરાંમન મોહનશું માન્યું.

એ મર્મવચન સુણી જીવા ગોસાંઇ મીરાંના દર્શન કાજે ગયા.

કૃષ્ણભક્તિ કેટલીક રીત્યે મુસલમાનોના સુફીવાદને મળતી આવે છે અને કેટલીક રીત્યે ત્હેનાથી જૂદી પડે છે. ઉભયનો પાયો પ્રેમની મસ્તી ઉપર છે એ એક મુદ્દાની વાત મળતી આવે છે. મીરાંબાઇ અને નરસિંહ મહેતાનાં પદ બહુધા શાન્ત છે, દયારામભાઈના જેવાં ઉન્મત્ત નથી; છતાં મીરાંના પદસંગ્રહમાંથી પણ મસ્તીનાં પદ વીણ્યાં જડશે:

મોહન ભાંગ પીવાઇરે, કદંબ નીચે મોહન ભાંગ પીવાઈ; ૦

જલ જમુનાકો શીતલ પાની, ગાગર ભર કર લાઇ રે—કદંબ૦
સોનેકી કુંડી ને રૂપેકા લોટા, કુંડી એ રતન જડાઇ રે-કદંબ૦
કૃષ્ણએ વાટી ને બલદેવે ઘુંટી, રાધાએ સાફી સહાઈ રે—કદંબ૦
સોનેકા પ્યાલા તુમ પીઓ મતવાલા, અખીઆમેં લાલી લગાઇરે-કદંબ૦
મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, ચરનકમલ ચીત લાઇ રે—કદંબ૦

ભઇ મીરાં રામદીવાની, મેરા દરદ ન જાનત કોય—ટેક.
ઘાયલકી બાત ઘાયલ જાને, સો કોઇ ઘાયલ હોય,
સુલી જો ઉપર સેજ અમારી, પોઢણુ કેસી બુધ હોય. ભાઇ૦
જડસુટીસે ભલા કારજ નાંહી, ઔદ લીયા સબ જોય,
મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, ઔદ સાંવરીઓજી હોય. ભાઇ૦

પ્રભુના પરાભક્તિને ભાંગ કે દારૂની ઉપમા આપવાથી કે સાત્વિકી યોગવાંછાને દીવાનાપણું કહેવાથી શું વિશેષ અર્થ સરતો હશે એ તો એ મતાનુયાયી કોઈ સમઝાવે ત્યહારે; પણ એવી રીતિની કવિતાની અધમતા એટલે સુધી આવે છે કે હાફિઝ કવિ એક ગઝલમાં પુકારે છે કે 'દારૂ લાઓ અને એક ચૌદ વર્ષની છોકરી લાઓ.' આ શૈલીના કવિઓ ભૂલી જાય છે કે ભક્તિ એ સાત્વિક ભાવ છે અને મસ્તી એ સાત્વિક ભાવ નથી. એટલે ભક્તિ એ પ્રેમની મસ્તી નથી અને તેથી ભાંગ, ગાંજો કે દારૂની ઉપમાઓ અવળે માર્ગે જ દોરવામાં કે અવળા માર્ગ ઢાંકવામાં જ માત્ર સહાયભૂત થાય છે.

સૌ ધર્મની ફિલસુફી તેમ જ આચાર એવા હોવા જોઇએ કે

નરનારી ઉભય તે સમઝી, ગ્રહી, આચરી શકે. પુરુષ તેમજ સુન્દરીમાં આત્મા છે અને ઉભયના આત્માને વિકાસ, વિશુદ્ધિ અને ઉન્નતિની જરૂર છે. એટલે પ્રભુનો યોગ અને તે સાધ્ય કરનાર ધર્મસિદ્ધિ પણ નરનારી ઉભયને માટે જ હોવી જોઇએ. સુફીવાદ તેમ જ કૃષ્ણભક્તિ બન્ને આ બાબતમાં અધૂરાં પડે છે. સુફીવાદમાં પ્રભુને પત્ની માની પત્નીભાવે ભક્તિ કરે છે. આ મત સુંદરીઓની ધર્મમાં અવગણના કરે છેઃ કારણ કે સ્ત્રીવર્ગ પ્રભુને પોતાની પત્ની શી રીત્યે માની શકે? પતિની પત્ની હોય પણ પત્નીને વળી પત્ની કેવી ? સુફીવાદ માત્ર પુરુષોને માટે જ છે: સ્ત્રીવર્ગ એ ગ્રહી–આચરી ન શકે એટલી એમાં અપૂર્ણતા છે.

કૃષ્ણભક્તિમાં પ્રભુને પતિ માની સૌ પતિભાવે ભક્તિ કરે છે. એ એક મુદ્દાની વાતમાં કૃષ્ણભક્તિ સુફીવાદથી જૂદી પડે છે. પણ એમાંય તે સુફીવાદના જેવી જ અપૂર્ણતા છે. સ્ત્રીવર્ગ કૃષ્ણભક્તિ સમજી શકે અને પ્રભુની પતિભક્તિ આચરી શકે; પણ પુરુષો પોતે સ્ત્રી શી રીત્યે થાય અને પોતાના વરની પૂજા શી રીત્યે આદરી શકે એ સમજવું અશક્ય છે. પત્નીની પત્ની હોઈ શકે નહીં, તેમ પતિનો પતિ પણ આપણે જોયો નથી. નવું સંસારવિધાન રચાય તો ત્હેમાં કદાચ સુફીવાદ અને કૃષ્ણભક્તિની અપૂર્ણતાઓ કોઈ નવલ સંસારશાસ્ત્રીઓ ઘટાવી શકે. સંસારમાં તો વરને વહુ કે વહુને વર કરવાં એવા રૂપરૂપાંતરના ભાવ અજાણ્યા છે.

સુફીવાદ તેમ જ કૃષ્ણભક્તિના ધર્મવૃક્ષોએ અતીતિના અનેક ફલફુલ બેસી ચૂક્યાં છે, અને એ સૌનું જીવનકારણ ત્હેમનાં મૂલ સૂત્રો જ–બે પતિ કે બે પત્નીઓ કરવામાં જ છે. પતિ–પત્નીના અને

અનુ-પ્રભુના સંબંધ જાતિસ્વભાવે જ જૂદા છે એ સત્ય વીસરવાથી જ સુફીવાદ કે કૃષ્ણભક્તિ જેવા સંપ્રદાય રચાઇ કે પ્રચલી શકે.

છતાં એ ઉભય માર્ગમાં મહાસત્યો છે જેને દુનિયાનો ઇતિહાસ સમર્થન આપે છે, તેમ ધર્મશાસ્ત્ર-Science of Religion-પણ પોષે છે. ધર્મનાં બીજ હૈયામાં છે, ભક્તિ તે સ્ત્રીની કલા છે. પ્રભુનાં પરમ દર્શનને અર્થે ભક્તિ સમાન અન્ય સાધન નથી. એ બધાં સત્યો સુફીવાદ તેમજ કૃષ્ણભક્તિ ત્હેમની ભુલ્યોમાંથી પણ વીરહાક મારી પુકારે છે. પૃથ્વીપ્રદક્ષિણા કરી દેશદેશના સંપ્રદાય, મન્દિરો, પૂજાવિધાન સઉ નીરીક્ષશું તો સહજ જણાશે કે માનવકુલે ભક્તિમાર્ગ સ્વીકારવાનો સંપ કીધો છે. આપણા ભારતવર્ષે પણ અન્ય સર્વ માર્ગોને તિરસ્કારી દુનિયાને પગલે પગલે જ એ માર્ગને આદર દીધો છે. આપણા આવાસો ઉપર ફરકતા ધ્વજપટ, આપણા કાનમાં વ્હેતાં ભજનકીર્તન, આપણા નયન ભરતાં ભકતવૃન્દનાં ટોળે ટોળાં: સૌ એક જ-એ જ સત્ય દર્શાવે છે. જ્ઞાન કે હઠયોગના અન્ય માર્ગ જેઓ ઉપદેશે છે તેઓ મહાપ્રજાઓને પગલેથી, અનુમહારાજના વંશના પન્થેથી હિન્દને દૂર કરવા મથે છે. હિન્દુસ્તાનના દુનિયાના ઇતિહાસમન્થનનું સત્ય ઉથાપવાની ત્હેમને શીર જવાબદારી છે.*

ન્હાનાલાલ દલપતરામ કવિ.

---

* "વસન્ત" સં. ૧૯૫૯ માંથી. મીરાંબાઇનું વિસ્તૃત જીવનચરિત્ર રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતાએ લખ્યું છે, અને તે શ્રી સયાજી સાહિત્યમાળાના એક મણકારૂપે બહાર પડેલું છે.

જી. આ.

૪.

ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠી.*

૧

સરસ્વતીચન્દ્રની સ્નેહમુદ્રાનો આદર્શ, ગરવી ગુજરાતનાં દેશભક્ત બાળકોને જેના ચારૂત્તર સાધુજીવનમાં જ અપરોક્ષ થાય છે, તે દેવર્ષિ ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠીના દેહવિલયની ધન્ય પળનો આજે સંવત્સર.

કૃતકૃત્યતાનાં અવકાશ, સાધન અને સિદ્ધિ અપાવનાર જન્મ, જીવન અને અવસાનની અનુભવપરંપરાને અંતે માનવીનું દેવજીવન એવું તો સંસિધ્ય બની રહે છે કે તેના સ્મરણ માત્રથી પણ કેટલાંક આપ્તજનોને તો તેનો સાક્ષાત્કાર થઇ જાય છે.

તેથી એવાં દેવજીવનવાળાં સદેહ કે વિદેહ દેવજનોની સ્મરણાવલિ કેવળ કલ્યાણક ગણીને તેમનાં આપ્તજનો આવા સંવત્સરને પણ જયંતી સ્વરૂપે જ ઉજવે તો શું એ પણ દેવપૂજાનો જ (Hero-Worship) એક પ્રકાર નથી કે ?

પણ ત્યારે સમગ્ર જગતના સાધુજીવનના મિતાક્ષર બીજી કઇ ભાવનાભરી પદપંક્તિથી મુદ્રાંકિત થઇ શક્યા છે, ભલા ?

જન્મે ત્યાંથી પરહિત કરે સ્વાશ્રયે શીખી રહેવા :
જીવ્યા સુધી પરમય બને સ્વાર્પણે સ્હાય સેવા :

---

* ગુજરાત સાહિત્ય સભા તરફથી તા. ૨૩ જાન્યુઆરી ૧૯૦૮ પોષ વદ ૫ ને ગુરૂવારે રા. રા. ગોવર્દ્ધનરામની મૃત્યુતિથિને દિવસે પ્રેમાભાઈ હૉલમાં વાંચવામાં આવેલો લેખ. "બુદ્ધિપ્રકાશ"માંથી.

જેવા તેવા રહી જીવિતને આમ ઉજાળનારી
એવાને તો સુરપદ ઘટે ને ઘટે દેવપૂજા !

એ અનેરી દેવપૂજાના સમારંભમાં વિદેહ ગો. મા. ત્રિ.ને સુરતાની 'વૈજયંતી'માલા પહેરાવતાં તેમના જયવંત સાક્ષરજીવનની આજની જયંતી પ્રસંગે, ચાલો ત્યારે આપણે **સુરવર** પ્રભુનું જ ધ્યાનમંગલ પ્રારંભીએ.

૨

સુરવરની મુરલી.

(મદુલીના ભજનની ધૂનમાં.)

મુરલી સુરવરની ધીરે સૂર
સુણીયે : સંતો !
અધૂરી, મધૂરી, દૂર, અદૂર :—
"સ્મિતનાં ચેતનમય નયને—
અમીમય સ-રસાયન હૃદયે—
હરજો પ્રિયજનમન મુગ્ધ મધૂર !"
સુણીયે : સંતો !
"કૌમારક-કુંજ વિહરજો :
મુરલીધર પ્રભુ-દૂત બનજો—
સુકુમારિલ કોકિલ સ્નિગ્ધ મયૂર :"
સુણીયે : સંતો !
"વર્ષામાં વસંત વહજો :
આર્ત-આનન્દન બનજો :
કરજો ઓઝાં ઉરને ભરપૂર :"
સુણીયે : સંતો !

"સાચક-સારથી ધુરંધર—
સંસ્થાપક સંસિદ્ધિ કર—
રૂહેજો ગોપાલનમાં ચકચૂર :"
સુણીયે : સંતો !
"બાલકસમ સરલ કળાયલ
વત્સલ દંપની પ્રતિમાંકિત
ધરજો વ્હાલપ વટના અંકુર :"
સુણીયે : સંતો !
મુરલી સુરવરની ધીરે સૂર-
અધૂરી, મધૂરી, દૂર, અદૂર :
સુણીયે : સંતો !

૩

ગોવર્દ્ધનરામભાઇની જીવનકલા નીહાળી શકવાનાં સાધનો, ગુણજ્ઞ સાક્ષર જનોએ તેમની વિદેહદશામાં તેમજ તેમની વિદેહદશાના પ્રથમ વર્ષમાં પણ ગરવી ગુજરાતને ચરણે અનેક સ્મારકરૂપે ધર્યાં છે; એટલું જ નહિ પરંતુ એવાં સ્મારકોને જ ચિરંજીવ રાખવાને માટે ફંડરૂપે, સ્નેહસેવાનાં સદાવ્રત બાંધવાને પણ તેમના સાધુ મિત્રો ચૂકેલા નથી.

પ્રસિદ્ધ પારસી સાક્ષર મર્હૂમ ' મિ. કે. ન. કાબરાજીની ટુંક પીછાન " માં અપાયલો એવી ગુણજ્ઞતાનો ધન્યવાદ ગોવર્દ્ધનરામભાઇ-ના જ બોલમાં બોલી બતાવિયે તો એ છે કેઃ—

" આવી રીતે અનેક જાતિનાં અને અનેક વિચારબુદ્ધિવાળાં પ્રતિષ્ઠિત સ્ત્રીપુરૂષો જે પુરૂષની જીવનકથા લખવામાં સહાયભૂત થાય

તે પુરુષનામાં એવો કોઇ ગુણ હોવો જોઇયે કે તેથી તે એ સર્વનાં ચિત્ત ઉપર આટલી સત્તા ચલાવી શકે. * * *

આવી ઉદાર ગુણજ્ઞતાનાં દ્રષ્ટાંત આમ સ્વાભાવિક રીતે દુર્લભ હોય છે તો સામાન્ય લોકવર્ગ એવી ગુણજ્ઞતા ન જ દેખાડી શકે એવું કાંઇ નથી. પરંતુ એ વર્ગમાં એવી ગુણજ્ઞતા જાગવાને માટે કારણ મળે છે ત્યારે જ તે જાગે છે. મિત્રમંડળ પરસ્પર સહવાસને લીધે એક બીજાના દોષ સમજી શકે છે તેમ એક બીજાના ગુણોનો અનુભવ કરી કોના કેટલા ગુણો ઉપર અચલ શ્રદ્ધા રાખવી તેનો નિર્ણય કરવાનું સાધન પામે છે. લોકવર્ગને પણ આવી શ્રદ્ધાનું સાધન મળે ત્યારે એવી જ ગુણજ્ઞતા દર્શાવી શકે છે, અને જ્યાં એવી શ્રદ્ધા ખસવાનું કારણ તેમને મળે છે ત્યાં શંકાશીલ રહેવામાં લાભ માને છે. ”

(સમાલોચક વર્ષ ૯, અંક ૧.)

લેશ પણ શંકા રહિત સમગ્ર લોકવર્ગની શ્રદ્ધાનું પણ પૂજ્યસ્થાન પામેલ આપણા ગુણીજન સંબંધે જ જાણે કહેતા હોય તેમ મહર્ષિ એમર્સન ઉપરના પોતાના નિબંધમાં મિ. જૉન મોરલી કહે છે કે:-

“ Enough that in our own generation, he has already been accepted as one of the wise masters who being called to high thinking for generous ends, did not fall below his vocation, but steadfastly pursuing the pure search for truth, without propounding a system or founding a school or encumbering himself over-much

about applications lived the life of the spirit and breathed into other men a strong desire after the right governance of the Soul."

૪

તેમ છતાં આવા સ્મારકલેખ-સંબંધે જ, એના એજ લેખને અંતે ગોવર્દ્ધનરામભાઇ ઉપસંહાર વાળે છે કે,—

" આ સર્વ વિષયોમાં મિ. કાબરાજીના ગ્રંથોના મંત્ર સમજાય એવો કોઇ સંગ્રહગ્રંથ રચાય, તેમાં તેમની યોજનાઓનું પૃથક્કરણ આવે અને તેમની લેખિનીના કેવળ સ્તુતિપાઠ મુકી દેઇ એ લેખિનીના ગર્ભમાં તેમની બુદ્ધિ કેવા ગર્ભરૂપે સ્ફુરી છે, એ સર્વનું દર્શન કોઇ સમર્થ વાર્તિકકારને હાથે સાદી પણ હિન્દુ-ગુજરાતી ભાષામાં લખાય તો મિ. કાબરાજીની કીર્ત્તિ વધારે દૃઢ અને લોકહિતકર પાયા ઉપર ચણાશે. "

આવું વાર્તિક રચાવાનો સમય હજી જરા દૂર જ છે. ત્યાં સુધી તો 'વસંત', 'સમાલોચક' આદિ પત્રોમાંની સ્મારકલેખ-સંગ્રહરૂપ ગુણકથાને વધાવી લઇશું. એટલું જ નહિ પરંતુ તે લેખોમાંના ઘણાખરામાં વિદેહ ગો. મા. ત્રિ. ની જીવનકલાનું જ જે મૂર્તસ્વરૂપ આલેખાયલું છે તેના પરમદર્શનમાં તેમના દેવજીવનનો દ્રષ્ટાંતબોધ પામીશું કે,—

પ્રાર્થિવ માનવી, જન્મસિદ્ધ પરવશતાનો જ સદુપયોગ, જીવસિદ્ધ પ્રભુતાની કલા ખીલવવામાં દ્રષ્ટાંતબોધથી જ પ્રોત્સાહક, પ્રકાશક અને પ્રેરક થવામાં કર્યા કરે તો નક્કી સંસારને સ્વર્ગ જ બનાવે ને પોતે દેવ અને-દેવર્ષિ બને. અહા ! કેવું પરમ સ્મરણીય જીવન !

દેવચર્યા જીવન જીરવવામાં જ નહિ પણ જનસેવા માટે જીવન

જોગવવામાં–માનવીને વિચાર, વૃત્તિ અને વર્તનના ત્રિવૃત્તથી દેવજનશાં જ્વલંત બનાવવામાં–વિકાસ પામે છે.

એવાં कृतकृत्यतया तृप्ताः प्राप्तप्राप्ततया पुनः। દેવર્ષિ જ દત્ત ભગવાનની પેઠે પ્રભુલીલાનાં કિરણે કિરણમાં અદ્‌ભુત દર્શન પામે છે અને તે પામતાં ગુંજે છે કે,—

" હું જોઉં નયન ત્યાં એનું
હું જોઉં રમ્ય સ્મિત એનું.
એની નયનની કીકી માંહી દેખું પરલોક ભાન ત્યાં પામું,
એ સ્મિત જોતાં આનંદ–પરાવર વળી બનીને જામું. "
(गो. मा. त्रि.–લીલાવતીની જીવનકલા.)

૫

કેવલ સ્તુતિપાઠ વિનાના વાર્તિકના કલ્પિત સ્વરૂપની રેખામાત્ર દોરતાં દોરતાં પણ વિદેહ ગો. મા. ત્રિ. ના આત્મસૌંદર્યમાં જ તેમના નિષ્કામ સમર્થ વાર્ત્તિકકાર પણ આસક્ત થયા વિના રહેશે નહિ એમ કહેવું અતિશયોક્ત તો નથી જ. ત્યારે એ આત્મ સૌંદર્યના તેજમાં ન્હાતાં ન્હાતાં ચાલો આપણે પાવન થઇયે.

ગોવર્દ્ધનરામભાઇના જન્મની અને મૃત્યુની તિથિઓ સર્વને સુવિદિત જ છે કે, તેમનો જન્મ સં. ૧૯૧૧ ના આશ્વિન શુદિ ૧૦ વિજયાદશમીને દિને (તા. ૨૧–૧૧–૧૮૫૫) નડિયાદમાં થયો હતો.

તેમનું અવસાન સં. ૧૯૬૩ ના પોષ વદ ૫ ના બપોરના બે કલ્લાક (૪–૧–૦૭) મુંબાઇમાં તેમના ઉત્તરાવસ્થાના સાધુમિત્ર પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરને બંગલે થયું હતું.

સિદ્ધાંગના જેવી માતાની કુખે વિજયાદશમીને દિને જન્મેલો વામનકુમાર, સ્વાશ્રયબળે પુરુષાર્થસાધક પ્રસંગવીર બનીને પોતાનાં

સ્વાર્પણનાં સાક્ષરજીવનરૂપ સદાવ્રતમાં—" તપોમય જીવનની પ્રયત્ન-પરતા " રૂપ જિજીવિષા ધર્મની પરમાર્થમમતાનાં દર્શન-પ્રશાંતિ પ્રમોદ અને પ્રકાશને ત્રણ પગલે જ કરાવતાં કરાવતાં, સાધુપિતાના સ્નેહમય વૈરાગ્યને બળે-એ વામનકુમાર-વધીને વૈરાટસ્વરૂપ પામ્યો તે એવી રીતે કે ચારૂત્તરની ચારૂ વનલીલાનો મુરલીધર પ્રભુદૂત સંસારમાં **સૂરવર**ની મુરલી લલકારતાં લલકારતાં રત્નસાયરને તીરે આવ્યો અને **વાલુકેશ્વર**માં સાયુજ્ય પામ્યો. દેહધારી પ્રાણાત્માની આથી સુંદરતર વિજયદશા બીજી કેવી હશે ? વામન–વૈરાટનો આવો આત્મ-વિકાસ કેવો સકલસુન્દર અને સર્વસાધ્ય છે ?

૬

એ આત્મવિકાસનો જીવનક્રમ તપાસીશું તોપણ આપણને કંઇ ઓછું અવલંબન નહિ મળે.

શ્રેષ્ઠના એવી પાર્થિવ લીલાભર્યાં આચરણમાં જ ઇતરજનોને પ્રભુતાના અવલંબન મળે છે: એવા પ્રભુના કલ્યાણધર્મના મિતાક્ષર છે.

સને ૧૮૫૫ થી સને ૧૮૬૭ સુધીમાં નડિયાદ અને મુંબાઇ વચ્ચેના બહુ ભાગે ગૃહજીવનનાં આંદોલનોમાં બાલક ગોવર્દ્ધનરામભાઇ, પ્રાચીનતાના સંસ્કારભરી આત્માની ચારૂતા પામે છે; અને તે જ સમયે કુલગુરૂ જેવા કોઈ મુનિમહારાજની છાયા નીચે પિતાની સાધુતા પુત્રમાં અંકુરિત થાય છે.

સને ૧૮૬૮ સને ૧૮૭૩ સુધીમાં બાલતરૂણ ગોવર્દ્ધનરામભાઇ આત્મમંથનને હેલે ચ્હડે છે, અને તેની સાથે તેમનાં જાજ્વલ્યમાન માતાના પોષણબળે, સુજ્ઞ ગુરૂજન વિદેહ મનઃસુખરામભાઈની છાયા નીચે તેમનામાં લોકસેવાના મુગ્ધમનોરથ જાગે છે.

સને ૧૮૭૪માં મુગ્ધ મનોહર યુવકને સંસારની કષ્ટસાધ્ય સરલતાનાં વિષમ દર્શન થાય છે. પ્રથમ પત્નીનું અવસાન અને કુટુંબના અવલંબનમાત્ર રૂપ વ્યાપારસંસ્થાની અસ્તવ્યસ્તતા : આ બન્ને બનાવોને લીધે આત્મમંથન ચકડોળે ચ્હડે છે. પણ તે ય સદર્થે જ: એજ પ્રભુલીલા! કેમકે આત્મમંથનના તુમુલતુફાનને અંતે જ રત્નમાલારૂપ પ્રભુપ્રસાદી મળે છે. ઉન્નત વિચારની અને ભાવનાની રત્નો ? સ્નેહમુદ્રા અને સરસ્વતીચંદ્રની રત્નમાલાના ગ્રંથનમાં એ બનાવોની શું ઓછી સહાય હતી કે ?

પ્રભુપ્રસાદીનું પ્રથમ ફળ સને ૧૮૭૫ માં બી. એ. થવામાં તેમને મળ્યું, અને બીજું સને ૧૮૭૬ માં થયલાં તેમનાં બીજીવારનાં લગ્નમાં.

આ બે વર્ષના અરસામાં પોતાના જીવનના હેતુ તેઓ શોધે છે, અને તે એજ કે ગમે તે રીતે પણ લોકસંગ્રહને અર્થે જ ચાળીસમે વર્ષે વાનપ્રસ્થ તો થવું–થવું-ને થવું જ. નર્મદ જેને વ્રતસ્થવીર કહત એવા–તેઓ પુરુષાર્થવીર શું નહતા ? પુરુષાર્થતા શ્રદ્ધાબળમાં અને અને સત્કાર્યસંવિધાનમાં શું નથી સમાતી ? શાસ્ત્રીય વિધાનથી જ પોતાના જીવનહેતુના સંકલ્પ અને કાર્યવિધાન તેમણે યોજ્યાં છે અને અંતે આત્મબલથી જ તેઓ સંસિદ્ધિ પામ્યા છે.

૭

માત્ર કુટુંબસેવાના ગોપાલન અર્થે જ પોતાનો સ્વતંત્ર જીવન ગાળવાનો સંકલ્પ તોડીને વિદેહ ગો. મા. ત્રિ. ને ભાવનગરમાં રાજસેવકની પરાધીન દશામાં સને ૧૮૮૩ માં પોતે એલ. એલ. બી. થયા ત્યાં સુધી રહેવું પડયું હતું. પરંતુ તે પણ પરિણામે લોકહિતકર નીવડેલ છે; કેમકે સરસ્વતીચંદ્રની સ્નેહમુદ્રા પ્રથમ ત્યાંથી જ સાકાર થવા લાગી.

સાધુ પુરુષોના ધન્ય જીવનની પળેપળ તેમાંના અનુભવોને

લોકહિતના સાધક બનાવી મુકે છે. એ જ સાધુજીવનનું વિજયગૌરવ!

કેવલ શબ્દચાપલ્યથી પોતાના પાંડિત્યનું દિગ્દર્શન કરાવનારા પ્રચ્છન્ન અનાચારી પ્રજ્ઞજનોની પામરતાનાં દર્શન હાલ જેટલાં સુલભ છે, તેટલાં જ દુર્લભ દર્શન સાધુજીવનમાંથી નિર્ઝરતી રસિક દીનવત્સલતાનાં છે. બરાબર કહ્યું છે કે **साधवो दीनवत्सलाः** ।

ત્યારે આપણે રસજ્ઞ પણ પાશવ પંડિતને નમીશું કે રસિક દૃષ્ટાંતબોધક દેવજનને વન્દીશું ?

માનવ સમાજને કેવળ પાંડિત્યની લાલસા નથી પણ કેવળસાધુતાની સાત્વિક વાસના તો છે જ.

હરકોઇ માનવીના જીવનની આવી અને આટલી પ્રયત્નપરતા જોઇ શકાય તો બસ છે, તે જોનારના આત્મવિકાસને માટે! બસ દેવજીવનની ચળક જ કંઇક અનેરી છે!

આત્મમંથન કાળે અને તેજ અરસાની કસોટીને કાળે આત્મબળ એવાં તો વાધે છે કે સાધુતા–પ્રભુતા–અને દેવમયતા (Hervism) ના ક્રમે ક્રમે તે સતત જવલંત જ્યોતિ બની રહે છે.

નિરામુક્ત યોગીને પ્રભુ તરફથી કેવા આનન્દસંદેશના મિતાક્ષર મળે છે તે શ્રીમદ્ ભગવત્ ગીતા કે તેના જેવા હરકોઈ પ્રભુપુસ્તકમાંથી જોઈ શકાય છે. એવા સંસિદ્ધ સાધુઓનાં **चेतांसि** તો હોય છેઃ—

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।

અને તેમાં જ તેમની સર્વદેશી પ્રસંગવીરતા રહી છે. શું એવાં સાધુચિત્ત જીવનમાં ઓછી ચેતના જગવી શકે છે ? ત્યારે કોણ કહી શકશે કે સાધુજીવન કે દેવજીવન એ કેવળ ભાવનામય જ છે? હા! બાકી પાશવ **मिथ्याचार**' તો તે નથી જ. તેમ નથી તે પ્રેયો વસ્તુની વાસના

માત્ર કે તેનું માયાવી ભોક્તૃત્વ! તે તો છે તે જ છે: એક અને અદ્વિતીય પ્રકાશકતા જ! સાધુતામાં જ સ્વાર્પણુનાં સદાવ્રત બાંધવાં પડે છે: સાધુતા કેવળ એકરંગી જ હોય છે: તે રંગ ભગવાજીગરનો હોય છે.

વશિષ્ઠ, ગોરખ, જનકરાજ, ગોપીચંદ, બુદ્ધ, શંકરાચાર્ય, રામદાસ, વિવેકાનન્દ, સ્વામી દયાનન્દ, રાનાડે આદિ અનેક સાધુજનો શું શું નથી કરી શકયા?

સને ૧૮૮૩ માં ભાવનગરથી મુંબાઇ આવીને સ્વતંત્ર જીવન ગાળવાના હેતુથી વિદેહ ગોવર્દ્ધનરામભાઈ વકીલાત શરૂ કરે છે: ત્યાર પ્હેલાંના કંઇ કંઇ સમવિષમ અનુભવોનાં ગાન સરસ્વતીચંદ્રની સ્નેહ-મુદ્રાની મૂર્છના ઉતારતાં ઉતારતાં તેઓ પોતાના સાક્ષરત્વને આવા આદેશભર્યા સાધુજીવનનું સાધક બનાવી મુકે છે.

મુંબાઇમાં આવ્યા બાદ સને ૧૮૯૮ સુધી ત્યાં ને ત્યાં પોતાના ગૃહસ્થાશ્રમ અને તેના તીવ્ર સાર્પણધર્મ સદર્થે જ તેઓ પાળે છે. તે દર્મિયાન પોતાના જીવનના આદર્શરૂપ કઇ કઇ અક્ષરપ્રતિમાઓ તેમણે ગરવી ગુજરાતને ચરણે ધરી, તે હવે આપણે નીહાળિયે, અને તેમાંના તેમના સ્વરૂપને પણ પ્રત્યક્ષ કરિયે.

૮

સને ૧૮૭૪ થી સને ૧૮૮૩ સુધીના પોતાના જીવનના 'તુમુલ તુફાન' નાં ચિત્રો સરસ્વતીચંદ્રના અને સ્નેહમુદ્રાના નાયકના પાત્ર-ચરિત્રમાં જુજવે સ્વરૂપે પ્રત્યક્ષ થાય છે.

બુદ્ધિધનનું સ્વાશ્રય જીવન, વિદ્યાચતુરનો સ્વસ્થ પૂર્વાશ્રમ, સરસ્વતીચન્દ્રનું વ્યગ્ર અનુભવાર્થી જીવન અને સ્નેહમુદ્રાના નાયકની

પરમકરુણ અને કેવળકલાંત મૃતપત્નીક દશા : એ આદિ કેટલાંક બીજાં ચિત્રો પણ સર્વાનુભવરસિક હોવા છતાં તેના કવિની પાર્થિવ લીલાના આદર્શરૂપ પણ છે.

બુદ્ધિધનનાં માતાપિતા, સૌભાગ્યદેવી, ગુણસુંદરી, કુમુદસુંદરી તેમજ કુસુમસુંદરી, એ સર્વ પાત્રો તેમના અને તેમનાં કેટલાંક કુટુંબજનોના આદર્શરૂપ કેટલેક અંશે હોય એમ તેના આપ્ત જનોને કેટલીક વાર લાગે છે. એમના કુટુંબજીવનના આદર્શરૂપ એ પાત્રો કંઇક અંશે પણ રચાયાં હોય તો તે કુટુંબ શું ધન્યવાદને પાત્ર ન જ ગણાય ?

સને ૧૮૮૩ થી સને ૧૮૯૮ સુધીમાં ગોવર્દ્ધનરામભાઇ શાસ્ત્રીય દેશોદ્ધારનાં વિચારસંકલન કરે છે, અને તેના પ્રથમ ફલરૂપ સરસ્વતીચન્દ્ર ભાગ ૧ લો સને ૧૮૮૭ માં જે દિને બહાર પાડે છે તે જ દિને તેમના સત્પુત્ર ચિ. રમણીયરામનો જન્મ થાય છે. સરસ્વતીચન્દ્રની પેઠ પિતાનું **आत्मोजः** પ્રદીપ્ત કરી સત્પુત્રતા સફળ કરે. એવી તેમના તે સત્પુત્ર પ્રત્યેની શુભેચ્છા પ્રભુજી પાર પાડે !

જે મુંબાઇએ બાલ ગોવર્દ્ધનરામભાઇને કંઈ કંઇ લાડકોડથી બહલાવ્યા હતા, તેની તે મુંબાઇએ તેમને દેશની સાક્ષરસેવા અપાવી એટલું જ નહિ પરંતુ પ્રભુ પાસેથી પુત્રસંતતિનાં ગોપાલન પણ અપાવ્યાં: તેમ તેની તે જ મુંબાઇએ પોતાને જ ખોળે તેમની પાર્થિવ લીલા અંતે વિસ્તરાવી ! અજબ નગરી જ એ તો !

મુંબાઇ આવ્યા પહેલાંના દશકમાં જે કારમી કસોટીની ચકડોળા-એ તેમને ચ્હડવું પડેલું તે જ બદલાઇને પ્રમોદ અને પ્રશાંતિનો હિંડોલ બની ગઇ, ને તેનાં આન્દોલનોમાં સરસ્વતીચંદ્ર ભાગ ૧ પછી સને ૧૮૯૮ માં સ્નેહમુદ્રા પ્રકટ થઈ. સને ૧૮૯૧ માં તેઓ મુંબાઈ

યુનિવર્સિટીના ફેલો નીમાયા, સને ૧૮૯૨ માં સરસ્વતીચંદ્ર ભાગ ૨, સને ૧૮૯૪ માં Classical Poets of Gujarat અને સને ૧૮૯૮ માં સરસ્વતીચંદ્ર ભાગ ૩ : એમ અનુક્રમે પ્રસિદ્ધ થયા, અને દેશજીવનની સાક્ષરસેવા વાધતી જ રહી !

એ રીતે પંચદશીની કાર્યપરંપરા વિજયવંત નીવડી તે પાછળના દશકની દુઃખપરંપરામાંથી અનુગ્રહવાને માટે જ : પ્રભુજીની દયાળુતા તો દ્હોડી જ હોય ને ? વાનપ્રસ્થનો સંકલ્પ પણ સિદ્ધ જ થયો !

પ્રભુના કલ્યાણધર્મ પરની દૃઢ શ્રદ્ધાને લીધે ગોવર્દ્ધનરામભાઈને પોતાના સાત્વિક સંસારની સફળતાનો આશીર્વાદ ભગવતી લીલાવતીને, તેની જીવનકલામાં દર્શાવેલું છે તેમ, આપ્યા વિના તેમનાથી રહેવાયું ન હતું, એવાં પરમ સંતોષદર્શક પાત્રનિરૂપણ સરસ્વતીચંદ્રમાં તેમ સ્નેહમુદ્રામાં અનેક છે.

સરસ્વતીચંદ્રમાંનું મહા સંતોષમાન્ વાનપ્રસ્થ દંપતીનું એક જ ચિત્ર અત્યારે તો બસ થશેઃ—

સ્થળ : સુવર્ણપુરના રાજમહેલના બાગમાંના એક ફુવારા પાસેનું અનેકાસન.

સમય : રાત્રિ.

પાત્રનિર્વેશઃ—વાનપ્રસ્થ બુદ્ધિધન અને ભગવતી સૌભાગ્યદેવી.

" આ વિચારમાં શીતલ પવનલહરીથી ચારે પાસથી આવતા પુષ્પવાસથી આંખ મીંચાઇ અને બુદ્ધિધન પળવાર ચિંતામુક્ત થઇ આ સ્વપ્નમાંથી નિદ્રાસ્વપ્નની સૃષ્ટિ વચ્ચોવચ્ચ ઉભો. રાજેશ્વર મહાદેવના પાડા જોડે ઓટલા ઉપર શરદ પુનમની રાત્રે સૌભાગ્યદેવી જોડેના તળાવમાં નાચતું ચંદ્રનું પ્રતિબિમ્બ જોઈ રહી છે, અને સામે જ

બેસી વાનપ્રસ્થ બુદ્ધિધન પતિવ્રતાને સમજાવે છે:—

બુદ્ધિધન:—પ્રિય દેવી ! આ રમણીય પ્રતિબિંબ જેવો જ તને આપણો સ્નેહસંસાર નથી લાગતો ? જો, પાણી પર કરચલિયો વળે છે તેમાં એ પ્રતિબિમ્બની લેખા દેખાય છે ! પણ આખું પ્રતિબિમ્બ દેખાય છે, અને હાલે છે. આપણો સંસાર પણ આવો જ છે. ખરૂં જોતાં પ્રતિબિમ્બ જુઠું છે, તે પણ જતું રહેવાનું; ખરો ચન્દ્ર તો આકાશમાં છે: તેમ જ આ આપણો સંસાર જુઠો છે, અને જતો રહેવાનો છે; ખરો સંસાર તો બ્રહ્મમાં છે. એ સંસારનું નામ મોક્ષ: મ્હારે ત્હારે અંતે એજ પામવો છે. દેવી ! તું અજ્ઞાન છે પણ તું જેવી સુંદર છે, ત્હારી કાંતિ જેવી નિર્મળ છે, તેવું જ ત્હારૂં અન્તઃકરણ સુન્દર છે, અને ત્હારી બુદ્ધિ નિર્મળ છે. ત્હારા જેવા સુન્દર પવિત્ર આત્માને વાસ્તે જ મોક્ષ છે. તું મોક્ષ પામીશ, તું બ્રહ્મરૂપ થઇશ. દેવી ! મ્હેં પણ ત્હારી જ સુરતપરસ્તી કરી છે—હું પણ ત્હારી સાથે જ છું. તું બ્રહ્મમાં મળીશ અને ત્યાં યે હું ત્હારી સાથે જ ! દેવી ! સર્વત્ર સાથે જ ! ”

(સરસ્વતીચંદ્ર ભાગ ૧ લો, પૃષ્ઠ ૧૭૯–૮૦.)

આપણે આગળ કહી ગયા કે મુંબાઇના નિવાસમાં ગોવર્દ્ધનરામભાઇએ શાસ્ત્રીય દેશોદ્ધારનાં વિચારસંકલન કરેલાં. તેમાંના “ ગૃહવાસનાં સ્નેહજીવન ” ની એક જ કડી તપાસીશું તો સંકલનાનું અખંડ સામ્ય પ્રયત્ન થશે.

પ્રથમ તો “ સ્નેહમુદ્રા” માં જ તેમના જીવનનું હૃદય ઉઘડ્યું, તે માત્ર “ સરસ્વતીના મનોરાજ્ય ” ના પ્રમોદને પ્રકાશિત કરવાને જ !

સ્નેહમુદ્રામાં “ સુતનુ સૃષ્ટિના ઉદ્ધારમાં જ દેશોદ્ધાર માનેલો છે. સુતનુ સૃષ્ટિના સહચાર વિના તે અપંગ જ છે, અને તે દેશોદ્ધાર

માટે સ્નેહમુદ્રામાંનાં અનેક સત્વોના ધ્વનિકાવ્ય નાયકના હૃદયભૂતને જુજવી રીતે પ્રેરે છે. તેમાં પણ સરસ્વતીચંદ્રમાંની મેયાઓ જેવી નદી, પ્રતિધ્વનિ, વૃષ્ટિ, આકાશગંગા, વનસમૃદ્ધિ, પવનલહરી અને ચક્રવાકી, આદિના ધાત્રીકૃત્યો કેવલ મનભર છેઃ નહિ કે મનહર જ !

એક ચક્રવાકીનું જ પ્રોત્સાહ બસ છે ગમે તેવા મુગ્ધ જનમાં ચેતના જગાડવાને.

\+ × +

(મરાઠી ચાલની સાખીમાં ગવાશે.)

" ઉડે મેઘ તેની પાંખોમાં પુરે રંગ રવિ તાજા!
ચાલ ! ચાલ ! આપણુ પણુ જઇએ રંગ આપણા લ્હાવા !
પુરે ઉપરથી તેજ સુનેરી રવિ, પિયળ સમ ફેલે
તે, તે સળગતી પુલિનવાલુકા જગત ઉડતુ દેખે, ૫

લલાટપટપર હોય રક્ત સૌભાગ્યચિન્હ, તે જેવાં,
ચાલ, ચાલ, પુલિને થઇ રહીશું ! તું જ કહેની તે કેવાં ?
રૂપેરી જળભરી નદી આંખસમી ભુવનની ઉઘડી પ્રકાશે,
તેની કીકિયો સમ થઇયે, પ્રિય, ઉડ, સલિલમાં ન્હાતે. ૬

ચાલ ! ચાલ ! નભશું નભબિન્દુ સમો ઉદધિ પણ સ્પર્ધા
કરે, તો શું આપણ કંઈ જઇએ ? એ જ રંગના રસ્તાઃ–
મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટામાં, તો ન્હાનાં પણ મ્હોટાં !
વ્યોમદીપ રવી નભબિન્દુ તો ધરદીવડાં નહીં ખોટાં ! ૭

ચાલ, ચાલ, પડિયે રસરસ્તે નવું નવું જોવાશે,
ઉભી લાગતી ધરા દેય ખેંચાતી ને ખેંચાશે !

ખેંચાતાં પણ જવું જ તો તો જવું ન થીદ ખુશીથી ?
ચાલ, ચાલ, ઉઢિયે જ અગાડી આનન્દે વણુ ભીતિ !" ૮

(સ્નેહમુદ્રા–"ચક્રવાકી", કાંડ ૧૧૦)

સરસ્વતીચન્દ્ર, સ્નેહમુદ્રાના પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ ગ્રંથો, તથા અન્ય લેખોમાં તેના આ લેખકના વામનાત્માના વૈરાટ સ્વરૂપનો ઉન્નતિક્રમ કેવો કલાવિધાનથી પ્રગતિ પામ્યો તે સંબંધી મિતાક્ષર ધરવાનો પણ આ પ્રસંગ નથી, તેમ તેવા વાર્તિકની રચનાને માટે કંઇક વિશેષ વિલંબની પણ જરૂર છે. છતાં એટલું તો કહેવાઇ જાય છે કે,–

સ્નેહમુદ્રામાં તેમ સરસ્વતીચન્દ્રમાં ગોવર્દ્ધનરામભાઇ બહુ ભાગે એક વાત તો સચોટ રીતે સૂચવે છે; અને તે ગૃહવાસ અને તેના સ્નેહ જીવનમય સહચારની જ છે. એ અનેરી આશા કેવી છે ?

અનેરી આશા.

(મરાઠી ચાલની સાખી.)

સ્મિત ભરી સહચરી નિરંતર કાર્યધુરંધર બનશે,
અંતરનાં કંઈ હેત અનેરાં ઉર છલોછલ ભરશે,
ત્યારે અમી ઝમશે: શાંતિમાં દુઃખડાં શમશે.

સજાત જોડાં જાતભોગથી પરહિતમાં પરવરશે,
અડગ ધૈર્ય ને શૌર્યભર્યા સંતાન હિન્દમાં સરશે,
ત્યારે દેવો અવતરશે, વિરલા નરવીર તરવરશે.

પોતાનાં પ્રિય દેશી જનનાં દુઃખ પરસ્પર ધરશે,
જન્મભૂમિનાં ભોળાં ભાંડુ ભેળાં હળશે મળશે,
ત્યારે પ્રભુતા સંચરશે, સ્વર્ગસમ સુન્દર હિન્દ થશે.

હિન્દજનો અર્ણવ ઘૂઘવશે, ને ખલક નચવશે,
ડગમગતા ડુંગર ડોલવશે, રંગરાગ રેલવશે,
એવું ઐક્ય થશે : એવી લલિત લીલા ખીલશે.

૧૦

વાનપ્રસ્થાશ્રમનો નિવૃત્તિનિવાસ નડિયાદમાં જ રાખીને સને ૧૮૯૮ થી સને ૧૯૦૭ સુધી ગોવર્દ્ધનરામભાઇ એકાન્ત આત્મ-ગુંજનમાં વિલીન રહેતા. સુન્દરીની સુકુમારતાની એક અંગ્રેજ કવિની ભાવના એવી તો સુકુમાર હતી કે ભોજન લેતી સુન્દરીનું ચિત્ર પણ તેની એવી રસિકતાને રૂચતું નહતું. કંઇક તેવી જ ભાવના ગોદ્ધર્વન-રામભાઇની ધીરગંભીરતાની મને એવી તો રમ્ય લાગી ગયેલી કે જ્યારે જ્યારે તેમની વાનપ્રસ્થ, ધ્યાનમગ્ન અને મનનીય મુદ્રાના ખાસ દર્શને હું નડિયાદ જતો ત્યારે ત્યારે બસ જેટલો સમય તે એકાંતમાં આત્મલીન હોય તેટલો સમય હું માત્ર તેમને નીહાળી જ રહેતો : તેઓ વાત કર્યા જ કરતા તે મને ગમતું નહતું. અત્યારે પણ તેમની એવી મનનીય મુદ્રા તરવરતી અનુભવું છું ને પ્રભુ પાસે માગું છું કેઃ-

તાંતણીયે બંધનીયાં બાંધે,—
એવાં સંતનીયાં પ્રભુ! મેળવજે રે—અંતરને મંદિર નિરંતર!

તેઓ વાનપ્રસ્થાશ્રમના જ અરસામાં સને ૧૯૦૧માં સરસ્વતી-ચન્દ્રનો ૪ થો ભાગ પ્રકાશમાં મૂકી શક્યા. ત્યાર પછી 'ક્ષેમરાજ અને સાધ્વી' નામનું નાટક લખેલું. સને ૧૯૦૨ માં તેમનાં પ્રિય પુત્રી લીલાવતીના અકાળ અવસાનથી વત્સલ પિતાનું શરીર કથળ્યું તે કથળ્યું જ! સને ૧૯૦૭ માં "Physics & Physislogy in Ancient India" નામનો અંગ્રેજી ગ્રંથ રચ્યો–તે રચ્યો જ,

બસ : તે પછી તો તુર્તમાં જ વ્યાધિગ્રસ્ત થઈ ગયા અને તેમને અતિ પ્રિય મુંબાઇનગરીમાં અવસાનને પ્રસંગે જ જાણે કેમ ખાસ ગયા હોય તેમ ત્યાં જઇ તુર્ત જ વિદેહ થયા.

છેલ્લા અંગ્રેજી ગ્રંથના લેખનમાં તેમના વ્યાધિગ્રસ્ત શરીરને અત્યંત કષ્ટ પડેલું છતાં તે તો પૂરો કર્યે જ રહ્યા. બાકી સ્નેહમુદ્રામાંના સત્વધ્વનિઓ અને સરસ્વતીચન્દ્રમાંની સ્વપ્ન-લીલા : એ બન્નેની "સંતાકુકડી" નાં ક્રીડનો તેમની માનસિક સૃષ્ટિમાં ચાલ્યે જ જતાં. તે છેક છેવટ સુધી આત્મભાન આણવા માટે તેઓ પૂછ્યા જ કરતા કે:—"હું જાગું છું કે ઉંઘું છું ?" તે ક્રીડનોમાં કેવળ ચિત્ત પ્રસાદમય પ્રભુ–સાયુજ્યના દિવ્ય દર્શન જ હોવાં જોઇએ.

નડિયાદ મુંબાઇમાં ગાળેલા તેમના બાલ્યમાં, ભાવનગરમાંની તેમની તરુણાવસ્થામાં, મુંબાઇમાંની તેમની સ્વતંત્ર દશામાં તથા નિવૃત્તિનિવાસમાંની તેમની વાનપ્રસ્થતામાં : તે સર્વમાં તેમનું જીવન કેવલ એકરંગી જ હતું; અને તે રંગ લોકસંગ્રહરૂપ ભગવી કંથાનો જ હતો. માયાવી કાયાની કફનીમાં પ્રભુનો સંતાવતાર કેમ પ્રકટે છે અને કેમ અભ્યુત્થાનના આદેશ પાળે છે–પળાવે છે તે જ માત્ર તેમણે દર્શાવ્યું છે.

૧૧

તેઓ સાક્ષર–કવિ હતા. સાક્ષરત્વ સંસારશાસ્ત્રનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં પણ વિકાસ પામતું હોય તો તેમણે સરસ્વતીચંદ્રની નવલકથામાં પોતાનું સાક્ષર–જીવન ઉતાર્યું છે; અને કવિત્વ માનસશાસ્ત્રના અદ્દભુત પ્રયોગોમાં પણ રહેતું હોય તો તેમના આત્મવિહાર સ્નેહમુદ્રાના મહા કાવ્યમાં આપણને મળે છે.

તેઓ શાસ્ત્રીય દેશોદ્ધારક હતા એ વાત તો આપણે જોઇ ગયા છતાં તે સંબંધી પણ છેવટે લખાઇ જાય છે કે,—

ગુજરાતના સમર્થ સુધારકોના ભગીરથ યત્નોને પણ હુડુબળનો ાક ચડતો હતો તે વખતે ઐતિહાસિક વિકાસક્રમના યોગ્ય વેગવતી ાતિવાળા સમયોચિત અને શાસ્ત્રીય દેશોદ્ધારની જરૂર પડી. તેથી લક્ષ્યનું સંવિધાન કરવા કોઇ શબ્દવેધી જંગબહાદૂર જોઇતો હતો, મને તે માટે આપણા પ્રસંગવીર ગોવર્દ્ધનરામભાઇ તત્પર થયા અને માત્મતેજથી આંજી ગયા.

છેવટે એટલું જ કે તે પરમ સાધુજન હતા, સંતમહર્ષિ હતા. મણે આ કાળમાં અસાધ્ય કહેવાતું બ્રાહ્મધર્મનું પ્રાચીન આશ્રમ-વન વિધિપૂર્વક જાતે પાળ્યું છે અને તેનાં મુનિજનયોગ્ય વત્સલતાથી શકલ્યાણનો દષ્ટાંતબોધ તેમણે બતાવ્યો છે.

તેમની પૂર્વાવસ્થા કરુણકલાંતિ ભરી હતી, તેને જ આનન્દ-ાંતિની સાધક બનાવી સદેહે જીવન્મુક્ત પોતે રહ્યા હતા તો વિદેહે સિદ્ધ બને એમાં આશ્ચર્ય નથી.

ગરવી ગુજરાતનાં સ્વદેશભક્ત બાળકો !

શાસ્ત્રીય દેશોદ્ધારનું દેવર્ષિ ગોવર્દ્ધનરામભાઇનું મનોરાજ્ય જેટલું પ્રોત્સાહક છે, તેટલું જ પ્રકાશક તેમનું સાક્ષરજીવન છે. તેમ ય જેવી પ્રેરક તેમની વ્રતસ્થ વીરતા છે તેવું જ તેમનું સંતજીવન જ્વલંત છે ! શું આપણે પણ એવા ન જ થઇ શકીએ ? તો ત્યારે આપણે હવે શું કરવું ઘટે છે ? તેમને પગલે આપણા જીવનપ્રવાહોને ારવાનું રતો ! અને તે કેવી રીતે ?

તેમના અવસાનની છેલ્લી પળ સુધીનાં તેમનાં આત્મગુંજનોની સાકાર મુદ્રારૂપ તેમનાં કાવ્યો, ગ્રંથો અને નિબંધોમાં ગૃહ, રાજ્ય, સ્વદેશ, લોક, આદિનાં કલ્યાણ અને તેની યોજનાઓ જે તેમણે વિચારી છે, તેમાંની કલ્યાણગ્રામની યોજના સરલ સુંદર છે.

શાસ્ત્રીય દેશોદ્ધાર થવા માટે દેશબાળકોને બહલાવી શકાય; તે અર્થે ગૃહજીવન સુધરવું જોઇએ; અને ગૃહજીવનનો આધાર તેમાંનાં ગૃહદેવી અને ગૃહદેવ ઉપર જ છે; પણ તે પતિપત્ની કરતાં જનક-જનનીના ભાવભર્યું જીવન આચરે ત્યારે જ.

એ રીતે દંપતીજીવનને ઉન્નત કરવાની પ્રયત્નપરંપરા અનેક રીતે આલેખી બતાવતાં, એવી જીવનસંસ્થાના પ્રોત્સાહક, પ્રકાશક અને પ્રેરક સંતસાક્ષર દંપતી વર્ગની આવશ્યકતા તેમણે જણાવી છે; અને એ વર્ગને પોષવા માટે **कल्याणग्राम**ની યોજનામાં દેશ-વત્સલ જનોને આમંત્રણ આપ્યાં છે.

એ આમંત્રણનો સ્વીકાર કરી હવે તો 'ગુણવંતી ગુજરાત' અને ગુણજ્ઞ મુંબાઇનાં દેશવત્સલ દંપતીયો તે યોજનામાં સહાયભૂત થાય તો જ વિદેહ ગોવર્દ્ધનરામભાઇના સ્મારક ફંડના સંસ્થાપકો કલ્યાણગ્રામની યોજના પાર પાડી શકે! અને એવી એવી કલ્યાણ-સેવાઓ થતી રહે ત્યારે જ, દરેક દેવગૃહરૂપ કલ્યાણગ્રામનાં નિવાસી, પ્રભુનાં આનન્દ-સંદેશવાહક અને સજોડીલાં સંત સાક્ષરજનોને દેશ-જનની હિન્દ મૈયારૂપ પાંચાલીના પરમ સંતોષમય આદેશ, સત્પુત્ર સરસ્વતીચન્દ્ર અને કુલવધૂ કુમુદસુંદરીને મળ્યા તેવા જ મળ્યા કરવાના જ કે:—

" પુત્ર-વધૂ! હું પાંચાલી તમારા યોગથી જાગૃત થઇ બોલું

છું તે તમારા હૃદયમાં ઉતરો ! હું સર્વ ભારતવર્ષની શક્તિ છું, ભારતવર્ષની માતા છું ! મ્હારાં બાળક જેને પોતાના રાજાઓ અને મહારાજાઓ કહે છે તે માત્ર મ્હારાં સ્વપ્નોમાંનાં પક્ષી છે ! જે લોક મ્હારી ચતુર્દિશામાંથી આવી મને અડકે છે ને મ્હારાં બાળકનું મન્થન કરવા પ્રયત્ન કરે છે, જે લોક દેશ પરદેશમાંથી આવી મ્હારા શરીર ઉપર સામ્રાજ્ય કરવાની વાસના રાખે છે, તે સર્વને મ્હારાં બાળકનું રૂપ આપી મોડી વ્હેલી મારા સ્વામીની પર્ણકુટીમાં ઘોડિયા-માં નાંખી હીંદોળા ખવડાવું છું ! આત્રેયી અનસૂયા દેવીએ બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ્વરને બતાવેલો ચમત્કાર મ્હારા શરીરની વાસના રાખનાર સર્વ માનવીઓને, આજ સુધી મ્હેં બતાવ્યો છે અને બતાવીશ ! મારા શુદ્ધ પતિ તો પેલા પાંચ અમરવૃક્ષ પાંડવો છે ને તેનો તાત જનાર્દન છે ! સુગ્રીવલોકના દેશમાંના મૂર્ખ દુર્યોધન ગમે તે બોલતા કરતા થશે, પણ એ કપિલોક તો માત્ર મ્હારા સ્વામીના રણરથ ઉપરના ધ્વજવાહક છે ! મ્હારી કુખમાં જન્મેલાં સૂક્ષ્મ શક્તિવાળાં મ્હારાં બાળકો ! તમે આ દુર્યોધનને તેનું કર્તવ્ય શીખવતાં ડરશો નહી ! તેની જાતિચેષ્ટા જોઇ અકળાશો નહી ! પણ તેની સ્વતંત્રતાથી, ચતુરતાથી, શક્તિથી, અને સાધુતાથી વર્તી તેનામાં સુબુદ્ધિનો ઉદય કરજો ! તે લોકનો હનૂમાન મ્હારા તમારા છત્રરૂપ ભીમસેનનો ભાઇ છે તે એની વાણીમાં બળ મુકે છે, મ્હારા ચક્રવર્તી પતિ અર્જુનના રથ ઉપર કીર્ત્તિધ્વજ રૂપ થાય છે ને તેના શત્રુઓનો ધ્વંસ કરે છે ! અનસૂયા દેવી જેવી મ્હારી દેહલતામાંથી એ કપિને હું સ્તન્યપાન આપું છું તેમ અશ્વત્થામાને પણ આપું છું. તો મ્હારે માથે કોઇ મનુષ્ય રાજા કે મહારાજા નથી ને મ્હારા શુદ્ધ સ્વરૂપના પતિ થવા ચારે યુગમાં ને ચોખૂંટ પૃથ્વીમાં કોઇ મનુષ્યની કે પ્રજાની

શક્તિ નથી. કાળ જે સર્વનો નાશ કરે છે ને સ્થૂલ શક્તિવાળા રાજાઓને અને મહારાજાઓને ટુંકાં સ્વપ્ન દેખાડે છે, તેણે મ્હારે માથે અમરવૃક્ષ જેવા અમરપતિ મુકેલા છે તેની જ આણમાં રહેજો! તેને જ શોધજો! તેને જ માટે તપ તપજો! ચિરંજીવોમાં ચિરંજીવ ભગવાન જગત્ત્રાતા મ્હારા પરાક્રમી પતિઓનો પાલક છે તેનું જ દાસત્વ કરજો! તમે સ્થૂલ સૃષ્ટિને માનશો માં! તેમ સ્થૂલ સૃષ્ટિની અવગણના કરશો માં! સ્થૂલ દેહને સમર્થ કરી તમારા સૂક્ષ્મ સ્વરૂપને સાંચવશો તો તેને દાસત્વ કે બંધન કાંઈ થવાનું નથી! સ્થૂલ રૂપે સર્વ આર્યોનું અને અનાર્યોનું બંધુત્વ સ્વીકારજો! તમે મ્હારે પેટ જન્મ લીધો છે તો પૂર્વકાળના યવનો અને શકલોક તેમ આ કાળના મુસલમાનો અને અંગ્રેજોએ સર્વને મેં મ્હારા ઘરનાં પારણામાં બાળક કરી–તમારાં ભાઇ બ્હેન કરી હીંદોળ્યાં છે અને હીંદોળવા માંડયાં છે તેમની સાથે નિષ્ફલ કોલાહલ અને ક્લેશ કરશો માં! તમારી સર્વ આશાઓને પરિપાક આપી સફળ કરે એવો મેં તમને સાથ આપ્યો છે તેમાંથી છુટા પડશો માં! તમારી સૂક્ષ્મ સાધુ-શક્તિઓ તમારા સાથીઓને અને અન્ય સંસારને સિદ્ધ કરી આપો! તમારી સ્થૂલ શક્તિઓને વધારજો, પણ વધતાં વધતાં પરિબળથી કે દૈવબળથી હીન થાય કે ધ્વસ્ત થાય તો પણ ચન્દન જેવા તમારા સૂક્ષ્મ સમયે સુગન્ધને ત્યજશો માં ને હૃદયબળને નિર્બળ કરશો માં! ધર્મક્ષેત્રની ભૂમિમાં વસનારાં બાળક! મોક્ષમાર્ગને પ્રત્યક્ષ કરનારા મહાત્માઓ! તમારી ભૂમિને માથે દુઃખની વૃષ્ટિ થાય તો બ્હીશો માં! દુષ્ટ પ્રાણીઓની ગર્જનાથી કમ્પશો માં! અનન્ય સૂક્ષ્મ શક્તિનાં અને સમૃદ્ધિનાં દાયાદો! મ્હારા સ્વામીઓની છાયામાં ચાલશો અને આપણાં ચિરંજીવોની ધર્મસંભાવના કરશો તો તમારે માટે અમર શાંતિ છે! એ શાંતિ તમારે માટે જ! તમારા ઋષિઓની તે અમરપુત્રી કુમારી રહી તમારું જ ભગિનીકૃત્ય કરે છે અને કરશે!

તમારાં હૃદય અને બુદ્ધિ સ્વતંત્ર છે તે સ્વતંત્ર રાખજો ! તમારો સાથ એ સ્વતંત્રતાનો પોષક છે! સૂક્ષ્મ મનુષ્યત્વવાળા તમ આર્યોને બીજું શું જોઈએ ? આ ભૂમિનાં અમરવૃક્ષ થોડો કાળ વેવદુકાળથી ફાલતાં બંધ થયા છતાં આર્યોનાં હૃદયોમાં તે વૃક્ષોનાં સૂક્ષ્મ થડ મૂળ સહિત અમર છે ને તેનું સેવન કરશો તો તમને કોની ભીતિ છે ? એ પરદેશનાં કે આ દેશનાં સ્થૂલ સત્ત્વો એ અમરવૃક્ષોના સ્થૂલ ભાગને કાપશે તેમ તેમ તેનાં સૂક્ષ્મ અમર મૂળ કાપ્યાં વધશે!"

" અંધકારનો સમો પ્રબળ ! આ દશા થઈ મ્હારી !
સુન્દર, કોમળ, સબળ બધી મુજ સંતતિ કરમાઈ!
શું કરૂં ? શું કરૂં ? નવ ચાલે કંઈ! પ્રહર બહુ વીત્યા !
પ્રહાર બહુ મુજ સુન્દરતાએ તિમિરતણા ઝીલ્યા !
ત્હોય હરિનો હાથ અમારે ! અંધકારમાં જીવું !
પોષણ પામું ! રહું સુવાસિત ! અંતર્બળ ના મુકું !
દઉં-પામું-આનન્દ વિજનમાં; ભલે લોક ના દેખે !
અંધકારની મધ્ય અંક મુજ બાળ-સમૃદ્ધિ બ્હેકે !
મન્વંતર ભર, અંધકાર ! તું ભલે રહે ઉભો !
છવાય તેટલું છાય ભલે તું ! ભલે જ તું ખીજે !
અંધકાર ! તુજને હંફાવું વર્તમાનમાં આજે !
મન્વંતર પળસમા ગણું, પળ પળમાં પુરી થાશે !
પ્રભાત પળમાં થયું દેખાડું ! ઉષા પણ આવે !
અંધકાર ! તુજને હંફાવી ધકેલી કહાડે.
જાત મુજ, પ્રજા સુકોમળ, હતી તેવી થાશે,
અંધકારને હંફાવી જય ભવિષ્યનો ગાશે. "

૧૯૬૪; પોષ પૂર્ણિમા.
૧૮-૧-૦૮ શનિવાર } કલિત.

૫.

નર્મદાશંકરનું જાહેર જીવન.*

The man whom Nature has appointed to do great things is, first of all, furnished with that openness to Nature, which renders him incapable of being insincere. To his large, open, deep-feeling heart, Nature is a fact: All hearsay is hearsay. He has a basis of sincerity, unrecognized because never questioned, or incapable of question. Mirabeau, Mahomet, Cromwell, Napolean: all the great men I have heard of have this as the primary material of them.

Carlyle Heroes and Hero worship.

આજે નર્મદાશંકરની જયન્તીનો ઉત્સવ છે. આપણા મોટા સાક્ષરોની જયન્તી ઉજવવાનું પગલું ભરવામાં આ સભાએ આપણા દેશની જૂની રીતોને નવા પ્રસંગોમાં સફલ કરવાનું એક રમણીય અને ઉપયોગી કામ આદર્યું છે. ગુજરાતના સાહિત્યના ઇતિહાસમાં નર્મદાશંકર અદ્વિતીય સ્થાન ભોગવે છે અને હમેશ ભોગવશે. એ પુરુષરત્નનું સ્મરણ ગુજરાતી સાહિત્યના ઉપાસકની શુભ વૃત્તિનું અનેક રીતે પોષણ કરે છે આ શુભ સ્મરણમાં મને ભાગ આપ્યો છે તેથી

---

* ઈ. સ. ૧૯૦૪ ની તા ૨૪ મી ઑગસ્ટે અમદાવાદમાં 'નર્મદજયન્તી' વખતે વંચાયેલો લેખ.

હું આ સાહિત્ય સભાનો આભારી છું.

નર્મદાશંકરનું જીવન ચરિત્ર અપ્રસિદ્ધ નથી. તેના પિતા સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ હતા. તેઓ પણ ગુજરાતના અર્વાચીન વિકાસની સાથે એક રીતે સંબંધ ધરાવનારા હતા. તેઓ લહીયાનો ધંધો કરતા. આપણા દેશમાં સરકારે કેળવણી આપવાની શરૂઆત કરી ત્યારે મુંબઇમાં એક શિલાછાપનું છાપખાનું રાખી તેમાં ચોપડીઓ છપાવવામાં આવતી, અને આ છાપખાનામાં લખવાનું કામ લાલશંકર દવે કરતા. એટલે લાલશંકર દવેના હાથનાં લખેલાં પુસ્તકોથી આપણા દેશમાં કેળવણીનું બીજ રોપાયું છે એમ કહી શકાય. તે જ લાલશંકર દવેના દીકરા નર્મદાશંકરે પોતાની સ્વશક્તિથી લખેલાં પુસ્તકોથી ગુજરાતી સાહિત્યની અને ગુજરાતના જનમંડળની અનન્ય અને અપૂર્વ સેવા કરી.

આમ આપણા સાહિત્યના ઇતિહાસની સાથે નર્મદાશંકરનો સંબંધ પેઢીઉતાર છે. નર્મદાશંકર મુંબાઇમાં જ જન્મ્યા હતા. ન્હાનપણમાં તેઓ બહુ શાણી અને ઠાવકી પ્રકૃતિના હતા. અભ્યાસકાલમાં પણ રગતગમતથી તે દૂર રહેતા અને બાલપણથી જ બુદ્ધિચમત્કાર તો તેમનામાં જણાયો જ હતો. કોલેજની પ્રવેશક પરીક્ષા પાસ કરી તેઓ કોલેજમાં દાખલ થયા, પણ થોડા માસ પછી કોલેજ છોડવી પડી. તેમના પિતાની આજ્ઞાથી નર્મદાશંકરે સુરત જઇ ઘર માંડયું, અને એક ન્હાની સરખી નોકરી સ્વીકારી. વિદ્યાભ્યાસની અવસ્થામાં નર્મદાશંકરે વિદ્યાગુરુઓનું મન સારી રીતે સંપાદન કર્યું હતું.

મુંબાઇની હવા, નવી કેળવણીનો આંજી નાખતો પ્રકાશ, સત્વ-

વાળું મન, અને યૌવનનું સામીપ્ય, એ ચારે તત્ત્વો આ વખતે નર્મદાશંકરમાં એકઠાં થયાં હતાં; અને તેના સંયુક્ત બળે તેની મનોવૃત્તિઓ અનેક દિશાઓમાં ઉછાળા મારતી હોય એમ જણાય છે. સુરત જઇ ઘર માંડે અને કંઇક ઠેકાણે પડે તેવા હેતુથી પિતાએ એમને સુરત મોકલ્યા, પણ દૈવયોગે તેમનો પહેલો ગૃહસ્થાશ્રમ બે વર્ષમાં જ આટોપાયો. સુરત જવાનું અને નોકરી કરવાનું મુખ્ય પ્રયોજન આવી રીતે નષ્ટ થવાથી નર્મદાશંકર પાછા મુંબઇમાં આવ્યા.

નર્મદાશંકરને નવા જમાનાનો રાગ બરાબર લાગ્યો હતો. નિબંધો લખવા, મંડળીયો સ્થાપવી, તેમાં ભાષણો આપવાં અપાવવાં વિગેરે ઉંચી આકાંક્ષા વાળા અને જન સમાજને ફાયદો કરનારાં કૃત્યો શરૂ થઈ ગયાં હતાં. 'વિદ્વાન્ દાખલ પ્રસિદ્ધિ મેળવવાનો' ઉત્તેજક અભિલાષ તેમનામાં ઉત્પન્ન થઇ ચુક્યો હતો. સુરતમાં હતા તે દરમીયાન કવિ દલપતરામનું નામ અને તેમની કવિતાનું પણ કાંઇક શ્રવણ થતું. મુંબઇમા આવ્યા પછી કોલેજમાં દાખલ થયા પણ મન મનોરથ કરવામાં જ ગુંથાતું રહેતું. "ભભકાદાર હોદ્દો મેળવી કે મહા વિદ્યા ભણી કે સુધારાનાં કામ કરી કોઇ પ્રકારે હું દુનીઆમાં નામાંકિત શી રીતે થાઉં તેની જ તુલના અને બુદ્દાઓ રાત દિવસ ઉઠયા કરતા હતા." આ જ અરસામાં નર્મદાશંકરને 'કવિ' થવાનો પણ અભિલાષ થયો. ધીરા ભગતનાં પદોથી કવિતાનો અભ્યાસ આરંભાયો હતો. તે ઉપરથી તેવાં પદો બનાવવાનું મન થયું. એક બે બનાવ્યાં. 'આવી રીતે કવિતા બનાવવાનો અભ્યાસ રાખ્યાથી મન ઠરીને ઠામ થાય' એવી ગણત્રી કરી કવિતા કરવાનો નિશ્ચય કર્યો. અને આખરે "ભણવું કમાવું અને ઐરી કરવી એ

બધું આનંદને મારે છે ને મને જ્યારે પદો બનાવવાથી જ આનંદ થાય છે ત્યારે હું તો એજ કામ કરીશ. શેર જુવાર તો મળી રહેશે."—એ મહાન્ નિશ્ચય સાથે નર્મદાશંકરે પોતાનું કવિ-જીવન શરૂ કર્યું.

'શેર જુવાર તો મળી રહેશે' એ કેવી શ્રદ્ધા! ધનનો વૈરાગ્ય એ મ્હોટાઇ કમાવાનું પહેલું પગથીયું છે. હોદ્દાનો અભિલાષ છોડી દઈ નર્મદાશંકરે 'કવિ' થઇને પ્રસિદ્ધિ મેળવવાનો નિશ્ચય કર્યો. તે પછી 'કવિ'ની સામગ્રી સંપાદન કરવામાં કેટલોક કાળ સ્વાભાવિક રીતે ગયો. સંસ્કૃત વ્યાકરણ, છંદઃશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, વગેરે સર્વ સિદ્ધ કર્યા વિના 'કવિ' પદ ધારણ કરવું એ નર્મદાશંકરને ઠીક ન લાગ્યું. આ બધું સંપાદન કરવામાં કેટલી ખંત અને કેટલી નમનતાઇ કવિને વાપરવી પડી હશે તેનો એક દાખલો નવલરામે નોંધી રાખ્યો છે. પિંગળની શોધ કરતાં કોઇ ઠેકાણે પિંગળ જડે નહિ. અને પિંગળ પાઠ પઢયા વિના કવિતા શી? આખરે સુરતમાં પિંગળ તો નહિ પણ પિંગળની ગરજ સારે તેવા એક ગ્રંથનો પત્તો લાગ્યો. ગ્રંથ એક કડીયાના કબજામાં હતો. પણ તે ભાઇએ નર્મદાશંકરને ઉતારવા સારૂ તે ગ્રંથ ઘેર લઇ જવાની સાફ ના પાડી. એટલે સવારના પહોરમાં, લઈ ખડીયો કલમ ને કાગળ, મુંબઇની કોલેજનો એક વિદ્યાર્થી, ન્યાતે નાગર બ્રાહ્મણ, નર્મદાશંકર લાલશંકર કડીયા મા'જનને ઘેર જાય અને બને તેટલું છંદરચનાવળીમાંથી ઉતારી લાવે. એક બીજાને ત્યાં વળી ચિત્રકાવ્યો હતાં તેને માટે પણ નર્મદને એવી જ મહેનત પડી. ચિતારા પાસે સવારે ચિતરાવે અને પાછો એમાં અક્ષરો યોગ્ય સ્થાને પૂરીને તે કાવ્યો પાછાં તરત પહોંચાડી દે. આ

પ્રમાણે નર્મદાશંકરે છંદઃશાસ્ત્રનો અભ્યાસ કર્યો. અને રસ અલંકારના ગ્રંથોનો પણ તેવી જ રીતે પરિચય કર્યો. બધી સામગ્રી સંપાદન કર્યા પછી સને ૧૮૫૮ ના નવેમ્બર માસમાં નોકરીનું રાજીનામું આપી નર્મદાશંકરે શારદા સેવનમાં કાલ નિર્ગમન કરવાનું કઠિન વ્રત લીધું. આ વખતે નર્મદનું વય ૨૪ વર્ષનું હતું.

નર્મદાશંકરના જીવનચરિતનું એક પ્રકરણ અને મુખ્ય પ્રકરણ અહીં સમાપ્ત થયું. આ પછીનું તેમનું જીવનવૃત્ત તેમના ગ્રંથોમાંથી આપણે જાણી શકીએ છીએ. પણ તેમના ગ્રંથો ઉપર આવતા પહેલાં 'કવિ' થવાનો ઉચ્ચાભિલાષ, અને તેને માટે સામગ્રી સંપાદન કરવામાં વાપરેલી ઉંચી ખંતઃ એ બે વાત ઉપર જરા ટકવાનું મન સ્વાભાવિક રીતે થાય છે. ' Earnestness ' એટલે કે ખરાપણું —સત્યનિષ્ઠા એ મ્હોટાઇનું પ્રથમ લક્ષણ છે. તે આટલા ઉપરથી નર્મદાશંકરમાં આપણે જોયું. યૌવનના આરંભમાં આપણું મન દરેક બાબતની છાપ લેવા બહુ તૈયાર હોય છે, અને તે વખતે જે અભિલાષો આપણા ઉપર અમલ ભોગવે છે તેનાથી જ આપણું જીવન બહુધા ઘડાય છે. આપણે સારી પેઠે જાણીયે છીયે કે તે કાળના નર્મદથી ઓછી વિદ્યા અને શક્તિ વાળા કેટલાક માણસો મ્હોટા હોદ્દા ઉપર ચડેલા છે અને ઘણું ધન સંપાદન કરી શક્યા છે. તે કાળે નર્મદે પણ એવો અભિલાષ રાખ્યો હત તો તે સિદ્ધ કરવામાં કંઇ જ શ્રમ કરવો ન પડત. કોઇ સરકારી નોકરીમાં દાખલ થયો હત તો વખત જતે અનાયાસે હોદ્દો, માન, આબરૂ વગેરે સર્વ જાતનો જીવનને મીઠું કરનારો વૈભવ નર્મદાશંકરને પ્રાપ્ત થાત. પણ તેવો સઘળો અવકાશ છોડી ' શેર જુવાર'થી સંતોષ માની કવિતા-

માં જ આખું જીવન ગાળવાનો નિશ્ચય, તે પછી તે સારૂ યોગ્ય સામગ્રી સંપાદન કરવા પાછળ આવી ખંત, અને આખરે નોકરીનું રાજીનામું આપી પૂર્વના નિશ્ચયને અમલમાં મૂકવાનું બળ! એ બધામાં મ્હોટાઇનાં તત્ત્વો જ નર્મદાશંકરમાં પ્રકટ થતાં હતાં એમ આપણે હવે જોઇ શકીયે છીયે. આવા નિશ્ચયો કરવાનાં મન જ હજારોમાંથી એકને થાય, મન થતાં હશે તો નિશ્ચય પણ તેવા હજારોમાંથી કોક કરી શકે; અને નિશ્ચય થાય તો અમલ-માં મૂકવા જેટલા વૈરાગ્ય અને બળ વાળા પણ કોઇક જ: એ જનસ્વભાવની વસ્તુસ્થિતિ ઉપર જ્યારે બરાબર ધ્યાન આપીશું ત્યારે ચોવીસ વર્ષની ઉમરના એક જુવાનના માનસિક બળની ઇયત્તા ઉપર આપણું ધ્યાન ખેંચાયા વિના રહેશે નહિ. મુંબાઇમાં નિવાસ અને કલમની અનન્ય ઉપાસના—એ બે મુખ્ય બિનાઓ સિદ્ધ થઈ.

આજથી નર્મદ 'કવિ', લેખક અને પ્રજાને ઉપદેશ કરનાર તરીકે પ્રસિદ્ધ થયો. આ સ્વાંગ તેણે કેવી રીતે પાર પાડયો તે અજાણ્યું નથી. મુંબઇમાં હજી સુધી 'કવિ' એ શબ્દ નર્મદાશંકરનો જ બોધક છે. આટલા ઉપરથી 'કવિ' જનમંડળની હૃદયગુહામાં કેવો પ્રબળ પ્રતિઘોષ પાડી શક્યા છે એ સહજ સમજાશે. નજરે જોનાર કહે છે કે કવિને જોવા માટે લોકો શેરીએ શેરીએ એકઠા થતા. કવિ કામ પ્રસંગે સુરત ગયા હોય ત્યારે ત્યાંથી પાછા ફરે ત્યારે બંદર ઉપર તેમને લેવા માટે દશ દશ હજાર માણસ સામું જાય! આમ 'કવિ' કેવળ પોતાની શક્તિથી પોતાની પાછળ ભક્તોનું એક મ્હોટું મંડળ એકઠું કરવા સમર્થ થયા. અને હજી પણ કવિના નામની

સાથે ગળી જનાર કવિના રસનો પ્રત્યક્ષ સ્વાદ ચાખનાર તેમના ભક્તો હયાત છે. કલમથી પ્રસિદ્ધ થવાનો તેમનો મનોરથ સર્વ રીતે સફળ થયો. તે સફળતા તે હલકી લોકપ્રિયતા માત્ર જ નહિ. લેખક અને શારદાના ઉપાસક તરીકે ગુજરાતી ભાષાની તેમણે અદ્વિતીય સેવા બજાવી. ગુજરાતની ભાષાના પ્રથમ કોષકર્તા તરીકે તેમ જ ગુજરાતી ભાષાના અર્વાચીન ગદ્યના પ્રથમ પ્રણેતા તરીકે નર્મદાશંકરની કીર્તિ જ્યાં સુધી ઇતિહાસ રહેશે ત્યાં સુધી કાયમ રહેશે. તેમનાં પદ્યો પણ ગુર્જર સાહિત્ય મંડળમાં તેમને ઉંચું સ્થાન આપે છે.

પૈસા સંબંધે કવિનું જીવન અંતમાં અનેક કારણોને લીધે દુઃખી થયું એ વાત પણ સહુ જાણે છે. છેવટે નોકરી કદી ન કરવી એ ટેક મિત્રોની આજીજીથી એમને છોડવો પડ્યો. જે દિવસે કાલબાદેવી રોડ ઉપરની પોતાની ઓરડીમાં કવિ ગોકલદાસ તેજપાલના ધર્મખાતાનાં સેક્રેટરીની જગાનો અખત્યાર લેવા ગયા તે વખતનો દેખાવ એક નજરે જોનાર પાસેથી આટલે વર્ષે આ લેખકે સાંભળ્યો છે. કહેનાર અને સાંભળનાર બન્નેનાં હૃદય ભરાઇ આવ્યાં. કેવળ વિધિને વશ થઇ કવિને આખરે નોકરી સ્વીકારવી પડી. સર્વ જાણે છે કે આ વખતનો કવિ, તે 'કવિ' થવાની અભિલાષ વાળો જુવાન ઉત્સાહવાળો, કંઇ કામ કરવાને ટમટમી રહેલા ઉમંગવાળો ક્રાન્તદર્શી 'કવિ' નહતો, પણ અનુભવથી ધીરો પડેલો વિપત્તિએ પરમાત્મામાં શ્રદ્ધાવાળો કરેલો, પ્રાચીન વિદ્યાના વિશેષ પરિચયે દેખતો કરેલો, પ્રવૃત્તિ માર્ગને ગૌણ માની નીવૃત્તિ માર્ગને શરણ થયેલો સુરતનો નાગર બ્રાહ્મણ નર્મદાશંકર લાલશંકર દવે હતો.

કવિ પોતે કહી ગયા છેઃ સને ૧૮૫૯ જે અરસામાં એમણે

કલમ માત્રથી નિર્વાહ કરવાનો નિશ્ચય કર્યો તે વખતથી તેઓ 'સંસ્કારી' સુધારક થયા. એટલે એમનું કવિજીવન એમના સુધારક-જીવન સાથે જ શરૂ થયું એમ કહી શકાય. કવિતાદ્વારા એમણે સુધારાના વિષયોના બહુ અસરકારક ઉપદેશો કર્યા. અને તે કવિતામાં દેખાતી કવિના આત્માની સત્યનિષ્ઠાથી સુધારાના સંબંધમાં તેઓ મુંબાઇના જનમંડળ ઉપર સંગીન સંસ્કાર પાડી શક્યા. થોડાં વર્ષના ગાળામાં વૈધવ્યચિત્ર, હિંદુઓની પડતી વીગેરે સુધારા સારૂ પ્રોત્સાહન કરે એવાં આપણા જનસમાજનાં દયાજનક ચિત્રો તેમણે પ્રસિદ્ધ કર્યા અને એ કાવ્યગ્રંથોને સુધારાનું 'બાઇબલ' એવું કોઇકવાર નામ આપવા સુધી પણ મિત્રમંડળમાં હીંમત ધરતા. તાત્પર્ય કે પોતાની આ કૃતિઓથી કવિ પૂર્ણ સંતોષ પામ્યા હતા, પોતે પોતાને કૃતકૃત્ય માનતા હતા, અને નવલરામ ભાઇ કહે છે કે 'આ વખતનો કવિના જીવનનો કીર્તિરંગ ન્યારો જ હતો.'

હિંદુઓની પડતી તેમણે સને ૧૮૬૪ માં લખી. નર્મગદ્ય સને ૧૮૬૫ માં બહાર પડયું. તે પછી કવિ નર્મકોશ કરવામાં રોકાયા. તે દરમીયાન તેમના વિચારો ધીમે ધીમે બદલાતા ગયા, અને પરિણામ એવું આવ્યું કે સુધારાના 'બાઇબલ' નો લખનાર કવિ 'ધર્મ-વિચાર' માં પ્રાચીન ધર્મનો ચુસ્ત ઉપાસક અને આવેશવાન ઉપદેશક થયો. અવિચારસંક્રમણ વૃદ્ધાવસ્થા કે મરણ સાપીપ્યનું ચિહ્ન નહતું એમ રા. નવલરામ પોતાના જ્ઞાનથી નિઃશંક કહે છે. અને તે કાલનું તથા નર્મદની પ્રવૃત્તિના પ્રવાહનું દર્શન કરતાં આપણને પણ તે વિચારસંક્રમણ સ્વાભાવિક લાગશે, તેના હૃદયના ખરાપણાની જ સાક્ષી પૂરશે, તથા સત્યશોધન અને સત્યસ્વીકાર કરવાના તેના ઉદાત્ત વર્તનો પુરાવો આપશે.

ધર્મવિચારમાં નર્મદાશંકરે પોતાના વિચારસંક્રમણનાં કારણો સ્પષ્ટતાથી આપ્યાં છે. 'રાજ્યરંગ' લખવાના પ્રસંગે જુદા જુદા ઇતિહાસ જોતાં એની દૃષ્ટિમર્યાદાનો વિસ્તાર થયો, અને તેને નવું દૃષ્ટિબિંદુ મળ્યું અને તે પ્રકાશથી જોતાં સુધારાના વિચારો ઉપરચોટિયા જણાયા, અને પ્રાચીન વિચારોમાં કવિ દૃઢ થયા એ વાત માનવા જેવી છે. નર્મદાશંકરનો એક મિત્ર આ નીચેના પ્રસંગને પણ વિચારસંક્રમણનો આરંભકાળ માને છેઃ—

"કીસનદાસ—બાવો કરીને એક નર્મદનો પરમ પ્રિય મિત્ર હતો; (જેને નર્મદે 'પ્રેમ શૌર્ય' ની કવિતા અર્પણ કરી આપણા સાહિત્યની સાથે હંમેશાં જોડ્યો છે.) તે કીસનદાસને ત્યાં એકવાર એક મિત્ર પરોણો આવ્યો જે વાંસળી બહુ સારી વગાડી જાણતો હતો. તેને નર્મદાશંકરને વાંસળી સંભળાવવાની ઇચ્છા થઈ. એટલે તેમને વાલકેશ્વર જેવી શાન્ત જગામાં એક બંગલામાં એક દિવસ એકઠા થવાની ગોઠવણ કરી. વાંસળી બજાવવામાં આ માણસ એટલો બધો કુશળ હતો કે તેણે સર્વ શ્રોતાઓને તલ્લીન કરી નાખ્યા, અને એક કલાક સુધી નર્મદાશંકર પણ જાણે સમાધિગ્રસ્ત થઇ ગયો. આ અનુભવ પછી શ્રી કૃષ્ણ ભગવાનની વાંસળી અને તેણે ગોપીજનોને ઉત્પન્ન કરેલો મોહ વિગેરે વાતોમાં નર્મદાશંકરને સત્યના અંશો જણાવા માંડ્યા. અને તે વખતથી આપણા પ્રાચીન ધર્મ ઉપરથી, ધર્મની આખ્યાયિકાઓ ઉપરથી તેણે શંકાની બુદ્ધિ છોડી દઇ શ્રદ્ધાની નજરથી અવલોકવા માંડ્યું, અને તે બધું જેમ જેમ તેવી રીતે જોવાતું ગયું તેમ તેમ તેને તે બધામાં નવાં નવાં સત્યો સમજાતાં ગયાં."

વાંસળીની વાતના ખરાપણા વિશે સંશય લાવવાનું કંઈ કારણ

નથી, તેમ જ તે પ્રસંગે નર્મદના મનનું વલણ બદલાયું હોય એ પણ અસંભવિત નથી. ગમે તેમ હો પણ ધીમે ધીમે જ તેના વિચારોનું આવું સંક્રમણ થયું હતું એટલું એનાં પુસ્તકો ઉપરથી પણ સમજી શકાય છે. મનને શિક્ષણ આપનાર વિપત્તિ વિગેરે દેખાવા માંડયાં હતાં. 'સુધારકો' લોકોને અપ્રિય છે તે વસ્તુસ્થિતિની પણ પ્રતીતિ થઇ હતી. 'સુધારકો' ના અંતઃકરણના ખરાપણા વિશે એનું મન શંકાવા પણ લાગ્યું હતું. અને આ બધી પરિસ્થિતિએ જગાડેલો વિચારપ્રવાહ પ્રાચીન સારણ (channel) માં જતાં, સુધારાના ' બાઇબલ' ના પ્રણેતાને સનાતન સિદ્ધાન્તોનો વાસ્તવિક સ્વીકાર કરાવવા શકિતવાન થયો અને જ્ઞાનમાર્ગનું શરણ શોધી આપી 'કવિ' પાસે ગવરાવ્યું કેઃ—

ઘટ ઘટમાં તૂં રામ—ટેક.

રામ ઉપજાવે રામ બચાવે,
મારે તે પણ રામ રામ રામરે ઘટ ઘટ૦ ૧
રામ સુ મતિ દે રામ કિરતી દે,
દે મુકતી પણ રામ રામ રામરે ઘટ ઘટ૦૨
રામ ભિતરમાં રામ બહિરમાં,
સહુનો સાક્ષિ રામ, રામ રામરે ઘટ ઘટમાં તૂં રામ. ૩

આ સ્થળે કહેવું જોઇએ કે સુધારાનું ' બાઇબિલ ' પણ કેવળ સત્યવિહીન નથી. કોઇ પણ ખરો માણસ કેવળ અર્થ વિનાનું બોલે છે એમ કદી સમજવું નહિ. પશ્ચિમની રહેણીને નમુના દાખલ રાખી તેની નકલ રૂપ સુધારો કરવાનો માર્ગ છોડી દઈ નવા સંયોગોને અનુકૂલ થવા રૂપ આપણા જ દષ્ટિબિન્દુથી આપણી પરીક્ષા કરી આપણા પ્રાચીન પ્રવાહથી વિશ્લેષ ન થાય તેવી રીતે સાધ્ય વસ્તુને

ધ્યાનમાં રાખી ફેરફાર કરવા–તેની હીમાયત કરવી એમાં કાંઈ જ ખોટું નથી–સર્વથા આવશ્યક છે. અને આટલું ધ્યાનમાં રાખ્યા પછી નર્મદના 'બાઇબલ'માંથી આપણે ઘણો ઉપદેશ લઈ શકીએ છીએ. તે સત્યનિષ્ઠા, તે શ્રદ્ધા, તે સત્ય જોવાની અને નિરૂપણ કરવાની શક્તિ, હઠીલા અને અશિક્ષિત જનસમાજ આગળ તે કટુ સત્યો તે રીતે રજુ કરવામાં સમાયલી નીડરતા, તે સ્વાત્માર્પણ, તે અંતરાત્માનો જુસ્સો, તે 'હૃદયદ્રવ્યનો ઉકળાટ,' ટુંકામાં સમાજભક્તિમાં તે દૈવી સર્વસ્વદાન, જે 'સુધારાના બાઇબલ' માં અને નર્મદાશંકરના જીવનચરિતમાં પગલે પગલે જણાય છે તેના ઉપર આપણું ધ્યાન ખેંચવાની આવશ્યકતા છે. સુધારાના સવાલોને વેગથી પ્રસિદ્ધિમાં આણવામાં, ઇષ્ટ માનેલા માર્ગે પોતે ચડનારામાં અને જનમંડળને ચડાવવાનો યત્ન કરવામાં, અને આખરે આત્મનિરીક્ષણ કરી પોતાના જ ઉપદેશેલા સુધારા સંબંધી સત્યાસત્યનો નિર્ણય કરવા ઉપર પોતાનું અને જનસમાજનું આવેશથી ધ્યાન ખેંચવામાં નર્મદાશંકરે આપણા દેશની અપૂર્વ સેવા બજાવી. સુધારાના સિદ્ધાન્તોનો આરંભથી એના મન ઉપર વેગવાન કાબુ નહત, તે સિદ્ધાન્તને રજુ કરવામાં સત્ય અને નિર્દયતા અથવા પ્રેમ અને શૌર્યનો માર્ગ ન સ્વીકાર્યો હત, તો નર્મદાશંકર પણ તે કાલના અનેક સાધારણ માણસોની પેઠે શંકામાં ને શંકામાં જ નિર્વાણ પામત. નર્મદાશંકરના આત્માનો આ ઇતિહાસ એક પ્રસિદ્ધ સત્યની સાક્ષિ પૂરે છે કે યોગ–અનન્ય યોગ, પછી તે ગમે તે વસ્તુમાં હોય તે, પરિણામે સત્ય વસ્તુનું દર્શન કરાવે છે.

નર્મદાશંકરે સુરતના પોતાના બંગલા ઉપર 'પ્રેમ અને શૌર્ય'–

નો મંત્ર આલેખ્યો હતો. આ બે પરમ સિદ્ધાન્તને પહોંચાડનાર ઉર્મિઓને પોતાની જીવનનૌકાનો ધ્રુવ કરનાર કેટલા વિરલા છે? અને એમાં શો શક છે કે આ કાલમાં આપણા જનસમાજની આ જ અમૃતવલ્લી છે. બંધુઓ! આપણા મુડદાલ જીવન ઉપર જરાક નજર કરો. આપણે જે રીતનું જીવન ગાળીએ છીએ તે રીતનું જીવન તો આપણાં વૃક્ષો પણ ગાળે છે. તે પણ આપણી પેઠે પૃથ્વીમાંથી જીવન-રસ ખેંચી પોતાના શરીરનું પોષણ કરે છે, તે પણ આપણી પેઠે પુષ્પપરાગથી ફલોત્પત્તિ કરે છે. બંધુઓ, આપણામાં શું વૈશેષ્ય છે જેથી આપણે મનુષ્યત્વનું અભિમાન રાખવાને હકદાર થઈએ? જીવવાનો યત્ન કરો, જીવનના કાંઇક લક્ષ્ય નક્કી કરો, તે સિદ્ધ કરવાને 'પ્રેમ અને શૌર્ય' નો મહામંત્ર રાખી સત્‌-પ્રયત્નો કરો.

નર્મદે આપણા જનસમાજની સાંપ્રત સ્થિતિ સંબંધે જે જે જ્યાં જ્યાં લખ્યું છે તેના સત્ય અંશ ઉપર હું તમારૂં સવિશેષ ધ્યાન ખેંચું છું. હું ખાત્રીથી કહું છું કે જે ઉંચા અભિમાનથી એના એ લેખો ભરાયા છે તે અભિમાનથી આપણે ભરાઇએ તો ગયેલી સ્થિતિ પાછી કમાવામાં કંઇ વિલંબ નહિ થાય. **અભિમાન, અભ્યાસ, વિચાર, નિશ્ચય, ઉત્સાહ અને આગ્રહ એ દરેક કામમાં વિજયનાં પગથીઆં છે.** અને ધૈર્યથી એનું અવલંબન કરીએ તો એવું શું છે કે જે આપણે પુનઃ સંપાદન ન કરી શકીએ? નર્મદ ખરૂં જ કવે છે કેઃ—

રણ તો ધીરાનૂં ધીરાનૂં, નહિ ઉતાવળા કાયરનૂં, રણ તો ધીરાનૂં ધીરાનૂં.
ધીરવીર જે હોય તે જ ખૂબ સંકટ સામો થાયે,
પહાડ પેઠે રણમાં રહે ઉભો, લેશ ન ત્યાં ગભરાયે; રણ તો ધીરાનૂં૦

ભણી વધારો જોસ્સા સહુ જન પણ કબજામાં રાખો,
પ્હેલે એ જીતી જાણો તો શત્રુ નીચે નાંખો; રણ તો ધીરાનું૦
જાણી જોઈ ના સંકટ હોરો, સંકટમાં ના બ્હીઓ,
કહે નર્મદ સહુ **વીર ધીર** થઈ જસ લઈ જુગ જુગ જીવો;
રણ તો ધીરાનું ધીરાનું૦
નહિ ઉતાવળા કાયરનું, રણ તો ધીરાનું ધીરાનું.

બંધુઓ ! આપણે જ્યારે આપણી પોતાની પરીક્ષા કરતા ચઇશું ત્યારે જ આપણું સત્ય આપણને સમજાશે. આપણે અત્યારે અનેક રીતે અસંતુષ્ટ રહેવાનાં કારણો છે; તેનો ઉપાય પણ આપણા હાથમાં જ છે. અને તે ઉપાય એ જ કે 'ધીરવીર' થવું, આપણે આપણું શીલ (character) જમાવવું. નિઃસંશય સમજો, અને પૂર્ણ શ્રદ્ધા રાખો, કે શીલ એ જ સર્વને માટે, સર્વ કાલ માટે અમૂલ્ય ચિંતામણિ છે.

મહાભારતમાં એક આખ્યાયિકા છે, કે પ્રહ્‌લાદ નામના એક દૈત્યે શીલ ગુણ ધારણ કરી મહેન્દ્રનું સર્વ રાજ્ય લઇ લીધું અને ત્રણે લોક વશ કર્યા. ત્યારે ઇંદ્ર બૃહસ્પતિ પાસે ગયો અને પોતાનું કલ્યાણ કેવી રીતે થાય તેનો ઉપદેશ કરવા વિનંતિ કરી. બૃહસ્પતિએ ઉપદેશ કર્યો પણ વિશેષ જ્ઞાન સારૂ શુક્રાચાર્ય પાસે જ મોકલ્યો. ઇન્દ્ર શુક્રાચાર્ય પાસે ગયો. તેણે પણ ઉપદેશ કર્યો પણ વળી વિશેષ જ્ઞાન સારૂ પ્રહ્‌લાદ પાસે જ મોકલ્યો. ઇન્દ્રે બ્રાહ્મણનો વેશ ધારણ કરી પ્રહ્‌લાદ પાસે જઈ પોતાના કલ્યાણનો માર્ગ પુછ્યો. કેટલેક કાળે પ્રહ્‌લાદે પણ તેને ઉપદેશ કર્યો. ઇન્દ્રે પ્રહ્‌લાદ ગુરુની બહુ સારી સેવા કરી. અને તેની ગુરુભક્તિ ઉપર ખુશ થઇ પ્રહ્‌લાદે તેને વરદાન માગવા કહ્યું. ઇન્દ્રે આનાકાની કરી પણ પછીથી કહ્યું કે " જો તું મારૂં કલ્યાણ કરવા ઇચ્છતો હોય તો મને તારૂં શીલ આપ. "

પ્રહ્લાદ વચનથી બંધાઇ ગયેલો એટલે હા કહી.

પ્રહ્લાદ આના પરિણામનો વિચાર કરતો હતો એટલામાં એક છાયારૂપ મોટી કાંતિવાળું દેહધારી તેજ તેના શરીરમાંથી નીકળીને ચાલ્યું. પ્રહ્લાદે તેજને પૂછ્યું કે તું કોણ છું? તેણે ઉત્તર આપ્યો કે હું શીલ છું. તું મને જવાની રજા આપે છે એટલે હું જાઉં છું. પછી તેવાજ તેજવાળો બીજો પુરુષ નીકળ્યો. તેને પુછતાં ઉત્તર આપ્યો કે હું ધર્મ છું. જ્યાં શીલ રહે છે ત્યાં જ હું રહું છું. તે પછી એક ત્રીજો પુરુષ નીકળ્યો. તેને પુછતાં જવાબ મળ્યો કે હું સત્ય છું. જ્યાં ધર્મ રહે છે ત્યાં હું રહું છું. તે પછી ચોથો પુરુષ નીકળ્યો. તેને પૂછતાં તેણે કહ્યું કે હું વૃત્ત છું. જ્યાં શીલ, ધર્મ અને સત્ય રહે છે ત્યાં જ હું રહું છું.

આટલા એક પછી એક ગયા તે પછી એક પ્રચંડ દેહવાળો પુરુષ છાયારૂપે પ્રહ્લાદના શરીરમાંથી નીકળ્યો. તે જોઇ પ્રહ્લાદ જરા વિસ્મય પામ્યો અને પૂછ્યું કે ભાઇ તું કોણ છું? તેણે કહ્યું કે હું **બળ** છું અને જ્યાં વૃત્ત રહે છે ત્યાં જ હું રહું છું. આમ પ્રહ્લાદના શરીરમાંથી અનુક્રમે શીલ, ધર્મ, સત્ય, વૃત્ત અને બળ ગયાં. તે બધાના ગયા પછી એક અદ્ભૂત કાંતિવાળી દેવી નીકળી. તે દૈત્યપતિએ તેને પૂછ્યું ત્યારે ઉત્તર મળ્યો કે, " હું દેવી લક્ષ્મી છું. હે વીર! સત્યપરાક્રમી પ્રહ્લાદ! હું આજ સુધી તારે વિશે રહેલી હતી પણ હવે તું મને રજા આપે છે માટે હું જાઉં છું." પછી લક્ષ્મીને વિશેષ પૂછતાં તે મહાદેવીએ ઉતર આપ્યો કે, 'હે પ્રભો! જે બ્રહ્મચારીને તેં ઉપદેશ કર્યો તે ઇંદ્ર હતો. ત્રણ લોકમાં જે તારૂં ઐશ્વર્ય હતું તે હવે તેણે લઇ લીધું છે. હે ધર્મજ્ઞ, શીલવડે તેં ત્રણ

લોકને જીત્યા હતા. તે જાણીને દેવાધિપતિએ તારા શીલનું હરણ કર્યું છે. હે મહા બુદ્ધિશાળી ! ધર્મ, સત્ય, વૃત્ત, બલ અને હું લક્ષ્મી એ બધાનું મૂલ શીલ છે. '* આમ કહી લક્ષ્મી ચાલ્યાં ગયાં અને ઇંદ્રે દૈત્યોને જીતી પોતાનો વૈભવ પુનઃ પ્રાપ્ત કર્યો.

ઇંદ્ર જ્યાં સુધી શીલવિહીન હતો ત્યાં સુધી દૈત્યો સર્વ વૈભવ ભોગવતા હતા, પાછો જ્યારે શીલસંપન્ન થયો ત્યારે દૈત્યોને જીતી સર્વ વૈભવ પોતેજ પ્રાપ્ત કરી શકયો. એ આ આખ્યાયિકાના રૂપકનો અર્થ અત્યંત ગંભીર હોવાની સાથે સુસ્પષ્ટ છે.

ત્યારે આપણે પણ આના ઉપરથી બોધ લઇએ અને શીલને સિદ્ધ કરીએ તો આપણાં ગયલાં ધર્મ અને બલ લક્ષ્મી સુદ્ધાંત આપણી પાસે આવીને ઉભાં રહેશે. નર્મદ પણ જીવનભર આપણી પરીક્ષા કરી કહે છે કેઃ—

" સ્વધર્મ ઉપર આસ્થા, જિતેન્દ્રિયપણું, શમદમ, શાંતિ સંતોષ, મહાત્મા ઔદાર્ય, સત્ય પ્રમાણિકપણું, દયા પરોપકાર, ગુણજ્ઞપણું એ મનુષ્ય માત્રના ઉચ્ચ સદ્‌ગુણો આપણામાં અત્યારે નિસ્તેજ છે. કેવળ સંસારી સ્વાર્થ, સંશય, ભ્રમ, જૂઠ, કપટ, અપ્રમાણિકપણું, અસંતોષ, આશા, તૃષ્ણા, લોભ, ધનવંત કે મિત્રના આશ્રયથી ઉદ્યમ ખોળવો, સ્વાશ્રયનો વિચાર જ નહિ, બીજાનું સારૂં ખમાય નહિ, સ્ત્રીવિષયમાં લઘુતા, કામચોરી, કાળચોરી, વચનચોરી, ધનચોરીઃ એ સર્વત્ર જોવામાં આવે છે. **જ્યાં સુધી સદ્‌ગુણ પાળવા જ** (આ શબ્દો ઉપર હું ખાસ ધ્યાન ખેંચું છું) એવી ભક્તિ નહિ થાય ત્યાં લગી ધર્મ અર્થ કે કામ કોઇ પણ વિષયમાં ખરૂં ખોટું ઉજળું

---

* મહાભારતઃ શાંતિ પર્વ, રાજધર્મ અધ્યાય ૧૨૪.

કાર્ય પોતાના આ લોકના કે પરલોકના કલ્યાણને અર્થે થવાનું નથી. અનેક પ્રકારની અવ્યવસ્થા છતે પણ ધીરજ રાખવી, દુઃખને ખમવું, પણ નીતિનું ઉલ્લંઘન કરવું નહિ એવી નિશ્ચય બુદ્ધિ-વૃત્તિ થયે જ લાભ છે. ”

અને એક બીજે ઠેકાણે:—

“ ધીટ થઇને દુઃખ વેઠવું, બુદ્ધિનું અભિમાન મૂકી પરંપરાનું ધર્માચરણ પાળવું, પરદેશી ધર્મ નીતિ વસ્તુ ઉપર મોહ ન રાખવો, નિશ્ચય તથા ખંતે અને ધૈર્ય તથા સત્યે ઉદ્યોગ કરવો. ”

બીજા શબ્દોમાં, ધીરવીર થવું, શીલનું સેવન કરવું, એ જ આપણી અત્યારની અસંતુષ્ટિનાં કારણો દૂર કરવાનો, અને આપણે જ વાંકે ખોવાઇ ગયેલાં આપણાં બળ, પરાક્રમ અને લક્ષ્મીનો પુનઃ સંયોગ પ્રાપ્ત કરવાનો ખરો ઉપાય છે.

બંધુઓ ! વખત ઘણો થઈ ગયો છે. નર્મદજયંતીને દિવસે આપણે આટલો બોધ લઇને જઇએ તો તે ઓછું નથી. નર્મદ સત્યનિષ્ઠ હતો. ખરો હતો. સતસ્વરૂપ પરમાત્માએ ‘સુધારા’ ની ભૂલ સમજાવવા સારૂ એને આપણામાં મૂકયો હતો. તેટલા સારૂ પહેલેથી છેલ્લે સુધી પૂર્ણ આવેશથી અને સત્યનિષ્ઠાથી તે સુધારાના યુગમાં ઘૂમ્યો અને તેનું સત્યાસત્ય જાણી અનુભવી “ ધર્મવિચાર ” રૂપી વસીયતનામું આપણે માટે તે મૂકી ગયો. ખરાપણું એ એના જીવનની કુંચી હતી. નર્મદ ખરો ગુજરાતી હતો. ગુજરાતી ભાષા, ગુજરાતનું સાહિત્ય, ગુજરાતના રીતરીવાજ, ગુજરાતનો ધર્મ, ગુજરાતની ખુબી તથા ખામીઓનો તે પૂર્ણ અભ્યાસી હતો. તેણે જે લખ્યું છે તે ખરી સ્વદેશભક્તિથી, ખરા બંધુભાવથી, ખરા પ્રેમ

અને શૌર્યથી લખેલું છે. તેનું આખું જીવન જાણે આ બે ભાવનાઓનો ગુજરાત અને ગુજરાતીઓને ઉદ્દેશીને સાક્ષાત્કાર કરવામાં જ ગાળ્યું છે. ગુજરાત આને માટે તેનું અત્યંત આભારી છે, અને આજ આ સભા તેના આત્માને અત્યંત પૂર્ણ શાંતિ ઇચ્છે છે. તથાસ્તુ.

ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી.

* *
*

નર્મદાશંકર. *કવિઓ બે તરેહના હોય છે: કેટલાક સર્વ કાળના, અને કેટલાક પોતાના જ કાળના. શેક્સ્પિયર એ પ્રથમ તરેહનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે, અને ટેનિસન બીજી તરેહનું ઉદાહરણ છે. આ ભેદનું તાત્પર્ય એવું નથી કે સર્વ કાળના સર્વે જ કવિઓ અમુક કાળના કવિઓ કરતાં ચડતા. કીટ્સમાં પોતાના જમાનાની ખાસ અસર નહિ જેવી છે છતાં તે કાંઇ ટેનિસન કરતાં ચડે નહિ. આ પ્રમાણે ઉતરતાપણાનો ભાવ મનમાં લાવ્યા વિના હું કહું છું કે કવિ નર્મદ તે ખાસ પોતાના જમાનાનો કવિ. નર્મદનો જમાનો ખાસ સુધારાનો અને નર્મદ તે સુધારાનો કવિ.

આ સુધારો તે માત્ર સંસારસુધારો જ નહિ; પણ ભાષાસુધારો, વિચારસુધારો વગેરે. દલપતરામ વાંચતાં તમને જૂની ગુજરાતીનો સંબંધ તૂટ્યો નહિ લાગે; પણ નર્મદમાં આવતાં તો તમે જાણે જૂની ગુજરાતી પાછળ મૂકી નવા યુગમાં પ્રવેશ કર્યો. નવા વિચારને દલપતરામ જૂની ઢબછબમાં મૂકે છે, અને વેનચરિત્ર કે હુનરખાન વાંચતાં

* નર્મદજયન્તીને પ્રસંગે રા. રા. ઉત્તમલાલભાઇના નિબન્ધ ઉપર પ્રમુખ તરીકે પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવે જે શબ્દો કહેલા તેનું તાત્પર્ય. "વસન્ત" વર્ષ ૩ અંક ૮ માંથી.

તમને ભાગ્યે જ શંકા થાય કે આ કવિ અંગ્રેજી અસર નીચે આવ્યો છે. દલપતરામનો ફાર્બસ સાહેબ પણ જાણે ધારાનગરીનો ભોજરાજા! નર્મદમાં તમે નવીજ દુનીયા જુઓ છો. જે દુનીયામાં કરસનદાસ વગેરે સુધારકો ઘૂમેલા, વિધવાવિવાહ વગેરે સુધારા દાખલ કરવાનો આવેશ જ્યાં ત્યાં ભરપૂર વ્યાપેલો, અને 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' એવા ઉત્સાહથી નવી કેળવણી પામેલા યૌવનમત્ત અને સ્વતન્ત્રબુદ્ધિમત્ત નરો 'વહેમગઢ' તોડવા ધશી રહેલા એનું યથાર્થ ચિત્ર એની જીવંત, હાલતી ચાલતી પ્રતિકૃતિ, તમે નર્મદની કવિતામાં જૂઓ છો. એ સત્યપ્રિય નર પોતાના જમાનાનું પૂરેપૂરૂં પ્રતિબિમ્બ પોતાનાં કાવ્યરૂપી દર્પણમાં ઝીલે છેઃ પોતાના સમયનાં સ્ત્રી પુરુષનાં ઉચ્છૃંખલ વિલાસ—'ભર્યાં જામ રંગે' તે સુદ્ધાં—પોતાના કાવ્યમાં ઉતારતાં એ આંચકો ખાતો નથી.

આ પ્રમાણે નર્મદની કવિતાના સ્વરૂપ વિષે બે શબ્દો બોલી, હવે હું નિબન્ધકારે સૂચવેલા નર્મદના 'સુધારા' ના વિષય ઉપર આવું છું. નર્મદાશંકર પાછલા વખતમાં 'સુધારા' વિરુદ્ધ લખે છે એ ખરૂં પણ આ બાબતમાં કેટલોક વિવેક કરવાનો છે. (૧) નર્મદાશંકર જે કાંઇ 'સુધારાવાળા' વિરુદ્ધ કહે છે તે સઘળું 'સુધારા' ને લાગુ પડતું નથીઃ 'સુધારાવાળા' અન્દરથી દુરાચારી હતા એમ એ કહે છે એ સત્ય હો કે અસત્ય હો, એ સાથે આપણે અત્યારે લેવા દેવા નથી. સુધારાવાળાને રહેવા દઇ સુધારાનો જ વિચાર કરીએ તો સુધારાવાળા ખોટા હતા માટે સુધારો પણ અનિષ્ટ છે એમ ફલિતાર્થ કાઢવો વાજબી નથી. (૨) વળી એમ કહેવામાં આવે છે કે 'સુધારાવાળા બોલતા તેવું કરતા નહિ.' આ કહેવું ઠીક છે. બોલવા પ્રમાણે ન

કરવાથી આત્મામાં અસત્ય અને દંભની લીલ બંધાઇ જાય છે; પરન્તુ એક પાસ 'સુધારાવાળાઓ' ને બોલવા પ્રમાણે ન ચાલવા માટે નિન્દવા અને બીજી તરફથી તેમને 'ઉતાવળા', 'અધીરા', જનસમાજની વૃત્તિ માટે દરકાર રાખી એમની સાથે બળી કામ લઇ ન જાણનાર, કહેવા એ બે આક્ષેપમાં એક તરેહનો પરસ્પર વ્યાઘાત સમાએલો છે એ વાત આપણે ભૂલવી જોઇતી નથી. (૩) ઘણીવાર એમ કહેવામાં આવે છે કે 'સુધારાવાળાઓએ પ્રાચીનકાળ તરફ નજર જ ન ફેરવી.' આ કહેવું પણ ખોટું છે. રાજા રામમોહનરાયનો મૂળ યત્ન ઉપનિષદ્નો ધર્મ જ જગાડવાનો હતો; આપણે ત્યાં સ્વ૦ભોળાનાથભાઇએ પણ પ્રાચીન ધર્મ માટે જ આગ્રહ ધરાવ્યો હતો; અને બંગાળામાં ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરે અને દક્ષિણમાં વિષ્ણુશાસ્ત્રી ચિપલૂનકર વગેરે મંડળીએ વિધવાવિવાહ માટે સ્મૃતિઓનો આધાર શોધ્યો હતો. પાછળથી 'સુધારાવાળા' ઓએ પ્રાચીન પ્રમાણ માટે પ્રીતિ છોડી દીધી એ ખરૂં, પણ મૂળથી તેઓ પ્રાચીનને અવગણીને જ ચાલ્યા હતા એમ માનવું મને ભૂલભરેલું લાગે છે. (૪) પણ 'સુધારાવાળા'ઓએ પ્રાચીન પરત્વે એક મ્હોટી ભૂલ એ કરી કે તેઓએ હિન્દુસ્તાનનો પ્રાચીન કાળથી આજ પર્યન્તનો સમગ્ર ધાર્મિક ઇતિહાસ ધ્યાનમાં ન લીધો. તેઓએ પુરાણ સ્હામે ઘણી ખોટી વૃત્તિ ધારણ કરી. પુરાણ એ વેદની ટીકા રૂપ છે, અને એમાં મનુષ્યના સમગ્ર જીવનને લગતા ઘણા ગંભીર વિચાર સમાએલા છે. આ પ્રસંગે મારે એ પણ કહેવું જોઈએ કે ડૉ. ભાંડારકરે 'પ્રાચીન દક્ષિણ' નામે મુંબઈ ગેઝેટીયરમાં એક પુસ્તક લખ્યું છે એમાં એમણે રાજાઓની વંશાવળી આપી છે એનો મૂળ પાયો વિષ્ણુપુરાણ–વાયુપુરાણ–ભાગવતપુરાણ વગેરે પુરાણો

જ છે, અને તે એમણે સ્પષ્ટ સ્વીકાર્યાં છે. મ્હારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે 'સુધારાવાળા' એઓએ છેક આરંભથી પુરાણોની અવગણના કરી હતી અને એ એમની મ્હોટી ભૂલ હતી. પુરાણોને ભાવથી અવલોક્યાં હોત તો એમને એમાં ઘણું શીખવાનું મળત અને 'સુધારા'એ જે સ્વરૂપ પકડ્યું તે કરતાં જુદું જ સ્વરૂપ પકડ્યું હોત. પણ 'સુધારા' સંબંધી વિશેષ વિવેચન કરવાનો આ જ પ્રસંગ નથી. નર્મદાશંકરની 'સુધારા' સંબન્ધી વૃત્તિ વિશે મારે થોડોક વિવેક દર્શાવવાનો હતો તે મેં દર્શાવ્યો. મારો અર્થ એવો નથી કે નર્મદાશંકર પાછળના વખતમાં 'સુધારા' વિરુદ્ધ ન હતા. વિરુદ્ધ હતા, એ તો એના શબ્દોથી તેમજ આચાર વિચાર ઉપરથી સ્પષ્ટ જણાય છે. પરન્તુ આ સંબન્ધમાં શી શી વસ્તુઓ ધ્યાનમાં રાખવા જેવી છે, એ મેં આપની આગળ મૂકી.

આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ.

૬.

મણિલાલ નભુભાઈ.*

અવતરણ.

સદ્‌ગૃહસ્થો,

જે મહાત્ આત્માની ‘ જયંતી ’ નિમિત્તે આજ આપણે અત્રે એકઠા થયા છીએ એના સંબંધી આ પ્રસંગે કાંઇક બોલવાનો મારો હક અને મારી ફરજ ઉભય છે. એ આત્માનો ઉદાર અને ઉંડો પ્રેમ, એની ઉચ્ચ અને વિશાળ દૃષ્ટિ, તથા એની ભવ્ય પ્રતાપી બુદ્ધિ–એ અનુભવવાના મારે અનેક પ્રસંગો આવ્યા છે, અને એ અનુભવનો મને અધિકારી ગણવા ઉપરાંત એણે મારે માટે હમેશાં જે પક્ષપાત ધરાવ્યો છે એ કદી પણ હું વીસરી શકું એમ નથી.

આપણામાં સામાન્ય નિયમ “ જયન્તી ” જન્મતિથિએ પાળવાનો હોય છે; પણ આજની તિથિ મણિલાલના જન્મની નથી, મરણની છે. આ અણધાર્યા વિપર્યયમાં પણ અર્થ છે: જેના સિદ્ધાંતમાં કાળ નથી, કાળની મર્યાદા નથી એને જન્મ તથા મરણ સમાન જ છે.

મણિલાલના નામ સાથે ગુજરાતનો છેલ્લાં વીસ વર્ષનો આંતર ઇતિહાસ અનેક રીતે જોડાએલો છે: એમણે પોતાના ટુંકા પણ કાર્યથી ભરપૂર જીવનમાં ગુજરાતને એક નવીન કવિતાની દિશા ઉઘાડી આપી છે. ગુજરાતી ગદ્યમાં અસાધારણ બળ, ગૌરવ, અર્થગાંભીર્ય અને રચનાની ખૂબી દાખલ કરી છે, અને ધર્મ અને સાંસારિક સુધારાની

* તા. ૩ જી ઑક્ટોબર (૧૯૦૪) ને દિને, અમદાવાદમાં “ ગુજરાત સાહિત્ય સભા ” તરફથી “ મણિલાલ નભુભાઈ જયન્તી ” વખતે વંચાયેલો.

બાબતમાં ઘણા આત્માઓને મુંઝવણમાંથી તાર્યા છે. આ અનુપમ દેશસેવા અને સાહિત્યસેવાનું સંપૂર્ણ અને સવિસ્તર અવલોકન કરવું —અને તે અડધા પોણા કલાકમાં—એ સર્વથા અશક્ય છે. તેથી મારી આપને આરંભમાં જ એટલી વિનંતિ છે કે મારા લેખની સારાસારતાનો વિચાર ન કરતાં વિષયના ગૌરવ ઉપર જ લક્ષ આપશો અને એ મહાત્ આત્માના સ્મરણાર્થે જ આપણે મળેલા છીએ એમ સમજી મારા લેખની અપૂર્ણતા સહન કરશો.

મારા લેખના હું બે ભાગ પાડીશ. પહેલામાં મણિલાલની કેળવણીનો હેવાલ આપી જઇશ; અને બીજામાં એ કેળવણી એમના ગ્રન્થકાર તરીકેના સ્વરૂપ સાથે કેવી સંકળાએલી છે એ સૂચવીશ: 'સૂચવીશ' કહું છું કારણ કે કાળસંકોચને લીધે એ વિષય હું જોઇએ તેટલા લંબાણથી ચર્ચી શકયો નથી, એટલું જ નહિ પણ કેટલેક સ્થળે તો માત્ર વિષયના પ્રતીક જેવું જ—આપીને સંતોષ માનવો પડયો છે. પહેલા ભાગમાં, ગ્રન્થકાર તરીકેનું સ્વરૂપ બતાવવા માટે નકામી, તથાપિ જાણવા જોગ એવી, કેટલીક હકીકત પણ નોંધી છે—કારણ કે આ હેવાલ પહેલવહેલો જ પ્રસિદ્ધિમાં આવે છે.

૧ કેળવણી.

ન્હાનપણ.

મણિલાલનો જન્મ સંવત્ ૧૯૧૪ ના ભાદરવા વદ ૪ ને દિવસે પ્રાતઃકાળમાં એમના મોસાળમાં થયો હતો. એમના દાદા નડિયાદમાં ફોજદાર હતા, અને એમના પિતા વ્યાજવટંતરનો ધન્ધો કરતા: અને દવેનું કૂળ ખર્ચ-ખૂટણમાં સારૂં ગણાતું. એમનાં માતુઃશ્રીના બાપ સારા પ્રતિષ્ઠિત અને ઉદાર ગૃહસ્થ હતા. એમનો વેપાર આસપાસનાં ગામડાંમાં હતો. થોડી જમીન પણ તેમને હતી ને ઘેર ગાય ભેંસ વગેરે ઢોર રહેતાં.

અને ચઢવાને ઘોડી પણ રાખતા. મણિલાલનાં માતામહી ઘણાં ઉદાર, દયાળુ, અને ભલા દિલનાં હતાં. અને ૧૩-૧૪ વર્ષના થતાં સુધી તો મણિલાલ એમની પાસે જ ઉછર્યા. ઉભય પક્ષ સુખી હોવાથી એમનું પાલનપોષણ સારૂં થતું, અને મોસાળપક્ષમાં તો એમના ઉપર હેતનો અને લાડનો વરસાદ વરસતો.

નિશાળ. આશરે ૪ વર્ષની ઉમ્મરે એમને દયાશંકર પંડ્યાની ગામઠી નિશાળે મૂકયા. પણ ત્યાં એ કાંઇ ભણી શકયા નહિ. થોડું લખતાં વાંચતાં ને સાધારણ રીતે આંક આવડયા પછી આશરે ૭ વર્ષની ઉમ્મરે જનોઈ દીધા પછી એમણે સરકારી ગુજરાતી નિશાળે જવા માંડયું. ત્યાં પણ એમનો અભ્યાસ ઠીક ચાલ્યો નહિ. ખાસ કંટાળો હિસાબ ઉપર હતોઃ એ વિષય આવે એટલે ગેરહાજર રહેવાનું મન થયા વિના રહે નહિ. વિશેષમાં પિતાની પણ ભણાવવા માટે કાળજી થોડી, અને વિદ્યાની કિંમત પણ એવી જ. પાંચમી ચોપડી પૂરી કરી. "ઘેરથી રડી કકળી રજા મેળવી" ને કેટલાક સોબતીઓ સાથે અંગરેજી નિશાળમાં જવા માંડયું. પ્રાઇમિર અને સેકન્ડ બુક ભણતાં સુધી તો અભ્યાસ હતો તેવો જ સાધારણ રહ્યો. પણ થર્ડ બુકમાં ઝવેરલાલ લલ્લુભાઇ નામે માસ્તર હતા તેમની મમતા થવાથી અભ્યાસ સુધર્યો. અને એ ધોરણમાં પહેલે નંબરે પાસ થયા, અને ઇનામ મળ્યું— અને વધારે મહત્ત્વનું એ કે એમને ત્યારથી ભણવામાં રસ પડયો. હેડમાસ્તરે એમને એમ ધોરણ કુદાવી આગળ ચઢાવ્યા, પણ તેમાં એમને ઠીક ન પડયું. સંસ્કૃત તથા યુકિલડ એ બે વિષય પર ઘણો અણગમો પેદા થઈ આવ્યો, અને એમને એમ થયું કે નીચલા

ધોરણમાં રીતસર અભ્યાસ કર્યો હોય તો ઠીક. તેથી એ ક્લાસના માસ્તર મારફત હેડમાસ્તર પાસે ગયા ને કહ્યું કે "મને ઉતારી પાડો." હેડમાસ્તરે હસીને કહ્યું કે "તું વિચિત્ર છોકરો જણાય છે. ભલે, તારી એમ મરજી હોય તો નીચલા ધોરણમાં બેસ." આ પ્રમાણે આત્માવલોકન અને આત્મસુધારણાનાં ચિહ્નો ન્હાનપણથી જ દાખવતો આ મહાન્ પુરુષ—પોકળ દંભ ન રાખતાં પોતે જે ધોરણનો અધિકારી હતો તે ધોરણમાં પોતાની મેળે જઇને બેઠો અને અભ્યાસ પણ ઠીક કરવા માંડ્યો. આ અરસામાં સ્વ. બાલાશંકર ઉલ્લાસરામ—જે આ વખતે એક ધોરણ પાછળ હતા—એમની દોસ્તીથી મણિલાલને થએલા એક અસાધારણ લાભની નોંધ લીધા વિના ચાલશે નહિ.

કવિતા કરવાનો શોખ. સુરત વગેરે તરફ ફરતાં બાલાશંકરને કોઇએ કાવ્ય રચવાનો છંદ લગાડેલો: અને એ છન્દ એમણે મણિલાલને ચઢાવ્યો. મણિલાલ, બાલાશંકર અને એક ત્રીજા મિત્ર મોહનલાલ પ્રસાદરાય—એમની મુખ્ય ગમ્મત ઘણાં વર્ષ સુધી એજ રહી કે કવિતા વાંચવી, સમજવી અને કરવી. **નર્મદાશંકર અને દલપતરામ** એ બેમાં કયો કવિ સારો એ મહાવિવાદ આ મંડળ સુધી પણ પહોંચ્યો હતો—અને આગળ જતાં નર્મદ માટે પક્ષપાત ધરાવનાર અને દલપતરામના માનસિક બંધારણથી સર્વથા વિદૂર આ રસિક યુવાને નિર્ણય કર્યો કે દલપતરામ ચઢે! દલપતરામનાં પુસ્તકોનો આ બાળમંડળમાં ખાસ અભ્યાસ ચાલવા માંડ્યો—જો કે નર્મદ અને દયારામને તદ્દન વિસારી મુકવામાં આવ્યા નહિ. કાલિદાસનાં નાટકના તરજુમા પણ

લક્ષપૂર્વક વંચાતા અને કવિતા કરવાનો શોખ દિનપરદિન વધતો જતો હતો. વળી મંડળીઓ સ્થાપી સુધારો કરવાનો ઉત્સાહ–સુધારાના યુગનું ખાસ લક્ષણ—તે પણ આ યુવકમંડળમાં દાખલ થયું હતું: ભેદ માત્ર એટલો કે સુધારાવાળાઓની દષ્ટિ પોતા કરતાં અન્યને–આખા દેશને સુધારી દેવા તરફ વિશેષ હતી, અને આ મંડળે પોતાને અને બહુમાં બહુ તો પોતાની જ્ઞાતિને સુધારવા કરતાં અધિક અભિલાષ રાખ્યો ન હતો. આ મંડળનું નામ **"સ્વસુધારક"** પાડયું અને બાલાશંકરને ઘેર મળવા માંડયું. આમાં

"સ્વસુધારક" અને "પ્રાર્થના સમાજ."

કવિતાઓ વંચાતી, અને ભાષણ અપાતાં. મણિલાલની આશરે પંદરેક વર્ષની ઉમર થતાં–મણિલાલે અને એમના મિત્રોએ **"પ્રાર્થના સમાજ"** નામની એક મંડળી ઉભી કરી. તેમાં મેંબરો ઘણા થયા, અને તેઓ મણિલાલના પોતાના ઘરમાં મળતા. આમાં અમદાવાદથી " પ્રાર્થના સમાજ " નાં ગાયનો ભેગી, મણિલાલની પોતાની તથા બાલાશંકરની કવિતા પણ ગવાતી. ગાવાના અને કવિતા રચવાના શોખ ઉપરાંત એ નવા સુધારા માટે એમને કાંઇ ભાવ ઉપજ્યો હોય એમ જણાતું નથી. બાલાશંકરને હિન્દી કવિતાનો પણ શોખ લાગ્યો, અને એમણે દર રવિવારે અમદાવાદ રા. દલપતરામ પાસે ભણવા જવા માંડયું અને ગાવા બજાવવામાં પણ એક ઉસ્તાદ પાસેથી શાસ્ત્રીય નિપુણતા મેળવવા માંડી.

સંસ્કૃતનો અભ્યાસ.

ચોથા ધોરણમાં સંસ્કૃત તથા ગણિત તેમાં વિશેષે ભૂમિતિ એ એમને ન આવડતા, એટલુંજ નહિ પણ તે પર ઘણો અણગમો હતો; તેમાં સંસ્કૃત પર તો એટલે સુધી કે કલાસમાં એ વિષયનો આરંભ થાય કે ઉઠીને

બહાર જતા રહે. પાંચમા ધોરણમાં બીજો અભ્યાસ સારો ચાલી, નંબર પહેલો રહેતો. પણ આ બાબત તો હજી પણ કાચી હતી. છઠ્ઠા ધોરણમાં પણ પાંચમાના જેવોજ અભ્યાસ ચાલ્યો, પણ સુભાગ્યે એમનો સંસ્કૃતનો કંટાળો ભાંગનાર છબીલરામ દોલતરામ નામે એક માસ્તર મળ્યા. આ 'પૂજ્ય પુરુષ' સુરતના બ્રાહ્મણ હતા. તે સ્વભાવે ઘણા શોખીન તથા આનન્દી હતા, અને સંસ્કૃતનો એમને અતિશય પ્રેમ હતો. મણિલાલના પિતરાઇ કાકા રવિશંકર જે ગામમાં પ્રખ્યાત શાસ્ત્રી હતા તેમની પાસે છબીલરામ સિદ્ધાન્ત-કૌમુદીનો અભ્યાસ કરતા. છબીલરામે લાંબા અંગ્રેજી નિયમોને બદલે સંસ્કૃત સૂત્રો યાદ રાખીને વ્યાકરણ શીખવાની સરળતા મણિલાલને બતાવી, અને શાસ્ત્રીને ત્યાં એમને લઘુકૌમુદી ભણવા માટે સાથે લઇ જવા લાગ્યા. સૂત્રોમાં ગમ્મત પડવા માંડી, અને સૂત્રો આવડયાં; અને સૂત્રોની સાથેજ જાણે ભૂમિતિ પણ આવડી ગઈ. આ પ્રસંગમાં પિતા તરફથી અભ્યાસ બંધ કરવાનો આગ્રહ થવા લાગ્યો : જૂના માણસોને આ નવી કેળવણીની કિંમત નહિ, અને તેમાં વળી વ્યાવહારિક કામમાં એ અન્તરાય રૂપ થઇ પડે. ભણવામાં રસ પડેલો તેથી ઘરની દેવપૂજા કરવી ન ગમે, શાક દૂધ લેવા જતાં તથા બ્રાહ્મણ તરિકે શ્રાદ્ધ સંવત્સરી જમવાની અને દક્ષિણાની પરવા કરવાથી લેસન પડે તેથી એમાંનું કંઇ એ કરતા નહિ. પુસ્તક, નિશાળ અને બાલાશંકરનું ઘર એ સિવાય અત્યારે બીજું કાંઇજ નહિ. ભણવું અનિશ્ચિત અને પરાધીન તેથી ડહાપણ દાખલ ફ્રસ્ટ ક્લાસ પબ્લિક સર્વિસનું સર્ટિફિકેટ લઇ રાખ્યું. પણ તે શિવાય અભ્યાસના ઉચ્ચાભિલાષને જરા પણ નમવા દીધો નહિ. આ અભિલાષને વિશેષ

સતેજ કરનાર દોરાબજી એદલજી ગીમી (હેડમાસ્તર) હતા. તેઓનાં અંગ્રેજીમાં નિપુણતા, તથા નિયમિતપણું સચવાવવાની બાબતમાં કાળજી એમના શિષ્યવર્ગમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. મિ. ગીમીના મણિલાલ ઉપર સારી મમતા હતી, અને એ મમતા એમણે છેક સુધી કાયમ રાખી હતી. તેમની મદદથી આ વખતે મણિલાલે ઘણાં અંગ્રેજી પુસ્તકો વાંચ્યાં તથા ટાડ્સ્ સ્ટુડન્ટ્સ્ ગાઇડને પોતાની ટેક્સ્ટ બુક બનાવી. ભાષા સંબન્ધી તમામ વિષયનો–ઈતિહાસ ભૂગોળનો પણ એમને ઘણો શોખ થયો, અને એમાં એમની સરસાઇ સ્થપાઇ ચૂકી. મેટ્રિક્યુલેશન માટે જવાનું આવ્યું. છબીલરામનો આગ્રહ સંસ્કૃત લેવરાવવા તરફ જારી હતો ને તેમની મહેનત પણ કમ ન હતી. જે થાય તે ખરૂં કહીને ઝંપલાવ્યું અને કાચે પાયે સંસ્કૃત જ લીધું. પરિણામે ૧૮૭૫ની મેટ્રિક્યુલેશન પરીક્ષામાં—**આગળ જતાં યૂરોપ અમેરિકા સુધી પ્રસિદ્ધ થનાર સંસ્કૃતનો પ્રોફેસર—સંસ્કૃતમાં નાપાસ થયો.** બીજે વર્ષે ગીમી અને છબીલરામ બંને માસ્તરો બદલાઈ ગયા. પણ ગીમી માસ્તરે સ્વાશ્રય સારો સમજાવ્યો હતો, અને તે મુજબ મણિલાલ ખૂબ વાંચીને અને નિયમિતપણે કામ કરીને જ મિત્રો સાથે રમત ગમતમાં પડતા. ‘ સ્વસુધારક ’ વિસ્તાર પામી, ‘ **સાઠોદરા જ્ઞાતિશુભેચ્છક સભા** ’ બની હતી. અને એને માટે મકાન લેવાયું તથા બેસવાનો સામાન ભેગો કરવામાં આવ્યો. પણ તેમાં થએલા ઠરાવો આવા કે— સર્વેએ સંધ્યા ભણવી, કોઇએ પરનાતીનું જમવું નાહિ, નાતમાં સ્ત્રીઓ ને પુરુષો માટે પીરસનારા જુદા જુદા રાખવા ! આગળ જતાં સભાએ જ્ઞાતિબન્ધુઓને ભેગા કરી કન્યાવિક્રય ન કરવા માટે તથા મરણક્રિયામાં જમવા ન

જવા માટે વિનંતી કરી—પણ એ સમ્બન્ધી સર્વ પ્રયાસ નકામો ગયો. માબાપના આગ્રહથી " પ્રાર્થના સમાજ " બંધ કરવી પડી, પણ એમાં જે મુખ્ય રસ કવિતા કરવાનો અને ગાવાનો તે કાયમ રહ્યો, અને ૧૮૭૯ માં મણિલાલે " **શિક્ષાશતક** " નામે એક નાની ચોપડી બહાર પાડી; અને પ્રેમી મિત્રે તે બાલાશંકરને અર્પણ કરી. મણિલાલમા પોતામાં આ સભાના સમયથી કેટલાંક

પ્રાચીન આસ્તિકતાનાં બીજ.

પ્રાચીન આસ્તિકતાનાં બીજ રોપાયાં. ત્રિકાળ-સન્ધ્યા કરવા માંડી; પ્રાતઃકાળમાં ઠંડા પાણીથી તારાસ્નાન કરી પ્રાતઃસન્ધ્યા વંદન કરી ગાયત્રી જપી શિવપૂજન કરવા માંડયું. આમ કરવામાં એમના પિતાનો આગ્રહ તથા છબિલરામ માસ્તરની રીતભાત એ બાહ્ય કારણ હતાં.

૧૮૭૯ ના આરંભમાં, એકવાર નાપાસ થઇ મેટ્રિક્યુલેશનનો અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃતમાં નાપાસ થયા છતાં એ જ વિષયમાં પાસ થવું એવા દૃઢ આગ્રહપૂર્વક લઘુકૌમુદી તથા અમરકોશ રાતમાં બે ત્રણ વાગે ઉઠી ગોખવા માંડયાં—વર્ષ આખરે એ શ્રમનો બદલો મળ્યો, અને મણિલાલ મેટ્રીક્યુલેશનમાં પાસ ઉતર્યા.

કૉલેજ.

પાસ થયા પછી શું કરવું એ મ્હોટો સવાલ થઇ પડયો. ઘરમાં કોઇને વધારે કેળવણી લેવાના ફળનું જ્ઞાન નહતું. મણિલાલને પણ ભણવાના શોખ ઉપરાંત વિશેષ સમજણ ન હતી. અધુરામાં પૂરો એમની નાતનો એક છોકરો મુંબાઇ ભણવા રહેલો ને તરત જ મરી ગએલો એટલે એવે ગામ માબાપ મોકલે

પણ કેમ ? તે વેળા મુંબાઇનો અવરજવર ઉત્તર ગુજરાતમાં ખાસ કરી હાલ જેટલો છૂટો થએલો ન હતો. માબાપે ખર્ચની હરકત બતાવવા માંડી અને નાતના કોઇ મોટા નોકરીઆતને ત્યાં સોંપી પરિણામે દસ પંદરની નોકરી મળે તે માટે પેરવી શરૂ થઇ. એવામાં સુભાગ્યે ગવ્હર્નમેન્ટ ગેઝેટમાં, પાસ થએલા ઉમેદવારોનાં નામ આવ્યાં. એમાં આખી યુનિવર્સિટિમાં મણિલાલનો નંબર **બીજો** હતો, અને એમાં દર માસે રૂ. ૨૦) ની કહાનકદાસ મંછારામ સ્કોલરશીપ એમને મળ્યાની વાત લખેલી હતી. આ સ્કોલરશીપ એક વર્ષ ચાલવાની હતી અને પૂને એન્જિનિયરીંગ કૉલેજમાં દાખલ થાય તો મળે એવી શરત હતી. ગણિત ઉપર અણગમો એટલે એન્જિનિયરીંગનો અભ્યાસ દુર્ઘટ હતો તેથી એ સ્કોલરશિપ મળી તે ન મળ્યા બરાબર થઇ. યુનિવર્સિટિમાં બીજે નંબરે પાસ થયા હતા તેથી પ્રાગમલજી સ્કોલરશિપ રૂ. ૧૫) વાળી ત્રણ વર્ષ ચાલે એવી એમને મળવી જોઇતી હતી, પણ રૂ. ૨૦) કરતાં રૂ. ૧૫) ઓછા એ દલીલને આધારે રૂ. ૨૦ વાળી કહાનદાસ મંછારામ સ્કોલરશિપ (એક વર્ષ ચાલનારી છતાં) ઉંચી મનાઇ અને રૂ. ૧૫) ની સ્કોલરશિપ (ત્રણ વર્ષ ચાલનારી છતાં) નીચી ગણાઇ ને નીચલા નંબરવાળાને મળી. ઉંચી મનાએલી સ્કોલરશિપ પોતાને માટે વ્યર્થ હતી અને ઉપયોગી હતી તે નીચલા નંબરવાળાને ગઇ. આવામાં ખબર મળી કે ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં પણ રૂ. ૧૦) ની સ્કોલરશિપો મળે છે. એ મળે તો મુંબાઇ રહેવું, નહિ તો પૂને જવું, જે થાય તે ખરી એમ નિશ્ચય કરી મણિલાલ મુંબાઇ ગયા. ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા અને ત્યાંની સ્કોલરશિપ પણ મળી.

મણિલાલ રેસિડન્ટ સ્ટુડન્ટ તરીકે રહ્યા. તે વખતના કેટલાક વિદ્યાર્થીઓની રીતભાતનું એમણે આપેલું વર્ણન જો ખરૂં હોય તો એમણે પાછળથી સુધારા ઉપર કરેલા કેટલાક આક્ષેપોનો ખુલાસો થઈ જાય છે.

હવે ત્રિકાળસન્ધ્યા અને પ્રાતઃસ્નાન માંડી વાળવા પડયાં. છોકરાઓએ એટલે સુધી પણ પજવવા માંડયા કે અબોટિયું પહેરીને જમવા પણ ન બેસવા દે. તેથી એટલો નિયમ રાખ્યો કે નાહી ધોએલું ધોતીયું પ્હેરી જમવું, કોઈને અડવું નહિ, અને પાણીની ગોળી પણ શુદ્ધ રાખવા ન દે માટે નળેથી લોટો ભરી આણીને રાખી મૂકવો ને તે આખો દિવસ ચલવવો. આવા બાહ્ય આચાર કરતાં પણ વધારે મહત્ત્વની બાબતમાં મણિલાલે દઢતા રાખી હતી. અને એક વિરુદ્ધ ઇતિહાસકાર અને ચરિત્રકાર પણ માન્ય કરે એવા પ્રમાણ ઉપરથી હું માનું છું કે મણિલાલે એમના કૉલેજના દિવસોમાં જગત ધારતું હશે તે કરતાં શતગુણ અધિક આત્મસંયમ રાખ્યો હતો. વિદ્યાભ્યાસમાં મણિલાલનો શ્રમ અસાધારણ હતો: કૉલેજમાં

અભ્યાસ. રહ્યા તે ત્રણે વર્ષ દરરોજ લગભગ ૧૩-૧૪ કલાક વાંચતા, ને ટાઇમ્ટેબલ બનાવી તે પ્રમાણે નિયમિત કામ કરી ૭-૮ કલાક ઉંઘતા, અને બાકીના ૩-૪ કલાક જમવા રમવામાં ગાળતા: અને આ સાથે વળી યાદ રાખવું જોઈએ કે અભ્યાસના આ અસાધારણ શ્રમ તે એટલીજ અસાધારણ તીવ્ર, ચંચળ અને વ્યાપક બુદ્ધિની સાથે જોડાએલો હતો, જેનો ખ્યાલ મણિલાલ સાથે જે કોઈને વાતચિત કરવાનો પ્રસંગ આવ્યો હશે

એને સહજ આવી શકશે. આ શ્રમને પરિણામે “F. F. A.” ની પરીક્ષામાં મણિલાલ કેટલાંક વિઘ્ન આવી પડવાથી ધાર્યા કરતાં બે નંબર ઉતરતા–ત્રીજે નંબરે—પાસ થયા. પણ લૉજિક (પાશ્ચાત્યન્યાય)-**ના વિષયમાં અને એમના ઐચ્છિક વિષય મૉરલ ફિલોસોફી** (કર્તવ્યમીમાંસા) **માં પહેલે નંબરે આવ્યા.**

“B. A”

બી. એ. નો અભ્યાસ આરંભ્યો તેમાં ઐચ્છિક વિષય શા લેવા તેનો વિચાર થવા માંડ્યો. નિર્ણય એ થયો કે History (ઇતિહાસ) તથા Political Economy (અર્થશાસ્ત્ર); ને ઇતિહાસમાં પણ હિન્દુસ્થાન અને ઇંગ્લંડ એ જ વાંચવા. **આ વિષયો લેવાથીજ માણસની બુદ્ધિ અને તર્કશકિત ખીલે છે** તથા કાંઇ નવી અક્કલ આવી બોલવા લખવાની છટા પણ સમજાય છે એમ લાગવાથી એ વિષય એમણે લીધા; અને આગળ જતાં આ પસન્દગી માટે પોતે સન્તોષ દર્શાવતા. દરેક વિષય હસ્તામલકવત્ થયા વગર મુકવો એમને ગમતો નહિ. તેમ ગોખીને સમજ્યા વિના યાદ રાખવું પણ બનતું નહિ, એટલે વારંવાર હરકોઈ વિષય માટે ઘણાં પુસ્તક વાંચવાં પડતાં. આવો મૂલથી નિયમ મનમાં જડાયાથી મહેનતમાં ઘણો વધારો થયો હતો ને ૧૪–૧૫ કલાકથી પણ કોઇવાર વધારે કામ કરવાની જરૂર પડતી. તે સમયના શિક્ષકોમાં ડૉ. ભાંડારકર અને પ્રિન્સિપાલ વર્ડ્ઝવર્થનાં ઘણાં વખાણ કરે છે. અને જણાવે છે કે “ડાક્ટર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, તથા ઇતિહાસ, ઇકોનોમી અને કાંઇક અંગ્રેજી ભાષાનો વિષય શીખવનાર મહાસમર્થ પ્રિન્સિ-

પાલ વર્ડઝવર્થનું નામ આજે સંભારીને પણ મને અતિશય માન પેદા થઈ આવે છે. અને તેમની મારા પરની પ્રીતિ તથા તેમની ભણાવવાની પદ્ધતિથી જ મને જે લાભ મળ્યો છે તે મળ્યો છે એમ મને વારંવાર કલ્પના થાય છે."

બી. એ. ની ચાર ટર્મ ભરી પરીક્ષા સંતોષકારક રીતે આપી આવ્યા. એમના એક મિત્રે એમને પૂછેલું કે "**તમે પાસ થાઓ તો તાર મૂકીએ?**" મણિલાલે જવાબ દીધો કે "હું પાસ તો થવાનોજ છું, પણ કલાસ લખી જણાવજે ને English (અંગ્રેજી) વિષયનું કે History, Political Economy (ઇતિહાસ અને અર્થશાસ્ત્ર) વિષયનું એક પ્રાઇઝ (ઇનામ) મને મળશે તે પણ જણાવજે." તેણે પણ મણિલાલના કહ્યા પ્રમાણે જ કર્યું. પરીક્ષાનું પરિણામ જોવા જતાં ઘેરથીજ કાગળ લખી કલાસ અને ઇનામના નામની જગો ખાલી રાખી લઇ ગયો. તેમાં પેન્સીલથી બીજો કલાસ તથા History-Economy ના વિષયનું ઇનામ એમ લખી તેણે કાગળ એમને મોકલ્યો. એ વાંચી પોતાની મહેનતનું પરિણામ શુભ રીતિએ આવેલું જોઈ મણિલાલને પરમ સન્તોષ થયો. નવી પ્રજાના માટે હંમેશાં લાગણી ધરાવનાર આ વિદ્વાન્ કહે છે કે "આશા રાખું છું કે વાંચનાર વિદ્યાભિલાષી જનો આવા સંતોષથી કાર્ય સંપાદન કરી આનંદિત નીવડે." મણિલાલ આખી પરીક્ષામાં **બીજે નંબરે** પાસ થયા અને ૩૦ માર્ક ઓછા પડવાથી પહેલા કલાસમાં ન આવી શકયા.

મણિલાલ કૅાલેજમાં "ફેલો" તરીકે રહ્યા તે દરમિયાન એમણે સંસ્કૃત અને પાશ્ચાત્ય તત્વજ્ઞાનનો અભ્યાસ વધાર્યો. એને

પરિણામે એમનું મગજ અનેક વિચારોથી ઉભરાવા લાગ્યું. યુરોપિયન સુધારા, નીતિ, રીતિ, તથા ઈશ્વર, મોક્ષ ઇત્યાદિકના વિવિધ તર્ક એમની નજર આગળ રમી રહ્યા અને નિશ્ચય થયો કે માણસના જીવિતનું મુખ્ય અને છેવટનું કર્તવ્ય એજ છે કે આ તમામ વાતો વિષે નિર્ણય કરવો, નહિ તો તેની જીંદગીનો વખત કેવળ નિરર્થક જવાનો. મણિલાલ જણાવે છે કે "હું કૉલેજમાં રહ્યો તે દરમિયાન કેવળ નાસ્તિક બની ગયો હોઇશ એમ કોઈ અનુમાન કરે તો ખોટું નથી, પણ વિશેષ વાંચન થયા પછી મનમાં ગરબડ ઉઠવા લાગી અને ધર્મ, નીતિ તથા સુધારાનાં તત્ત્વ વિષેનો નિર્ણય કર્યા વિના મારી જિંદગી સુખમાં કે નિશ્ચિત માર્ગે જવાની નથી એમ મને દૃઢ આગ્રહ થયો."

આગળ અભ્યાસ.

અને આને પરિણામે માત્ર વાંચવા ખાતર નહિ, વિદ્વત્તા પ્રાપ્ત કરવા ખાતર નહિ, પણ એ કરતાં વધારે મહત્ત્વના ઉદ્દેશથી—જિંદગીને rational કરવા માટે—એટલે કે જિંદગીનો હેતુ સમજી જીંદગીને નિશ્ચિત માર્ગે દોરવા માટે—મણિલાલે ઘણાં પુસ્તકો વાંચ્યાં—જેનો કાંઇક ખ્યાલ "સિદ્ધાન્તસાર"ના વાચકને આવી શકશે.

૨ ગ્રન્થકાર.

મણિલાલના કેળવણીનું પ્રકરણ હું આટલેથી સમાપ્ત થયું ગણું છું. મનુષ્યનું આખું જીવન કેળવણીનું સ્થાન છે એ સિદ્ધાંત કોઇએ પણ સવિશેષ માન્ય કર્યો હોય તો તે મણિલાલે કર્યો હતો; તથાપિ આજના સામાન્ય નિરૂપણ માટે એ પ્રકરણને અત્રે સમાપ્ત થયું

ગણવામાં બાધ નથી. હવે મણિલાલનું બાકીનું જીવન—જે અપૂર્વ સાહિત્ય ઉત્પન્ન કરવામાં પસાર થયું છે—એનું ખાસ સ્વરૂપ આ કેળવણી સાથે જોડવાનો હું થોડોક પ્રયત્ન કરીશ.

મુખ્ય ગ્રંથો. મણિલાલના *મુખ્ય ગ્રંથો નીચે પ્રમાણે:—

મણિલાલના મુખ્ય સાહિત્યના ત્રણ વિભાગ પાડી શકાય:

(૧) કાવ્ય—જેમાં પ્રેમજીવન અને અભેદોર્મિ; તથા સંસ્કૃત નાટકોનાં ભાષાંતર: માલતીમાધવ અને ઉત્તરરામચરિત; અને સ્વતન્ત્ર નાટક કાન્તા તથા નૃસિંહાવતાર; અને નવલકથા ગુલાબસિંહ.

(૨) સુધારાને લગતું સાહિત્ય: નારીપ્રતિષ્ઠા, સિદ્ધાન્તસારનાં કેટલાંક પ્રકરણો તથા પ્રિયંવદા અને સુદર્શન દ્વારા કરેલો કેટલોક બોધ.

(૩) ધર્મ સંબંધી સાહિત્ય: શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું ભાષાંતર; વૃત્તિપ્રભાકરનું ભાષાંતર; પ્રેમજીવન અને અભેદોર્મિની ટીકાઓ; સિદ્ધાંતસાર, પ્રાણવિનિયમ અને પ્રિયંવદા સુદર્શનના કેટલાક લેખો; તથા કુમારપાળચરિત્ર, ચેતનશાસ્ત્ર વગેરે; અંગ્રેજી પુસ્તકોમાં Tarka Kaumudi, Advaitism or Monism, Imitation of Sankra, Mandukopanishad, Jivamukti-Viveka, Symbology, Hindusim વગેરે પુસ્તકો તથા નિબંધો.

ઉપર આપેલા મણિલાલના પૂર્વવયના હેવાલમાંથી જો આપણે ગોરૂલું સ્મરણમાં રાખીએ કે મણિલાલનું મન ન્હાનપણથી જ ધર્મ

* આ ગ્રંથોની ટીપ પૂરેપૂરી નથી.

તરફ વળેલું, પ્રેમ માટે તરસ્યું, સુખ દુઃખ વેઠવામાં દઢ અને કામ કરવામાં નિશ્ચયવાળું હતું—સાથે એ પણ ધ્યાનમાં રાખીએ કે મણિલાલનો ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ અસાધારણ માનને પાત્ર હતો અને એમના પ્રતિપક્ષીઓએ એમની આ વિષયમાં કરેલી અવજ્ઞા જેવી હાસ્યજનક તેવીજ અન્યાયી છે—તો મણિલાલના લગભગ સર્વ ગ્રન્થોનું સ્વરૂપ આપણને સહજ લક્ષમાં આવી જશે, અને એના ગુણદોષ તપાસવાનું એક કિંમતી સાધન હાથ લાગશે.

(૧.) મણિલાલના કાવ્યગ્રન્થો ઉપર એમના તત્ત્વજ્ઞાનની બે રીતની અસર થઇ છે; એક બાહ્ય સૃષ્ટિ (Nature) કરતાં મનુજહૃદય (Human heart) ને પ્રાધાન્ય આપવામાં;* અને બીજી, કવિતામાં પણ જીવિતનાં પરમ હેતુને—પરમ પુરુષાર્થને—આગળ રાખવામાં. એમાંની પહેલી એમના વિજ્ઞાનવાદ (Idealism)-ની આડકતરી (indirect) અસર છે, અને બીજી જીવિતના હેતુ (The End of Human Existence) સંબંધી તત્વચિન્તનમાંથી ઉદ્‌ભવેલી સીધી (direct) અસર છે. મારા કહેવાનો અર્થ વધારે સ્પષ્ટ કરી બતાવું. મણિલાલના તત્વજ્ઞાનમાં બાહ્યસૃષ્ટિ કરતાં આંતર અનુભવ ઉપર વિશેષ ઝોક હતો એ સુવિદિત છે. અને એ તત્ત્વજ્ઞાન (Idealism) ની છાપ એમના કવિત્વ ઉપર અને સહૃદયતા ઉપર પણ પડેલી જણાય છે. કવિઓના બે પ્રકાર હોય છે: કેટલાકને બાહ્યસૃષ્ટિમાં રમવાનું અને એમાંથી

* કાવ્યનું સ્વરૂપ અને તત્ત્વજ્ઞાન તરફ વલણ બંને કાર્યકારણરૂપ નહોઈ એકજ આંતર બન્ધારણનાં ફળ છે એમ માનવામાં પણ બાધ નથી—એટલે આ ' અસર ' શબ્દ જરૂર પડે ત્યાં વિશાળ સંબંધના અર્થમાં લેવો. તેટલા માટેજ આરંભમાં મેં ' સંકળાએલ ' શબ્દ વાપર્યો છે.

બોધ પ્રાપ્ત કરવાનું પ્રિય લાગે છે, અને કેટલાકને મનુજહૃદયના ભાવમાં વિશેષ અર્થ પ્રતિત થાય છે. મણિલાલ આ બીજા પ્રકારના કવિ હતા, અને મને લાગે છે કે એમણે ઉત્તરરામચરિતના ભાષાંતરમાં--

" ગિરિથી ઝમ ઝમ ઝરણાં વહી જાય,
તટે તરૂવર પવને લ્હેંકાય. "

ઇત્યાદિ સૃષ્ટિસૌન્દર્યની લાવણીઓ અને હરિગીત વગેરે છન્દો બહુ રસથી રચ્યા છે, તથા " કાન્તા " નાટકમાં—

" મંદ મંદ સમીર વહે તરુકુંજમાં બહુ મ્હાલતો,
ગિરિગવ્હરે અથડાઈ મીઠા રાગ મૃદુ આલાપતો,
લ્હેર જલમાં ચાલતી વાંકી ચુંકી લચકાઇને,
એકાગ્રતાથી મળી મળી તટપર પડે મીઠે રવે,
તાલ દે તે ગાનને તરુવર ઝુકે બહુ ઝુંડમાં,
દે માન તે શુભગાનને વળી, ધવલ પુષ્પ વધાવતાં,
વ્યોમ, તરુ, તટ, વિશ્વ સઘળું નાચતું પ્રતિબિંબમાં,
ઊંચા સુણે ગિરિવર રહ્યા બધું ગાન ગંભીરતાઇમાં. "

આ પંક્તિઓ કોઇ પણ સૃષ્ટિસૌન્દર્યના કવિને માન અપાવે તેવી છે. તેમ જ, " નૃસિંહાવતાર " ની

" સુખકર મલિયાગર મ્હેંકે રે
કલિકલિપર ભમરા લ્હેંકે રે—સુ૦ ધ્રુવ.
શીતળ સમિર વહે સુખકારી
તાપ હરે તનના પલકે રે,
ચંદ્રકલા નિરખી ઉલસે મન
ગ્રીષ્મ રાત રસ મ્હેંકે રે—સુખકર. "

" ગગને આજ પ્રેમની ઝલક છાઇ રે-
પૃથ્વી રહી છવાઇ,
પર્વતો રહ્યા ન્હાઇ,
સચરાચરે ભરાઇ રે !
ગગને આજ૦ "

એ બિહાગની ઠુમરીમાં " ગ્રીષ્મ રાત રસ બ્હેકે રે " એટલા સાદા શબ્દોમાં ઉન્હાળાની રાત્રિની સકળ મનોહરતા ખડી કરી છે. તથાપિ એમ કહેવામાં બાધ નથી કે માલતીમાધવ અને ઉત્તરરામચરિત તરફ એમને દોરનાર વસ્તુ જુદી જ હતી, અને " કાન્તા " નાટકની ખાસ ખુબી એનાં સૃષ્ટિસૌંદર્યનાં વર્ણનમાં જ નથી. ન્હાનપણથી જ મિત્રસ્નેહનો સ્વાદ જાણનાર હૃદય માધવ અને મકરંદના સ્નેહ તરફ આકર્ષાય એ સ્વાભાવિક હતું; તેમ જ રામ અને સીતાના પ્રેમમાં જે લોકોત્તર ભાવના મૂર્તિમતી થયેલી છે, અને રાજા તરીકે રામે સીતાનો ત્યાગ કરી જે ભાવનાના અગ્નિમાં પોતાના સુકોમળ હૃદયને હોમ્યું છે – એ " Poetic Idealism " કાવ્યપ્રદેશમાં પ્રતીત થતો ઉચ્ચ ભાવનાપ્રેમ મણિલાલને ખાસ આકર્ષક થઇ પડ્યો હશે એમ લાગે છે. " કાન્તા " નાટક જેને આપણાં 'સર્વાનુભવરસિક' કાવ્યોમાં ગુજરાતના એક પ્રતિષ્ઠિત અવલોકનકાર અને આ " સાહિત્યસભા " ના માનવન્તા પ્રેસિડન્ટ+ તરફથી પ્રથમ પદ આપવામાં આવ્યું છે એ પણ આ "Idealism" નું અને ઇતિહાસના અભ્યાસથી મણિલાલના હૃદયમાં જાગેલા સ્વદેશાભિમાનનું દૃષ્ટાન્ત છે. "પ્રેમજીવન" અને "અભેદોર્મિ" જેમાં બાલાશંકર સાથેના કાવ્ય-

+ રા. બ. રમણભાઈ મહિપતરામ.

વિનોદના સમયથી અસર પણ જોઇએ છીએ—એ તો બાહ્ય સૃષ્ટિને સાજી દઇ આન્તર ભાવ ઉપર જ રચાએલા છે એ સ્પષ્ટ છે અને બાહ્ય જગત ઉપર જ્યારે કોઇ કોઇવાર કવિની દષ્ટિ ફરે છે ત્યારે એ બાહ્ય પદાર્થો પણ અન્તર ભાવથી અને તે પણ એક તટસ્થના નહિ પણ કવિના પોતાના જ અન્તરભાવથી રંગાઇ, ચવાઈ, છલવાઇ રહે છે!

વળી કવિઓમાં કવિતાના ધોરણ ઉપરથી પણ બે પ્રકાર પડે છે. કેટલાક " Art for Art's sake " ધોરણ સ્વીકારે છે–અને તેઓના મત પ્રમાણે મિ. સ્વિનબર્નના શબ્દોમાં " No work of art has any worth or life in it that is not done on the absolute terms of art." આ વચનથી સૂચિત અર્થ એવો છે કે ટેનિસનનું " In Memoriam " જેવું કાવ્ય પણ બોધપ્રધાન હોઈ કાવ્યોના પ્રદેશથી બહિર્ભૂત છે. મેથ્યુઆર્નોલ્ડ અને રસ્કિન 'art' અને 'morality' વચ્ચે અવિશ્લેષ્ય સમ્બન્ધ માને છે અને યદ્યપિ કવિતાના પ્રાણથી રહિત પોપની Didactic poetry સર્વના ધોરણ પ્રમાણે અધમ કાવ્ય વા અકાવ્ય છે, તથાપિ બોધના અન્તરમાં જ્યાં સુધી હૃદય પ્રતિભા, વા અતીન્દ્રિય પદાર્થના સૂચનનો રસ વહેતો હોય ત્યાં સુધી એ બોધ કવિતાના પ્રદેશની બહાર જતો નથી. મણિલાલનાં "પ્રેમજીવન" અને "અભેદોર્મિ" ' art for art's sake ' ધોરણ ઉપર રચાએલાં નથી. જ્ઞાન, બોધ એ એનો સ્પષ્ટ ઉદ્દેશ છે. પણ જેમ સમુદ્રોના તરંગોનો કાંઠે અથડાવાનો અને કેટલેક સુધી કિનારા ઉપર ચઢી એ ઉપર પથરાઇ રહેવાનો ઉદ્દેશ હોય છે, તેમ આ કાવ્યોનો પણ તત્વજ્ઞાનના પરમ પ્રાપ્તવ્ય બ્રહ્મને સ્પર્શવાનો અને બ્રહ્મ ઉપર ઠરી રહેવાનો પ્રયત્ન છે. મને

લાગે છે કે "પ્રેમજીવન" અને "અભેદોર્મિ" ના ઉન્નત અને પ્રબલ રસતરંગો લાંબો વખત ગુર્જર પ્રજાના સ્મરણમાં રહેશે, અને એના મર્યાદિત પ્રદેશમાં પણ શ્રોતાજન પાસે એટલો ઉદ્ગાર કરાવ્યા વિના નહિ રહે કે—

"Thoughts that inspire and mould our inner life,
Strengthen to bravely bear amid world-strife;
And one large Hope, full-orb'd as summer sun,
That souls shall surely meet when Life worn!
So round thy memory we our thanks entwine,
Men are the better for these songs of thine."

'ગુલાબસિંહ' અને 'નૃસિંહાવતાર'માં બોધનું પ્રાધાન્ય સ્પષ્ટ છે. લિટનનું 'ઝેનોની'—જેનું 'ગુલાબસિંહ' અનુકરણ છે—એ અંગ્રેજી નવલકથાઓના પ્રથમ વર્ગમાં આવી શકતું નથી એ વાત મણિલાલને અજાણી ન હતી. છતાં અનુકરણ માટે એને પસન્દ કરવાનું કારણ એમાં રહેલો મણિલાલના તત્ત્વજ્ઞાનને અનુસરતો બોધ એ જ હતું. આ નવલકથામાં મણિલાલ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો મહાપ્રશ્ન—એમના પ્રિય વિષયનો પ્રશ્ન—ફિરાગ અને જીવનભરી શૈલીમાં ચર્ચે છે, અંત હિન્દુસ્તાનના ઇતિહાસનો પોતાનો રસ પૃથુરાજના સમયનું ચિત્ર આપી વાચકને દર્શાવે છે; પૃથુરાજ ચન્દવરદાયી અને અક્ષયવડનું સ્મરણ કરીને એનો સ્વદેશાભિમાન અને સ્વદેશલાગણી ભરેલો આત્મા કૃતકૃત્ય થાય છે.

સદ્‌ગૃહસ્થો, મેં મણિલાલનાં કાવ્યોના સામાન્ય સ્વરૂપ સાથે એમના તત્વજ્ઞાનનો એ રીતનો સંબન્ધ બતાવ્યો. એક ખુલ્લો અને

બીજો ગર્ભિત. આ કાવ્યોનું વિશેષ વિવેચન આટલા ટુંકા અવકાશમાં બની શકે એમ નથી.

૨. સંસારસુધારો.

(૨). હવે હું મણિલાલના "સંસારસુધારક" તરીકેના સ્વરૂપ ઉપર આવું છું. 'સુધારા' તરફની મણિલાલની વૃત્તિનો પણ એમના ઇતિહાસ અને તત્વજ્ઞાનના અભ્યાસથી સારો ખુલાસો થઇ શકે છે.

હું આ સંબન્ધમાં આપની આગળ સ્થાપવા એ માગું છું કે મણિલાલ સુધારાના વિરોધી નહતા; ઉલટું, સુધારો જે સ્થળે આવીને અટક્યો હતો અને અપ્રિય થઇ પડ્યો હતો, ત્યાંથી એને એક પગથીઉં ઉંચે ચઢાવી, વધારે મજબુત અને સ્વદેશાભિમાનના પાયા ઉપર મૂકી, પોતાના ઇતિહાસને તત્વજ્ઞાનના અભ્યાસથી એમાં જે દોષ જણાયો તે દૂર કરી લોકમતરૂપી ન્યાયાસન આગળ સુધારાના કેસની નવી દાવાઅરજી દાખલ કરનાર મણિલાલ હતા. એમને સુધારાના અગ્રણીઓએ સ્વીકારવાને બદલે પ્રતિપક્ષી ગણ્યા: એ સુધારાના ઇતિહાસમાં એક ખોટું પગલું ભરાયું છે, એમ મારો નમ્ર મત છે.

આ બતાવવા માટે આ બીજા વિષયના હું ત્રણ પેટા ભાગ પાડીશ.

(૧) પ્રથમ તો મણિલાલના સમયમાં સંસારસુધારાની શી સ્થિતિ હતી એ વિષે થોડુંક બોલીશ.

(૨) પછી મણિલાલના સંસારસુધારા સંબન્ધી વિચારો જણાવીશ.

(૩) અને છેવટે, મણિલાલ જેને " જૂનો સુધારો " કહે છે

તેનાથી એમનો પોતાનો નવીન સુધારો કેવી રીતે જૂદો પડે છે એ બતાવીશ.

(૧) આપણા ઇતિહાસનાં છેલ્લાં સાઠ વર્ષ ઉપર દૃષ્ટિ નાંખતાં સમજાય છે કે ૧૮૪૫ થી પંદરેક વરસ સંસાર

મણિલાલનો સમય. સુધારાના જુસ્સાનો કાળ હતો; ૧૮૬૪–૬૫ થી દસ પંદર વર્ષ દેશી કારીગરીને ઉત્તેજન આપવાના પ્રયત્નો થવા લાગ્યા; ૧૮૭૫ પછીથી ધાર્મિક પુનરૂજ્જીવન–થિઓસોફિકલ સોસાઇટિ, આર્યસમાજ વગેરે હિલચાલનો સમય આવ્યો; ૧૮૮૫–૯૦ થી રાજકીય ઉત્સાહ બહાર પડ્યો–અને આજ આ સર્વ પ્રવૃત્તિઓ સાથે લાગી ઉપસ્થિત થઇ છે. એકને વખતે બીજી ન હતી એમ સમજવાનું નથી; તેમજ, ધર્મ જે આ દેશમાં હમેશાં એક મહા પ્રશ્ન રૂપે હાજર જ રહે છે એની આ ચારે જમાનામાં કાંઇ કાંઇ હિલચાલ દેખાયાં જ કરતી હતી. તો પણ ઇતિહાસ સમજવા માટે સામાન્ય સૂત્રોનો (Generalizationsનો) ઉપયોગ કરવો વાજબી ગણાતો હોય તો મને લાગે છે કે, ઇતિહાસમાં આપણાં છેલ્લાં સાઠ વર્ષની ન્હાની યુગવ્યવસ્થા કાંઇક ઉપર પ્રમાણે થવી જોઇએ. આથી સમજાશે કે મણિલાલે જ્યારે દેશસેવાની ધુરા ઉપાડી તે વખતે મેડમ બ્લેવેટસ્કીએ જગવેલો ધર્મયુગ તુરત જ શરૂ થએલો હતો, અને એની અસર નીચે રહી મણિલાલે આપણાં પ્રાચીન પુસ્તકો અને સંસ્થાઓનું અવલોકન કર્યું, અને સંસારસુધારાના પ્રશ્નને પણ ધર્મ અને તત્વજ્ઞાનને અંગે જ વિચાર્યો. બીજું, સુધારાના ઉપદેશમાં ગમે તેટલું સત્ય હશે પણ તે સત્ય નર્મદે જાત અનુભવથી બતાવેલી અને મણિલાલે પણ

પ્રત્યક્ષ જોએલી ખામીઓને લીધે નિર્જીવ થઇ પડયું હતું; અને સુધારાનો ઉત્સાહી "બોધકાળ" ક્યારનોએ અસ્ત થઈ ગયો હતો; અને 'કર્મકાળ' નિર્ફળ પસાર થયો હતો. 'સુધારા'ના વીર નર્મદે સુધારો ત્યજી પ્રાચીન પંથમાં પ્રવેશ કર્યો હતો, અને 'સુધારો' પ્રવૃત્તિ માર્ગ ઉપર રચાએલો છે અને તે નિવૃત્તિપરાયણ આર્ય જનોને અનુકૂલ નથી એવો સિદ્ધાંત બાંધ્યો હતો. આશાથી ઉછળતો સુધારક નિરાશા પામી નિવૃત્તિમાર્ગમાં શમી ગયો અને મરણ-શય્યા ઉપર મણિલાલને આવી મતલબનું કહેતો ગયો કે—"હવે તો આ દેહનો અન્ત આવે તો ઠીક કે ઘરના માણસ હેરાન થતાં અટકે. અમે તો હવે એકલા પડયા, અમારા ભક્તો, અમારા મિત્રો, અમારા સ્નેહીઓ અમને બગડેલા વહેમી ઠરાવી વેગળાં થયાં. પણ ખરી વાત હું હાલ કહું છું તે જ છે એ મ્હારૂં હૃદય જાણે છે. જવાનીઆ સુધારાવાળા મારી ઉપર કરડી નજર કરતા હશે, પણ હું કહું છું કે તેમના જ મંડળમાં એક જુવાન ઉછરે છે જે પરિણામે મારા જ વિચાર તેમને ગળે ઉતારશે." પણ મણિલાલની વૃત્તિ સુધારા તરફ પાછલા કાળના નર્મદના જેવી નહતી. મણિલાલે સંસાર સુધારાને પ્રાચીન ધર્મને અંગે મૂક્યા ખરા, પણ તેથી સુધારા પ્રત્યે અનાદર જણાવ્યો એમ માનવું ભૂલભરેલું છે.

સુધારા સંબન્ધી વિચારો. હવે હું બીજા પેટાવિષય ઉપર એટલે કે મણિલાલના સુધારા સંબન્ધી વિચારો ઉપર આવું છું. જેઓ મણિલાલને સુધારા વિરુદ્ધ માનતા હોય તેમના મનનાર્થે હું અત્રે એમના લેખોમાંથી નીચેના ઉતારા રજુ કરૂં છું:—

"નવીનતા કે રૌરૂપ, પરાક્રમ, સાહસ, સ્વાતન્ત્ર્યનો માર્ગ

છે; પ્રાચીનતા આલસ્ય, સ્થિરતા, જડતા, પારતન્ત્ર્યનો માર્ગ છે. ઉદ્યોગ અને પ્રારબ્ધનો જે વિરોધ છે તેવો નવીનતા અને પ્રાચીનતાનો વિરોધ છે. નવીનતા લાવે છે, પ્રાપ્ત કરે છે, ઉપજાવે છે; પ્રાચીનતા પોષે છે, સાચવે છે, સંગ્રહે છે. વાસ્તવિક દૃષ્ટિથી જોઇએ તો પ્રાચીનતા અને નવીનતાનો વિરોધ નથી. ઉભયે પ્રત્યેક વ્યક્તિમાં સ્વભાવસિદ્ધ છે, અને આવશ્યક છે. વિશ્વનો નિર્વાહ જ તેમના યોગ વિના થાય નહિ. યોગક્ષેમનાં **નવીનતા અને પ્રાચીનતા** એ અંગ છે."

"પ્રાચીનતા એ પ્રત્યેક દેશના અખૂટ બલનો ભંડાર છે, નવીનતા તે બલનો વ્યય કરવાનો બજાર છે; નવીનતા એ પૂર્ણ જોરથી છોડી દીધેલું 'એન્જિન' છે, પ્રાચીનતા તેની ગતિને નિયમમાં રાખનાર 'બ્રેક' છે."

"એક પાસા ટીલાં ટપકાં, માળા કંઠી, રામ નામનું રટન, અને વેદાંતની વાતો નીચે ઇર્ષ્યા, સ્વાર્થ, જૂઠ અને અનાચારના અંગારા ધખધખતા હોય છે; બીજી પાસ સત્ય, દેશભક્તિ, ભ્રાતૃભાવ, સર્વનું એકપણું, વિદ્યાવિલાસ, ઇત્યાદિનાં વ્યાખ્યાનોમાં પણ હુંની જ પૂજા અર્ચા કરવાની યુક્તિઓના વિલાસ હોય છે, અનાચારને ઢાંકવાની ઝીણી પીછોડીઓ વણવાની રચના હોય છે."

"પ્રાચીન પક્ષ સ્વતઃ વર્તમાનને સમજી ભવિષ્યમાં ઉતરવાના ઉદ્દેશે ઉદ્ભવ્યો નથી. આ માનવાનું કારણ એટલુંજ છે કે પ્રાચીન પક્ષ ઉપર જે રુચિ અને પ્રીતિ તથા આદર થયાં છે તે બહુ ભાગે —સોમાં પંચાણું જેટલે ભાગે,—કેવલ વહેમરૂપ, અંધશ્રદ્ધારૂપ, સ્વાર્થ સાધવાના એક પ્રકારરૂપ, કે ધાર્મિક નીતિમાન્ ગણાવાની લાલસાના

એક માર્ગરૂપ દેખાય છે; પ્રાચીન પક્ષની સમગ્ર પ્રવૃત્તિમાં ભેદનું જ પ્રાધાન્ય દેખાય છે. નવા નવા પંથ, સંપ્રદાય, આચાર્ય, અને તેમના શિષ્યોના કલહ, વિગ્રહ, દ્વેષ અને ઇર્ષ્યાના પ્રકારો, ગુરુ અને આચાર્યોને સર્વસ્વનું સમર્પણ કરી અંધ થનાર પામરોની કર્તવ્ય-ભ્રષ્ટતા; એ વિના બીજું પ્રાચીન પક્ષની પ્રવૃત્તિમાં કવચિત્ જ નજરે પડે છે. અને એ પક્ષની મુખ્ય હીમાયત કરવા છતાં આવો સ્વીકાર કરવામાં અમોને કશો બાધ જણાતો નથી, કેમકે **પ્રાચીન પક્ષ જ્યાં સુધી વર્તમાનની યથાર્થ ગણના કરી ભવિષ્યનું દર્શન પામ્યા વિના કેવલ પ્રાચીન એ નામને જ પૂજે છે ત્યાં સુધી તે કલ્યાણથી અતિ વિદૂર જ** એવું અમારૂં મત છે. એક પાસા નવીનો સાથે વિવાદ કરી પ્રાચીનતાનો આગ્રહ ધારણ કર્યા છતાં, પ્રાચીન પક્ષના અનુયાયીઓનું અનુમોદન અમોને મળી ન શકવાનું આ જ કારણ છે. પરંતુ એ વિવાદ કે એ અનુમોદનની દરકાર વિના એટલું કહેવું જ પડે છે કે પ્રાચીન પક્ષે આપણા વર્તમાન અને ભવિષ્યનું માપ લીધા વિના જ ભૂતમાં ઝંપલાવ્યું છે, અને જે કર્તવ્યભ્રષ્ટતામાંથી છૂટવાનો માર્ગ શોધવા માંડયો છે તેમાંને તેમાં જ તેમની સ્થિતિ હજી રહી છે. વર્તમાન અને ભવિષ્યને સમજી કર્તવ્યની શોધ કરવાનો જે ઉન્નતિનો માર્ગ છે તે ધ્યાનમાં લઈ પ્રાચીન કે નવીનનો આદર કરવાનો વિચાર રાખવો ઉચિત છે. એ ધોરણે જોતાં **અમારા હૃદયની પ્રીતિ હાલના પ્રાચીન પક્ષ કરતાં હાલના નવીન પક્ષ ઉપર વધારે છે.** ”

“ માબાપે ગમે તેમ જોડી દીધેલાં પુતળાં આ દેવ (પ્રેમ) નું સ્વરૂપ કયાંથી જાણે; અથવા કક્કો ને આંક ભણ્યા પછી હૃદય પણ

-શું સંસ્કાર પામે કે તેમાંથી પ્રેમનો ભાવ ખડો થાય! કષ્ટમાં, કંકાસમાં, દુઃખમાં દિવસ પુરા કરતે કરતે ઉભયમાંથી એકાદને, ને વિશેષે કરી સ્ત્રીને વૈધવ્યનો મહા કાલાનલ બાળીને આબરૂથી, જાતથી, રીતથી, ભાતથી ખુવાર કરી દુઃખમાં જન્મેલી તે દુઃખમાંજ સમાય તેવું કરી આપે. આ રીતિથી વિચારતાં કેટલાં ઘર હયાત છતાં ભાગેલાં છે, કેટલાં માણસ જીવતાં પણ મુવેલાં છે, કેટલા લોક સુખી છતે પણ દુઃખી છે; કેટલા જ્ઞાની પણ અજ્ઞાની છે, કેટલાં પીડાય છે, કેટલાં બળે છે, કેટલાં રડે છે, કેટલા મરે છે એ સહજ ખ્યાલમાં આવશે."

"ભણવાની જ્યારે આ રીતે જરૂર છે ત્યારે શું સ્ત્રીઓ **માણસ નથી? સ્ત્રીઓને બુદ્ધિ નથી, કે સ્ત્રીઓને સુખની ઈચ્છા નથી કે તેમને ભણવા ન દેવી?** સ્ત્રીઓને ને પુરુષોને કરવાનાં કામ જુદી જુદી જાતનાં છે એ વાત ખરી, પણ શું સ્ત્રીઓનાં કામ બુદ્ધિ વગર ચાલી શકે તેવાં છે? તેમને પણ પોતાના ઘરકામમાં બુદ્ધિની જરૂર પડે છે; તેમને પણ પોતાનાં સંબંધીઓ સાથે રહી કામકાજમાં પ્રવીણ ગણાઈ સુખ પામવાની સબલ મરજી હોય છે; તે એટલે સુધી કે, અમે તો એમ ધારીએ છીએ કે, પુરુષોને હશે તે કરતાં પણ વિશેષ. કેમકે ઘણા પુરુષો સુખી છતાં પણ ઘરની સ્ત્રીઓને જે જાતના સુખની ઇચ્છા હોય તેને તાબે થઇ વર્તવાથી દુઃખી થતા માલમ પડે છે. પુરુષને છે તે પ્રકારની ઇચ્છાઓ ને વૃત્તિઓ સ્ત્રીઓને છે એટલું જ કહેવાથી તેમને ભણાવવાની જરૂર સાબીત થાય છે, તો પણ તેમને ભણાવવાના વિશેષ કારણ તરીકે હજુ તેમના સ્વભાવ વિષે જરા બોલવાની જરૂર છે.

"સ્ત્રીનાં કર્મ પુરુષના કરતાં જુદાં છે. વાત ઠીક છે, પણ કેવી

રીતે જુદાં છે ? જુદાં એટલે એવાં તો નહિ જ હોય કે પશુ વગેરે જેમ પોતાના કર્મ માત્રથી જ સુખ પ્રાપ્ત કરી લે છે તેમ સ્ત્રીઓ પણ કરી શકતી હોય ! પુરુષને જેમ ઘર બહારના ધંધામાં બુદ્ધિ, અક્કલ, વાપરવી પડે છે તેમ સ્ત્રીઓને પણ ગૃહકર્મમાં તેનાં તે જ સાધન વાપરવાં પડે છે. જેમ જે સ્ત્રીનામાં આ સાધનોની ખામી તેમ તેના કર્મમાં વિરોધ અને તેના ઘરમાં ક્લેશ, સંતાપ અને દુઃખ. ઘરનું ખરૂં બંધારણ જ સ્ત્રી છે ઘર એ પુરુષનું વિશ્રામનું ઠામ છે; ને તે જ જ્યારે વગર અક્કલે, વગર વિચારે ને વગર ધડે ચાલતું હોય ત્યારે પોતે પણ સુખ ક્યાંથી પામે ? સ્ત્રીઓની ઉન્નતિમાં, તેમના સદાચારમાં, અને તેમની પ્રીતિમાં જ પુરુષના સુખનો સમાવેશ થઇ જાય છે, તો તેમને તેમના પોતાના સુખ માટે, તેમ જ પારકાના (પોતાના પતિ વગેરેના) સુખ માટે ભણાવવી જ જોઇએ."

"ભણવાથી કુમાર્ગે કોઇ ગયું છે નહિ, ને જશે પણ નહિ. **સરસ્વતીનો પ્રસાદ પામી કોણ કુપાત્ર થયું છે ? ભણેલી સ્ત્રીઓમાં જો કાંઈ દુરાચાર કોઇ વાર જણાયો હોય તો તેમને ઓછું ભણાવી તેમની અક્કલ કાચી રહેવા દીધાને લીધે જ, એમ અમે તો નક્કી માનીએ છીએ.** જેઓ નીતિમાં, પતિભક્તિમાં, શ્રદ્ધામાં, મર્યાદામાં સુખ માનતી હોય તે કદાપિ કુમાર્ગે જાય જ નહિ. પણ જે આ શબ્દોનો અર્થ પણ ન જાણતી હોય તે જાય તો તેમાં તેમને અજ્ઞાન રાખનારનો દોષ છેઃ તેમણે જે કેળવણી લીધી હોય તેનો દોષ નથી. માટે અમે તો અમારા અલ્પ અનુભવ પ્રમાણે અમારી ભગિનીઓ તરફથી એટલું જ કહી શકીએ છીએ કે તેમને જો તમારે પ્રેમાળ સ્ત્રીઓ, માયાળુ માતાઓ, અને હેતસ્વી ડોશીઓ કરવી હોય તો નિઃશંક થઇ પરિપૂર્ણ કેળવણી આપો."

" જો જ્ઞાતિની વૃદ્ધિ અને અંદર અંદર સંપ શાંતિ ચહાતા હો, જો ઉપયોગી થઈ કોઇને દુઃખ દીધા વિના કમાવાની ઉમેદ રાખતા હો, ને આ લોક ને પરલોકમાં સુખનો માર્ગ શોધતા હો તો કન્યાનું **દાન યોગ્ય વરને કરવા માંડો, કન્યાને મોટી થવા દો, ભણવા દો, અને પોતાની મરજી મુજબ જ પરણવા દો.** "

" અમે લખ્યું હતું કે 'નારીપ્રતિષ્ઠા' " સામાન્યતઃ સ્વતંત્ર જનમંડળ માટે રચાઈ હતી. " અને હવે જે વિચાર કરવાનો છે તે કાયદાથી સંકલિત મંડલ માટે છે, એટલે તે એ વિચારમાં સંમતિવય બાબત ફેર પડે તો તે વિરોધ નથી. આ લખવાનો સાહજિક અર્થ એવો થાય કે 'નારીપ્રતિષ્ઠા' કેવલ સાંસારિક બાબત, જેમાં સરકારે હાથ નથી ઘાલ્યો, તેને માટે લખાયલી છે. પણ જ્યારે સાંસારિક બાબત સરકાર કાયદો કરવા ઇચ્છે છે ત્યારે 'નારીપ્રતિષ્ઠા'માંના કેટલાક જુજ વિચારમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે. જેમકે 'નારીપ્રતિષ્ઠા'માં **સંમતિવય ૧૬** કહ્યું છે તે ઇષ્ટ છે, છતાં કાયદાથી તે નિયમવું હોય ત્યારે તો ઓછામાં ઓછું જે હોય તે લેવું જોઇએ, અર્થાત્ દશ. આવી સ્વાભાવિક અર્થસંગતિ, ઉદાહરણથી સ્પષ્ટ કરેલી.

" પ્રાચીન નવીન એ વાતોમાંથી કેઇ ખરી છે? આ પ્રશ્નનો નિર્ણય કરવા પૂર્વે ઉભય પક્ષનું સૂક્ષ્મ અવલોકન કરવાની પૂર્ણ અપેક્ષા છે. ઘણાક નવીનો પ્રાચીન પક્ષનું વિલોકન કર્યાં વિના, એટલે કે પોતાને સાક્ષાત્ કે પરોક્ષ તે વિષયનું જ્ઞાન ન છતાં, અથવા માત્ર કોઈના કહેવાથી કે કોઇએ પોતાના કોઈ તર્કને અવલંબી કરેલા અર્થાનુસાર જ જ્ઞાન છતાં, પ્રાચીનપક્ષગત અનેક વાર્તાનું વિડંબન ખંડન કરવા પ્રવર્તે છે. તેમજ કેટલાક પ્રાચીનો પણ એજ પ્રકારની ભૂલ કરે

છે. પ્રાચીન વાર્તાને સમજવાથી, સાંભળવાથી, કે પોતાના મતાનુસાર ગ્રહવાથી, તે તે વાર્ત્તાને અંગે એવા એવા તર્કજાલમાં તે ભરાઈ પડે છે કે નવીનતાનું નામ પણ સહન કરી શકતા નથી. આવા પ્રસંગમાં ઉભય પક્ષનું સાક્ષાત્ જ્ઞાન હોવું બહુ આવશ્યક છે. પારમ્પર્યયોગે તેવું કાંઇક પ્રાપ્ત કરવાના પ્રસંગ મને પોતાને મળેલા છે એ વાત કહેવામાં કશી આત્મશ્લાઘા થતી હોય તો ક્ષમા યાચું છું. પણ સંસારમાં મનુષ્યે કર્તવ્યાકર્તવ્યના વિચાર બાંધવા તેમાં એ જ્ઞાન પરમોપયોગી છે, ને મને તે જેવું ઉપયોગી થયું છે તેવું અન્યને થાય એ મારી પરમ વાંછના છે, એટલે આ સ્થાને તે વાત કહેવી પ્રાપ્ત જ છે.

"પ્રાચીન મતો ને સિદ્ધાન્તો-ધર્મ, વ્યવહાર, નીતિ, આચાર સર્વને-વિલોકતાં તેમાં પણ મને સત્ય સમજાયું છે. નવીન મત અને નિશ્ચયો વિચારતાં તેમાં પણ મને સત્ય જણાયું છે. પણ જે પૂર્ણ-આખું-અવિકૃત સત્ય છે તે તો ઉભયથી પર છે એમ મારો ગ્રહ છે. આમ હોવાથી મેં મારા મનમાં અમુક સિદ્ધાન્તો રાખેલા છે, જે મારા લેખો વાંચનાર પંડિતોને તો સહજે સમજાયા હશે જ, તથાપિ પુનઃ સંક્ષેપે તેમને કહી બતાવવા એ, આ પ્રસંગે, મને આવશ્યક જણાયું છે. મારા ઘણાક મિત્રો ઉભય પક્ષમાં છે તેમને ને મારે બાહ્ય દૃષ્ટિએ મતભેદના વિષયોમાં પણ આંતર વિચારચર્ચામાં ઐક્ય સમજાયું છે. તેમનું કહેવું એમ થાય છે કે 'તમારા વિચારોને લોકો અન્યથા સમજે છે, અને વહેમમાં વધારો થાય છે.' લોકો તે કીયા? વહેમ તે ખરો વહેમ કે વહેમ નામ? એ વાત છે, પણ ભ્રમ જુદી થાય છે ખરો. નવીન મતાનુયાયી મિત્રો સાથે આવા ઐક્યને લીધે કેટલાક દુરાગ્રહી નવીનો એમ પણ બતાવે છે કે 'તમારા સિદ્ધાન્તો અનિયત

છે. તમારે કશું ધોરણ જ નથી. તમે લોકપ્રિયતા માટે ગમે તેમ લખો છો, બોલો છો, ને આચાર વિચારમાં ફેર પાડો છો.' આ પણ ભ્રમ છે. ઉભયે વાર્તા બનવા સરખી છે. મારે નવીનો કહે છે તેવો એકાકાર વર્ણવ્યવહાર માન્ય છે, પણ ચાલતી જ્ઞાતિવ્યવસ્થા ગુપ્ત રીતે તોડવી એ વાત મને અત્યંત અમાન્ય છે. નવીનો કહે છે તેમ વહેમ માત્ર મને અત્યંત ત્યાજ્ય છે. પણ વહેમ એ શબ્દનો તેમણે માનેલો અર્થ મને ગ્રાહ્ય નથી. દાન કરવાથી કે બ્રાહ્મણ જમાડવાથી પાપ ટળે એ વાત નવીનો કહે છે તેમ હું ખોટી માનું છું, તથાપિ કર્મનો નિયમ અને તદંગભૂત પારબ્ધાદિ વ્યવસ્થાનો હું દઢ ભક્ત છું. નિરાકાર અપરોક્ષજ્ઞાન એ જ પૂર્ણ તત્ત્વ એમ માનવા છતાં સાકાર મૂર્તિ આદિનો હું અનાદર કરતો નથી; અગ્નિ તાપવા, પ્રાણ દમવો, આદિ કષ્ટક્રિયાનો આદર ન કરતા છતાં, ચેતન અને મનોબલની પૂર્ણ સત્તા અને રાજયોગનું અસ્તિત્વ સારી રીતે સ્વીકારૂં છું. આ તો અનેક વાતમાંથી થોડાં ઉદાહરણ છે. જેમાંથી એમ જણાય છે કે કાંઇક પ્રાચીન, કાંઇક નવીન એવી વ્યવસ્થા મને અંગીકાર્ય છે, અર્થાત્ ઉક્ત ભ્રમનો અવકાશ છે.

"ત્યારે સ્વતઃ સ્પષ્ટ છે કે જ્યાં સત્ય સમજાય ત્યાંથી તેને લેવું-**सत्यं परं धीमहि** । ભ્રમાત્મક અપવાદોનો ભય ન રાખવો એજ મારો મુખ્ય નિશ્ચય છે. પ્રોફેસર હક્ષલીને પ્રેતાવાહનના પ્રયોગ બતાવવા માટે ખાતરી કરવા સારૂ નિમંત્રણ થયું ત્યારે ઉત્તર લખ્યું કે 'વાત ખરી હોય તોપણ મને તેમાં રસ નથી.' પ્રેતાવાહનને ખોટું, તરકટ, જૂઠું, ભ્રમ, કહેવામાં 'રસ' અને તેની ખાતરી કરવા વખતે 'રસ' નહિ એવી નવીન પંથના આચાર્યની વૃત્તિ મને

અત્યંત અનાદરણીય છે. તેનીજ સાથે 'બ્રાહ્મણોઽસ્યમુખમાસીત્' એવી એકાદ ઋચાને આધારે બ્રાહ્મણ તો વિષ્ણુભગવાન્ પુરુષોત્તમનું મુખ છે માટે તે જ ઇશ્વર છે, તે કહે તે સત્ય છે, એવા અંધ પ્રાચીન-ભાવ પણ મને અત્યંત હાસ્યાસ્પદ લાગે છે. આંખો, કાન અને બુદ્ધિ ખુલ્લાં રાખી જે નિર્ણયો હાથ આવે તેને આધારે પરમ સત્યનું અનુમાન બાંધતા રહેવું એજ સત્યાન્વેષણનો સિદ્ધાન્ત મારો આધાર છે. તે સત્ય મને જ્યાં સમજાયું હશે ત્યાં મેં બતાવ્યું છે. તેમાં પ્રાચીન કે નવીનનો ભેદ માની શબ્દ માત્રને લીધે હું એકને વળગવા કે બીજાને પરહરવા પ્રવર્ત્યો નથી. ગમે ત્યાં પણ સત્ય તે સત્ય જ છે.

"પરંતુ યોગ,પ્રાણવિનિમય, પ્રેતાવાહન, અદ્વૈત, અભેદવાદ, ઇત્યાદિના અનુવાદ કરી બતાવવાની મારી પ્રવૃત્તિને લીધે કોઇ પ્રાચીન મતાવલંબી એમ ધારે કે હવે હું છૂટા વાળ મૂકી ડોકું ધૂણાવતી વધૂમાત્રને પ્રેતાવાહનના સંસ્કારયોગ્ય માનીશ, ભગવાં ઓઢીને આવનાર માત્રને મ્હોટો સિદ્ધ માની લેઇશ, બાધા માનતાથીજ લાભ થશે એ સ્વીકારીશ, ગુરુપદ ધારણ કરીને આર્યધર્મને ઉદ્ધારવાની બકવૃત્તિને નમીશ; અથવા કોઇ નવીનો એમજ માને કે મેં આવી વાતોમાં સત્ય દીઠું તો નવીન વિચારસંગતિને હું સ્પર્શતો પણ નહિ હોઉં, સ્ત્રીઓના પૂજ્યત્વને, અસંયત ઇંદ્રિયબલવાળી બાલ વિધવાનાં દુઃખના માર્ગને, યુરોપાદિ દેશમાં પ્રયાણના લાભને, નાત જાતના ભેદ એક પાસા રાખી અખંડ અભેદ ભાવને, હું સ્વીકારતો જ નહિ હોઉં. તો તે ઉભયે પક્ષના વિચાર ખોટા છે. મારે આમાંનો એકે પક્ષ 'મારો' નથી, સત્ય જે જણાય તેનો 'હું' છું. વહેમ, ઢોંગ, અનાચાર, કુટિલતા, એ બધાંને ઉભય

પક્ષમાંથી તજવાનાં છે, ઉભયમાં સત્ય છે, તે નિષ્પક્ષપાતથી સંયોજી પરમ સત્યનો આકાર સમજવાનો છે.

" પ્રાચીન મતાનુયાયીમાંના કોઈક કહે છે,નવીનોમાંના પરોક્તઅર્થ-સંગતિના સંસ્કારવાળા ઘણાક તે વાત અનુમોદે છે, કે ' તમે તો પ્રાચીન વચનોના નવીન અર્થ યોજો છો. ' આ અપવાદ અત્ર લક્ષમાં લેવા યોગ્ય નથી, પરંતુ એ અપવાદના પ્રસંગો ઉપર મારું દુર્લક્ષ નથી એમ જણાવવાનેજ અત્ર તેનું સ્મરણ કર્યું છે. તેજ અર્થસંગતિ ખરી છે એમ બતાવવાનાં કારણ તે તે પ્રસંગે જણાવવા હું ચુકયો નથી. જેવો આ અપવાદ છે તેવો એક બીજો પણ નવીનો મારા ઉપર અપવાદ લાવે છે કે મિથ્યાદેશાભિમાનથી આવી-પ્રાચીન મતનેજ સત્ય કહેવાની-પ્રવૃત્તિ થાય છે. આ પણ સર્વથા ભ્રમ છે. શબ્દમાત્રને આધારે સત્યાસત્ય કહેવાનો આગ્રહ જ નથી તો અમુક વાત પ્રાચીન છે માટે સારી છે એમ કહેવામાં દેશાભિમાન માનવાનો મિથ્યા ઇપિણા કેવલ મૂઢ જનોના વિપ્રલંભાર્થે જ હોય અન્યથા તો સંભવે નહિ. સત્ય જણાય તેજ સમજાવવું એમાં વાસ્તવિક દેશાભિમાન છે, પણ જે લોકો એમ કહે છે કે **પ્રાચીનમાં કશું દેશાભિમાન યોગ્ય છે નહિ તેમની વાત તો અનાદરણી જ છે.** "

" રંગ છે કવિ! ધીરજ એનું જ નામ, કહ્યું પણ એનું જ નામ કે વિલાયતથી આવી ન્યાતિબહાર થયેલા રા. મહીપતરામ સાથે પણ ભોજન કરી પોતાનો સિદ્ધાંત ખરો કરી બતાવ્યો; પોતાના આશ્રયમાં આવી રહેલી વિધવાઓને પોતે જ સંગ્રહી પોતાને માથે મોટો દાવાનલ ખેંચી લેતાં પણ આંચકો ન ખાધો ! ધન્ય છે રા-કરસનદાસને પણ કે વિલાયત જવા હામ કરી, અને ધન્યવાદ હો

એ સર્વ મંડલને કે તેને તથા કવિને અતુલ સહાય કરવામાં બાકી ન રાખી ! મુંબઇમાં 'બુદ્ધિવર્ધક' સભા પણ ગર્જના કરવા લાગી. અને તેની વિદ્વત્તાથી, શૌર્યથી, એકાગ્રબુદ્ધિથી આનંદ પામી સુજ્ઞ ગોકુલજી ઝાલા જેવા જુના આસ્તિક ગૃહસ્થો પણ રંજિત થયા, અને રા. રા. મનઃસુખરામભાઇ જેવા તથા રા. પ્રાણલાલ મથુરાદાસ જેવા ગૃહસ્થોને પણ તે જ સ્થલેથી પસંદ કરી પોતાના સહવાસ માટે રાખતા ગયા ! આખરે આ મંડલે લોકો ઉપર એટલી તો અસર તાદૃશ રીતિએ જોઈ કે તેમણે વૈષ્ણવ સંપ્રદાયના રૂઢ અને ઘણા કાલથી સ્થિર થયેલા દુષ્ટ પ્રચાર ઉપર ઝપાટો ચલાવવાનો ઠરાવ કર્યો."

" કવિ નર્મદાશંકર, રા. કરસનદાસ, રા. સા. મહીપતરામ ઇત્યાદિ સુધારકોને માટે મને સંપૂર્ણ માન છે. તેમણે અવિવેક અથવા બળવો કર્યો એમ હું માનતો નથી, ઉલટો તે ગૃહસ્થોએ જેવું જાણ્યું અને માન્યું તેવું કરી બતાવ્યું એમાં તેમની ઘણી સ્તુતિપાત્ર મહત્તા હું સમજું છું. તેમને નિષ્ફળ થવાનું કારણ હું એમ માનું છું કે તેમના આગળ પુરતાં સાહિત્ય નહિ, પ્રાચીનસ્થિતિ જ્ઞાતિની તેમને પૂરેપૂરી માહીતી નહિ , અને નવી વાતોના પ્રત્યક્ષ લાભ તેમની નજર આગળ તરી રહેલા, તેથી તેમણે લોક અને દેશની વ્યક્તિ વ્યક્તિ અને આખા મંડલની, પ્રકૃતિ અને ઐતિહાસિક ભાવના ઉપર લક્ષ કર્યું નહિ; મુસલમાનોના સમયમાં આ દેશની પ્રાચીન સ્થિતિની જે અવદશા થઇ હતી તેનેજ તેમણે મૂલની ઉન્નત ભાવનાને સ્થાને માની લીધી; અને તે અધમ ભાવનાને જો તેમણે મૂલની પ્રાચીન અને ઉન્નત ભાવના ઉપર લાવવા યત્ન કર્યો હોત તો તેઓ વિજયી નીવડયા હોત. તેને બદલે તેમણે આ દેશની ઐતિહાસિક ભાવનાથી વિરુદ્ધ એવી

પાશ્ચાત્ય ભાવનાને દાખલ કરવા યત્ન કર્યો એથી જ તેઓ નિષ્ફળ થયા. તેમનામાં વિચારની ખોટ નહતી. તેમની શુદ્ધબુદ્ધિમાં ખામી નહતી, તેમનું ચારિત્ર ઉન્નત હતું, પણ તેમને પૂરતી માહીતી ન હતી એથી જ શરીરસંબંધોની એકતાને માર્ગે વળી તે લોકો નિષ્ફળ થયા.''

આ છેલ્લા ઉતારામાં મણિલાલના અને જૂના સુધારકોના સુધારા વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ થાય છે.

પરન્તુ એ ઉપર આવતાં પહેલાં હું ઉપલા ઉતારાઓથી એટલું બતાવવા માગું છું કે–

(૧) યદ્યપિ મણિલાલ સુધારાવાળાઓના દોષોથી આપણા જનસમાજમાં ઉત્પન્ન થએલાં ખોટાં પરિણામોને નિન્દે છે, તથાપિ મૂળ સુધારાના નાયકો માટે એમને પૂર્ણ માન છે, અને એમના દોષ પણ એ શાન્ત ઐતિહાસિક દૃષ્ટિથી જોઈ શકે છે. પ્રસંગોપાત્ત હું આપને એટલું પૂછું છું કે ઉપરના કેટલાક ઉતારાઓમાં મણિલાલે સુધારાના કેટલાક અગ્રણીઓને જે ન્યાય કર્યો છે એનો શતાંશ પણ સુધારાવાળા તરફથી મણિલાલને થતો તમે જોયો છે ?

(૨) મણિલાલ પ્રાચીન અને નવીન—ચાલતી સ્થિતિ અને સુધારો–એ બે તત્ત્વોનો સમન્વય કરવાનું કહે છે.

(૩) એટલુંજ નહિ, પણ પ્રાચીન પક્ષ કરતાં નવીન તરફ પોતાનું વલણ સ્પષ્ટ જણાવે છે.

(૪) વિશેષમાં, મણિલાલ સુધારાનું સામાન્ય તત્વ જ બતાવીને બેસી રહેતા નથી, પણ 'સુધારા'ની વિધવાવિવાહ શિવાયની બધી કલમો–સ્ત્રી કેળવણી, લગ્નવયમાં વધારો, સમુદ્રયાનાદિ આવશ્યકતા, કન્યાવિક્રય અને જ્ઞાતિબન્ધનની અનિષ્ટતા વગેરે

સ્વીકારે છે. અને એના પ્રતિપાદનમાં કેટલીકવાર એવો ઉત્સ
અને આગ્રહ ધરાવે છે કે હું આપને એટલે સુધી પૂછી શ
છું કે આવાં ઉત્સાહી અને પ્રૌઢ સુધારાનાં લખાણો એક
'સુધારાવાળા'ની કલમથી નીકળેલાં બતાવશો ?

(૩) ત્યારે મણિલાલના અને 'સુધારાવાળાઓ'ના 'સુધારા'
ભેદ શો? પરિણામે ભેદ નથી, માત્ર નામ
સુધારો "જુનો" જ ભેદ છે—એમ 'સુધારાવાળા' માન
અને મણિલાલનો. હોય, અને મણિલાલનો સુધારો એમને
હોય તો આ ભેદ ઉપર ભાર મૂકવાની મ
બિલકુલ ઇચ્છા નથી. પણ જો કાંઈ પણ ભેદ પ્રતીત થતો હોય
તે—ચાલતી સુધારાની રૂઢિ, અને "Reform on Nation
Lines"—એ બે વચ્ચે જે ફેર છે તે જ. અને સારી રીતે જો
સમજાશે કે "Reform on National Lines" ને
કેવળ અર્થહીન શબ્દો કહીને તિરસ્કારી કાઢવા એ બે
વિવાદયુક્તિ છે.

હવે આ માર્ગે પણ સુધારો એકદમ થઈ જશે એમ મણિ
લાલનું કહેવું નથી. સુધારાને કૃતિમાં લાવતાં કેટલી મુશ્કેલીઓ
છે એ મણિલાલને અજાણી નહતી. પોતે સુધારાનું કાર્ય આરં
તે વખતની એક નોંધમાં એ લખે છે કે:—

"ગુજરાતમાં જુના કે નવા બીજા કોઈ સુધારકોનું બળ
નહિ. આવા સમયમાં મારી મહેનતની અસર થાય પણ તે મ
ઉપર લોકોને વિશ્વાસ હોય તોજ. મારા લખવાની અસર થઈ
હું માનતો નથી, પણ હાલનો જમાનો જુના સુધારાને મૂકી કાં

હિન્દુ ધર્મની છાયા હોય એવા સુધારા તરફ વળે છે એ તો હું સ્પષ્ટ જોઈ શકું છું. આ ક્રમમાં હજારમે હિસ્સે પણ મારાથી મદદ બને તો તે કરવી એ આગ્રહથીજ હું મથ્યા કરૂં છું. કેમકે એમ ખરે રૂપે થાય એમાંજ હું દેશનું કલ્યાણ માનું છું."

ત્યારે (૧) 'હિન્દુ ધર્મની છાયા'—એ મણિલાલે ઉપદેશેલા સુધારાનું એક ખાસ લક્ષણ. દુર્ગારામની "માનવધર્મ સભા" જેવી સુધારાની પદ્ધતિ—પોતાના દેશને અને પોતાના ધર્મને સર્વ દેશો અને ધર્મો કરતાં અધિક માનનાર હૃદયને—નાપસન્દ પડે એ સ્વાભાવિક છે. તેમજ ધાર્મિક ઇતિહાસ અને મનુષ્યસ્વભાવનું જેને યથાર્થ જ્ઞાન છે એ સહજ સમજી શકે છે કે એ ચાર ધર્મો લઈ એના સામાન્ય અંશો એકઠા કરી એને કલમવાર ગોઠવવાથી નવો ધર્મ ચાલી શકતો નથી.

(૨) મણિલાલનું એક એવું કહેવું હતું કે "સુધારા" ના પરિણામતાં સુખ અને સગવડનો મોહ, તથા આચારની ઉચ્છૃંખલતા એ જ આવ્યાં છે. આમાં કેટલું સત્ય છે એ વિચારવાનું મારૂં આજનું કામ નથી. મારે ઉપયોગી વાત એટલી જ છે કે મણિલાલે જે તત્વજ્ઞાન સ્વીકાર્યું હતું તેમાં આત્મસંયમને પ્રાધાન્ય મળેલું હોવાથી આ નવા દોષો એમને ખાસ અરુચિકર થઇ પડ્યા હતા.

(૩) મણિલાલનો ત્રીજો આક્ષેપ એ હતો કે સુધારાવાળાઓ અન્દરથી બહારના આચાર ઉપર અસર કરવાને બદલે બહારના સુધારાથી અન્તરને ફેરવવા માગે છે, એ ભૂલ છે. દાખલા તરીકે, ભાવનાની એકતા અને સંપ સાધવાને બદલે બહારનાં નાતજાતનાં બન્ધન માત્ર સગવડ ખાતર જ તોડે છે, અને અન્તરના વિરોધ

અને કલહો તો એવાને એવા જ રહેવા દે છે. આ દષ્ટિબિન્દુ પણ મણિલાલના તત્વજ્ઞાનનું જ હતું.

આ તત્વજ્ઞાનની ખાસ અસર *જનસમાજનું બન્ધારણ તથા સ્ત્રી પુરુષના સંબન્ધમાં, તથા સ્ત્રીકેળવણી એ વિષયોમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. જનસમાજ અનેક વ્યક્તિઓનો સમુદાય નથી, પણ એક શરીર છે, અને એનાં અવયવરૂપે વ્યક્તિઓ છે,—અને તેથી હક એવી વસ્તુ જ નથી, માત્ર ધર્મો–ફરજો જ—છે. સ્ત્રીપુરુષના સમાન હકની વાર્તા પણ આ જ તત્વજ્ઞાનના ધોરણે એ ભૂલભરેલી ગણે છે. ટેનિસનના "princess" નામના કાવ્યમાં અને ફ્રેન્ચ ફિલસુફ કૅમ્ત અને એના અંગ્રેજ અનુયાયી ફ્રેડરિક હૅરિસનના લેખોમાં સ્ત્રીના બન્ધારણ વિષે જેવા વિચારો જણાવેલા છે તેને મળતા વિચારો મણિલાલે "નારીપ્રતિષ્ઠા" માં પ્રતિપાદન કર્યાં છે. "નારીપ્રતિષ્ઠા" 'હિન્દુ સોશ્યલ કલબ' નામે એક મંડળીની મીટિંગોમાં ચાલેલા વિવાદમાંથી ઉદ્‌ભવ્યું છે, અને તે કૅમ્તની 'પોઝિટિવ પૉલિટિ' નામે મહાન્ ગ્રન્થની મદદથી લખાયું છે એમ મણિલાલ પોતે જ જણાવે છે. 'સુધારાવાળાઓ' એ માનેલા સ્ત્રી પુરુષના સંબન્ધમાં કાંઈ તત્વજ્ઞાન રહેલું નથી એ મારૂં કહેવું નથી. મનુષ્યના સર્વ આચાર વિચારની પાછળ એ આચાર વિચારનું કાંઈને કાંઈ તત્વજ્ઞાન તો રહ્યું જ છે. કારણ કે એ આચારવિચારનો અર્થ એનું નામ જ તત્વજ્ઞાન છે. પરન્તુ વધારે ચોકસ રીતે જોતાં એ "તત્વજ્ઞાન" સ્પષ્ટ "જ્ઞાન" રૂપ થયું હોતું નથી, હજી એ ગર્ભિત "તત્વ" રૂપ જ છેઃ એ આચારની પાર જઈ

---

* અને તેથી જનસમાજ કરતાં 'जनता' એ પાણિનીનો શબ્દ વાપરવો અને વધારે યોગ્ય લાગે છે.

એની યથાર્થતા અને પરિશુદ્ધિ અર્થે કોઈ પણ તત્વવિચાર સ્પષ્ટ રીતે બાંધવામાં આવે ત્યારે જ તે આચાર વિચારને આપણે તત્ત્વવિચાર ઉપર રચાએલો કહીએ છીએ. મણિલાલના પહેલાંના "સુધારા" નું સ્વરૂપ આપ જોશો તો જણાશે કે એમાં સામાન્યબુદ્ધિ (Common-unphilosophic-sense) થી પ્રતીત થતી 'સમાનતા' અને 'સમાન હક' ને આધારે જ સર્વ વાત કરવામાં આવે છે. છેક મણિલાલના વખતમાં, 'સુધારાવાળાઓ' તરફથી મ્હારા વઢવાણવાસી મિત્ર પ્રોફેસર કાશીરામ સેવકરામ દવે તેઓએ 'સ્ત્રીપુરુષના સમાન હક'ની ચર્ચા નીતિશાસ્ત્રની રીતિએ ઉઠાવી હતી. તે સમયે એમના મન ઉપર શુદ્ધ તત્વજ્ઞાન (metaphysics) કરતાં નીતિશાસ્ત્ર (moral philosophy)ની વધારે અસર હતી એ મારા જાણવામાં છે. આ પ્રયત્ન પણ એક પ્રાચીનપંથીને હાથે જ થયો હતો એ જાણવા જેવું છે, અને તે પણ સુધારાના ઉત્તરકાળમાં, અને મણિલાલના પ્રયત્નોથી ઉશ્કેરાઈને. મણિલાલમાં જ સુધારો પહેલ વહેલો તત્વજ્ઞાનનું સ્વરૂપ ધારણ કરે છે—તત્વજ્ઞાન બાંધી તેમાંથી ખરો 'સુધારો' કોને કહેવો એ નિર્ણય કાઢવામાં આવે છે. અત્રે કોઇ કહેશે કે જનસમાજ (society)ને વ્યક્તિઓનો સમુદાય (aggregate of indviduals) માનો કે વ્યક્તિઓને જનસમાજના અવયવો માનો, સ્ત્રીપુરુષના હકની વાત કરો કે તેમની પરસ્પર ફરજોની વાત કરો, પણ પરિણામ તો એકજ છે: મંડળના અવયવો અને અવયવોનું મંડળ, એકના હક એ બીજાની ફરજ—ઉભય પરસ્પરાપેક્ષી શબ્દો છે. આ કહેવું ઠીક છે, પણ વસ્તુ કયા દૃષ્ટિબિંદુથી જોવામાં આવે છે એના ઉપર ઘણો આધાર છે અને

એટલાથી વસ્તુનું સ્વરૂપ જ ખોટું કે ખરૂં થઈ જાય છે એમ કહીએ તો પણ ચાલે. જનસમાજ એ વ્યક્તિઓનો સમુદાય નથી, પણ વ્યક્તિઓ એ જનસમાજના અવયવ છે એ પ્રમાણે—યુરોપની અરાઢમી સદીનો સિદ્ધાંત ઉડી જઇ—ઓગણીસમી સદીને જડેલું સત્ય સ્થપાયું કે તેની સાથે યુરોપનું બધું જનસમાજશાસ્ત્ર બદલાઇ ગયું, અને એની અસર નીતિ, કાયદા, ધર્મ વગેરેમાં પણ થઈ. એ વાત યુરોપના તત્વજ્ઞાનના અભ્યાસીઓને જાણીતી છે. યુરોપના આ મહાન્ વિચાર-પરિવર્તનનો પ્રતિધ્વનિ ઇંગ્લંડમાં ઑક્સફર્ડ પાઠશાળામાં પણ થયો હતો, અને તત્વજ્ઞાનનો એક વિચાર મનુષ્યના આખા આચારવિચારના બંધારણ ઉપર કેટલી અસર કરે છે એ ત્યાં પણ જોવામાં આવે છે. 'સુધારાવાળા' અને મણિલાલ વચ્ચેનો ભેદ વધારે સ્પષ્ટ કરી બતાવવા માટે હું આપની આગળ કાર્ડિનલ ન્યૂમનના જીવનચરિત્રના એક પુસ્તકમાંથી ઉતારો વાંચું છું:—

The Fellows were now selected on that ancient foundation not as clubable men, who would sit long over their port, but as men of mind, or, in the vague disparaging phrase of unreformed Oxford, as "Noetics." This appellation was charged, by-and-by into the more modern, though hardly more definite one of "Liberals." Chosen, not for their congenial habits but in the hope that they would prove

original thinkers and independent inquirers, these men "represented a new idida, which was but gradualy learning to recognize itself, to ascertain its characteristics and external relations, and to exert an influnce upon the University." They knew little of the past, and nothing at all of Rousseau, Kant, or Goethe. Yet they belonged to the movement of Rationalism; for "they called everything in question: they appealed to first principles, and disallowed authority as a judge in matters intellectual." Any German critic would without hesitation have assigned to them a place in the Aufklarung, or sect of enlightenment which, dating back to Locke, Voltaire and Hume, had resolved the social, nay the metaphysical order into atomic forces, and substituting the reason of the individual for public tradition, free contract for Divine Right, self-consciousness for religious meditetion, was bound to enter upon a conflict which Church and State in England, as it had already overthrown the European system abroad.

આ ઉતારામાં " Noetics " ના વિચાર અને " Aufklarung " (પ્રકાશવાદ, બુદ્ધિવાદ, વ્યક્તિવાદ, સ્વાતન્ત્ર્યવાદ)ના વિચારનું જેવું સ્વરૂપ બતાવ્યું છે, તેવું સ્વરૂપ આપને ' સુધારાવાળાઓ 'ના વિચારમાં નજરે પડશે, અને એ વિચાર સામે જેમ ઑક્સફર્ડમાં અને અન્તે આખા યુરોપમાં ઝંડો ઉપડયો, તેવીજ રીતે આપણે ત્યાં પણ થએલું જોશો.–માત્ર એટલું કે, ' સુધારાવાળાઓ ' માટે પૂર્ણ માન સાથે, અને એમણે કરેલી દેશસેવા માટે પૂર્ણ ઉપકારવૃત્તિ સાથે, હું એટલું કહેવાની છૂટ લઉં છું કે પૂર્વોક્ત બુદ્ધિવાદ અને સ્વાતંત્ર્યવાદમાં તો ઉગ્ર તત્વજ્ઞાનનો પ્રયત્ન હતો, અને એનું આપણા ' સુધારાવાળાઓ ' ને તો સ્વપ્નું પણ ન હતું. આ મારા કહેવાનો અર્થ ખોટો ન કરશોઃ હું ' સુધારાવાળાઓ'ના ઉત્સાહનો અને દેશદાઝનો ઇનકાર નથી કરતો, પણ એમના વિચારમાં તત્વજ્ઞાનનું દર્શન નહોતું થતું એ હું સારી રીતે જણાવવા માગું છું. એક તો આ વસ્તુસ્થિતિ જ સ્વતઃ–ઐતિહાસિક દૃષ્ટિએ–જાણવા જેવી છે, અને બીજું હું એમ માનું છું કે તત્વજ્ઞાન એ મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓનો આત્મા છે. મણિલાલના સુધારા સંબંધે આજ આટલું વિવેચન બસ થશે.*

આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ.

---

*આ જયન્તી પ્રસંગે આ લેખ આઠલોજ વાંચવામાં આવ્યો હતો. આમાં બે મુદ્દા પુરા થાય છે. ત્રીજા મુદ્દાનો લેખ છપાયો નથી તેમ પ્રો. આનન્દશંકરભાઇ તરફથી અમને મળી પણ શક્યો નથી.

પ્રકાશક.

૭

*ધીરો અને તેની કવિતા.

जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥ भर्तृहरिः ॥

ઉપોદ્‌ઘાત-કવિમહિમા.

કાલ એ એક વિલક્ષણ મહોદધિ છે. સ્વાર્થી અને પરાર્થી, રાજા અને રંક, ઐહિક સુખને તાકનાર અને આમુષ્મિક સુખને લક્ષ્ય કરનાર—સર્વના હૃદયમાં ભવિષ્યની પ્રજાની સંસ્મૃતિમાં રહેવાની સૂક્ષ્મ વાસના જોવામાં આવે છે. આત્માની મરણશીલતા કરતાં આત્માના અમરત્વમાં વિશ્વાસથી ઘણા અર્થોની સિદ્ધિ થતી હોવાથી દુનિયાનો ઘણો મોટો ભાગ આત્માના અમરત્વનો સિદ્ધાંત શ્રદ્ધાથી સ્વીકારે છે, અને એ વાસના તે અમરત્વના અન્વેષણ નિમિત્ત એક પ્રકારના પ્રયત્નની જનની હોવાથી તે બહુ અંશે શુભ છે, પરંતુ તેની યથાર્થ સિદ્ધિ વિરલ પુરુષોમાં જ જોવામાં આવે છે. દુનિયામાં પોતાશિવાય જાણે કોઇ હોય જ નહિ એ પ્રમાણે પૃથ્વીની સપાટી ઉપર રાક્ષસના વેગથી ધપધપ ચાલનારા અને પોતાની નાની સરખી જીંદગીમાં પારવિનાનો ધાંધાટ કરી દશે દિશાને ગજાવી મૂકનારા અનેક ઉતરતા ચરિતવાળા પુરુષો, જેઓ કાલસમુદ્રની પાક

* તા. ૨૩ ઑક્ટોબરે (૧૯૦૪) અમદાવાદમાં "ગૂજરાત સાહિત્ય સભા" તરફથી ધીરાજયન્તી ઉજવવામાં આવી હતી. તે પ્રસંગે વંચાયેલો લેખ.

ઉપર, મીઠા મીઠા તરંગોનો આસ્વાદ લેતા, તરતા સુતા હોય છે, તેમને એક પક્ષે સમુદ્રના અભ્યંતરમાં પ્રવેશ કરવાનું અનિવાર્ય નિમંત્રણ અચાનક આવે છે; ત્યારે બીજે પક્ષે કેટલાક પુરુષો, જેના વિષે પ્રતિક્ષણ સમુદ્રનું તળિયું મપાવાનું અનુમાન પ્રેક્ષકો કરતા હોય, તેઓ કેટલોક સમય કદાચ સમુદ્રના અભ્યંતરમાં લુપ્ત થાય છે, પરંતુ એકદમ રબરના દડાની પેઠે ઉછળી સપાટી ઉપર આવી આખરે પોતાના વિજયનો ઘોષ કરતા જોવામાં આવે છે. કાલની આ શું ઓછી અકલનીયતા છે ! ભૂપૃષ્ઠ ઉપર અનેક ચક્રવર્તી રાજાઓ થઇ ગયા, અનર્ગળ લક્ષ્મીનો ઉપભોગ કરનારા અનેક થઇ ગયાં, પરંતુ આપણી અંતઃકરણભૂમિકા ઉપર સામ્રાજ્ય કોનું છે? સિકંદરનું કે શંકરનું ? લુકયુલસનું કે કાલિદાસનું ? પાંડવોની લડાઇ જેમ શ્રીકૃષ્ણ-ભગવાન્ લડયા તેમ યથાર્થ મહાપુરુષનો પક્ષ શ્રીકાલભગવાન્ લે છે. કોઇ પણ પુરુષે ભવિષ્યની પ્રજાને જે વારસો મૂકયો છે તે સુવર્ણમય છે કે કૃત્રિમ ધાતુનો છે તેની પરીક્ષા કાલાગ્નિ ઝટ કરી લે છે.

જનમંડલને પ્રૌઢ ઉન્નત સ્થિતિએ પહોંચાડનાર ત્રિપુટી આ છેઃ મુનિ, કવિ અને વીર. મુનિ પરમાર્થનું મનન કરી આરૂઢ સંયમબલ પ્રાપ્ત કરી સંકલ્પથી અન્યનું શ્રેય કરે છે; કવિ કલમની કુશલતા સંપાદન કરી પોતાના શ્રેષ્ઠ ઉદ્‌ગારો કાઢી ઉચ્ચ લક્ષ્યોનું હૃદયંગમ કથન કરે છે; અને વીરપુરુષ નિર્ભ્રાન્તપણે નિર્ભયતાથી શિરસાટે મહાકાર્યની સિદ્ધિ કરવા મથે છે. મહાપુરુષપંક્તિમાં કવિ આ પ્રમાણે ઉચ્ચ સ્થાન ભોગવે છે. ભર્તૃહરિ કહે છે તે યથાર્થ છે કે કવિની કીર્તિરૂપ કાયાને જરા અને મરણનું ભય નડતું નથી. કવિની પ્રતિભારૂપ ભાગીરથીમાં સ્નાન કરી પવિત્ર થવા વિદ્યાવિલાસીરૂપ યાત્રાળુ જનો

સદા ઉત્સુક હોય છે. શબ્દરૂપ ગરુડની પાંખથી લોક લોકાંતરમાં રમણ કરાવવા કવિ શક્તિમાન્ છે. કોકિલની પેઠે તેનું કમનીય કૂજન સંસાર સાથે જન્મ પામેલા અનેક ક્લેશોને પલાયન કરવાનું સૂચન છે. વર્ડ્ઝ્વર્થના કહેવા પ્રમાણે તે પ્રેમના તથા ચિંતનના ઉચ્ચતર વિષયો આપણને આપે છે અને પોતાના સ્વર્ગીય સંગીતથી આપણને અકલુષિત આનંદના ભોક્તા કરે છે. રત્નોથી શોભિતી કહેવાતી રાજસભા કવિના સંનિધાનથી યથાર્થ શોભાને ધારણ કરે છે. તેનું આશ્ચર્યકર પ્રભાવવાળું બુદ્ધિરૂપ પ્રથક્કરણયંત્ર મનુષ્ય, વનસ્પતિ, સમુદ્ર, તારા આદિના સાર અસાર ભાગને છૂટા પાડી દે છે. સૃષ્ટિદેવી પોતાના નૃત્યમાં હાજર રહેવાનું તેને નિમંત્રણ કરે છે. કુદરતની સાંકેતિક ભાષા સમજી તે તેની સાથે સંલાપ કરે છે, અને તેનું હૃદય વિશ્વજનને સમજાવે છે. બ્રહ્મશબ્દસાક્ષાત્કારની મસ્તીમાં પોતાનું જીવન વ્યતિત કરી તે મસ્તીનું લ્હાણું તે બહોળે હાથે વાચકવર્ગને કરે છે. એવો કવિ જો જગતમાં વન્દ્ય ન હોય તો પછી બીજો કોણ હોય ? એવા કવિનો સદા જય છે, અને તેની જયન્તી ઉજવવી એ અત્યંત ઉપયોગી છે, એટલું જ નહિ, પણ તેનાં કાવ્યનો આસ્વાદ લેનારાઓનું તેના પ્રતિ ઋણ હોવાથી તેથી મુક્ત થવું એ તે ભોક્તાઓનું કર્તવ્ય છે. પ્રસિદ્ધ ગુર્જર કવિઓની જયન્તી ઉજવવાની ગુજરાત સાહિત્ય સભાએ કરેલી વ્યવસ્થા આ કારણથી સર્વ રીતે અભિનંદનીય છે.

કવિનું જીવનવૃત્ત.

આ લઘુ નિબંધનો વિષય " ધીરો અને તેની કવિતા " છે. ઇતિહાસ તથા વ્યક્તિ ચરિતની સૂક્ષ્મ બાબતો ઉપર સ્વાભાવિક અલક્ષ, જનસમુદાયમાં વિદ્યાનુરાગીઓની સંખ્યાની ન્યૂનતા, અપ્રસિદ્ધ ગામમાં જન્મ, લેખનની કડાકૂટ, મુદ્રણકલાની અનુકૂલતાનો અભાવ,

અને દેશાંતર સાથે સંબંધ કરવામાં અનેક મુશીબતો-ઇત્યાદિ પ્રતિકૂલતાઓએ ધીરાના જીવનવૃત્તાંતને વિશેષે કરીને લોકવિદિત થતાં અટકાવ્યો છે, જો કે તે ભક્તના દેહવિલયને હજી પૂરૂં શતક થયું નથી. " એ ભાટ વડોદરા જિલ્લામાં સાવલી ગામનો રહેનાર ૧૮૮૦-૯૦ માં હતો એમ કહેવાય છે. "—આટલા શબ્દોમાં નર્મદ કવિએ એ ભક્તના જીવનનો સમાવેશ કર્યો છે તે આપણને આ કારણથી સમજાય છે. પરંતુ " પ્રાચીનકાવ્યમાલા " ની પ્રસિદ્ધ થતાં નર્મદની ટુંક હકીકતથી આપણને થતો ખેદ કેટલેક અંશે નિવૃત્ત થાય છે. એક ઉત્સાહી નરપતિ પોતાના સુદક્ષ મંત્રીની સલાહથી લોકોનાં જીવન ઉપર સ્થાયી અસર કરે એવા ઉપાયો કેવી રીતે લઈ શકે છે તેનું યોગ્ય ઉદાહરણ " પ્રાચીનકાવ્યમાલા " છે. એ ગ્રંથાવલિની પ્રસિદ્ધિથી ગુર્જર કવિતાપયસ્વિનીમાં એક જાતની રેલ આવી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તે સમયના ડિરેક્ટર રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા તથા શાસ્ત્રી નાથાશંકર પૂજાશંકરને પણ આ સંબંધમાં ઓછું માન નથી.

ગુજરાતની " રાજધાની " નું માન અમદાવાદને છે તો ગુજરાતની " કવિધાની " નું માન વડોદરાને છે. પ્રેમાનંદ, દયારામ, ધીરો, વલ્લભ, ગિરિધર-એ કવિઓ, જેમની કવિતા કોઈ પણ દેશના સાહિત્યને શણગારવા સમર્થ છે, તેઓની જન્મભૂમિ હોવાથી વડોદરા રાજ્યને " કવિક્ષેત્ર " એ અન્વર્થ સંજ્ઞા આપી શકાય. ધીરો સાવલી નજીક ગોઠડા ગામનો રહીશ હતો. તેની જન્મતિથિ સંબંધી પાકી ભાળ લાગી નથી, પરંતુ સં. ૧૮૮૧ ના આશ્વિન માસની પૂર્ણિમાએ ૭૨ વર્ષના વયે તેના શરીરનો અંત આવ્યો એવી તે ગામની વૃદ્ધોક્તિ ઉપરથી અનુમાન થાય છે કે તેનો જન્મ સં.

૧૮૦૯ ના અરસામાં થયો હશે. એ જાતે બ્રહ્મભાટ હતો, અને તેનો કુલધર્મ વૈષ્ણવ સંપ્રદાય હતો. ગુજરાતી ભાષાનું સાધારણ જ્ઞાન મેળવવા ઉપરાંત તેણે કોઈ પ્રકારનો નિયમિત અભ્યાસ બાલ-વયમાં કર્યો હોય એમ જણાતું નથી. તેણે પોતાનું જ્ઞાન સત્સંગની મહાપાઠશાલામાંથી મેળવ્યું હતું. એનું વય અ.સરે ૧૭ વર્ષનું થયું તેવામાં એના ગામસમીપ બાદરવા સંસ્થાનના એક ગામ આગળ મહીનદીના કોતરમાં એકાંત સ્થિતિ કરી રહેલા એક મહાત્માનો સમાગમ એને થયો. એ મહાપુરુષની શુશ્રૂષામાં ધીરા સાથે એના બે મિત્રો હતા. પોતાના ગુરૂ સંબંધી ધીરાના ભીતરના ઉદ્ગારો ઉપરથી સમજાય છે કે એ મહાત્માનો સમાગમ એને દીર્ઘ સમય પર્યંત રહ્યો હશે. પરિચયાંતે અંતે પ્રસન્ન થઈ મહાત્માએ ત્રણે જણને અનુગ્રહ કર્યો, અને ત્રણે જણને પરમાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. આ પ્રમાણે ધીરાના જીવનને મુખ્ય સંસ્કાર સત્સંગ-થી તરુણ વયમાં જ પ્રાપ્ત થયો. યોગાભ્યાસ પણ આજ અરસામાં કર્યો હોય એમ એના "યોગમાર્ગ" ઉપરથી સમજાય છે.

આ સંસ્કારને પોષનાર બીજો સમાગમ કવિને પોતાના ગામના જીભાઈ નામના ઔદિચ્ય બ્રાહ્મણ સાથે થયલો કહેવાય છે. એ શાસ્ત્રી વિદ્વાન્ હતા અને પુરાણકથા કરતા. તેમના નિયમિત અને શ્રદ્ધાળુ શ્રોતાઓમાં એક ધીરો ભક્ત હતો. જીભાઈ શાસ્ત્રી વિવિધ વિષયો ઉપર સંસ્કૃત શ્લોકો બોલી સમજાવતા અને ધીરો તે જ અર્થ ઉપર કવિતા કરતો. એ સમયમાં એણે કરેલી કવિતા કવિની પક્વ બુદ્ધિનું ભાન કરાવનાર નથી તો પણ બહુશ્રુતપણું મેળવવામાં અને ભાષા-સંસ્કાર પ્રાપ્ત કરવામાં એ સમાગમ ધીરાને ઉપયોગી થયો હશે એમ અનુમાન કરી શકાય છે. જો કે ધીરાનાં પ્રસિદ્ધ કાવ્યમાં એ સંબંધી કાંઇ પણ ઉલ્લેખ નજરે પડતો નથી—ઉલટી પુરાણીએ

ઉપર સખત ટીકા કરેલી જોવામાં આવે છે.

ગુરુના ઉપદેશથી સંસ્કૃત થયેલું ધીરાનું ચિત્ત સમય જતાં સત્ત્વના ઉદ્રેકવાળું થયું, અને ગન્તવ્ય માર્ગ પ્રતિ શિષ્યનાં પગલાં ઝડપથી પડવા લાગ્યાં. આખરે ધીરો ઉપદેષ્ટા તરીકે પ્રસિદ્ધ થયો, અને તેનું શિષ્યમંડલ જામવા લાગ્યું. એ મંડલમાં શામરાવ જીવનરામ ઉર્ફે બાપુસાહેબ ગાયકવાડ મુખ્ય હતા, જેમણે રચેલી કવિતા "કાવ્યમાલા" માં પ્રસિદ્ધ થઈ છે. ધીરાએ આસરે ૨૫૦૦૦ પદો જોડ્યાનું કહેવાય છે, પરંતુ તેના શિષ્યવર્ગમાં સામાન્ય રીતે સાક્ષરતાના અભાવે, તેમ જ ધીરાને જાતે પદો લખવાનો અભ્યાસ ન હોવાથી-પરંતુ તેના શિષ્યોને જે પદો રૂચે તે લખવાનું ધોરણ હોવાથી-તેનો ઘણો બોધ પ્રકાશમાં આવ્યો નથી, એ બહુ શોચનીય છે. "પ્રાચીન કાવ્યમાલા" ના પ્રકાશકોને એક પ્રસંગે કોઈ ઠેકાણેથી ધીરાભક્તની રચેલી કવિતાનો ગુટકો હાથ લાગતાં પ્રથમ તો તેમને ઘણો આનંદ થયો, પરંતુ જે માણસે તે લખ્યો હતો તેણે કાનોમાત્રા વાપરવાના સોગન ખાધા હોવાથી રાત દહાડો બોડિયા અક્ષર વાંચવાનો ધંધો કરનારા માણસો પણ તે ઉકેલવામાં મહાત થયા હતા. નીચે લખેલાં ધીરાનાં કાવ્યો પ્રસિદ્ધિમાં આવ્યાં છેઃ—

૧. ગુરુસ્વરૂપ. ૨. માયાસ્વરૂપ. ૩. મનઃસ્વરૂપ. ૪. તૃષ્ણાસ્વરૂપ. ૫. લક્ષ્મીસ્વરૂપ. ૬. યૌવનસ્વરૂપ.	આ કાવ્યો ધીરાભક્ત કૃત "**स्वरूप**" એ નામથી "પ્રાચીન કાવ્યમાલા" માં પ્રસિદ્ધ થયાં છે.

૭. મતવાદી. ૮. આત્મબોધ. ૯. જ્ઞાનકક્કો. ૧૦. ગુરૂધર્મ. ૧૧. શિષ્યધર્મ. ૧૨. યોગમાર્ગ.	આ કાવ્યો ધીરાભક્ત કૃત "કવિતા" એ નામથી "પ્રાચીન કાવ્યમાલા" માં પ્રસિદ્ધ થયાં છે.
૧૩. પ્રશ્નોત્તરમાલિકા.	આ કાવ્ય "પ્રાચીન કાવ્ય" માં પૃથક્ પ્રકટ થયું છે.
૧૪. અવળવાણી તથા પરચુરણ પદો.	આની પ્રસિદ્ધિ પ્રાચીન કાવ્ય નામના ત્રિમાસિકમાં તથા "બૃહત્કાવ્યદોહન" માં થઇ છે. આમાંનાં કેટલાંક પદો હિંદુસ્તાનીમાં છે.

ધીરા સંબંધી બે પ્રસંગો પ્રસિદ્ધમાં આવ્યા છે જે રમુજી હોવા ઉપરાંત—તે ભક્તકવિની વિચક્ષણતા સૂચવે છે. એક પ્રસંગ આ પ્રમાણે છે. ધીરાને મહીનદીમાં સ્નાન કરવા ઉપર બહુ પ્રીતિ હતી. દર રવિવારે તે સ્નાન કરવા નિકળતો, અને એક જ ઓવારે સ્નાન કરતો નહિ, પણ વારાફરતી જુદે જુદે સ્થલે ફરતો. કોઇ પ્રસંગે નર્મદાસ્નાનઅર્થે પણ તે વિચરતો. આ ઉપરથી તેને પોતાની કવિતા પરદેશમાં પ્રસિદ્ધ કરવાની એક અસાધારણ યુક્તિ સુઝી આવી. પોતે જે પદો રચ્યાં હોય તેને તુમડામાં કે વાંસના ભુંગળામાં ભરી તેના ઉપર ડુચો મારી બંને નદીના પ્રવાહમાં તે રવાને કરવા લાગ્યો, જેથી કાંઠા ઉપર આવેલાં ગામોના લોકોને તથા કદાચ દરિયામાં ફરનાર દેશદેશના વહાણવાળાઓને તે હાથ લાગે. તેની કાવ્યકલાની અને તે કલા પ્રસિદ્ધ કરવાની આ નૂતનકલાની પ્રશંસા કર્યા વિના ચાલે નહિ ! આ ચમત્કારિક યુક્તિ કેટલે અંશે સફલ થઇ તે જાણવામાં આવ્યું નથી, પરંતુ ધીરાનો શિષ્યવર્ગ જુદાં જુદાં ગામોમાં સારી પેઠે વિસ્તારને પામ્યો હતો, તેમાંથી થોડાએકનું આ યુક્તિથી આકર્ષણ થયું હોય એ અસંભવિત નથી. બીજો પ્રસંગ એ છે કે ધીરો એના ગૃહસ્થાશ્રમમાં જોઇએ તેવો સુખી નહતો. તેની સ્ત્રી ભોળી છતાં જલદ મિજાજની હતી. ધીરો જાતે પણ બહુધા ઉચ્ચ પ્રકારના સાત્ત્વિક વૃત્તિવાળો હોવા છતાં કોઇ વખત પોતાના જાતિસ્વભાવને વશ થઇ તપી જતો. એક વેળા એનો કોઇ સ્નેહી આવ્યો. એક તરફ અતિથિસત્કાર અને બીજી તરફ ગૃહસ્થાશ્રમના પોકળનું પ્રકટીકરણ—એ બેથી ધીરાના ચિત્તનો સારી પેઠે દ્વંધીભાવ થયો. આખરે ધીરાએ યુક્તિ શોધી કાઢી. તેણે "આંગણામાં જઇ મેમાનનું

કાંઈ ઘણા ભાવથી પકડયું અને તેને ખુશી ખુશાલીની વાતમાં નજીકના ચોરામાં લેઇ જઇ ઉતારો આપ્યો. ખાવા પિવાની તદબીર પણ કોઇ બીજી રીતે કરી લેવી પડી." ધીરાનું જ્ઞાન તેની વ્યાવહારિક કુશળતામાં બાધક નહતું, તે આ ઉપરથી જણાય છે.

શરીરનિર્વાહ અર્થે ધીરાને પોતાના ઘરની જમીન હતી; તે ઉપરાંત ભાદરવાના ઠાકોરે, વર પરણે ત્યારે રૂ. ૦ાા નો "તોરણ ઘોડા" નો લાગો વંશપરંપરા કરી આપી પોતાનો ભાવ દર્શાવ્યો હતો. એ હક ધીરાના વંશજો અદ્યાપિ ભોગવે છે. ધીરાના શિષ્યો પણ એ સંબંધમાં પોતાનું કર્ત્તવ્ય કરતા.

સદસદ્વિવેકના ઉદયથી ધીરાનું અંતઃકરણ જો કે સંપ્રદાયના બંધનોથી મુક્ત થયું હતું, અને તે બંધનો ઉપર સખત ખાસડાં મારેલાં તેની કવિતામાં આવે છે, તથાપિ વૈષ્ણવ સંપ્રદાયનાં કોઇ કોઇ અંગોનો સંસ્કાર તેનામાં અબાધકપણે રહ્યો હતો. માણેકઠારી પુનમે તથા કાર્તિકી પુનમની રાતે રાસ રમવા ડાકોરમાં અનેક સ્થલેથી ભરાતી મંડળીઓ તેને પ્રીતિજનક એક સંસ્થા હતી. આવી એક મંડળી નિકળતી અને તેમાં અગ્રેસરનું પદ ધીરાને આપવામાં આવતું. તેના ગામનાં લોકો તેના ઉપર બહુ માનની દૃષ્ટિથી જોતા, અને "ભગત," "દાદા" એમ કહીને તેને બોલાવતા. એના ઘરની પાસેના બ્રાહ્મણોના ચોરામાં ગામનું સાક્ષરમંડલ તથા શ્રોતૃમંડલ ભેગું થતું. ધીરો પણ ઘણીવાર ત્યાં જઇને બેસતો. તેના સમાગત અર્થે આવનારા મનુષ્યોનો સારો જમાવ ત્યાં થતો, અને ભજન કીર્તન પણ ત્યાં થતું. આ પ્રમાણે વિશુદ્ધ જીવન ગાળી ધીરાના શરીરનો અંત વૃદ્ધાવસ્થામાં સં. ૧૮૮૧ ના આશ્વિન માસની પુનમે આવ્યો.

ધીરાનો મુખ્ય ઉપદેશ.—ગુરૂ અને જ્ઞાન.

ધીરા સંબંધી જેટલું જાણવામાં આવ્યું છે તેના મુખ્યાંશોનો આટલામાં સમાવેશ થઇ જાય છે. હવે તેની કવિતામાં ગ્રહણ કરવા યોગ્ય સ્થાયી તત્વ શું છે તેનો ટુંકામાં વિચાર કરીએ. ધીરાનાં કાવ્યો ઉપર આપાતતઃ દૃષ્ટિ કરનારને પણ સ્પષ્ટ સમજાય એમ છે કે આદિથી અંત સુધી તેણે મુખ્યત્વે કરીને ગુરુતત્ત્વનો ઉપદેશ કર્યો છે. ગુરુરૂપ રેશમી સૂત્રથી તેણે પોતાની કવિતા મુક્તામાલાને પ્રોઇ છે. સાક્ષાત્ ગુરુતત્ત્વનું પ્રતિપાદન કરનારાં જો કે તેનાં બે જ કાવ્યો "ગુરુસ્વરૂપ" અને "ગુરુધર્મ" છે, તો પણ બીજાં કાવ્યોમાં પણ જ્ઞાનસિદ્ધિના આધારરૂપે ગુરુનું વર્ણન એવું સચોટ અને અસંદિગ્ધ છે કે તેના કર્તાને એક પરમ ગુરુભક્તિની સંજ્ઞા આપ્યા વિના આપણથી રહેવાતું નથી. પોતાના " કવિ " નામના નિબંધમાં મહાન્ વિદ્વાન્ અને સમર્થ વિચારક ઇમર્સન લખે છેઃ-*"જો કોઈ માણસ પોતાના કોઇ પણ વિચારથી ઉશ્કેરાઇ તેને એટલો બધો વશ થઈ ગયો હોય કે તે ગ્રંથકર્તાઓને તથા જનમંડલને ભૂલી જાય, અને તે વિચારના નિદિધ્યાસનમાં ને નિદિધ્યાસનમાં ગાંડા જેવો લાગે તો તેનો લેખ વાંચવા

---

* " If a man is inflamed and carried away by his thought, to that degree that he forgets the authors and the public, and heeds only this one dream, which holds him like an insanity, let me read his paper, and you many have all the arguments and histories and criticism. "—Emerson. *The Poet.*

મને આપો, અને બધા વાદવિવાદો, ઇતિહાસો અને વિવેચનના ગ્રન્થો ભલે તમે તમારી પાસે રાખો. ” ઇમર્સનનું આ વચન અક્ષરશઃ ધીરાને લાગુ પડે છે. ધીરાએ જે જે લખ્યું છે તે ગુરુની ધુનમાં લખ્યું છે; તેનું જીવન ગુરુમય થઇ ગયાનું આપણને સ્પષ્ટ ભાન થાય છે, અને તેના અતિ આવેશવાળા, પરંતુ માર્દવથી ભરેલા ઉદ્‌ગારો વાંચતાં આપણે પણ તે રંગથી થોડા ઘણા રંગાઇએ છીએ.

આ તી ગુરુની ધુન કે અંધશ્રદ્ધા હશે તે બીજાું કાંઈ ? એ શંકા કોઈ કોઈ વાચકના મનમાં થવી સંભવિત છે. પરંતુ ધીરાએ તે શંકાને નિરવકાશ કરવા બનતો પ્રયત્ન કર્યો છે એ કહ્યા વિના ચાલે એમ નથી. વ્યવહારમાં દીર્ઘદૃષ્ટિ અને સુદક્ષતાના ગુણોનો યોગ કરનાર ધીરાએ પરમાર્થમાં અધીરા થઇ નથી વિપરીત ગુણોની પ્રતીતિ કરાવી નથી, એમ એ જાતે કહે છે. મહાપુરુષોનાં લક્ષણોના પાકા પરીક્ષણ પછી જ એની ગુરુનિષ્ઠા બંધાયાનું આપણને સમજાય છે:—

“ તપાસી જોયા તપાસીરે, લપસી જોવા સાંઇ ભાળ્યા;
લપસી પડ્યા કિલટારે, સંશે કોઇએ નવ ટાળ્યા. ”

(ગુરુસ્વરૂપ.)

તેમ જ ધીરો પોતાના ગુરુના સ્વરૂપનું જે વર્ણન કરે છે તે ઉપરથી આપણી એ કાળજી દૂર થાય છે કે રખેને આંખે પાટા બાંધી કોઇ સાતપાતાળી કૂવામાં પડી તે આધ્યાત્મિક વિનાશને પામ્યા હોય. હક્સ્લિ એક ઠેકાણે કહે છે કે ‘ અમુક માણસ મને ખચીત અંતઃ-કરણપૂર્વક ધિક્કારે છે ’ એમ ખાતરીપૂર્વક જાણ્યા છતાં પણ જો કોઈ પુરુષના અંતઃકરણમાં વિકારનો સ્પર્શ ન થાય તો તેને ખરો તત્ત્વવિદ્

જાણવો.' એવો તત્વવિદ્ દુનિયામાં હશે કે કેમ એવો સંશય ઉચ્ચારી કુસ્લિ એવા પુરુષની અતિવિરલતા સૂચવે છે. વેદાંતમાં તો સમ-નિન્દાસ્તુતિઃ નિન્દા અને સ્તુતિમાં સમચિત્તતાને જીવન્મુકતનું એક લક્ષણ કહ્યું છે. આ સંબંધમાં પોતાના ગુરુવિષે ધીરે કહે છેઃ—

" કોક આવી પૂજેરે, તેની તો પૂજા પૂરી ગ્રહે;
કોઈ મૂર્ખ દૂભેરે, તેને તો કાંઇ નવ કહે.
પૂજે દૂભે કે નંદે વંદે કે, મારા ગુરુને સર્વ સમાન;
જેણે દેહમમત્વને મરડી નાંખ્યો, તેથી ઉભયનું એક ભાન,
આત્મારામ માંહિરે, નિમગ્ન ગુરુદેવ રહે. "

(ગુરુસ્વરૂપ.)

વળી અન્ય લક્ષણ પરત્વે—

" નિર્મળમાં નિર્મળ તો ગુરુકેરૂં હૈડું;
ભ્રમણ ન થાય કદિ જેમ ભમે પૈડું.
ભય જોઈ ભડકે નવ જોયું ઘણી વારે;
આહા હૃદય કેવું એ તો મારૂં થાય ક્યારે ?

સંતને મહંત કહાવે તે તો ઘણા ખોટા;
તમારા તે નથી ગુરુ ! જુગોજુગ જોટા.
તમે તો તમે છો એક, બીજા નથી કોઇ. "

(ગુરુધર્મ.)

જેના લાભથી કોઇ લાભ અધિક મનાયો નથી એવું જ્ઞાન જેવી તેવી સહેલાઇથી મળવા સંભવ નથી. ઠોકરો, પ્રહારો કસોટીઓ—એથી પ્રામાણ્ય વસ્તુનો મહિમા ઘટતો તેથી, પણ વધે છે. ધીરાને પોતાના અર્થની સિદ્ધિપૂર્વે એ કસોટીની અવસ્થામાંથી પસાર થવું પડ્યું હતું, એમ એ જણાવે છે.

" ગુરૂએ જોયો મુજનેરે, અલા મહા ગરજાણુ;
બહુ દિન રહ્યો બેસીરે; ખાધું કે ન ફરી વાળુ.
તોમ કાંઇ બોલ્યા નવ મુજથી, માત્ર કર્યો એક ઉચ્ચાર,
અહિં રહે તારો અર્થ ન સીધે, તું તારે ઘેર જાને આ વાર;
નથી દેવસેવારે, સંશય તારો સહુ ટાળું.
મારા નાથસમો મેં ન ભૂતળ નિરખ્યો, પરીક્ષાનો કરણહાર,
કિરતાર જેવું રૂપ કારમું, એક શુદ્ધસ્વરૂપી અવતાર;
બ્રહ્મા જેવા ભારે રે, ધીર ધરી પંથે વળું. "

(ગુરુસ્વરૂપ.)

મનુષ્યના અંતરમાં મહાપુરુષો પ્રતિ પૂજ્યભાવ કરતાં કોઈ આર્યતર અને દિવ્યતર લાગણી નથી એમ કાર્લાઇલ કહે છે તે યથાર્થ છે. મહાપુરુષોના સમાગમ અર્થે આદરાયલા વિકટ શ્રમના તથા તેથી પ્રાપ્ત થયલા મહાફલના ઇતિહાસ અનેક પૂરાવાઓ આપે છે. સર વૉલ્ટર સ્કૉટની આકૃતિનું દર્શન કરવા અર્થે તેનો એક પ્રશંસક માઇલના માઇલ ચાલી એડિનબરો પહોંચ્યો હતો. પોપ કવિના શરીરનો માત્ર સ્પર્શ કરવા અર્થે તેનો એક નામાંકિત પ્રશંસક ધક્કામુક્કીથી લોકોની ગિરદીમાંથી પસાર થયો હતો. શૅટોબ્રીઓડને વૉશિંગ્ટનનું દર્શન માત્ર એક જ વાર થયેલું, પરંતુ તેના જીવન ઉપર ન ભુંસાય એવી છાપ તેથી પડી હતી. આવા સ્વલ્પ પ્રસંગોની ભારે અસર સંબંધી જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે ગુરુની ઉપસત્તિ થતાં અને તેમના કસોટીમાંથી પસાર થયા પછી ધીરાના જીવનનું કેટલું બધું પરિવર્તન થઇ ગયલું હોવું જોઇએ ? એ પરિવર્તનનું ધીરો જાતે વર્ણન કરે છે, તે ઉપરથી આપણે ગુરુની યોગ્યતા, અને શિષ્યની

અનુકરણીય નિરભિમાનિતા તથા ઉચ્ચ પ્રકારની કાવ્યશક્તિ જોઇ શકીએ છીએ.

" ભાટ જેવી મારી વૃત્તિ હતી તે, ટાળી કરી બ્રહ્મ સમાન;
મુખવાણીમાં અમૃત સિંચ્યું, ગુરુ, થઇ દાતાર દીધું દાન.
મહાન્ ગુરુ દેવા રે, વા'લ કર્યું વા'લાવને. "

" પત્થર હતો પૂરો રે, તેને તો અમૂલખ કીધો;
અફળાતો ને ફૂટાતો રે, જોઇ ઉંચલી લીધો.
કોઈ પર્યટને હાથ પડ્યો હોત, કર્મને પૂરે જોગ;
પાણીમાં નાંખી પટકુળ અફાળી, ભોગાવત ભવિષ્યના ભોગ;
રોગ રગે રગમાં રે. રહેત વાંકો સીધો.
સલાટકેરે હાથ ગયો હોત, તો ટાંકી ટાંકી કરત સપાટ;
કોક ગુપ્ત સ્થળે એવો ગાડત મુને, નિશદિન રહેત ઉચ્ચાટ;
કંઇક સારે ભાગ્યે મૂર્તિ રે, ઘડી કહેત પ્રેમ પીધો.
એવું તેવું કે અવનવું કાંઇક, થાત મારૂં નિર્ધાર;
પણ સારે ભવિષ્યે હું ગુરુકર આવ્યો, તેણે પત્થર તાર્યો સંસાર;
મહા મનોહર કીધો રે, જાળવી ઉંચલી લીધો.
ઘડ્યો નહિ કે ગણ્યો નહિ ગજથી, શબ્દવડે સમાર્યો સાર;
સારામાં સારો કર્યો ગુરુદેવે, પારાવાર પમાડી પાર;
ધીરે ધીરે ધીંગો રે, કર્યો જોઇ ભલુ લીધો. "

(ગુરુસ્વરૂપ.)

" કોડીનો હતો તે લાખનો કરિયો, એ ગુરુજીનો પ્રતાપ;
આપ સમાન કર્યો અઘ ટાળી, કોણ ભૂલે એ ગુરુજીનો જાપ?
તાપ ગયા મીરા રે, કક્કા કાય શાતા વળી. "

(જ્ઞાનકક્કો.)

જે કવિ રોમાંચને જાતે સમજ્યો નથી તે અન્યને રોમાંચ શા રીતે કરી શકશે ? ધીરામાં યથાર્થ કવિનું એક લક્ષણ સર્વાંશે છે. ધીરો સત્સંગથી પૂર્ણ રીતે પુલકિત થયો હતો, અને એ કારણથી તે આપણને પુલકિત કરે એવા ઉદ્દગારો કાઢવા શક્તિમાન્ થયો છે. ગુરુની લગનીમાં તે સર્વત્ર ગુરુનું ભાન કરવાનો, ગુરુધ્યાનથી ઈશ્વર-ધ્યાનને ગૌણ માનવાનો, ગુરુરૂપ સૂર્યથી હૃદય વિકસિત કરવાનો, ગુરુરૂપ અલંકાર ધારણ કરવાનો, અને ગુરના નિદિધ્યાસનની મસ્તીમાં રહેવાનો ઉપદેશ રસમય અને આલંકારિક ભાષામાં કરે છે.

" ઘટ ઘટ ભીતર ગુરુ ભરિયો;
એવું કરનાર સહજમાં તરિયો. "

(શિષ્યધર્મ.)

" કેશવનું કીર્તન નવ કરવું;
બ્રાહ્મણ ડરાવે તો નવ ડરવું.

કીર્તન કરવું ગુરુનું તારે;
સાચી વાત કહેવી છે મારે. " („ „)

" જેમ જેમ ચઢશે ગુરુકેરી ભક્તિ;
ત્યમ ત્યમ ખીલવાની વાધે શક્તિ.

પૂર્ણ પ્રભા પ્રતાપ થશે ત્યારે;
હ્રદેકમલ તો ખીલશે જ્યારે.

પછે ગુરુપરાગ સમેત અલ્યા;
બીડી દેજે કમલ તું ભાવે ભલા. " („ „)

" મારા ગુરુજી બેઠા તે સોનું;
બીજું સોનું મારે લેવું કોનું ?

ઘડવા ગુરુરૂપી સુવર્ણના ઘાટ;
ગણી મહામોંઘું ટાળવા ઉચ્ચાટ " („ „)

" પ્રેમમસ્તાના તો તારે થાવું;
રંગમાં રેળાઇ રંગાઈ જાવું.

અલમસ્ત થવું મતબાલા;
ગુરુપ્રેમની જપવી માળા. " („ „)

તત્ત્વજ્ઞાનમાં ગુરુની આવશ્યકતા છે કે નહિ એ વિષય આ નિબંધમાં ચર્ચવો અસ્થાને છે. શાસ્ત્રમાં શ્રદ્ધાવાળા પુરુષો તો સ્વીકારે છે જ કે જો પંગુ હિમાલય ઉપર ચઢે તો ગુરુ વિના સાધક બ્રહ્મવિદ્ થઇ શકે. શાસ્ત્રમાં શ્રદ્ધાને કોરે મૂકી યુક્તિથી વાદ કરનારાઓને આ ગહન વિષય સંબંધમાં સમાધાન થાય એવું પ્રતિપાદન આ નિબંધની સ્વલ્પ મર્યાદામાં કરવાની ધૃષ્ટતા આ લેખક ધરતો નથી. પરંતુ, ધીરા જેવા પ્રસિદ્ધ કવિએ જ્યારે એ વિષય ઉપર સઉથી વધારે ભાર મૂક્યો છે, ત્યારે તેનો બોધ વાચક હૃદયમાં દૃઢતર કરે એવું ટુંક સમર્થન પ્રસંગોપાત્ત અનુચિત નહિ ગણાય. પ્રત્યેક મનુષ્યમાં પોતાની જાતનું ઓછું વધતું અભિમાન હોય છે, અને તેથી બહુધા કારણ વિના તે કૃતજ્ઞતાની લાગણી દર્શાવવા પ્રેરાતો નથી. બીજાં કારણો સમાન હોય તો કૃતજ્ઞતાનું તારતમ્ય ઉપકર્તાના ઉપકાર ઉપર આધાર રાખે છે.

પિતાનાં વ્યભિચારકૃત્યોથી વાકેફ થયલો પુત્ર તે પિતાના મરણ પછી તેનું સત્વર વિસ્મરણ કરે છે; વારસો મળ્યો હોય છે ત્યારે તો કેટલોક વખત અધિક સંભારે છે. વારસો મૂકી જનાર સામાન્ય ગુણવાળા પિતાનું તેથી વિપ સ્મરણ થાય છે. પરંતુ વિત્તનો વારસો

મૂકી જવા સાથે અમૂલ્ય નીતિશિક્ષણનો વારસો જેણે અર્પણ કર્યો છે એવા પિતાને પુત્ર યાવજ્જીવન સંભારે, અને તેના પ્રતિ પોતાની કૃતજ્ઞતા દર્શાવતાં થાકે નહિ તો એ અસ્વાભાવિક નથી. પિતા સંબંધી જેવા ભેદ પડે તેવા ગુરુ સંબંધી પણ પડે છે. શિક્ષણ સ્થૂલ રીતે પાંચ પ્રકારનું હોય છેઃ—૧. શારીરશિક્ષણ; ૨. માનસશિક્ષણ; ૩. નીતિશિક્ષણ; ૪. સામાન્યધર્મ શિક્ષણ; ૫ ઉચ્ચ આધ્યત્મિક શિક્ષણ. નિશાળમાં ઉસ્તાદ વિદ્યાર્થીઓને શારીરશિક્ષણ આપે છે, પરંતુ કોઈ વિદ્યાર્થીએ પોતાના ઉસ્તાદની સ્તુતિનું કાવ્ય રચી સાહિત્ય શણગાર્યું નથી એથી સિદ્ધ થાય છે કે શરીર સંબંધી બાબતો પ્રમાણમાં ઉતરતી છે; અર્થાત્ તત્પરત્વે યથાર્થ કૃતજ્ઞતાનો ઉદય થતો નથી. શરીર કરતાં વિદ્યા સ્થાયી તત્ત્વ છે તેથી માનસશિક્ષણ રૂપ ઉપકારને પામેલો મનુષ્ય ઉપકર્તા પ્રતિ વિશેષ કૃતજ્ઞતા દર્શાવે છે. વિદ્યા કરતાં નીતિ શ્રેષ્ઠ છે; યથાર્થ નીતિ, ધર્મના અવલંબન ઉપર રચાયલી હોવાથી નીતિ કરતાં ધર્મ શ્રેષ્ઠ છેઃ અને યથાર્થ ધર્મનું લક્ષ્યસ્થાન અવર્ણનીય આધ્યાત્મિક ઉન્નતિ હોવાથી સામાન્ય ધર્મશિક્ષણ કરતાં આધ્યાત્મિક શિક્ષણ શ્રેષ્ઠ છે. આથી જે મનુષ્ય પોતાના ગુરુ પાસે શ્રેષ્ઠ આધ્યાત્મિક શિક્ષણ પામ્યો હોય તેની કૃતજ્ઞતા જો કદાપિ અમર્યાદ રૂપ ધારણ કરે તો તેમાં આશ્ચર્ય પામવા સરખું કશું નથી.

આ લેખકને ત્યાં એક દર્પણ છે તેમાં એક પક્ષીએ એક દિવસ પોતાનું પ્રતિબિંબ જોયું. તે જોઇને તે એટલું તો મોહિત થઇ ગયું કે કેમે કર્યું ત્યાંથી તે ખસે નહિ. ધીરે ધીરે તે પોતાનાં સગાં વહાલાંને તેડી લાવ્યું. અંતે એ ઉપાધિ એટલો બધો વધી પડયો કે દર્પણને ઉંધું રાખવાની જરૂર જણાઇ. તેમ કર્યા પછી પણ પક્ષીઓ કેટલાક દિવસ

સુધી આવ્યાં, પરંતુ નિરાશ થઇ પાછાં વળ્યાં. ત્યાર પછી બારણું જોવા અર્થે લેખકે તે દર્પણને પાછું ચત્તું મૂક્યું કે તરત જ, જાણે તેમ કરવાની પ્રતિક્ષણ રાહ જોતાં હોય એમ, પક્ષીઓ પાછાં દોડી આવ્યાં. આજે પણ લેખક તે પ્રયોગ કરે તો તેવો જ પરિણામ આવે એવી તેને ખાતરી છે. પોતાના શરીરના સાક્ષાત્કારથી પ્રાણીને જ્યારે આટલો મોહ થાય છે ત્યારે પોતાના આત્માના સાક્ષાત્કારનું અમોઘ શિક્ષણ આપનાર ગુરુ પ્રતિ શિષ્યની કૃતજ્ઞતાનું માપ કાઢવા કયો માનવી સમર્થ છે ?

પાશ્ચાત્ય વિદ્યાના સંસ્કારને પામેલા ઘણાને આ વિષયમાં ભ્રાંતિ થાય છે, પરંતુ આર્યશાસ્ત્રમાં અને પાશ્ચાત્ય સંપ્રદાયમાં તત્ત્વજ્ઞાન પ્રતિ જે દૃષ્ટિભેદ છે તે ઉપર લક્ષ કરતાં એ ભ્રાંતિ નિર્મૂલ થવી શક્ય છે. પાશ્ચાત્ય દેશોમાં માનસશિક્ષણ ઉપર--અર્થાત્ જેને આપણે અપરા વિદ્યાઓ કહીએ છીએ તેના ઉપર--પ્રધાન લક્ષ આપવામા આવે છે, અને જોકે તત્ત્વજ્ઞાનને પણ ત્યાં સારી રીતે ખેડવામાં આવે છે તો પણ એ સર્વ વિશેષે કરીને મનોવિલાસરૂપે કરવામાં આવે છે, અને સંયમબલ, જે આધ્યાત્મિક ઉન્નતિનો પાયો છે, તે સંબંધી તેઓ બહુ કરીને હજી અંધારામાં છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.* આપણાં શાસ્ત્રોનું આપણે અધ્યયન કરીશું તો એકાગ્રતા—વૃત્તિનિરોધ—સંયમ એને તેમાં સર્વસ્વ માનેલાં આપણને જણાશે. તત્ત્વજ્ઞાન સંબંધી આ દૃષ્ટિભેદ, જેથી કર્તવ્યમાં પણ મહાભેદ નિપજે

* સંયમબલ સાધવાના ખાસ હેતુથી અમેરિકામાં કેટલાંક વર્ષ થયાં જે પ્રયત્નનો ઉદય થયલો જોવામાં આવે છે તે કારણથી આ વચન તે દેશને તેટલા અંશમાં લાગુ પડતું નથી.

છે, તે ત્યાંના ગંભીર વિચારકોની મતિ બહાર નથી. પ્રોફેસર મૅક્સ્-મ્યૂલરને તે સંબંધી નીચે પ્રમાણે ખેદનાં વાક્યો લખવાની જરૂર પડી છે:—* " આ વૃત્તિનિરોધ, જેને હિંદુઓ એકાગ્રતા કહે છે તે એક એવી વસ્તુ છે કે આપણે તેથી લગભગ અજ્ઞાન છીએ.આપણાં મન નિરંતર ચલાયમાન થતા વિચારયંત્રો જેવાં છે,અને એક જ વિષયનું અવલંબન કરી બીજા સર્વ વિજાતીય વિષયોથી આપણાં માનસનેત્ર બંધ કરી દેવાં

* " This concentration of thought, *ekagrata* or one-pointedness, as the Hindus called it is something to us almost unknown. Our minds are like kaleidoscopes of thoughts in constant motion; and to shut our mental eyes to everything else, while dwelling on one thought only has become to most of us almost as impossible as to apprehend one musical note without harmonies. With the life we are leading now, with telegrams, letters, newspaper reviews, pamphlets, and books ever breaking in upon us, it has become impossible or almost impossible, ever to arrive at that intensity of thought which the Hindus meat by *ekagrata,* and the attainment of which was to them the indispensable condition of all philosophical and religious speculation."—Max Mullar, *Upnishads, Part I* (Sacred Books of the East.)

એ આપણને લગભગ સ્વરસંવાદ વિના સંગીતને સમજવા જેવું અશક્ય થઇ પડ્યું છે. હાલ જે પ્રકારે આપણે જીવનને વ્યતીત કરીએ છીએ તેનો, તથા તારો, કાગળો, વર્તમાનપત્રો, અવલોકનપત્રો, અને નાનાં મોટાં પુસ્તકોનો નિરંતર આપણા ઉપર હુમલો થતો રહે છે તેનો એ પરિણામ આવ્યો છે કે જે વૃત્તિસંયમને હિંદુઓ એકાગ્રતા કહે છે અને જેની સિદ્ધિની અનિવાર્ય આવશ્યકતા તેઓ સર્વ પ્રકારના તત્ત્વજ્ઞાન સંબંધી અને ધર્મ સંબંધી વિચારોમાં માનતા, તે સંપાદન કરવી એ આપણને કેવલ અશક્ય અથવા લગભગ અશક્ય થઇ પડ્યું છે." એકાગ્રતા ઉપર જ્યાં અલક્ષ હોય છે ત્યાં એકાગ્રતાની દીક્ષા આપનાર ગુરુ ઉપર અલક્ષ હોય, અને એકાગ્રતા જ્યાં સર્વસ્વ છે ત્યાં તેની દીક્ષા આપનાર ગુરુ પણ સર્વસ્વ હોય એ સ્વાભાવિક છે, તેથી ધીરાની નીચેની ઉક્તિથી આપણને આશ્ચર્ય થવા સરખું નથી—

"સદ્ગુરુ દરિયો અભરે ભરિયો, વરિયો અમર વરસ્વામ;
મરજીવો કરિયો હરિયો સંશય, તરિયો તૃષ્ણા તમામ;
ધરિયો ધીરે ધ્યાને રે; આવી પડ્યું તે તો સહ્યું."

(તૃષ્ણાસ્વરૂપ.)

ધીરાની હંસવૃત્તિ

હંસવૃત્તિ ધીરાનું પરમ ભૂષણ છે. કવિના આવેશમાં વસ્તુસ્થિતિ પ્રતિ તેનાં નેત્ર મિંચાઇ જતાં નથી. જ્યાં જ્યાં તેને સાર વસ્તુનું ભાન થયું છે ત્યાં ત્યાં એણે નિરભિમાનપણે સ્તોતૃધર્મ બજાવ્યો છે, અને જ્યાં જ્યાં એને સડો માલમ પડ્યો છે ત્યાં ત્યાં એણે છરીનો પ્રયોગ કરવામાં પણ કચાશ રાખી નથી. યથાર્થ ગુરુનાં ગુણોનું માન

ઉપર પ્રમાણે કરવા સાથે યથાર્થ ઉપદેષ્ટાઓને ઉઘાડા પાડવામાં તે ડર્યો નથી; તેમના મિથ્યા તેજથી તે અંજાયો નથી. જે ધીરો ગુરુની આવશ્યકતા જણાવતાં કહે છે કેઃ—

" રામનામની ધૂન લગાડીશ, તેણે મુક્તિ નહિ મળે જાણ;
ગુરુ કેરો પ્રેમ થાય તું ઉપર, પહોંચે શબ્દકેરૂં પ્રમાણ;
તરી જઈશ તેણે રે, વંઢીશ નહિ કદિ વાને. "

(જ્ઞાનકક્કો.)

તે જ ધીરો વળી ગુરુના કર્તવ્યની યથાર્થ મર્યાદા બાંધવાની કાળજીમાં વદે છે—

" કોઇ સાચો સદ્‌ગુરુ મળી આવશે તો, સ્હાશે બુડતા કેરી બાંહ્ય;
પણ તુને તરવાની નહિ હોય ઇચ્છા, તો તે કરી શકે નહિ કાંય;
તજી તને જાશે રે, વસાવશે નહિ વાસે. " (પ્રશ્નોત્તર માલિકા).

શિષ્યની મુમુક્ષુતા અને ગુરુનો ઉપદેશ—એ પ્રમાણે બંને અંગોની શાસ્ત્રીય જવાબદારી ધીરો પાકી રીતે સમજ્યો હતો, અને કવિ તરીકે વચમાં પડી કોઇની જવાબદારીમાં અનુચિત વધારો ઘટાડો કરી તે ઉપહાસપાત્ર થયો નથી. મહાત્માનો આડંબર ધરી બેસતા કણબી, કાછીઆ, તેલી, તંબોળી જેવા સોંઘા ગુરુઓ; પોતાને ભવિષ્યવક્તા અને દેવીના દીકરા માનનાર, તથા ગુરુપદને પોતાના બાપનું ગણનાર ભાટ ચારણો; ગોપીગીત અને રાસલીલા મધુર કંઠથી ગાનાર, પરંતુ તેનું રહસ્ય સમજી તેને અંતરમાં ઉતારવામાં ગર્દભ જેવી મતિવાળા, ભેંસ જેવા શ્રોતા આગળ ભાગવત વાંચવામાં આયુષ વ્યતીત કરનાર પરંતુ પોતાનું વાસ્તવ શ્રેય સાધ-

વામાં પ્રમાદી, અને પરસ્ત્રીનું હૈયું હરી પોતાની તથા તેની અધો-ગતિ સાધવામાં કુશલ પુરાણીઓ; ભેંસ ભડકે એવાં ટીલાં કરનાર મિથ્યાત્યાગીઓ અને દાંભિક ઉપદેશકો; પોતાનાં સગાંને ઉપેક્ષી નવો મામો અને નવી મામી કરનાર મતવાદીઓ, અમુક મંદિરમાં પરમેશ્વર પૂરાઇ રહ્યા છે એમ માનનાર અધમ ભક્તો ; મૂર્ત્તિને ફૂલ ચઢાવવા અર્થે જલાશય, પર્વ, અરણ્યમાં પ્રવેશ કરનાર, પરંતુ પોતાના મસ્તકકમલનું સત્ય પરામાત્માને અર્પણ કરવામાં કાયર નિકૃષ્ટ મૂર્ત્તિ-પૂજકો– એ સર્વ જનમંડલનો સડો ધીરો જુસ્સાવાળી ભાષામાં નિર્ભયપણે પ્રકટ કરે છે.

પ્રત્યેક ધર્મમાં અને સર્વ સામાજિક સંસ્થાઓમાં તત્ત્વરૂપ ભાગ (spirit) અને નામરૂપાત્મક અતત્ત્વરૂપ ભાગ (from) હોય છે. અતત્વરૂપ ભાગ તત્વરૂપ ભાગનું કેટલેક અંશે આચ્છાદન કરે છે, કેટલેક અંશે તેની ગુપ્તિ કરે છે, અને કેટલેક અંશે તેનો મહિમા વધારી તેને સામાન્ય જનગ્રાહ્ય સ્થિતિમાં આણે છે. પરંતુ, જ્યારે અતત્વરૂપ ભાગનું આધિક્ય એટલું બધું થઇ જાય કે તત્વનું વિસ્મરણ થઇ જવાનો સંભવ આવે ત્યારે તીક્ષ્ણ શબ્દરૂપ મુશળપ્રહારથી છોડાંને ફુટાં પાડી સૌન્દર્યસાર સાર વસ્તુનું દર્શન કરાવવું એ કવિનું કર્ત્તવ્ય છે. ધીરાએ આ કર્તવ્ય બજાવવામાં કસર રાખી નથી. વૈષ્ણવ માને છે કે શૈવ નરકે જશે, શૈવ માને છે કે વૈષ્ણવ નરકે જશે, અને ક્રિશ્ચિયન માને છે કે વૈષ્ણવ અને શૈવ બંને નરકે જશે —એમ મુક્તિનું મહારત્ન પોતાને માટે અને પોતાનાને માટે પચાવી પાડવાનું મહામોર્ખ્યવિલસિત કરનાર મંદમતિઓના પ્રબોધ અર્થે ધીરો પૂછે છે—

" અજાનો વાડો કૂકડીનો વાડો, ગાયો ભેંસોનો વાળિયો વાડોઃ
જે અબંધ સ્વાતી બંધમાં ના'વે, મુને વ્યાઘ્રનો વાડો દેખાડો. "

(પ્રાચીનકાવ્ય, ધીરાભક્તની કવિતા)

અને સચ્ચિદાનન્દરૂપ " સિંહવાડા " નો આશ્રય લેવાનું કહી સનાતન ધર્મના વ્યાપક તત્ત્વને ઉઘાડું કરે છે—

" એ વાડા અખાડા મૂકીને આડા, શાણા જાયે સિંહવાડે,
સોહં સાધી સચ્ચિદાનંદ શોધી, અડે અલખ અખાડે;
ધીરા હીરા વીરા રે, ધણીનું ધ્યાન ધરવાને. " („ „)

તેમ જ પોતાનું ઉચ્ચતમ હિત સાધવાનો અધિકાર સર્વ મનુષ્યોને હોવાથી બ્રાહ્મણોને, પુરાણીઓને તથા વેદાંતીઓને તત્સંબંધમાં અભિમાનથી મુક્ત રહેવા તે કહે છે—

" તાણિયાં પિંજરાં જ્ઞાની ગણાયાં, માને જેને બ્રહ્મરાજ;
અંત્યજ આદિ પૂજાઇ ગયા ત્યાં, કોશું વાડાનું કાજ ?
રાજ ધીર રીઝે રે, નવ જુએ કીડી કરી. " (પ્રશ્નોત્તર માલિકા)

" Heaven is a condition, not a place " (સ્વર્ગ એ કોઇ સ્થળ નથી, પરંતુ અંતઃકરણની સ્થિતિ છે)—તેમ ધીરાના કહેવા પ્રમાણે સત્ત્વગુણનો ઉદય એ જ સ્વર્ગ છે, બીજી માથાફોડ કરવાની જરૂર નથી; તમોગુણનું પ્રાબલ્ય એ જ એકવીસ નરકનો મેળો છે; આત્મસ્વરૂપને ઓળખાવનાર માર્ગ એ જ સુપંથ છે; ચિત્તવિક્ષેપ કરાવનાર માર્ગ એ જ કુપંથ છે; અભેદ એ જ જ્ઞાનીનો આહાર છે; ભેદ એ જ અજ્ઞાનીનો આહાર છે; વાસનાને જિતનાર જ શૂર છે; અને વાસનાથી જિતાનાર જ ભીરુ છે.

ધીરાનું વેદાન્ત અને તેનો વૈરાગ્યોપદેશ.

જેને વિષે વાદવિવાદનો પાર આવતો નથી એવી વેદાન્તની કૂટ બાબતોમાં ઉતરવાથી કવિ કંઇ અર્થસિદ્ધિ કરી શકતો નથી. એવી બાબતોમાં ધીરો જાણી જોઇને ઉતર્યો નથી. વેદાંતનું સામાન્ય સ્વરૂપ એણે ઓછામાં ઓછા પારિભાષિક શબ્દો વાપરી સામાન્ય જનોને સમજાય એવી સરલ ભાષામાં સ્પષ્ટ કર્યું છે."માયા સ્વરૂપ"-માં માયાનું તેના કાર્ય મોહરૂપે પ્રથમ સ્થૂલ સ્વરૂપ બાંધી, ધનમોહ, વિદ્યામોહ, પુત્રમોહ, સ્ત્રીમોહ, કીર્તિમોહ-ઇત્યાદિ તેની શાખાપ્રશાખા દર્શાવી, અંતે ધીરાએ તેને અનિર્વચનીય કહી છે.

" મહંત સંત ઘણા થયા તેણે, માયાનાં વર્ણન કીધ;
અનિર્વચનીય તો સઉ જન કહે છે, જાણી તેણે તો દુંદુભિ દીધ;
શૂન્યશિખરે જઇ શોધી રે, દાસ ધીર જ્યાં ગાઇ. "

(માયાસ્વરૂપ,)

" અવળવાણી " માં તે કહે છે કે તલને ઓથે જેમ તેલ રહ્યું છે અને કાષ્ઠમાં જેમ હુતાશન રહેલો છે તેમ વિશ્વપ્રપંચના સ્ફોરકરૂપે પરમાત્માતત્ત્વ સ્થિત છે. દ્વૈતાવિર્ભાવનું સ્પષ્ટીકરણ કરતાં તે " આત્મબોધ " માં કહે છે કે બ્રહ્મ પોતાની મેળે પોતામાંથી એપણું કર્યું છે (**स आत्मानं स्वयमसृजत**). "પ્રશ્નોત્તરમાલિકા"-માં તે કહે છે કે, બ્રહ્મ સર્વ પદાર્થમાં સત્તારૂપે છે, સર્વનું અધિષ્ઠાન છે, ચિન્માત્ર છે, અને અસત્ય માયા તથા તેનાં કાર્ય જગતથી અલિપ્ત છે; શરીરાદિ સર્વ પદાર્થ ચિત્તની કલ્પના માત્ર છે, સર્વ અનુભવોનું આશ્રયસ્થાન ચિત્ત છે, અને બંધમોક્ષ પણ એને લીધે જ છે. "પ્રશ્નોત્તરમાલિકા" માં જ્ઞાન અને કર્મની તુલના સાથે જ્ઞાનનાં સાધનો જીવન્મુક્તિ તથા જીવન્મુક્તવ્યવહાર-ઇત્યાદિ વિષયોનું પ્રતિપાદન બહુ સ્પષ્ટ રીતે કરવામાં આવ્યું છે. એ ગ્રંથ ગીતાના

સરલ ભાષ્યરૂપે ઉપયોગી છે, અને તેમાં શાંકરવેદાંતની છાયા સ્પષ્ટ આવે છે. "અવળવાણી" નાં કેટલાંક પદોમાં ધીરાએ વેદાંતમાં ઉંડી ડુબકી મારી છે, અને શબ્દરચના આલંકારિક હોવા સાથે બહુ મનોહર છે. "આત્મબોધ", "પ્રશ્નોત્તરમાલા" અને "યોગમાર્ગ"-માં વાસ્તવ કાવ્યનો ભાગ બહુ થોડો છે.

પરંતુ વેદાન્તના મુખ્ય અંગ વૈરાગ્યની ખીલવણીમાં ધીરાની કવિત્વશક્તિને પૂર્ણ અવકાશ મળ્યો છે. "મનસ્વરૂપ", "તૃષ્ણાસ્વરૂપ", "યૌવનસ્વરૂપ", "લક્ષ્મીસ્વરૂપ," "કાયાસ્વરૂપ", એ કાવ્યો **યોગવાસિષ્ઠને** અનુસરતી યોજના ઉપર ધીરાએ લખેલાં જણાય છે, પરંતુ તેમાં વિચાર ધીરાના સ્વકીય છે, અને તેના પ્રવાહમાં વાચક અનાયાસે ઘસડાઇ જાય છે. ધીરાની ઉંચી કવિત્વશક્તિ તથા તેના અંતઃકરણનો ઉચ્ચાધિકાર પણ વાચકને એથી સ્પષ્ટ સમજાય છે. મસ્તાન મનના ચાપલ્યથી હારેલો ધીરો એક ક્ષણે બાલકની પેઠેઃ—

"પરમેશ્વર કરી તું જ પૂજાવે, તું જ મગાવે ભીખ;
શાણા કેરૂં સ્વરૂપ ધરી તું, દેવડાવે લોકને શીખ;
બ્હીક ઘણી લાગે રે, તારો તાર્યો હું તો તરૂં.
તું થાય ચાકર તું થાય ઠાકર, તું થાય દેવાધિદેવ;
તુહિ તુહિ એક મનડા તુજને હું ભજું તજી અહમેવ;
સેવ સાધું તારી રે, વશ થવા વા'લે વરૂં."

(મનસ્વરૂપ.)

એ પ્રમાણે સ્વાભાવિક વિષાદના ઉદ્‌ગાર કાઢે છે તો બીજે ક્ષણે અસાધારણ જુસ્સાવાળી ભાષામાં યુવકને છાજતા વીરત્વથી દાંત પીસી તે મનનો નિગ્રહ કરવાનો ઉપદેશ કરે છેઃ-

" નાસી નાસી એ જાય શું નરથી, નર વશ કરે મોટા વાઘ;
મર્કટાદિકને માનવ કરે છે, ફેરવે પહેરાવી પાઘ;
ડાઘ લાગે દિલને રે, પકડો એ તો છડાને.
બાંધી રૂંધી એને રાખો બળથી, કરો કંઇ કેદ;
મારો મચરડો ને ઘાલો ઘચરડો, પૂરી કાઢી નાંખો એની પેદ;
ભાર શા છે એના રે, વશ કીધા વડાને. "

(મનસ્વરૂપ.)

ભર્તૃહરિએ " વૈરાગ્યશતક " માં તૃષ્ણાનું આબેહુબ સ્વરૂપ ચિત્ર્યું છે તેથી ધીરાનું સ્વરૂપ કંઈ ઉતરતું નથી. ધીરાના કહેવા પ્રમાણે તૃષ્ણા, તળે હોય તેને ઉપર ચઢાવતી અને ઉપર હોય તેને હેઠે હડસેલતી, કામ ભૂલાવનારી અને ધામ ભૂલાવનારી, અવળચંડી, ઘુઘરા વિના નાચ કરનારી વારાંગના છે. ખરો વંટોળિઓ પણ તૃષ્ણાનો જ છેઃ—

" તારા ઉદરમાં વંટોળીઓ ફરતો, તેને ઝલાય તો ઝાલ. "

(તૃષ્ણાસ્વરૂપ.)

લક્ષ્મીનું ચાપલ્ય અનેક પ્રકારે વર્ણી ચોરભયથી ગ્રસ્ત સંપત્તિના ધણીની સ્થિતિનું વિશદ નૂતન ચિત્ર ધીરો આપે છેઃ—

" ઘરમાંહિ ચુવા જો ચરભડતા તો, તુંને સંશય થાય ચિત્ત;
હાય ચોર ચોરી જાય મારૂં, મહાશ્રમે મેળવ્યું વિત્ત;
ઉંઘમાંથી ઉઠે રે, શાંતિ રજ નવ ગ્રહે.
દ્વાર કોકનું કોક ઠેલે તોય, તુજને ચિંતા થાય;
એક શ્વાન દેખી બીજું ભસે સ્વભાવે, તોય ઝુરાઇ તું જાય;
હાય આવ્યો ચોરજ રે, ઉઠો દીકરા એ દહે. "

(લક્ષ્મીસ્વરૂપ.)

અનેક દુર્વ્યસનોની જનની નશ્વર જુવાનીનો મોહ ત્યજવા ધીરો અસરકારક વાણીથી પ્રબોધે છે. એ " કાચા રંગની પાઘડી" માટે રોજ ઉઠી લડાઇ કરનાર જીવરૂપ રંગારાને જોઇ એને બળાપો થાય છે. નિર્મલતા, પવિત્રતા અને શીતલતાના નિવાસસ્થાનરૂપ, અને હારમાં ચરતા હંસોવડે તથા મધુર સમીર લહરીઓવડે શોભી રહેલા વિશાલ માનસરોવરની શી દશા થાય છે ?

" વૃષ્ટિનો કાળ આવી પહોંચ્યો ત્યારે બગડયું નીર તમામ;
વિસ્તાર તો એકત્ર થઇ ગયો, પવિત્રતા પહોંચી મહાધામ."
(યૌવનસ્વરૂપ.)

એવી દશા મનુષ્યજીવનની જુવાની કરે છે. યૌવનની અને તેના ભોગોની ક્ષણભંગુરતા સંબંધે ધીરાનું નીચેનું રૂપક કેવું ઉત્તમ અને હૃદયવેધક છે !

" કાળચલ્લાએ બાંધ્યો રે, મહામહા સ્વાર્થે કરી;
માળો તો મહામહેનતે રે, ચતુરાઇ ચિત્તમાં ધરી.—ટેક.

તૃણ તૃણ ઘણાં ટોળે કરીને, માળો કર્યો માનિની કાજ;
માનિનીએ સુખ માન્યું તેમાં, ચલ્લીબાઇએ ભોગવ્યું રાજ;
આવી રહ્યું ત્યારે રે, ફોગટ થયું સર્વે ધરી.—કાળ૦

પણ એ વાતની ગમ કોને ન પડતી, તો શું ચલ્લા ચેતે મૂઢ;
જેનો હુકમવિણ નવ હલંદા, તેની ગતિ મહા ગૂઢ;
ફર્યો કોક બિલાડો રે, મોંઘો માળો લીધો હરી.—કાળ૦

બચ્ચાં કચ્ચાં ને બાઇજી સોતાં, બિલાડે ભક્ષ્યાં જાણ;
ત્યારે યૌવનરૂપી માળાવાળો આવ્યો, જોઈ હડહડતી મહાહાણ;
ત્રાહ ત્રાહ ભાખ્યો રે, ભુંડાઇ ઘણી મેં તો ભરી.—કાળ૦

કાળનો કાળ હું લહેતો મુજને, પણ એ બિલાડો આસે કાળ;
કાળ મારી મારૂં સર્વ ભેળાવ્યું, રહી છી રમરમ મુને ઝાળ;
ધીર એવું તેવું રે, આફળ બાકળો તે કરી.—કાળ૦

(યૌવનસ્વરૂપ.)

ધીરાની કવિતા—ઉપસંહાર.

ઉપર પ્રમાણે ધીરાએ કવન કર્યું છે. સાચો કવિ વસ્તુતઃ રાગ-દ્વેષ રહિત હોય છે, તેને કોઇ વહાલું કે અળખામણું નથી; વિશ્વજન તેને વહાલા છે, વિશ્વજન તેને પોતાના છે. સોબતીઓના સમુદાયમાં ખાનપાન–પછી તે પક્વાન હોય, ચાહ હોય કે મદિરા હોય–નૂતન આનંદ આપે છે એ સર્વમાન્ય નિયમ છે. તત્વજ્ઞાનને પણ એ નિયમ લાગુ પડે છે. આપ્તકાય પુરુષનું અંતઃકરણ સર્વ બંધપ્રદ વાસનાઓથી મુક્ત થયલું હોય છે, તથાપિ શરીરની સ્થિતિ કરાવનાર અવિદ્યાલેશના સદ્ભાવ પર્યંત મુક્ત પુરુષ પણ, પોતે જે રસનું આસ્વાદન કર્યું છે તે બીજાને ચખાડવાની શુભ વાસનાને ધારણ કરે છે. કવિસંબંધમાં પ્રણ તેમજ છે. ધીરાએ પોતાના જીવનમાં જે સત્ય સિદ્ધાંતોનું પ્રત્યક્ષ કર્યું તે સિદ્ધાંતો બીજામાં ઠસાવવા તેણે શુભ પ્રયાસ કર્યો છે, અને તે ઉત્તમ કવિઓના સંપ્રદાય પ્રમાણે કર્યો છે. બાલકને ચાલતાં શિખવતાં માતા તેને પોતાના હાથનો ટેકો આપે છે, પરંતુ તે ટેકાનો નિરંતર ખપ પડે એમ તે ઇચ્છતી નથી. યથાર્થ ગુરુ મુમુક્ષુ શિષ્ય પ્રાપ્ત થતાં તેની પાસે ગુલામી ખત લખાવી લેતો નથી; પરંતુ તે ગુલામ મટી યથાર્થ રીતે સ્વતંત્ર થાય એવો **તત્વમસિ**નો અભેદોપદેશ તેને કરે છે, અને સ્વસ્વરૂપ બનાવે છે. તે પ્રમાણે યથાર્થ કવિ જાણે છે કે તેના ગાનમાં જે કંઇ દિવ્યતા રહેલી

છે તે આત્માની શક્તિરૂપ છે, અને તે આત્મા તેના વાચકોનાં હૃદયમાં પણ વ્યાપક હોવાથી તે ગુપ્ત ઝરાને ખોલવાના અતિ પવિત્ર આશયથીજ તે ઉપદેશ કરે છે. ધીરાએ આ પ્રમાણે ઉચ્ચ ભૂમિકા ઉપરથી ગાન કર્યું છે.

" હું તો રંગાયો છું બ્રહ્મરંગમાં,
તે ન જાવું જગતના જંગમાં રે.
* * * *
રહ્યો નથી ડર મને કાયાભંગમાં;
પકડી કાઢ્યો મેં કાળ ફલંગમાં."

(આત્મબોધ.)

એ પ્રમાણે સ્વાતંત્ર્યનો અનુભવ કરનાર તેણે નિર્ભયતાના મંદિરમાં પ્રવેશ કરવા તેના વાચકોને નોતર્યા છેઃ—

" પામ આનંદ આદમી અલ્યા ઘણો જો;
આદમરૂપ ક્યાંથી તું સોહામણો જો.
અલમસ્ત થઈ રહે આનંદમાં જો;
મુંડાયા નવ માયા કેરા તો ફંદમાં જો.
અલખ લહેરો લગાડી લાગ લયમાં જો,
આ તો માર્ગ દાખ્યો મેં તારા ઉદયમાં જો."

(ગરબીઓ.)

પણ આત્મસાક્ષાત્કાર જેવી પવિત્ર બાબતમાં અનુચિત આગ્રહ કરી શકાતો નથી. " આટલો ચાલશે ", " થોડો તો લો " એ પ્રમાણે ઉદરના ઉપાસકોને જેવી લાડુની હઠઠ કરવામાં આવે છે તેવી હઠઠ આત્મજ્ઞાનની બાબતમાં કરવામાં આવતી નથી એમાં તો જ્ઞાનામૃતના ભોજનના મોટા થાળ ખુલ્લા પાથરવામાં આવે છે, જેને જે

પ્રમાણે રુચિ તે પ્રમાણે તે ગ્રહણ કરે, અને રુચિ ન હોય તો સોડો તાણીને નિરાંતે સૂઈ જાય. અર્થાત્ સાચો કવિ પોતાનો તટસ્થભાવ છોડતો નથી અને તે પ્રમાણે ધીરાએ છોડયો નથી.

" જે જે જાણશે તે તે તરશે, નહિ જાણે તે ખાશે માર;
મારે નથી કંઈ લેવા ને દેવા, ખરા ખોટાનો કરજો વિચાર."
(યોવનસ્વરૂપ.)

" ભક્તને નથી કાંઈ લેવા, દેવા જગત સાથે નથી કામ;
કોઈ ઉપર ઉપકાર થાય એવું, આદરતા મહા ધામ:
ધીરો કહે સાચું રે, વંઠેલાંને ઉર ન વસે. "(યોવનસ્વરૂપ.)

ધીરાની કવિતા સરલ અને સ્વાભાવિક છે. સ્વાતંત્ર્ય અને વીરત્વથી તે ઉભરાય છે; વેધક પણ મૃદુ છે, કરડી પણ માધુર્યથી ભરપૂર છે; સ્પષ્ટ પણ નર્મગર્ભિત છે; લુહારના હથોડાની પેઠે, પાણીના ધોધની પેઠે અને તોપગોળાની પેઠે જડએસુલાખ કામ કરનારી છે. ઝડઝમકવાળી તથા અનેક અર્થાલંકારવાળી છતાં ટાપટીપિયા નથી. તેનું કવન અંતઃકરણના ઉભરારૂપ છે; ઉદર-નિર્વાહ, ખ્યાતિ કે પ્રતિષ્ઠા માટે નથી. તેનાં કાવ્યમાં અનેક મનોહર શબ્દ-ચિત્રો જોવામાં આવે છે. સઘળાં અંગોનું આળસ ઉડાડનાર અને રગેરગમાં જાગૃતિ સારનાર તેની કાફી તે કાફી જ. જનમંડળ પ્રતિ તેને સંદેશ કહેવાનો હતો તે તેણે છાતી કાઢીને એવો સ્પષ્ટ કહ્યો છે કે ગુજરાતી ભાષાના અસ્તિત્વ પર્યંત " ધીંગડમલ ધીરાની " વાણી વિસરી જવાય એમ નથી.

સજ્જનો ! નીચેના પાવડે અતિ મધુર અને નિષ્કપટ કંઠથી ધીરો આપણને જે નિમંત્રણ કરે છે તેનું કર્ણથી પાન કરી આપણે અંતઃકરણથી અનુકૂલ ઉત્તર વાળીશું તો આપણું તથા આપણાનું

સર્વ પ્રકારે કલ્યાણ છે એમાં સંશય નથી:—

" હાલો હાલો રામતણા રસ્તામાં,—
હાલો ભાઈ તમે સીધા ચાલો;
રહો છાના જૂઠું શીદ ભાળો,
તમે ભાઈ હરિ સંગે માલો.—ટેક.
નાનો ભાઈ તો મારા છે ડાહ્યા,
એવી જૂઠી વાત કરી વાહ્યા;
મૂળમાં કાચી તારી છે કાયા.—હાલો૦
ભાઈ પારણિયું તો પંચરંગી,
એમાં ઝૂલો ઝૂલાવો હરિ અભંગી;
જ્ઞાનદોરો ધરી તરો તે સંગી.--હાલો૦
ભાઈ પારણિયે પાયા ચાર કહીએ,
સત્ય ધર્મ વિચાર વિવેક લહીએ;
નામમોભ દીઠો તેણે મગ્ન થઈએ.—હાલો૦
ડોલણિયું મન ડોલે તારૂં,
તેં તો કામ કાંઈ નવ કર્યું સારૂં;
મૂકી દૂધને પીધો છે દારૂ--હાલો૦
ખોયું મનુષ્યપદ તેં આવેલું,
તેં તો હરામ કર્યું દૂધ ધાવેલું;
ઘી ઢોળી નાંખ્યું તેં તાવેલું.—હાલો૦
પણછિયા દોરી તૂટી જાશે,
અલ્યા કાળ એક પળમાં ખાશે;
સાચી વાત કહી ધીરાદાસે. "—હાલો૦

કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા.

પ્રેમાનંદના જીવનના

પાંચ પ્રસ્તાવ.

જ્યારે આકાશ અગ્નિ વરસે છે અને ધરતી ધગધગે છે, નદીઓ ક્ષીણ થાય છે અને નાળાં સૂકાઈ જાય છે, ત્યારે ગંગા અને સિંધુમાં ભૂમિને જળમય કરી દેતું બારે પૂર ક્યાંથી ? અતિદૂર ઉત્તર તરફ દૃષ્ટિ લંબાવો. જુઓ, પેલા આકાશને ભેદતા હિમાલયના હૃદયે ને મસ્તકે આર્દ્રતાના થરના થર જામી રહ્યા છે; તે જે અખૂટ રસ ઝરે છે, તેને લીધે જ ગંગા અને સિંધુમાં કાળે ઊન્હાળે પૂર આવે છે. સાહિત્યની સૃષ્ટિમાં પણ એવો જ દેખાવ વિક્રમની અઢારમી સદીમાં આપણી દૃષ્ટિએ પડે છે. તે સમયે સંસ્કારી સારસ્વત પ્રવાહ આ કુમારિકાક્ષેત્રમાં અદૃશ્ય થયો હતો. માત્ર બે ત્રણ પ્રાકૃત ઝરણો સજીવન જણાતાં હતાં. પણ તેમાં રસની—મીઠાશની ખામી હતી. આ તરફ પશ્ચિમ ઘાટનાં વહેળિયાની ચપળતાથી સામળની વાર્તાનો ધોધ ધોધાટ મચાવતો થેકડા મારતો હતો. પેલી તરફ કચ્છની ખારી નદી તુલ્ય તત્ત્વજ્ઞાનના ક્ષારયુક્ત અખાની વાણીનું વહેણ નિઃશબ્દ વહેતું હતું. બીજાં પણ ઝરણિયાં સંસારના વટેમાર્ગુની તૃષા છિપાવવાનું કરતાં હતાં. આવી શુષ્કતાના સમયમાં ફક્કડ વલ્લભ, પંડિત રત્નેશ્વર, શૃંગારી દ્વારકાદાસ આદિની કવિતાની નદીઓ અનેકાનેક રેલંછેલ કરી મૂકી તે મહાન કવિ પ્રેમાનંદે.

અઢારમા શતકનો અધિષ્ઠાતા કવિ પ્રેમાનંદ જ છે. ગુર્જરી

ગિરાના સદ્ભાગ્યે શ્રુતિપ્રોક્ત સો વર્ષ જેટલું લાંબું આયુષ ભોગવનાર એ પ્રતાપી કવિ, આકાશગંગાનો તેજસ્વી પ્રવાહ જેમ આકાશને માપે છે, તેમ અઢારમી સદીને માપી લે છે. આપણા બ્રહ્મારણ્યને એ દ્વિજોત્તમે શતકના આરંભની વીશાથી માંડીને સમાપ્તિની વીશી પર્યંત દિવ્ય ગાનના ઊભરા વડે શબ્દાયમાન કરી મૂક્યું હતું. એના સમગ્ર સાક્ષર જીવનની આલોચના કરવાનો સમય હજુ દૂર છે. અત્યારે તો એ ગુર્જરરત્નના કેટલાક મહાન પ્રસ્તાવનું જ નિરૂપણ કરવું બને એમ છે.

જે જે દેશકાળના સંજોગોએ ભાષાભક્ત પ્રેમાનંદ પ્રગટ્યો, તે જ સંજોગોએ પાખંડનું ખંડન કરનાર અખાને, વિક્રમ–ભોજ–રખીદાસનો મહિમા ગાનાર સામળને અને માતાજીની પ્રીતિમાં મ્હાલનાર વલ્લભ મેવાડાને જન્મ આપ્યો. અઢારમી સદીના ઇતિહાસનાં પાનાં ઊથલાવિયે છિયે, તો દેશના બહુ પ્રકારે અવનતિ થયેલી માલૂમ પડે છે. સૈકાંનાં સૈકાં થયાં શહાનશાહો અને સુલતાનોના જુલમ નીચે લોક કચરાતા આવ્યા હતા. વિદેશી ને વિધર્મી રાજ્યકર્તાના અમલમાં રાજકીય કે ધાર્મિક ઉન્નતિની આશા કેવી ? દ્વિતીય–સહસ્રાબ્દીના મધ્યકાળની તે તે ધર્મભાવનાના મહાન સંક્ષોભથી પૂર્વમાં વિદ્યાપતિ, વિસ્તૃત ઉત્તરમાં કબીર ને તુલસીદાસ, દક્ષિણમાં તુકારામ અને પશ્ચિમમાં નરસિંહ મહેતા જેવા પ્રજાના હૃદયરૂપ કવિઓ ઉત્પન્ન થયા હતા, તેનો ઊભરો શમી જઈ ઊલટું કહેવાણુ શરૂ થયું હતું. અમદાવાદની ટંકશાળના સોનીએ પુષ્ટિમાર્ગનો ભેરજો કાઢ્યો, તો ધાતુવાદ અવળો ફળી કનકનું કથીર થયેલું તેના જોવામાં આવ્યું. તે પોકાર મારે છે કે

ગુરુ કીધા મેં ગોકુળનાથ, ઘરડા બળદને ઘાલી નાથ;
ધન હરે, ધોખો નવ હરે, એવો ગુરુ કલ્યાણ શું કરે?

દેશી સાહિત્ય પણ દુર્બળ સ્થિતિમાં હતું. ગુર્જર સાહિત્યમંદિરને નરસિંહ, પદ્મનાભ ને ભાલણે શોભાવવા સફળ પ્રયત્ન કર્યા. તે પછીના કાવ્યશિલ્પીનાં ઘડેલાં બાવલાં તે ડોળિયાં જ હતાં. પ્રતાપી સિદ્ધરાજ જયસિંહના સમયના ઉત્કર્ષશાળી ગુર્જરોની પેઠે

पुत्ते जायें कवण गुणु, अवगुणु कवण मुएण,
जो बप्पीकी भूंइडी चंम्पिज्जइ अवरेण ?

એવું કહેનાર કે વિચારનાર કોઈ જ નહોતું. શિવાજી મહારાજના ગુરુ રામદાસની પેઠે રાષ્ટ્રધર્મનો ઉપદેશ કોઈ કરે ને કોઈ સાંભળી દિલ ધરે એમ ન હતું. વસ્તુસ્થિતિ આમ હોવાને લીધે ધર્મ સંબંધી વિચિકિત્સા અખાના છપ્પામાં છપાયલી છે; રાષ્ટ્રભાવનાના અભાવે કુટુંબ તે જ બ્રહ્માંડ માનનારની કુટુંબવત્સલતા વલ્લભ મેવાડાના માતાજીના ગરબામાં ગાજી રહી છે; દાસત્વમાં ઊછરેલાની ચાપલુશી સામળની ઉપકારવૃત્તિની બાટાઇમાં ભભકી રહી છે; ઉન્ચ કાવ્યભાવનાના અભાવે લોકની અદ્ભુતપ્રિયતા વાર્તાની કથનીમાં પાંગરી રહી છે; ત્યમ વળી **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी** એ શ્લોકાર્ધમાં પ્રબોધેલી દેશભક્તિના અભાવે પ્રેમાનંદ જેવા વિરલ નરનો હૃદયરાગ ભાષાભક્તિમાં સંક્રાન્ત થઈ રહ્યો આપણે જોઇયે છિયે.

એક રીતે સ્વભાષાના પ્રયોગનું મમત્વ આ દેશમાં પૂર્વકાળથી ચાલ્યું આવ્યું છે. એને લીધે ચક્રવર્તી અશોકની ધર્મદેશનાને ગિર-

નાર ઉપરના શિલાલેખમાં સ્થાનિક પ્રાકૃતનું રૂપ ધારણ કરવું પડ્યું છે. વળી દેવર્ધિગણીના સમયમાં જૈન અંગો વલભીપુરમાં પ્રાચીન માગધી વીસરી અર્ધમાગધીમાં પત્રારૂઢ થયાં, તેમાં પણ સ્થાનિક ભાષાનું પ્રાબલ્ય કારણભુત હોય. સ્વભાષા પ્રત્યેના ગૌરવથી પ્રતાપી સિદ્ધરાજની પ્રેરણાથી હેમાચાર્યે અહિંની અપભ્રંશભાષાનું પ્રથમ વ્યાકરણ બાંધ્યું, જેથી સંસ્કારી પ્રાકૃતોમાં અપભ્રંશભાષા પણ માન પામી. આગળ જતાં સ્વભાષા ઉપરની પ્રીતિ એટલી તો દૃઢ થઈ જણાય છે, કે ધારા નગરીના વિદ્યાવિલાસી સુપ્રસિદ્ધ ભોજરાજાને **सरस्वतीकण्ठाभरण**માં લખવું પડે છે જે **अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः** । ગુર્જરોનું અપભ્રંશને માટે જે મમત્વ હતું, તે મમત્વને છાજે એવી તેની સુંદરતાની **सरस्वती कण्ठाभरण** જ **सुभव्योऽपभ्रंशः** એમ રેખ મારી સાક્ષી પૂરે છે. મેવાડનો સંગીતપ્રિય કુંભો રાણો પણ **गीतगोविन्द**ની ટીકામાં એક સ્થળે તેને વખાણે છે[1]. વાણીની પોતાની ભવ્યતાને લીધે કે બોલનારની પ્રીતિને લીધે ગમે તે કારણથી ભાષાભક્તિનો પ્રવાહ સરસ્વતીના પ્રવાહની પેઠે કોઇ સમયે પ્રકાશ તો કોઇ સ્થળે પ્રચ્છન્ન એમ આ ભૂમિમાં વહેતો જ આવ્યો છે. પરંતુ તેનો અપ્રતિહત ગંગાવતરણ જેવો પ્રપાત તો કવિ પ્રેમાનંદના ભગીરથપ્રયત્નમાં જ ખરેખરો દૃષ્ટિગોચર થાય છે. બીજી પ્રતાપી ભૂમિમાં યશસ્વી દેશભક્ત વીરો નીપજ્યા છે, પરંતુ ભાષાભક્તિનો આવિર્ભાવ તો અહિંનો નવીન જ છે.

ગૂજરાતી સાહિત્યના ઉત્કર્ષ અર્થે પ્રેમાનંદે આદરેલા મહારંભ-

---

૧ જુઓ ગી. ગો. ની પ્રથમ અષ્ટપદીની ટીકાઃ—**संस्कृतात् प्राकृत मिष्ट ततोऽपभ्रंशभाषितम्** ।

માં સદ્‌ગુરુ રામચરણનો બોધ, સાહિત્યપોષક કવિમંડળ, સામળ ભટ સાથેનો ઝગડો, વ્યાસ પુરાણી સાથે વિરોધ, હિંદુસ્તાની સાહિત્યના હિમાયતી સાથે રસાકસી અને સંસ્કૃત સાહિત્યની પ્રતિસ્પર્ધા, એ મુખ્ય સ્થાન ધરાવે છે. પંજાબમાં લડાયક શિષ્યભક્તિ જેમ ગુરુગોવિંદે સ્ફુરાવી, મહારાષ્ટ્રમાં રાષ્ટ્રભક્તિ જેમ રામદાસ સ્વામીએ પાંગરાવી, તેમ પ્રેમાનંદમાં ભાષાભક્તિનું બીજ તે ગુરુ રામચરણે રોપ્યું. એ સંબંધમાં કુળદીપક વલ્લભ યુધિષ્ઠિરવૃકોદરસંવાદાખ્યાનના મંગળાચારમાં પ્રેમાનંદને જ મુખે કહેવરાવે છે કે

કવિનામધારી નથી, ભક્ત અમે ભાષાતણા.
ભટક્યા ભરતખંડ દેવી જોવા જાગતી,
દેશ ને વિદેશ જોયા, આશ દાસ થવાતણી.
કોડ કહિં પહોંચ્યા નહિ; વાત વાંકી લાગતી.
હિંદુસ્તાન મધ્ય ભાળી ભાખા તેની ભલી જેહ,
[1]યવનથી ભ્રષ્ટ થઈ હજી નથી ત્યાગતી.
સારો શબ્દ રૂપી નર ઝડપી લે જોતા માંહિ,
ભ્રષ્ટ કરે પછી તેને; એમ અનુરાગતી.
કેટલાક દેશ અમે યાત્રા કરવાને ગયા;
જેવો જોયો એવો અમે સાર સમજાવિયો;
કોક [2]ભાષાદેવી દીન મલીન ને માલવની;
કરે માલવાળી તેને, સાજ શો સજાવિયો ?

---

૧ ગાવની શબ્દ, ફારસી આરબી બોલ.

૨ મરાઠી, જેની સમૃદ્ધિ શ્રીમંત પેશવા સરકારના આશ્રયથી વધવા માંડી હતી.

નવીનતા નડી કે'ક [1]ભાષા નાત જાત જોતાં.
પ્રીતિ કેવી પેર થાય ? વિચાર ન આવિયો.
[2] એવે મળી આવ્યા સિદ્ધ પૃથ્વીાં પ્રસિદ્ધ પૂરા.
નમી પૂછ્યું તેમને મેં, ભલો ત્યારે ભાવિયો.
નિષ્કલંકી ભાષા કોઇ બતાવિયે, નરવર !
પૂજક હું થાઉં તેનો. વ્યગ્ર મન અતિ છે.
જોઉં જેમાં તેમાં દોષ: ગિરવાણ શુદ્ધ ભાળું;
ન કરવાનું નિહાળું; મૂઢ મારી મતિ છે.
ધનવંત જોઈ પૂરો ધન અર્પવા જવું તે.
હાંસી વિશ્વ મધ્ય થાય; રાઢ એમાં રતી છે ?
ગિરવાણ જેવી નહિ, ઊતરતી એના થકી
એક પગથિયું માત્ર; ગૂઢ કેવી ગતિ છે.
યોગિરાજ ઇશ્વર શા વદ્યા વેણ ત્યારે તર્ત.
અલ્યા કયી જાત તારી ? પૂછ્યું એમ તેમણે.
મેં કહ્યું કે ગૂજરાતી, મૂલ્યવાળો શું શાં વિષે.
શુદ્ધ ભાષા જોવી મારે, મૂલ્ય કર્યું એમણે.
ઉમર મૂકી અને તું ડુંગરને પૂજે કેમ ?
ગોદમાંનો સુત ભૂલે જાણ્યો નહિ જેહણે !
તારી ભાષા છે જ તેવી; જાણ્યું નવ તેં જરૂર.
વિચારી જો વાર વાર ગુણથી ઘટે ગણ્યે ?
કોમળતા કમળથી અધિક દેખાય એમાં.

---

૧ ગૂજરાતી. ૨ સરખાવો અષ્ટાવક્રાખ્યાન, કડવું ૫, છેલ્લી પંક્તિ:—
પ્રેમાનંદ ગુરુ પાસે આવ્યા ફરી સઘળો દેશ રે.

મધુ સુધા મિષ્ટપણે હારી હારી જાય છે.
અમલતા એના જેવી નથી કોઇ ભાષા મધ્ય.
પ્રાચીનપણું તો એનું મોટેરું મનાય છે.
નવ રસની નાયકા સુખદાયકા છે સિદ્ધ.
જાણે નહિ તેહ એના ખોટા ગુણ ગાય છે.
કર્ઈકણાપણું કે'શે નથી એની માંહિ રજ;
[1]વીરગ્રંથ ભાળ્યા નથી ખત્તા તેણે ખાય છે.
પોતે પોતાકેરી કરે અથવા પોતાનાતણી
પ્રશંસા તો પેર, તે માંહિ તે માલ શો ?
પ્રશંસનીય જો પૂરા, તોય નૂર ઘટે તેમાં;
તેણે વધુ બોલું નહિ, રૂપિયો છે રાળ શો.
ગુર્જરગિરાની તુલ્ય ઉપમા ઉર્વીમાં નથી;
સર્વ ગુણ સંપન્ન છે. ઉચ્ચાર રસાળ શો ?
એમ સમજાવી મને સારે પંથે વાળ્યો સિદ્ધ.
અનુભવે ખરું લાગ્યું; ટળ્યો ન્હાના બાળ શો.

રામદાસ સ્વામીના ઉપદેશની અને રામચરણના ઉપદેયની મહત્તાની પ્રતીતિ સારુ જરા ઇતિહાસ તરફ દ્દષ્ટિ કરવાની જરૂર છે. એકે પ્રબોધેલી રાષ્ટ્રભકિતએ મહારાષ્ટ્રને ઝનૂની આલમગીરના ઝપાટામાંથી બચાવી લીધો. શિવાજી શિવાજી નીવડ્યો, તે એ રાષ્ટ્રભક્તિના બોધથી. પ્રેમાનંદ પણ આપણા પ્રેમનું પાત્ર અને આનંદનું ધામ થયો, તે એ ભાષાભક્તિપ્રદ ગુરુમંત્રથી. પ્રેમાનંદ ન હોત તો આપણા સાહિત્યમાં કેવી શૂન્યતા જોવામાં આવત, તે તપાસિયે. પ્રકાશમાં આવેલું ગુર્જર સાહિત્ય

૧ આ વીરગ્રંથ કયા ?

પાંચ શતકનું છે. તેનો આરંભ વિક્રમનું પંદરમું શતક ઊતરતાં થયો. નરસિંહ, ભાલણ, પદ્મનાભ આદિને હાથે ગણ્યાંગાંઠ્યાં પણ સારા આદર્શો રચાયાં. તે શતકમાં રસના ગ્રાહક શ્રોતા પણ હતા, તેની ભાલણની કાદંબરી સાક્ષી પૂરે છે[1]. તે રસિકતા ભાલણ, ઉદ્ધવ ને ભીમકવિની સાથે જ અવસાન પામી. સત્તરમા શતકમાં રસ લ્હાનારકે લ્હેનાર કોઇ થયું નહિ, રહ્યું નહિ. કવિતા તે કાવ્ય કહિયે, તો નાકર, વિષ્ણુદાસ, શિવદાસ, મનોહર આદિનાં થોથાંની એ શતકમાં ખોટ નથી. પરંતુ કાવ્યનો આત્મા જે રસ, તેની એમાં ઝાંખી થતી નથી. ઊછરતા ગૂજરાતી સાહિત્યનો આ રીતે સત્તરમા શતકમાં અપકર્ષ થયો. અઢારમા શતકના ધુરંધર કવિ પ્રેમાનંદ અને તેણે પોષેલા કવિમંડળમાંના વલ્લભ, રત્નેશ્વર વગેરે એમને હાલ બાજુ ઉપર રાખી ઓગણીસમા શતકમાં ઊતરિયે, તો ત્યાં ક્યા મોટા કવિ આપણે ગણાવીશું ? દયારામભાઇની ગરબીઓ પંકાય છે, અને બીજા કવિનાં પણ છૂટક પદો વખણાય છે, પણ આદર્શભૂત મોટું કાવ્ય કોઇનું શોધ્યું જડે છે ? એ શતક પણ આ રીતે ખાલી છે. વીસમું શતક તો હજુ ચાલે છે, એટલે તેની તુલના કરવી યોગ્ય નથી. હવે વિચારો કે પ્રેમાનંદ, વલ્લભ, રત્નેશ્વર વગેરેએ અક્ષર પાડ્યો ન હોત, તો સત્તરમા શતકથી માંડીને તે ઓગણીસમા શતકની સમાપ્તિ પર્યંત ક્યા ઊંચા આદર્શો આપણે બતાવત ? એકે નહિ, એકે નહિ. ગુર્જર સાહિત્યના દુર્બળ સંગ્રહમાં સંગીન અને સારો વધારો અઢારમા શતકમાં થયો, તે સદ્‌ગુરુ રામચરણના મંત્રબળથી જ. એમના સદુપદેશનું મહત્ત્વ સમજવાને

૧ જુઓ ભાલણકૃત કાદંબરી પૂર્વ ભાગ, પૃ. ૧, પંક્તિ ૧૧-૧૪ અને પૃ. ૧૫૮, પંક્તિ ૧-૪.

આ ઐતિહાસિક નિરીક્ષાની જરૂર છે. એ ઉપદેશના જ મહિમાએ દ્રૌપદીહરણ આદિ કાવ્યપદાર્થ સ્ફુટ કરવા, રેષદર્શિકા આદિ નાટયશાસ્ત્ર-ના પ્રયોગનાં મર્મ પ્રકાશવા, અષ્ટાવક્રાખ્યાન આદિ કાવ્યદ્વારા સર્વ શાસ્ત્રનાં રહસ્યનો પરિચય કરાવવા, નવનવાં વૃત્ત યોજી છંદ-શાસ્ત્ર ખિલાવવા એ સમર્થ પુરુષે દંડી, બાણ રાજશેખરના જેવી અથવા તેમનાથી ચઢિયાતી કીર્તિનો લોભ છોડયો; વંશપરંપરાની જ્ઞાતિમાં પ્રતિષ્ઠા આપનારી પૌરાણિક વૃત્તિનો ત્યાગ કર્યો; અને દૂબળી ગરીબડી ગૂજરાતીની સેવા કરવાનું આદર્યું. ગુર્જરી વાણીને પ્રેમાનંદ સરખો મહિમા વધારનારો ભાવિક ભકત મળ્યો, તે પ્રતાપ સદ્‌ગુરુ રામચરણનો.

ભાવાભકિતનો મહામંત્ર પામી ગુર્જરગિરાના ઉત્કર્ષ અર્થે મથતા પ્રેમાનંદે પ્રાચીન વૈદિક ચરણોની સ્મૃતિ આપતું બાવન અનુ-યાયીનું મંડળ સ્થાપ્યું, જેમાં કવિ, કવયિત્રીઓ અને રસિક શ્રોતા હોવાનું વાંચિયે છિયે. આ આપણા બાવન વીરનું સૂચન વલ્લભના એક [1]ઇંદ્રવિજય સવૈયામાં કરેલું છે. કવિઓ પૈકી જેમની કૃતિ

---

૧ એ સવૈયો નીચે મુજબ છેઃ—

છે નવ દાસ અને બઇ ચાર જ. રત્ન ભલાં દ્વય શિષ્ય કહાવે.
છે ભવ રાશ અને બઇ બાર જ. રત્ન મળાં ક્રય વિષ્ણુ વહાવે.
છે વીર પંચ જ. જી ગણિયે ત્રણ. નંદ ચતુરનું નામ સુહાવે.
છે વીર વલ્લભ. શે ભણિયે ગણુ ? એ ક જ પ્રેમનું નામ પુહાવે.

દાસ—જેવા કે શેઠ માધવદાસ દેશાઇ, શંકરદાસ, હરિદાસ, દ્વાર-કાદાસ, સુંદરદાસ. રત્ન—જેવો કે રત્નેશ્વર. શંકર—જેવો કે બભ્રુવાહન આખ્યાનનો કર્તા ભાઇશંકર (સંદિગ્ધ). બાઇ—જેવી કે વિવેકવણુ—

પ્રકાશમાં આવી છે એવા કવિઓ તો, ગાયક વીરજી, હરિભક્ત હરિદાસ, પ્રસાદકવિ દ્વારકાદાસ, અનુવાદકવિ રત્નેશ્વર, નિરંકુશકવિ વલ્લભ અને સાદો સુંદર, એ ૭ જ છે. એઓમાં પ્રેમાનંદનો પ્રથમ પ્રીતિપાત્ર શિષ્ય વીરજી છે. એ બરહાનપુરનો ચાતુર્વેદી મોઢ હતો. તે વિદ્યા ભણવા વડોદરે આવીને રહ્યો હતો; અને પ્રેમાનંદ પાસે તેણે અભ્યાસ કર્યો હતો; જુઓ બળિરાજાનું આખ્યાન, કડવું ૧૮, કડી ૨૬-૨૯. રા. બા. હરગોવિંદદાસ જણાવે છે, કે વીરજીમાં ઊંચા પ્રકારની કવિત્વશક્તિ ન હતી; પરંતુ તેનો કંઠ મધુર હતો. એને લીધે પ્રેમાનંદની એના ઉપર પ્રીતિ થઈ કહે છે. પ્રેમાનંદ કાવ્ય રચતા તે વીરજી ગાતો. પ્રતિભા કમી છતાં ગાયક તરીકેના પક્ષપાતથી દોરાઈ ગુર્જર સાહિત્યના સમુત્કર્ષ અર્થેના મહાન સમારંભમાં કામની વહેંચણી કરતાં

જારામાં ઉમેરો કરનારી ઓરપાડની કવયિત્રી (સંદિગ્ધ). વીર-જેવો કે સન ૧૮૮૮ ના આર્યજ્ઞાનવર્ધકમાં કહેલો સુરતનો વીરેશ્વર જાની. જી-જેવો કે વીરજી અને કદાચ વિભ્રંશી આખ્યાનનો કર્તા રત્નજી. નંદ-જેવા કે સ્વર્ગની નીસરણી, મહાભારત અને ભગવદ્ગીતાના કર્તા પ્રેમાનંદ (સંદિગ્ધ).

વીરજીના મુદ્રાંકિત ગ્રંથોની સાલવાર ટીપ:—

સુરેખાહરણ, સંવત ૧૭૨૦, પોસ સુદિ ૫, ગુરુ. (નોંધ ખોટી પડે છે). કામાવતીકથા, સંવત ૧૭૨૫, પોસ સુદિ ૧૧, સોમ. (નોંધ ખરી પડે છે). બળિરાજાનું આખ્યાન, સં ૧૭૩૦, શ્રાવણ સુદિ ૧૧, શુક્ર (નોંધ ખોટી પડે છે), દશાવતારકથા. સં. ૧૭૪૨, વૈશાખ વદિ ૫.

સુરેખાહરણની પ્રતો પ્રેમાનંદના અને આધારભટના નામની પણ મળી આવે છે.

પ્રેમાનંદે તેને ફારસી–આરબી–ઉર્દૂ વાર્તાને ટક્કર મારે એવી અદ્ભુત વાર્તાઓ રચવાનું સોંપ્યું હતું. એ કામ તેણે કામાવતીની કથા આદિ વાર્તા લખી બજાવ્યું. પરંતુ તેમાં વિદેશી વાર્તાસાહિત્યના જેવો ચમત્કાર અથવા પૈશાચી બૃહત્કથા જેવો રસ આવી શક્યો નહિ, તેથી પ્રેમાનંદનું મન માન્યું નહિ.[1] કામાવતીની કથા અને બીજા ગ્રંથો કરતાં વીરજીનું સુરેખાહરણ વધારે લોકપ્રિય થયું જણાય છે; કેમકે એની પ્રતો સહેલથી મળી આવે છે. એ આખ્યાનના આરંભે વીરજી નરસિંહમહેતા વગેરેને સ્મર્યા પછી પ્રેમાનંદનું નામ લે છે, અને પ્રભુ સ્વામિ એવાં વિશેષણ આપી વંદના કરે છે[2].

બીજો શિષ્ય વણિક હરિદાસ[3] છે. સીતાવિરહની અને ભારતસારની સમાપ્તિએ અનુક્રમે વિપ્રગુરુ અને કવિવર એવા મભમ શબ્દે તે પ્રેમાનંદનો નિર્દેશ કરે છે. પ્રતિભા તેજસ્વી નહિ, તેથી એની કવિતા ઊંચા વર્ગમાં મૂકાય એવી નીવડી નહિ.

---

૧ આ ઉક્તિને પુષ્ટિ આપનારાં પ્રમાણ મળ્યાં નથી.

૨ જુઓ વીરજીકૃત બળિરાજાનું આખ્યાન, કડવું ૧, કડી ૧૬:–

પાવનરૂપ પ્રભુ પ્રેમાનંદ ગુણ ગાતાં લજ્જાય.

૩ હરિદાસના મુદ્રાંકિત ગ્રંથોની સાલવાર ટીપઃ—

સીતાવિરહ, સં. ૧૭૨૨.

સામળશાહનો વિવાહ, સં. ૧૭૨૬, કાર્તિક સુદિ ૧, શુક્રવાર (નોંધ ખરી પડે છે).

નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ, સં. ૧૭૨૭, માહે મંગળ, શુભ યોગ.

ભારતસાર, સં. ૧૭૩૭, અધિક શ્રાવણ, પુષ્ય નક્ષત્ર. (નોંધ ખોટી પડે છે).(ફુટનોટ ચાલુ જુઓ પૃ૦ ૧૯૧.)

ત્રીજો શિષ્ય દ્વારકાદાસ, તે પણ વણિક હતો; અને વડોદરાનો વતની હતો. તેની સંસ્કારી બુદ્ધિથી પ્રસન્ન થઈ પ્રેમાનંદે તેને કવિતા કરવાને પ્રેર્યો. એ સમયે તેનું વય પચાસ વર્ષનું હતું. તે પ્રથમ શિવમાર્ગી અને પછી રાધાવલ્લભી વૈષ્ણવ થયો હોય[1] એમ જણાય છે. પ્રેમાનંદના પ્રસાદથી જરઠ દ્વારકાદાસે કવિતા કરી અને તે ઊંચા પ્રકારની કવિતા કરી. દ્વારકાદાસનો જન્મ સં. ૧૬૮૦ માં થયો હતો.

પ્રેમાનંદની પ્રસાદી પામી દ્વારકાદાસ કવિ થયો, તેથી એને પ્રસાદકવિ કહિયે છિયે. દ્વારકાદાસે ગુર્જર સાહિત્યમાં કીમતી ઉમેરો કરી ગુરુએ આદરેલા મહાન સમારંભમાં નિઃશબ્દ સહાયતા કરી છે.

ચોથો શિષ્ય રત્નેશ્વર.[2] વ્યુત્પન્ન પંડિત હતો. તે ડભોઇનો

સામળશાહના વિવાહની પ્રતમાં હરિદાસને ઠેકાણે આધાર ભટનું નામ મળી આવે છે. તે ભરૂચનો ભીતરો ખેડાવાળ હતો. તેનો બાપ દેવનારાયણ; અટક દવેની; વૃત્તિ લાડ વાણિયાનાં ગોરપદાની; એમ છ. વિ. રાવળ તા. ૨૨-૧૧-૦ ના પત્રમાં લખે છે. તેમને મળેલી આધારભટના નામવાળી શા. વિ. ની પ્રત ભરૂચમાં સં. ૧૭૯૦, માગશર સુદિ ૧ ની ઊતારેલી હતી. સુરેખાહરણ પણ આધારભટના નામે ચઢ્યું છે, એ જોતાં આધારભટ પ્રાકૃત કથા કહેનાર હોવો જોઇયે.

૧ જુઓ દ્વારકાદાસકૃત બાર માસનો છેવટનો ભાગઃ—

"સોળસેં એંશીમાં જન્મ છે રે, પચાસ વર્ષે ગુરુ મેળાપ."

૨ રત્નેશ્વરના મુદ્રાંકિત ગ્રંથની સાલવાર ટીપઃ—

ભાગવત દશમ સ્કંધ, સં. ૧૭૩૯, ભાદરવા સુદિ ૫, રવિ.
ભાગવત પ્રથમ સ્કંધ, સં. ૧૭૪૦, કાર્તિક સુદિ ૧૧, શનિ.
પાંડવાશ્વમેધ, સં. ૧૭૪૩, માહ વદિ ૫, રવિ.

(ફુટનોટ ચાલુ, જુઓ પૃ. ૧૯૨.)

શ્રીમાળી બ્રાહ્મણ હતો. ભાગવતના બીજા સ્કંધને છેડે તે પોતાને 'ગીર્વાણવાણીનો કવિ' કહે છે, તે યથાર્થ છે. એનું રચેલું કોઇ સળંગ સંસ્કૃત કાવ્ય મળી નથી આવ્યું, છતાં ભાગવતના અધ્યાયે અધ્યાયે હવી' તે ભાષાભક્ત પ્રેમાનંદનાં ગુરુમંત્રથી. રા. બા. હરગોવિંદદાસ લખે છે કે એને સંસ્કૃત અને મરાઠી વૃત્તબદ્ધ સાહિત્યના જેવું સાહિત્ય ગૂજરાતીમાં ઊભું કરવા ગુરુની આજ્ઞા હતી. તેને માન આપી તેણે કઠિન વૃત્તમાં અલંકારયુકત કેટલીક કવિતા કરી છે. ઉપરાંત તેણે ઉત્તમ સંસ્કૃત પુસ્તકોના પંડિતમાન્ય અનુવાદ કરી ગુર્જર સાહિત્યની સારી અભિવૃદ્ધિ કરી છે. એટલા માટે એને અનુવાદકવિ એવું નામ અમે આપીયે છિયે. ગુરુએ વ્યાસ ભગવાનના ભારતને આધારે ગૂજરાતીમાં મહાભારત રચ્યું, તો વ્યાસશિષ્ય જૈમિનિના ભારતનો અનુવાદ શિષ્યે આદર્યો. રત્નેશ્વરનો પાંડવાશ્વમેધ સંસ્કૃત જૈમિનીય અશ્વમેધનું ભાષાંતર છે; અને રત્નેશ્વરનું સ્વર્ગારોહણ **જૈમિનીય સ્વર્ગારોહણ** ઉપરથી જ રચાયું છે જૈમિનિનું ભારત નાશ થયું કહેવાય છે, તે વાત મને મળી આવેલી સંસ્કૃત **સ્વર્ગારોહણ**ની પ્રત ખોટી પાડે છે. જૈમિનિના ભારતનાં બીજાં પર્વ પણ કદાચ શોધખોળ કરિયે તો મળી આવે. બીજી તરફ રત્નેશ્વરના ભારતનાં

સ્વર્ગારોહણ, સં. ૧૭૪૮, માર્ગશીર્ષ વદિ ૪, શુક્ર.

મૂખાવલી, સં ૧૭૭૦,

હસ્તલિખિત ભાગવત દ્વિતીય સ્કંધ, સં. ૧૭૪૯, કાર્ત્તિક સુદિ ૧૧, બુધ.

રત્નેશ્વરકૃત ભાગવત, દ્વિતીય સ્કંધની હાથપ્રત રા. રા. હીરાલાલ ત્રિ. પારેખ પાસે છે.

બીજાં પર્વ મેળવી પ્રસિદ્ધિમાં મૂકવાની અને તેની જૈમિનીય ભારત સાથે સરખામણી કરવાની પણ જરૂર છે. અસ્તુ. ગુરુએ વ્યાસ ભગવાન ભાગવત મૂળને આધારે નવું ભાગવત જ્યારે વિસ્તાર્યું, ત્યારે શિષ્યે શ્રીધરી ટીકાનું હારદ લેઈ મૂળનો અનુવાદ જ કર્યો. વળી ગુરુએ લઘુત્રયીમાં આદિ સ્થાન ભોગવતા રઘુવંશનું ભાષાંતર લખ્યું[1], ત્યારે શિષ્યે બૃહત્રયીમાં માન્ય મનાતા શિશુપાલવધનું ભાષાંતર રચ્યું. આ રીતે ગુરુભક્ત શિષ્ય ગુરુને પગલે પગલે ચાલી ગુરુના ભગીરથપ્રયત્નમાં સહાયભૂત થવા ઉદ્યુક્ત રહ્યો.

પાંચમો શિષ્ય પ્રતાપી વલ્લભ[2] છે. એ પ્રેમાનંદનો જ્યેષ્ઠ પુત્ર થાય. એનો જન્મ હરગોવિંદદાસ ભાઇના લખવા પ્રમાણે સં. ૧૭૨૮ ના અરસામાં થયો હતો. એ બહુ સ્વતંત્ર મિજાજનો હતો; છતાં એની પિતૃભક્તિ અનન્ય હતી. કાવ્યોના આરંભે એ પ્રેમાનંદને જ નમસ્કાર કરે છે. સંસ્કૃત અને હિંદીનો એણે સારો અભ્યાસ કર્યો હશે એમ એનાં લખાણ ઉપરથી જણાઇ આવે છે. એની ઉદ્ધતાઇથી

---

૧ જુઓ વીરજીકૃત કામાવતી કથા, છેવટની પંક્તિઓઃ–

કાલિદાસ સરખા કવિજન, રઘુવંશ કીધો પાવનઃ
તેહતણા પદપંકજ ભજી સેવક થઈ બોલ્યો વીરજી.

૨ વલ્લભના મુદ્રાંકિત ગ્રંથોની સાલવાર ટીપઃ–

મિત્રધર્માખ્યાન, સં. ૧૭૬૦.
યુધિષ્ઠિરવૃકોદરસંવાદાખ્યાન, સં. ૧૭૭૧.
કુંતીપ્રસન્નાખ્યાન, સં. ૧૭૭૭
દુઃશાસનરુધિરપાનાખ્યાન, સં. ૧૭૮૦.
યક્ષપ્રશ્નોત્તર, સં. ૧૭૮૧.

પિતા જરા કચવાના હતા પણ એની પ્રતિભાથી તો પૂરેપૂરા પ્રસન્ન હતા. એ પ્રસન્નતાના ધ્વનિ પાંચાલીપ્રસન્નાખ્યાનના નીચેના શ્લોકમાં સ્ફુરી રહ્યા છેઃ—

વલ્લભ-પ્રાણ થકી પણ વલ્લભ ! સુલ્લભ પુત્રિ પિતા શું કમાયો ?
તાતને નવ તાપ કરે તન તાપ નિવારણ તે જ વ્હવાયો.
આપથી આપ ઝગે જગ ભીતર, ધન્ય પિતા સહુ ઠામ મનાયો.
ભીષણ ભીમ મહા ભડ મ્હા વર, ધન્ય હું, ધન્ય હું, સુત સવાયો !

વલ્લભની પિતા પ્રેમાનંદ પ્રત્યેની અને મૈયા ગુર્જરી ગિરા પ્રત્યેની અનન્ય ભક્તિ એ જ નાટકની નીચેની ઉક્તિમાં તરે છેઃ—

સુત હું શે થયો ઉત્પન્ન, નવ જનની કરી જ પ્રસન્ન—
જનકે જાણિયો ના શૂર—જન કહે ગૂમાવ્યું સો નૂર ?

અથવા મને ઉત્પન્ન કરનાર આવા પણ કેમ ન હોય ?

શે કાળ-કાળકર્તા જ સ્હાય માગે, કહો જ કિયે ઉપાય ?
જો કાળ તેતણી સ્હાય થાય, કહો ક્યમ કરી તે કર્તા મનાય ?

વલ્લભ પ્રથમ વર્ગનો કવિ છે. એણે નવ રસનાં નવ નોખાં કાવ્ય રચ્યાં કહેવાય છે. તે પૈકી રૌદ્ર અદ્ભુત વીર અને કરુણનાં કાવ્ય છપાયાં છે. શાંત અને બીભત્સનાં[1] કાવ્યોનાં નામ હરગોવિંદદાસભાઇની તા. ૨૫-૨-૯૬ની યાદીમાં આપ્યાં છે; જુઓ સને ૧૯૧૨ ના જાનેવારીનું બુદ્ધિપ્રકાશ. એ જ યાદીમાં એના મારુતિ વિજય નાટકની, દૃષ્ટાંતાબ્ધિની અને ગદ્યપદ્યસંવાદની નોંધ છે. એમાં વલ્લભ ઝગડો પ્રેમાનંદને નામે ચડાવ્યો છે; પરંતુ તે વલ્લભે રચ્યો

---

૧ યુધિષ્ઠિરવૈરાગ્ય અને ધૃતરાષ્ટ્રકુરુક્ષેત્રદર્શન એ નામ જ અનુક્રમે શાંત અને બીભત્સનાં બોધક છે.

ાગે છે. એનું છેલ્લું કાવ્ય પ્રેમાનંદકથા છે. આ અપ્રસિદ્ધ રત્નો ાઇને સદ્ભાગ્યે જડી આવે તો ભલે. અત્યારે તો ખોવાયાં જ છે.

છઠ્ઠો શિષ્ય સુંદર મેવાડો છે. કવિના શિષ્યોમાં એ સૌથી ન્હાનો જણાય છે. ભાગવતનો દશમ સ્કંધ પ્રેમાનંદે અધૂરો મૂક્યો હતો, તે એણે સં. ૧૭૮૩માં પૂરો કર્યો છે. એની કૃતિ બહુ ઉતરતી પંક્તિની છે.

પ્રેમાનંદ અને તેના શિષ્યોના પ્રયાસથી ગુર્જરગિરા વસંતના પહારથી ખિલી તેનું વર્ણન પાંચાલીપ્રસન્નાખ્યાનની પ્રસ્તાવનામાં ડી આનંદોત્સાહથી કરે છે તે ધ્યાનમાં લેવા જેવું છે. એમાં પ્રકૃતિના અને સાહિત્યના સમુલ્લાસનો વ્યતિરેક નીચેના શબ્દોમાં દર્શાવેલો છેઃ—

આ તે લલિત સુમન મધુકણુ સ્ત્રવે શકે,
વા મધુરી ગુર્જરીની મીઠાશ મોંઘી ઘણી !
કિંશુક કુસુમ રક્તપીતવર્ણ વાસ વનું
અનુદિન–આ–ગુલાબ ગુર્જરી મહામણિ !
ઉપવન કુસુમિત જોઈ મત્ત ભૃંગ ગુંજે,
અકલ પરભૃત આ વાણી કો પ્રેમીતણી !
સુરભિએ સહકાર પ્રફુલ્લિત પૂર્ણ કીધા,
પ્રમુદિત દ્વિજ ગિરા સુરભિ સુહામણી !

અહીં ગુર્જરગિરાના સંબંધમાં સુરભિ તે ઇશ્વરાનુગ્રહ છે. પ્રેમાનંદનાં ાવાં કાવ્યો તે લલિત પુષ્પો છે. તેમાં જે રસ વહે છે તે કવિ વેનયથી કહે છે કે, ગુર્જરીની સ્વતઃસિદ્ધ મીઠાશ જ છે. નવી ખલેલી સાહિત્યની વાડીમાં વીરજીની કૃતિ તે કિંશુક, રત્નેશ્વરનાં કાવ્ય ૧ ગુલાબ અને પ્રસાદપોષિત દ્વારકાદાસની કવિતા તે કોકિલની વાણી). તેમાં વલ્લભનું કવિત ગાન તે ભ્રમરનો ગુંજારવ છે. બીજા ઊગતા

શિષ્ય કવિઓ તે મોરતા આંબા છે. એ વસંત ઋતુથી પ્રસન્ન શ્રોતા તે આનંદનો કિલકિલાટ કરતાં પક્ષીઓ છે.

આ કવિમંડળ પૈકી કવિતા કોને કહેવી એ વિશે ઊઠેલા ઝગડાનો મહારથી વલ્લભ છે. એનો આરંભ સંવત ૧૭૫૫ના અરસામાં થયો જણાય છે. મિત્રધર્માખ્યાનમાં વલ્લભ સામળ ઉપર સખત પ્રહાર કરે છે. ઘોડાસરના ઠાકોર તે પણ દરબારમાં આશ્રયને માટે આંટા ખાવાની એની ટેવને ઉદ્દેશીને શું કહે છે તે જુઓ—

કવીશ્વર પ્રેમ જેવા. કોક તો અમારા જેવા.
શામલક્ષણા વળી કો રાય રંક સેવતા,
અજાચકવ્રત તજી માગણની રીત ભજી,
યજવાનું તે ન યજી બને મોટા દેવતા.
દ્વિજધર્મ ભૂલનારા વાસ વસ્યા; તેણે કરી
ગૂજરાતને કલંક રેણુ વિણુ રેવતા. ક.

એ કાવ્યના આરંભના કવિતના 'વલ્લભના સર્વ મિત્ર' એ વાક્યમાં સમાયલી વિપરીત લક્ષણાથી સામળ સાથે પડેલા ઝગડાનો નિર્દેશ છે. ઉદ્યમકર્મસંવાદ આદિ કૃતિ કરતાં મિત્રધર્માખ્યાન ચડિયાતું જોઈ સામળ મનમાં બળી જશે એવા અર્થનું વાક્ય પણ એ કાવ્યને અંતે છે.[1] વલ્લભના એ અભિમાનના બોલ પ્રેમાનંદને રુચતા નથી. ઝગડો લાંબો ચાલ્યા પછી આખરે સં. ૧૭૭૦ ના અરસામાં પ્રેમાનંદના આગ્રહથી તે શમે છે. યુધિષ્ઠિરવૃકોદરસંવાદ, કવિત ૪ માં વલ્લભ લખે છે કે 'પ્રેમ કાજ કરી નહિ બ્રહ્મહત્યા કવિ ભૂપે' એ જ કાવ્યના કવિત ૨૪ માં પ્રેમાનંદે અપાવેલા જીવિતદાન માટે

---

૧ લો આ કલમ મારી દુશ્મનનાં હૃદે ભોકે.

સામળને સંબોધીને વલ્લભ કહે છે કે—

ચંદ્ર સમ શીતળ ને મહાબળ બળિષ્ટમાં,
વરિષ્ટમાં વરિષ્ટ જે કૃષ્ણદેવતારકા;
ગુર્જરગિરાની પેઠે અજાણના નવીન એ,
જાણના પ્રાચીન[1] પૂરા રસાદિના ધારકા.
સર્વગુણસંપન્ન છે પ્રભુ પૂરા પ્રેમવાળા,
પૂજ પૂરે માનસે તું સામળા આ વારકા.

પ્રેમાનંદે ઝગડો બંધ પાડ્યો છતાં પણ વલ્લભ સામળનો કેડો મૂકતો નથી. કુંતીપ્રસન્નાખ્યાનમાં[2] સીંહુજના રણીદાસને સિંહાસન બત્રીસીની આરંભની વાર્તા વાંચી સંભળાવી પસાયતું લીધા બાબત એણે સામળની બહુ ફજેતી કરી છે. એ વલ્લભનો છેલ્લો ઉભરો જણાય છે. દુઃશાસનરુધિરપાન અને યક્ષપ્રશ્નોત્તરમાં જૂના વિગ્રહના પડઘા બંધ પડે છે. પ્રેમાનંદનો આ ઝગડામાં ભાગ આડકતરો જ છે. અષ્ટાવક્રાખ્યાનમાં સુજાતા કિંવા વિદ્યાવિનોદિનીના વાદદોહદથી જાણે તે સમસ્યાએ રચનારી સામળની વિદ્યાવિલાસિનીનં ગૂઢ ઉપહાસ કરતો હોય એવું ઝીણી નજરે જોનારને લાગ્યા વિના રહેતું નથી. કોદા જેવા મૂર્ખ વિનેચટને પહછે પંડિતાઇમાં પૂગ કહોડનૂં ચિત્ર પણ સુરેખ હોઈ તેટલૂં જ ધ્યાન ખેંચે છે.

વલ્લભનૂં લખાણ સામળ વિરુદ્ધ ઝેરવાડું ને અમર્યાદ છે. પ્રેમાનંદ સામળ વિશે લખે છે તે વિવેકની મર્યાદામાં રહી ગર્ભિત શબ્દમાં લખે છે. પ્રેમાનંદમાં શાંત સમુદ્રની ગંભીરતા છે. વલ્લભ તોફાનમાં

૧ કવિ તરીકે અર્ધી સદી પણ વધારે જૂના. ૨ જુઓ કવિત ૨૦૨, ૨૦૩, ૨૦૪ ને ૨૦૫.

ઉછળતા સાગર જેવો છે. સામળ પોતાને કવીશ્વર લખે છે, તેથી ઉલટેરાહ જઈ વલ્લભ પોતાને ધુરંધર કવીશ્વર કવિરાજ રાજેશ્વર વગેરે લખે છે. સામળ પોતે રચેલી વાર્તાના મુદ્દાનાં વખાણ સમાપ્તિએ કરે છે, તેનાથી સવાયાં વખાણ વલ્લભ પોતાનાં નવરસનાં કાવ્યોને છેડે કરે છે. સામળ વાર્તાના આરંભે ઇષ્ટદેવની સ્તુતિનું મંગળાચરણ કરે છે, તેથી ઉલટું વલ્લભ કાવ્યની સમાપ્તિએ વ્યંગ્ય વાણીમાં દેવની વંદના કરે છે. સામળની વાર્તાની પ્રસ્તાવનામાં ભોજ વિક્રમની અન્યોક્તિથી અથવા તો પોતાના એતિહ્યની સીધી ઉક્તિથી રખીદાસની પ્રશંસા હોય છે; વલ્લભનાં કાવ્યોની પ્રસ્તાવનામાં સાહિત્યની અભિવૃદ્ધિ અર્થેના સમારંભના કોઇ ને કોઇ પ્રસંગનું નિદર્શન હોય છે. સામળને વ્હાલા દોહરા ચોપાઈ ને છપ્પાનો અનાદર કરી વલ્લભે મોટે ભાગે કવિતમાં જ કવિતા રચી છે.

સામળ સાથેના વિગ્રહમાં મર્યાદા જાળવી મૂગો રહેનાર સાત્ત્વિક પ્રેમાનંદ રત્નેશ્વરના કારણથી પુરાણીઓ સાથે દારુણ વિગ્રહમાં પડે છે. એ દર્ભાવતીના રત્નકવિને પુરાણીઓએ એટલો રંજાડયો કે તેને વતન છોડવું પડયું. પ્રેમાનંદને પણ પુરાણીઓ પૂર્વે એવી જ રીતે નડયા હતા. પરંતુ પ્રેમાનંદ રત્નેશ્વર જેવો પોચો ન હતો. તે તો પુરાણીઓના માથાનો હતો; એટલે તેમનું એના પ્રત્યે કંઇ ચાલ્યું નહિ. એની ખ્યાતિ સાંભળી રત્નેશ્વર વડોદરે આવ્યો. સમાગમ થતાં ગીર્વાણ વાણીના કવિએ પ્રેમાનંદને ગુરુ કર્યા અને પ્રાકૃત કવિતા રચવા માંડી. ગુરુશિષ્યે સંસ્કૃત સાહિત્યમાં રહેલું અગાધ અને અલભ્ય જ્ઞાન અનેક પુસ્તકો રચી સર્વસુલભ કર્યું અને પુરાણીઓનો ભાવ ઘટાડયો. તેજોદ્વેષી પુરાણીઓ તેમની અનેક પ્રકારે નિંદા કરવા

લાગ્યા. આ રીતે વેર બહુ વધી પડ્યું. તેથી પ્રેમાનંદે માર્કંડેય પુરાણમાં તેમની સારી પેઠે ઝાટકણી કાઢી અને તેમનો નાદ ઊતાર્યો. બીજ બહુ વ્હેલું રોપાયલું છતાં તે રત્નેશ્વરની કનડગતની હકીકતથી સં. ૧૭૩૫ ના અરસામાં અંકુરિત થયું હશે. ત્રીસ વરસનું પોષણ મળી માર્કંડેય પુરાણરૂપે તે સં. ૧૭૬૫ માં ફળ્યું જણાય છે. એક વારની જ રોષની વરાળ કાઢી ન કાઢી કવિ મૌન ધારણ કરે છે. એ રોષ ૫રત્વે માર્કંડેયપુરાણ એક રીતે કહિયે તો પુરાણીપુરાણ જ છે.

પુરાણી બાવા સાથે મચેલો ઝગડો તમઃપ્રધાન હતો; સામળ ભટ સાથેનો સાક્ષરવિગ્રહ રજોગુણી હતો, જ્યારે હિંદુસ્તાની સાથેની પ્રેમાનંદની પ્રતિસ્પર્ધા કેવળ સાત્ત્વિક હતી. એ પ્રતિસ્પર્ધાની હકીકત હવે જોઇયે. વિક્રમના સત્તરમા અઢારમા શતકમાં હિંદુસ્તાની સિવાયની દેશી ભાષાઓ બહુ પાછળ હતી. જ્યારે સિંધી કેવળ બીજાવસ્થામાં હતી, જ્યારે બંગાળી પાંગરવા માંડી હતી, જ્યારે પંજાબીનો રોપ ઊછરી ઉંચો વધતો હતો, જ્યારે મરાઠીનો વેલો વાડની વાટ જોતો ભોંય પર પથરાતો હતો, ને જે વખતે ગૂજરાતીનું કદળીવન એક શતકથી સારા પાણી પાનારની ખોટથી નઝરું સોટા જેવું જણાતું, તે વખતે હિંદુસ્તાનીનો અક્ષયવડ અડાબીડ શતાવધિ થડથી અને અનેક યોજન ઘેરી લેતી ઘટાથી પ્રસિદ્ધ પંચવટીને ક્યાંએ વીસરાવી દે એવો ફાલી રહ્યો હતો. બૌદ્ધધર્મનો સહસ્ર શિખાવાળો પ્રદીપ નિર્વાણ પામ્યો તે પછીના મંથનકાળમાં ધર્મમૂર્તિ રામચંદ્ર અને પ્રેમમૂર્તિ કૃષ્ણચંદ્રની ભાવના સાર્વત્રિક પ્રસાર ને પ્રચાર પામી, તેમણે સાત્ત્વિક ધર્મવૃત્તિમાં લીન અને રાજસ પ્રેમભક્તિમાં મગ્ન તુલસીદાસ, સુરદાસ આદિ અનેક કવિઓને જન્મ આપ્યો. તેમણે હિંદુ-

સ્તાની સાહિત્યનો સાગર છલકાવી નાંખ્યો. એ હિંદુસ્તાની ભાષા આખા આર્યાવર્તમાં પસરી હતી. જ્યારે બીજી ભાષાઓ દેશવિશેષના નામથી ઓળખાતી હતી, ત્યારે હિંદુસ્તાની ખાસ કરીને ભાખા એવા ગૌરવ પ્રકાશતા નામથી વિખ્યાત હતી. પ્રાચીન કાળમાં લોકભાષા કોઇ ને કોઇ પ્રાકૃત છતાં શિષ્ટમંડળમાં સંસ્કૃત જે પ્રતિષ્ઠા પામતી અને અર્વાચીન કાળમાં ઇંગ્રેજી પામે છે, તે પ્રતિષ્ઠા મધ્યકાળમાં હિંદુસ્તાની પામી હતી. તેમાં કાવ્યો, આખ્યાનો અને રાસા જ માત્ર રચાયા ન હતા, પણ રસ, અલંકાર, છંદ, સંગીત અને નીતિના શાસ્ત્રીય વિષય પણ ચર્ચાયા હતા. રાજનીતિમાં રાજ્યનાં અંગમાં કવિની ગણના થઇ હતી, અને રાજદરબારમાં હિંદુસ્તાની કવિતા પોસાતી તથા પૂજાતી હતી. હિંદુસ્તાનના પાયતખ્ત દિલ્હીમાં જ નહિ, ગંગા યમુના અને સરયુના પવિત્ર તીરમાં જ નહિં, પણ જયપુર, જોધપુર, ઉદેપુર વગેરે રાજસ્થાનમાં, ગૂજરાતમાં અને છેક મહારાષ્ટ્રમાં પણ હિંદી કવિઓ સંમાન પામતા. આરબી અને ફારસીના પક્ષપાતી મુગલ શહાનશાહ શાહજહાન અને મહારાષ્ટ્રધર્મનો ઝંડો ઊઠાવનાર મરાઠીના સંગી છત્રપતિ શિવાજીએ સુંદરશૃંગારના અને શિવરાજ બાવનીના કર્તાને લખપસાય આપ્યો હતો. આ રીતે હિંદુસ્તાનીભાષા હિમાલયથી માંડીને વિંધ્યાચળ અને સાતપૂડાની આડ ઓળંગી દક્ષિણમાં પગદંડો ચલાવી રહી હતી. તે સમયના રાજ્યરજવાડામાં, કવિકોવિદમાં અને સાધુસંતમાં માન પામતી ભાષા જોઇએ તો હિંદુસ્તાની જ હતી. સ્વરાજ્યના પ્રતાપે મરાઠી * મહારાષ્ટ્રમાં પૂજા

* જુઓ યુધિષ્ઠિરવૃકોદરસંવાદાખ્યાનમાંથી પૂર્વે આપેલા ઉતારાની નીચેની પંક્તિ:—

પામતી થઇ હતી; પરંતુ હિંદુસ્તાનીની બરાબર તે પણ થઇ શકી ન હતી. વસ્તુસ્થિતિ આવી હતી, ત્યાં સ્વરાજ્ય રહિત ધાર્મિક અને સામાજિક જીવનમાં ચૈતન્ય રહિત ગૂજરાતની ભાષાની પદ્ધતિ ક્યાંથી ઊંચી હોય ? હિંદુસ્તાનીનું રસપાન કરવાને ટેવાયલા ગૂજરાતના સુબા સુલતાન ને નવાબો તથા રાવરાણાઓ ને રાજાઓનું મત જ એવું ભૂલભરેલું બંધાઇ ગયું કે ગુર્જરગિરામાં અને ગુર્જરદેશમાં ઊંચા પ્રકારના સાહિત્યની ખીલવણી માટે યોગ્યતા જ છે નહિ! યાવને ધાવી ઊછરેલા રાજવર્ગની સ્વમાતા પ્રત્યેની આવી અઘટિત અવજ્ઞાને લીધે પ્રેમાનંદને ગૂજરાતના અધ્યક્ષો પ્રત્યે અત્યંત તિરસ્કાર વછૂટે, અને તે શાંત સાત્વિક વૃત્તિનો પણ ભાષાભિમાની કવિ તપતીઆખ્યાનની પ્રસ્તાવનામાં એવા અધ્યક્ષોને આ ભૂમિ ભારે મારતા વર્ણવે એમાં શા અતિશયોક્તિ છે. શું આશ્ચર્ય છે? અફસોસ! સત્તરમા શતકની ગણત્રીમાં ગૂજરાતી છેક તુચ્છ લેખાતી અને જે તે એમ જ કહેતા કે:—

अबेतबेका सोलहि आने, अठेकठेका बार,
आठ हि आने इकडंतिकडं, शुंशां पेसे चार.

આવાં અધિક્ષેપનાં વચન ભાષાભક્ત કવિ સહન કરી શકયો નહિ. ઉદાત્ત રોષથી તે હિંદુસ્તાની સાહિત્યને ઝાંખું પાડે એવાં કાવ્યો રચવામાં પોતે ઉદ્યુક્ત થયો, એટલું જ નહિ પણ પોતે સ્થાપેલા કવિમંડળમાં અગ્રસ્થાને વિરાજતા કુળદીપક વલ્લભને હિંદુસ્તાનીને ટકોર મારે એવાં કાવ્યો રચવા આજ્ઞા કરી. પિતાપુત્રે કર્ણચરિત્ર, દુઃશાસનરુધિરપાન આદિ

કોક ભાષાદેવી દીન મલિન ને માલ વની,
કરે માલ વાળી તેને; સાજ શો સજાવિયો ! ! !
(આ ફુટનોટ પૃ. ૨૦૦ ની ચાલુ છે.)

અનેક કાવ્યો રચી ' શું શાં પેસે ચાર ' કહી ગૂજરાતીનું ઉપહાસ કરનાર હિંદુસ્તાનીને હંફાવ્યો. એક તો શું ત્રણ લાખ લાખ પૂરનાં ત્રણ કાવ્યો પ્રેમાનંદે આ અરસામાં પ્રથીરાજ રાસાની સરસાઈ કરવા રચ્યાં હતાં અને રાસાને ટક્કર મારતું કર્ણચરિત્ર મહાકાવ્ય પણ તેણે લખ્યું હતું, એમ કુંતીપ્રસન્નાખ્યાનના આરંભમાં વલ્લભ પ્રસંગોપાત કહી જાય છે.[1] એમાંનું છેલ્લું જે કર્ણચરિત્ર, તે સદ્‌ગત ઇચ્છારામભાઇને નંદરબારથી અધૂરૂં પ્રાપ્ત થયું હતું. એ અધૂરી નકલ પણ કહે છે મુંબઇની મરકી દરમિયાન નાશ પામી છે.

આટઆટલું કરનાર પ્રેમાનંદની કે તેના પુત્ર વલ્લભની તેમની હયાતીમાં લોકે ગુઝ જાણી જણાતી નથી, જેને લીધે વલ્લભ અત્યંત રોષે ભરાઇ કુંતીપ્રસન્નાખ્યાનમાં લખે છે કે:—

ધિક ગુર્જર ! છે ધિક ! રસિક ન સાથ રાખ્યો,
પ્રતાપી પ્રભાકરને પિછાણ્યો ના કોઇએ !
છંદ પ્રેમતણા ઘણા; પદમાં તો શેની મણા ?
દૂહા ને ચોપાઈ ઘણી સાખબંધ જોઇયે.
ચાર જણે જેહ કર્યું, એક જણે કર્યું આ તો,
એવું નવ જુએ કોઈ, ખાંતે ખરૂં ખોઇયે;
મૂગા મૂઢ નિર્લજ્જ સૌ પેટે પડિયા પાષાણ !
ગૂજરાત શુષ્ક થયો, શું રસાળ ખોઇયે ?

છંદ, પદ, દૂહા ને ચોપાઇ લખવામાં પ્રેમાનંદની સરસાઇ નીચેના સુપ્રસિદ્ધ દૂહામાંના ચંદબરદાઇ, સૂરદાસ, બિહારીદાસ અને તુલસીદાસ સાથે અભિપ્રેત છે.

---

૧ જુઓ કુંતીપ્રસન્નાખ્યાન, કવિત, ૧, ૫, ૯, ૧૮ વગેરે.

चंद छंद, पद सुरके, दूहा बिहारीदास,
चौपै तुलसीदासकी, केशव कवितविलास.

કેશવદાસનો અનિર્દિષ્ટ પ્રતિસ્પર્ધી તે વલ્લભ પોતે જ. સદ્‌ભાગ્ય કે આત્મશ્લાઘામાં પ્રવીણ ફક્કડ કવિએ પોતાના કવિતનાં વખાણ નથી કર્યાં !

હિંદુસ્તાની સામે બકરી બાંધી ત્યારે પ્રેમાનંદ પડોશની મરાઠીને વીસરી ગયો ન હતો, તે આપણે તપત્યાખ્યાનના ભરતવાક્યમાં જોઇયે છિયે. તેમાં ગૌરવનું મર્મ પ્રકાશતું સાર્થક 'મહા' વિશેષણ જે ગુર્જરીને લગાડ્યું છે, તે ડિત્થડવિત્થવત મહારાષ્ટ્રી સંજ્ઞા સંભારીને લગાડ્યું જણાય છે. વળી એજ નાટકની પ્રસ્તાવનામાં વ્રજવાસી સાથે મહારાષ્ટ્રી નટને પણ ખડખડિયું આપવાનું કહ્યું છે, તે દર્શાવે છે કે કવિ મરાઠીને ભૂલી ગયો ન હતો. રોપદર્શિકાસત્યભામાખ્યાનના ચોથા અંકમાં ગોપ શ્રીદામાને મુખે હિંદી 'ચલિયે ચલિયે' તથા ગૂજરાતી 'ચાલો ચાલો' ની વચ્ચે **चला चला** મૂકી દીધું છે તે મરાઠીની સ્મૃતિ જાગૃત હોવાની સાક્ષી આપે છે. કેશવદાસ, બિહારીદાસના છંદ ગૂજરાતીમાં ઊતાર્યા તેમ તુકારામના અભંગ અને વામન પંડિતનાં વૃત્તો પ્રેમાનંદે ઊતારવા કાળજી દર્શાવી છે. પેશવાની ઘનઘટામાં મહારાષ્ટ્રી મયુરની કેકાવલી સંભળાઇ, તે આપણી રસાળ ગુર્જરકુંજના કોકિલનો પંચમ સંભળાતો બંધ પડ્યો તેના પછી. પોતાના સમય પહેલાંના લોકપ્રિય કવિ તુકારામને અને વિદ્વત્પ્રિય કવિ વામનને તો પ્રેમાનંદે વીસાર્યા ન હતા. પરંતુ હિંદુસ્તાનીની સ્પર્ધા આદર્યા બાદ મરાઠીની સ્પર્ધા આદરવા જેવું રહેતું નથી એમ કરી તેને ઝપાટામાં નહિ લીધી હોય.

હિંદુસ્તાની અને મરાઠી સાહિત્ય નવીન કલ્પના અને નાનાત્વના ચમત્કાર રહિત હતું. દેવગિરાના સાહિત્યની સરખામણીમાં તે કંઇ જ ન હતું. સંસ્કૃતનાં મહાકાવ્ય અને ચંપૂનાં નાટક અને નાટિકાનાં, આખ્યાયિકા અને કથાનાં હિંદુસ્તાની મરાઠીને સ્વપ્ન પણ આવ્યાં ન હતાં. ગીર્વાણના જેવી નૂતન સૃષ્ટિ રચી ગુર્જરસાહિત્ય ઉચ્ચ સ્થાને પહોંચાડી અઢારમા શતકના સાક્ષરયુગના વિશ્વામિત્ર બનવું, એવી ઉદાર અભિલાષા ભાષાભકત કવિના હૃદયમાં પ્રાદુર્ભાવ પામી. એ અંતર પ્રેરણાથી લોકની રસવૃત્તિ ઉચ્ચગામી કરવા લોકપ્રિય દેશીના બંધારણમાં અભિમન્યુઆખ્યાન અને માંધાતાઆખ્યાન પ્રેમાનંદે રચ્યાં; એ આંતર પ્રેરણાથી સંસ્કૃત આદર્શનો પરિચય કરાવવા રઘુવંશ અને માર્કંડેય પુરાણના અનુવાદ આદર્યા; એ જ આંતર પ્રેરણાથી અદ્ભુત તર્ક અને અલંકારનો ચમત્કાર દર્શાવવા ઋષ્યશૃંગાખ્યાન લખ્યું. વળી છંદશાસ્ત્રના મર્મજ્ઞને સંતોષવા જાતિ અને વૃત્તના અજાણ્યા પ્રદેશમાં પણ તેને ઝંપલાવ્યું અને યતિભંગથી દૂષિત પણ મહાકાવ્યના લક્ષણથી ભૂષિત દ્રૌપદીહરણ આઠ દિવસમાં લખી કાઢ્યું; શાસ્ત્રમાં વ્યુત્પત્તિનો ભાસ આપવા મધુર નિર્દોષ વૃત્ત અને જાતિમાં અષ્ટાવક્રાખ્યાન લખી શાસ્ત્રકાવ્યનું ગુર્જર સાહિત્યમાં પહેલ પહેલું વિલક્ષણ આદર્શ પણ તેણે રચ્યું; અને જે વખતે સંસ્કૃતમાં પણ પંડિત કવિઓને હાથે સારાં નાટકો લખાતાં બંધ પડયાં હતાં તથા હિંદુસ્તાની કે મરાઠીમાં નાટક મૂળમાં લખાયાં જ ન હતાં, તે વખતે કાલિદાસ, ભવભૂતિ, વિશાખદત્ત, હર્ષદેવ, શૂદ્રક અને નારાયણે મળી જેટલાં નાટકો લખ્યાં છે તેટલાં પ્રેમાનંદે એકલે લખ્યાં; જેમાંનાં ત્રણ જ સ્વર્ગસ્થ દીવાન બહાદુર મણિભાઈ જસભાઇની

યશસ્વી યોજનાથી મુદ્રાંકિત થવા પામ્યાં છે. એ નાટકો ગૂજરાતીમાં અત્યાર સુધીમાં રચાયલાં બીજાં બધાં નાટકોથી ચઢિયાતાં છે; અને સંસ્કૃતમાં કાળિદાસ અને ભવભૂતિની કૃતિ બાજુ ઉપર રાખિયે તો બીજાં જે નાટકો રચ્યાં તેનાથી એ ઉતરે એવાં કહી શકાય નહિ. પ્રેમાનંદના આ મહાન આરંભનું એક તરફથી ભરતનાટ્યશાસ્ત્રને જ વળગી રહી સંકુચિત દૃષ્ટિ વાળા બનેલા પંડિતોએ અને બીજી તરફથી રાસલીલાના રસિયા વ્રજવાસીએ તથા આખ્યાનનાં પેખણાંનો પરિચય ધરાવતા મહારાષ્ટ્રીએ ઉપહાસ કરવા માંડ્યું હોય એમ તે તે નાટકની પ્રસ્તાવના ઉપરથી સમજાય છે. રોષદર્શિકાસત્યભામાખ્યાનમાં સંસ્કૃતનો હિમાયતી પારિપાર્શ્વિક નીચેના શબ્દોમાં હૃદયમાં ન સમાતા રોષનો ઊભરો કાઢે છે:—

પારીપાર્શ્વિક—" ભાવ !...કાલિદાસ ભવભૂતિ બાણ સોમિલ્લ જયદેવાદિ કવીશ્વરોનાં નાટક છતાં–ને તે પણ દેવગિરામાં, ગુણાદિથી હીન ગુર્જરગિરામાં–અને તે પણ નવીન નામધારી પ્રેમાનંદ ગ્રથિત વસ્તુનો પ્રયોગ કરવો એ કેવી હસારત!!! તમે તો નાટક શબ્દને પણ નાત બહાર મૂકયો છે. આખ્યાન અને તે ભજવવું! શિવશિવ! આપણે તો નથી સાંભળ્યું, નથી જોયું, કે નથી જાણ્યું. ગમે તેમ થાઓ, પરંતુ કહો કે તમે ઉત્તમ પાત્રની જે દેવગિરા, તેનો તો ગોટો વાળી તેને ઠામે ગુર્જરગિરા વાપરશો, પણ સામાન્ય પાત્રની બાલભાષા વિષે શું બોલો છો ?" તપત્યાખ્યાનમાં વ્રજવાસી અને મહારાષ્ટ્રી કૃત તિરસ્કારનું સૂચન નીચેની ઉક્તિમાં મળી આવે છે.

પારિપાર્શ્વિક—" આર્ય...પેલો વ્રજવાસી અને મહારાષ્ટ્રી આ પ્રયોગનું ઉપહાસ કર્યા કરે છે, તે અમારાથી દેખી ખમાતું નથી...

એ એમ કહી મને ચીડવે છે કે ગુર્જરગિરા અને ગુર્જરદેશ આખ્યાન ભજવવા યોગ્ય નથી. તો શું મારે એ એમનું નરાતાળ જૂઠું કથન શ્રવણ કર્યા કરવું એવી તમારી ઇચ્છા છે? એ એમ હોય તો અપરાધની ક્ષમા માગી કહું છું કે એવી ઇચ્છાવાળા અધ્યક્ષે એ જ આ ભૂમિ ભારે મારી છે!"

પ્રતિકૂલતા છતાં પણ પોતે શી પ્રેરણાથી પ્રેરાઇ નાટકો લખ્યાં તેના ઉત્તરમાં પાંચાલીપ્રસન્નાખ્યાનમાં સૂત્રધારના મુખે નીચે મુજબ કાકુપ્રશ્ન કરે છેઃ—

સૂત્રધાર—"મારિષ!.........વિધાતાએ શું આ રંગભૂમિ ભાળી સ્વભાષા પર ભાવ ધરે એવો એકકેય રસજ્ઞ નહિ નીપજાવ્યો હોય!"

એ સ્વભાષા પર ભાવ ધરનાર રસજ્ઞ તે પ્રેમાનંદ જાતે જ. એની જાજ્વલ્યમાન ભાષાભક્તિ નાટકોનાં ભરતવાક્યોમાં ભભકી ઉઠે છે.

નીચેની ઉક્તિઓમાં પણ તે સારી રીતે પ્રકાશે છેઃ—"ગુર્જરગિરા પ્રાજ્ઞને માટે સાહિત્યશાસ્ત્રમાં વર્ણવેલા સર્વ ગુણાદિથી સંપૂર્ણ ભરેલી છે" (તપત્યાખ્યાન). "પ્રાણનાથ! મારી કુશળતાને માટે ધન્યવાદ આપ્યા કરતાં ગુર્જરગિરાના માધુર્યને જ માન આપવું વધારે સુઘટિત છે" (પાંચાલીપ્રસન્નાખ્યાન). "મારી સખી (ગુર્જરગિરા) આર્યપુત્રે આરંભેલા કાર્યથી ઘણી ખુશી થઇ છે."

वरं विरोधोऽपि समं महात्मभिः એ ન્યાયે સંસ્કૃત સાહિત્યની સરસાઇમાં ઉજ્જવળ ભાષાભક્તિ જે સમુલ્લાસ પામી તેનું દેશભક્તિમાં સંક્રમણ થએલું પણ પ્રેમાનંદમાં જોઇયે છિયે. તપત્યાખ્યાનમાં સૂત્રધારને મ્હોડે કહેવરાવ્યું છે, કે "ગુર્જર દેશ તો સર્વ પ્રકારના કાર્યારંભને માટે દેશવિદેશમાં વિખ્યાતિ પામેલો જ છે." વળી એમાં

જ આગળ વ્રજવાસી અને મહારાણી પ્રતિપક્ષીનાં મુખ મ્લાન કરવા ઋતુવર્ણનના મિષથી ગુર્જરભૂમિનાં નીચે મુજબ નટી વખાણ કરે છેઃ—

અવલોકો વિદેશી લોકો રોકો દૃષ્ટિ વર્ષામાં;
ના ભાળો *નાભાળો આતુર ચાતુર ચાતક તરષામાં.
નવયૌવન કોઇ નારી રહી લીલી સાડી ધારી,
ભાત ઇંદ્રગોપ શું પાડી; અષ્ટાદશ ભારની વાડી
વિચિત રંગે વિહંગમ અનંત વહંત.
અસુધર પશુ મદમાતાં રાતાંતાતાં છે આ વરષામાં;
પતિપત્ની સંયોગી ન રોગી એ' છે શુચિ સુખ પરશામાં;
ધરવે ધાન્ય જઇયે વારી, પરવે માન્યની બલિહારી.
આ નંદનવન ન્હોયે, અધિક ગુર્જરભૂમિ હોયે
વા શકે રંગભૂમિ ઝુમી ઝઝુમી.

પ્રેમાનંદનાં આ કાવ્યનાટકો લોકમાં એનાં ઓખાહરણ, રણયજ્ઞ, સુદામાચરિત્ર આદિ આખ્યાન જેવાં જાણીતાં નથી થયાં. તેને લીધે કેટલાક વિદ્વાનો તેમના તરફ અનાસ્થાની દૃષ્ટિએ જુવે છે. વળી 'એક કાંકરીએ બે પંખી મારવાં' અને 'કાગડો કામઠીને ધારે એવો નથી' જેવી ઇંગ્રેજી કહેવતોને મળતી ઉક્તિઓ એ અત્યાર સુધી અપ્રખ્યાત રહેલા ગ્રંથોમાં મળી આવે છે, તેને લીધે પણ તેમને પ્રેમાનંદની કૃતિ કહેતાં અચકાય છે. જો લોકમાં અમુક કાવ્ય જાણીતું ન થયું માટે તે ચોક્સ કવિની કલમથી લખાયલું ન હોય, એવી વ્યાપ્તિ બાંધી બેસિયે, તો ગુજરાતીમાં કાદંબરી રચવાનું માન બાલણ ખોઈ બેસશે, ગોવિંદગમન અને સુરતસંગ્રામ રચ્યાનું યશોગાન નરસિંહ મહેતાનું

* આકાશવૃત્તિવાળું.

લૂંટાઇ જશે, અને સામળની પણ કીર્તિ કેટલીક લૂંટાઇ જવાનો પ્રસંગ આવશે. બીજી તરફથી શિકારની કહેવતોના પ્રત્યે શંકાશીલ દૃષ્ટિથી જોવામાં આવે છે તે તો પ્રેમાનંદનાં બીજાં કાવ્યો ન વાંચ્યાનો પરિણામ છે. દ્રૌપદીહરણમાં શિકારનું સામાન્ય વર્ણન આપ્યું છે તે કોરે રાખતાં અષ્ટાવક્રાખ્યાનમાં જનકવિદેહની મૃગયાના વર્ણનનું પ્રકરણ કોઇ જોશે, તો સહેજ તેના જાણવામાં આવશે કે એ વિષે મૃગયારસિક મરાઠા, મુસલમાન અને રજપૂતના સમયમાં થયેલો પ્રેમાનંદ નંદરબારના રાજાના સમાગમમાં શિકારની સારી માહીતી ધરાવતો હતો.

આ અનાસ્થાશીલ વિદ્વાનોના મુકાબલામાં એવા શ્રદ્ધાશીલ મનુષ્યો છે કે જેઓ પ્રેમાનંદના નામે ચઢેલા હરકોઇ કવિતાના ગ્રંથને પ્રેમાનંદની જ કૃતિ માને છે. પ્રેમાનંદના માથે ભાગેલાં કાવ્યોમાંનું એક દ્રૌપદીસ્વયંવર છે. એ બૃહત્કાવ્યદોહનના છઠ્ઠા ગ્રંથમાં પ્રસિદ્ધ થયું છે. એમાં કર્તા તરિકે 'વડોદરાવાસી ચોવીસા કૃષ્ણસુત પ્રેમાનંદ'-નું નામ છે. પરંતુ તે સુપ્રસિદ્ધ ભટ પ્રેમાનંદની કલમથી લખાયલું જણાતું નથી.[1] એનું નામ પ્રકાશક દ્રૌપદીસ્વયંવર આપે છે ખરા, પરંતુ રચનાર તો તેને આદિપર્વ જ કહે છે. એ પર્વ પૂરું કરી તે પછીનું પણ પર્વ કવિ લખવાની સૂચના આપે છે. ઢૂંઢી ધેમાસુર

1 જુઓ છેલ્લું (૪ થું) કડવું કડી ૧-૨

વૈશંપાયનને લાગી પાય, સ્તુતિ કરે જન્મેજયરાય;
તમ કૃપાયે શ્રી રૂખીદેવ, આદ્યપર્વ સાંભળ્યું અશ્વમેવ;
... ...
હવે કહો નૌતમ પર્વ, જેમાં સતીતણું ચરિત્ર અપૂર્વ.

કંકાલી અને કબીરાની કથાના ગોળા ગબડાવી દીધા છે! શૈલીની ભિન્નતા અને કથાભાગના તફાવત ઉપરાંત દેશીઓ પણ પ્રેમાનંદની નથી, પ્રસંગવર્ણન પણ તેનું નથી; અને પ્રતિજ્ઞા તો તેની નથી જ.[1] આવું જ બીજું પ્રેમાનંદને માથે મારેલું કાવ્ય કે જોડકણું સ્વર્ગની નીસરણી છે.પંડિત રત્નેશ્વર જેવા જેના શિષ્ય હતા અને જે ઊંડા સંસ્કૃત સાહિત્યના જ્ઞાનની પદે પદે સાક્ષી આપે છે, તે એક ઊછરતા અજ્ઞાન જોડકણાં જોડનારને પણ ન છાજે એવું નમાલું લખાણ લખે તે તો માનવાને બુદ્ધિ કબુલ કરતી નથી. આવું જ બીજું એક દશમલીલા[2]

---

૧ થોડાં વર્ષ ઉપર રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામને પ્રેમાનંદકૃત મહાભારત મળી આવ્યું છે તે સં. ૧૭૨૬–૩૨ માં રચાયું જણાય છે. એનું આદિ પર્વ સં. ૧૭૨૭ ના અરસામાં રચ્યા પછી એનો એ કવિ સં. ૧૭૩૬ માં બીજું આદિ પર્વ લખે એ બનવા જોગ નથી રા. રા. ભાનુસુખરામ વાળી પ્રતમાં હુંડી, પ્રેમાસુર કંકાલી અને કબીરાની કથા છે નહિ. દેશીની સંખ્યામાં અને શૈલીમાં બે આદિ પર્વ વચ્ચે ફેર છે. દેશીની કસોટીએ કસી જોતાં રા. રા. ભાનુસુખરામને મળેલું મહાભારત પણ ભાવાભક્ત પ્રેમાનંદની કૃતિ લાગતી નથી. તેવી જ રીતે ભગવદ્‌ગીતા અને બભ્રુવાહન આખ્યાન પણ તેની કૃતિ નથી. છેલ્લા કાવ્યની એક પ્રતમાં કર્તા તરીકે બાઇશંકરનું નામ જોવામાં આવે છે. તા. ૨૦–૧૨–૨૦.

૨ એ કાવ્ય 'સંક્ષિપ્ત દશમલીલા' એવા મથાળાથી પ્રા. કા. દો. ૩ માં વડોદરાવાસી હરિભટને નામે છાપ્યું છે. એ કવિ સં. ૧૮૮૫ માં હયાત હતો એવું તેમાં લખ્યું છે. લાછરસની પ્રત સં. ૧૮૨૧ માં ઊતારેલી છે અને તેમાં 'હરિભટ પગે લાગે૦' ને બદલે 'શ્રી હરિને તો લાગી૦' પાઠ છે, તથા એક કડી વધારે છે. તેમાં પ્રેમાનંદનું નામ છે. તા. ૨૦–૧૨–૨૦.

નામે ટૂંકું જોડકણું મને નાંદોદ તાબે લાછરસના શોધરસિક મહેતાજી છગનલાલ વિદ્યારામ તરફથી મળ્યું છે. એ પણ છે તો પ્રેમાનંદને નામે જ, પરંતુ પ્રેમાનંદની કૃતિ નથી. પરંતુ રોપ-દર્શિકાસત્યભામાખ્યાન, અષ્ટાવક્રાખ્યાન વગેરેનો તિરસ્કાર કરતાં જેટલે દરજ્જે અચકાવું જોઇયે, તેટલે જ દરજ્જે આદિપર્વ કિંવા દ્રૌપદી-સ્વયંવર, સ્વર્ગની નીસરણી વગેરેનો આંખો મીંચીને સ્વીકાર કરતાં પણ ખંચાવું જોઇયે.

પ્રેમાનંદે કેટલાક નિર્માલ્ય પુસ્તકો લખ્યાં છે, પણ તે કેવા સંજોગોમાં લખાયાં છે તે જોવાનું છે. એનું લક્ષ્મણાહરણ એની કલમને જેબ આપે એવું નથી. એ પોતે જ એને હાથલગ્નમણ કહે છે. રા. બા. હરગોવિંદદાસ જણાવે છે તેમ 'લક્ષ્મણાહરણ એ પ્રેમાનંદની કવિતાનો ઉત્તમ નમૂનો નથી. પરંતુ એનું ઉત્તમપણું બનાવટની ત્વરામાં રહેલું છે.' વિશેષમાં આપણે કહેવું જોઇયે કે પતરાજીની ખાતર નહિ પણ માયામય માધવ મિત્રને હાથે 'ઘૃતની ગંગા ચલાવી સાકરે પાજ બાંધી' બ્રહ્મલોકને તૃપ્ત કરવાની ખાતર સમર્થ કવિએ એક દિવસમાં છસેં પંક્તિનું એક કલાકમાં વંચાય એવું લક્ષ્મણાહરણ લખવાનું સાહસ કર્યું હતું. એ આખ્યાન તો 'રસ અલંકાર કાંઇ ન જાણે' એવા વણિક શેઠિયાનું મન મનાવવા રચ્યું હતું તેથી, અને એ રચ્યું ત્યારે પ્રેમાનંદ એક વર્ષથી માંદા હતા તેથી તેમાં સાવધાનતાની ખામી જોવામાં આવે છે. પરંતુ વિ. સં. ૧૭૪૫ માં જ્યારે નંદરબારના રાજાની પ્રસન્નતાને અર્થે રાજગુરુ અને મિત્ર પ્રેમાનંદ આઠ દિવસમાં આશરે

ત્રેવીસસેં પંક્તિનું દ્રૌપદીહરણ લખી કાઢે છે ત્યારે વધારે રચનાચાતુર્ય વાપરે છે; જો કે જાતિ અને વૃત્તમાં એ કવિની પહેલવહેલી જ કૃતિ હોવાથી યતિભંગ બહુ જોવામાં આવે છે અને વખતે શબ્દો પણ બગાડેલા અને માગ્યાતાગ્યા વાપર્યા જણાય છે. અંતરના ઉત્સાહથી સ્વસ્થ સ્થિતિમાં ત્વરાથી રચાયલા કાવ્યનો નમૂનો સામળશાહનો વિવાહ છે, જે કવિએ એ જ દિવસમાં લખી કાઢ્યો હતો એમ વલ્લભ કહે છે. પ્રેમાનંદની પ્રતિભાની પ્રખરતા અને કવિતા રચવાની સરળતા દ્રૌપદીહરણ અને સામળશાહના વિવાહથી પરખાઇ આવે છે.[1]

અમુક ગ્રંથના કર્તૃત્વ સંબંધમાં પ્રેમાનંદ વિષે શ્રદ્ધા અશ્રદ્ધા જેમ પ્રવર્તતી જોવામાં આવે છે, તેમ તેની શૈલી વિષે વિરુદ્ધ વિચારો પ્રચલિત છે. પ્રેમાનંદનાં લોકપ્રિય આખ્યાનોની સરળતાને વખાણનારા સરળ શૈલીની પ્રશંસા કરે છે; ત્યારે તેનાં નાટકો અને કાવ્યોનો આસ્વાદ લેનારા સંસ્કૃતમયી ગૂજરાતીનો પક્ષ કરે છે. અહિં કહેવું જોઇયે કે પ્રેમાનંદને પ્રિય તો સરલ શૈલી જ જણાય છે. તેના ઘણાખરા ગ્રંથોમાં એ શૈલીનો જ તેણે ઉપયોગ કર્યો છે. નાટક અને કાવ્યની શૈલી તો ભારતી વૃત્તિના રસિયા પંડિતજનને સંતોખવા અને પાંચાલીપ્રસન્નાખ્યાનમાં નટી કહે છે તેમ '**गुर्जराणां मुखं भग्नम्**' એ પદ લખનારના મુખમાં ધૂળ નાંખવા' પ્રેમાનંદે ખાસ કરીને કઠિણ અને પ્રૌઢ કરી છે. કરી છે કહેવાનું કારણ એ છે કે એ

---

૧ શામળશાહના વિવાહના આરંભે આપેલા દેશીબદ્ધ અધૂરા ઊતારામાં લખ્યું છે કે 'નાગરનિંદા'નાં દસ બાર કડવાં પ્રેમાનંદ નિત્ય પ્રતિ રચી કાઢતો.

કૃત્રિમ છે. પ્રેમાનંદની એ કૃત્રિમ ગૂજરાતીથી ભૂલાવો ખાઇ સંસ્કૃતમયી ગૂજરાતીની હિમાયત કરે અથવા સંસ્કૃતયુગની આગાહી આપે, તે તો, રાક્ષસી અને આહીરી ગૂજરાતીથી છેતરાઇ પ્રાચીન અને શુદ્ધ હોઇ વ્યુત્પત્તિવાદી અપભ્રંશની હિમાયત કરે અથવા જોડણીમાં વ્યુત્પત્તિપક્ષ માન આપવા યોગ્ય હોઇ અપભ્રંશયુગની સંભાવના કરે તેના જેવું અશ્રદ્ધેય કહેવાય. એમ જણાય છે કે સંસ્કૃત નાટકમાં પાત્રભેદે ભાષાભેદનો જે નિયમ છે તેના સમાદરથી પ્રેમાનંદે ભારતી વૃત્તિના ઉત્તમ પાત્રના સંસ્કૃતનો જવાબ આપતી સંસ્કૃતમયી પ્રૌઢ ગૂજરાતી ઊપજાવી; માગધી અને શૌરસેની પ્રાકૃતના વૈચિત્ર્યનું કંઇક ભાન કરાવવા અપભ્રંશ પ્રાકૃત તથા જૈન પ્રાકૃતનો નમૂનો લેઇ આહીરી ઘડી કાઢી, અને ખતદસ્તાવેજના, વૈદ્યજ્યોતિષીના તથા ભાટચારણના ભ્રષ્ટ સ્કૂલની છાયા લેઇ રાક્ષસી યોજી લીધી. એ પ્રૌઢ ગૂજરાતી, આહીરી અને રાક્ષસી પૈકી એકે કોઈ કાળે કોઇની બોલી હતી જ નહિ. સહેજ પૂછિયે છિયે કે રોષદર્શિકાસત્યભામાખ્યાનમાં કૃષ્ણ ભગવાનને મુખે મહેમાનના ઉતારાને માટે અતિથિસત્કારસ્થાન શબ્દ કહાવ્યો છે તે ગત સંસ્કૃત યુગમાં કોઇએ વાપર્યો છે કે આગામી સંસ્કૃત યુગમાં બોલાશે? કોણ કહેશે કે શ્રીદામાની આહીરીનો સયણઇ (=સજની) એ બોલ જૂની ગૂજરાતીનો છે. બોલઇ (=બોલી), ઇહાં થઈ (=ઇહાંથી) જૂની ગુજરાતીનાં રૂપ છે? રાક્ષસી ગૂજરાતી સંબંધમાં તો કોઇએ ભૂલાવો ખાધો નથી, ને કોઇ ખાય એમ નથી. એ તો નજર પડતાં જ કૃતિમ જણાઇ આવે છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે નાટક કાવ્યનો અભ્યાસ કરતાં પ્રેમાનંદ કૃતિમ શૈલીમાં લખે છે એ વાત દૃષ્ટિ બહાર ન હોવી જોઇયે.

નાટકની પ્રૌઢ ગૂજરાતીમાં ભારતી વૃત્તિના સંસ્કૃતનો આભાસ આવ્યો છે, વસ્તુસંકલનામાં શૂદ્રક અને વિશાખદત્તનું સંવિધાનચાતુર્ય ઊતર્યું છે, પાત્રભેદના નિરુપણમાં પણ સંસ્કૃતની સાવધાનતા સચવાઇ છે, એમ ગીર્વાણ નાટ્યસાહિત્યની સુંદર છાયા પ્રેમાનંદનાં નાટકોમાં સંક્રાંત થઇ તેને શોભા આપનાર બની છે; ત્યારે તત્કાલીન ભવાઇની ગ્રામ્યતાની છાપ પણ તેના ઉપર પડ્યા વગર રહી નથી, એ શોચનીય વાત જણાવ્યા વગર ચાલતું નથી. એ ગ્રામ્યતા શોકયોની ઉક્તિમાં આગળ પડતી જોવામાં આવે છે. કૃષ્ણ ભગવાનના અંતઃપુરમાં રુક્મિણી અને સત્યભામા વચ્ચે પણ અભણ અકુલીન સ્ત્રીઓને જ છાજે એવી ગ્રામ્ય ગાળાગાળી સાંભળિયે છિયે. પ્રેમાનંદે સંસ્કૃતના ઉત્તમ આદર્શના પરિચયને લીધે ભવાઇની અશ્લીલતાનો ત્યાગ કર્યો તેની સાથે તેની ગ્રામ્યતાનો પણ ત્યાગ કર્યો હોત, તો એનાં નાટકોનું મોટું કલંક દૂર થાત. પ્રેમાનંદના મનની એ એક પ્રકારની નિર્બળતા કહો કે ગમે તેમ, પરંતુ શ્રોતા જેથી રાજી થાય એવા પ્રયોગ ઉત્તમ આદર્શમાં પણ તેનાથી વાપર્યા વગર રહેવાતું નહિ; એ વાપરતાં તે ઔચિત્ય અનૌચિત્યનો વિચાર ભૂલી જતો, રસ પોષવાની સાવધાનતા તે ખોઇ બેસતો, પાત્રની યોગ્યતા જાળવવાની જરૂર વીસરી જતો. સામાન્ય વર્ગને માટે ટોળ ટીખળ ને પરિહાસનાં વચન અસ્થાને તે વાપરી જાય છે. "સાધુ પિતાને મહા દુઃખ દેવા મુજને સીમંત શે આવ્યું" એવું કહેનારી સાધ્વી પુત્રીને જ મ્હોડે લોકને રંજિત કરવા 'ઘડો ફૂટે રઝળે ઠીકરી, મા વિના તેવી દીકરી' એવાં જોડકણાં જોડાવે છે. પ્રકરણને શોભા આપે અને રસને પોષે તથા, 'મોહવારુણી પી પડ્યો ?' એ ઉક્તિનું ઔચિત્ય દૃઢ કરે એવું વૈદર્ભીમાં

વેલ જાણે હેમની અવેવ ફૂલે ફૂલી
ચકિત ચિત્ત મારું ને ગયો દૂતત્વ ભૂલી.

એ કડીમાં યોજેલા રૂપકને અધવચ પડતું મૂકી આલંકારિકને અલંકારથી આંજવાના મિથ્યા મોહમાં 'સામસામા રહ્યા શોભે વ્યોમ ભોમ ને સોમ' વગેરે પંક્તિ ઉપર પંક્તિ ઉમેરી અલંકાર ખડકવા મંડી જાય છે! આવાં પ્રમાદસ્થાનો એનાં કાવ્યોમાં શોધી કાઢવાં સહેલ છે. પરંતુ એવાં ન્હાનાં મોટાં ધાબાં છતાં પ્રેમાનંદ વલ્લભના બોલમાં 'પ્રતાપી પ્રભાકર' જ છે. એક બેડકને માટે જોઇયે તે કરતાં વ્યાખ્યાન લાંબું થઇ ગયું છે, ને કોઇના દોષ જોવા રુચિકર પણ નથી, તેથી વલ્લભના જ વંદનવક્યથી અટકું છું.[1]

---

૧ પ્રેમાનંદની જયંતી ઉપર તા. ૩૦ મી જુલાઇએ અમદાવાદની સાહિત્યસભામાં વાંચેલો આ લેખ છે. એ એકમાર્ગી છે. એમાં પ્રેમાનંદના જીવનના પાંચ મોટા બનાવોની નોંધ છે. એમાં પ્રેમાનંદે રચ્યા ન છતાં તેને નામે ચઢેલાં ત્રણચાર કાવ્યનાં પ્રસંગોપાત્ત નામ આપી સંતોષ માન્યો છે; પરંતુ પ્રેમાનંદનું ઓગણત્રીસ કડવાંનું ઓખાહરણ બાજ ખેડાવાળ રાજારામસુત ગોવિંદરામ-જે પ્રથમ કલ્યાણભક્તનો અને પાછળથી પ્રીતમનો શિષ્ય થયો હતો અને જે હરિશ્ચંદ્રાખ્યાનનો કર્તા છે-તેમને હાથે સંવત ૧૮૫૬ ના આસો સુદિ ૭ ને ગુરુવારે કેવું વધીને છપ્પન કડવાંનું થયું અને દયારામને હાથે તેથી પણ વધીને બમણું ત્રગણું થયું, એ વાતનું સૂચન સરખું કરાયું નથી. વળી નરસિંહ મહેતાના જીવનને લગતાં કાવ્યો વિષે પણ કહેવાનો અવકાશ મળ્યો નથી. વિવાદાસ્પદ વિષયો ઉપર પ્રકાશ પાડવા સંશોધકોને વિનંતી છે.

પ્રેમને કે આનંદને કે પરમાનંદ નમું;
નમું કવિભૂપણને, કે પ્રતાપવાનને;
કૃષ્ણસુત પ્રેમાનંદ, કે રામચરણશિષ્ય,
વેદપાઠી, આગમના નમું પ્રેમ પાનને;
ચાતુરવિંશી મણિને, કે માધવમિત્ર નમું;
રત્ન–ગિરા–ગુર્જરને, નમું રૂડાવાનને;
નમું નમું નમું કથું; કંઇ પણ અંગે નમું!
વલ્લભ કવીશ તોય ધારે ના એશાનને.

વલ્લભ સાથે સંમત થઇ આપણે પણ કહિયે, કે આભારબુદ્ધિથી મુગ્ધ બન્યા સિવાય અર્થાત્ વાસ્તવિક યોગ્યતાના સ્વીકારપૂર્વક ભાવાપ્રેમની મૂર્તિરૂપ, કાવ્યાનંદના પ્રભવરૂપ, પર આનંદ જે બ્રહ્માનંદ તે પરમાનંદસ્વરૂપ, સંસ્કૃત–પ્રાકૃત–અતિપ્રાકૃત કવિઓમાં ભૂપાળરૂપ, અકવિને કવિ બનાવે એવો પ્રતાપ ધરાવનારા, કૃષ્ણભટની ખ્યાતિ વધારનારા સપૂત, રામચરણ ગુરુનો આદેશ માથે ચઢાવનારા સચ્છિષ્ય, સ્વાધ્યાયનું અધ્યયન રાખનારા બ્રહ્મવર્ચસ્વી, શાસ્ત્રપુરાણનું પ્રીતિથી પાન કરનારા, ચોવીસા બ્રાહ્મણોમાં શિરોમણિ, ઘીની નદી ચલાવી સાકરની પાળ બાંધનાર માધવશેઠના મિત્ર ગુર્જર ગિરાના ચૂડામણિ – શુદ્ધ સત્ત્વના પ્રાધાન્યથી સદૈવ પ્રસન્નમૂર્તિ જે પ્રેમાનંદ તેમને નમસ્કાર! એ વ્હાલા કવીશ્વરને કોઇ ને કોઇ રૂપની અંતરભાવનાથી ફરી ફરીને નમસ્કાર!

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

૯.

બાલાશંકર ઉલ્લાસરામ.*

૧

બંધુઓ !

विन्देम देवतां वाचममृतामात्मनः कलाम्–અમૃત સ્વરૂપ અને આત્મકલારૂપ ભગવતી વાગ્દેવી અમને પાવન કરો. એ સુન્દર ભક્તિપૂર્ણ કવનમાં મહાકવિ ભવભૂતિના હૃદયને શ્રદ્ધામય રેલાતું જોઇને અપૂર્વ આનંદ અનુભવાય છે; પરન્તુ તે કવિ-વાણીનું ગૌરવ જ્યારે આપણા અર્વાચીન કવિવર કાન્તની રસભરી પંક્તિઓમાં વાંચીએ, જોઇએ છીએ, ત્યારે આપણી ગુર્જરીનું સુભાગ્ય ઉજ્જ્વળ, આશાભર્યું પ્રતીત થઇ, આપણાં હૃદયોની કલા વિસ્તરતી રહો, આપણને એ અમૃતત્વ અજવાળો, એ યાચના આપણા આત્મજીવનમાં સર્વત્ર વ્યાપ્ત નથી થઇ રહેતી ?

मंगलम्

* ઇ. સ. ૧૯૦૫ ના એપ્રીલની તા. ૫ મીએ અગર તે અરસામાં, આ લેખ સા. શ્રી કેશવલાલ હ. ધ્રુવના પ્રમુખપણા નીચે વાંચવામાં આવ્યો હતો. આ અપ્રસિદ્ધ રહેલો લેખ ભાઇ દુર્લભરામ જેષ્ઠારામ ભટ્ટે કાળજીથી સાચવી રાખેલો તે તેમણે આ ગ્રંથ સારૂ અમને આપી આભાર કર્યો છે.

" નન્દન વનના પ્રાસાદોની ટોચથી,
" મધુરી કેકા આજે શી ઉભરાય જો !
" સુરભીઓની સાથે સંસારે સરી,
" અન્તરદ્વારે ગીતા શી અથડાય જો !
" ' સુરતા ' ની વાડીના મીઠા મોરલા ! "

કવિશ્રી કાન્તની આ પ્રાસાદિત બાનીમાં કવિતા અને મનુહૃદયનો સતત સમ્બન્ધ બહુ સુન્દર રીતે સ્પષ્ટ થાય છે.

દૈવી કુસુમોથી લચી પડતા પ્રદેશોમાં રમણ કરનાર કવિવરોની મીઠી કેકારૂપ વાણી આનન્દનાં તપોવનોમાં-ગિરિશિખરોની કુંજોમાંથી નીકળી આવી, ' અવિરામ માધુરી ઝર્યાં કરતી ' અહા ! આજ કેટલી ઉમંગભરી ઉછળી રહી છે ? માનવ હૃદયની સુવાસલહરીઓની સાથે જ જગતમાં સરતી એ ગીતઝરણીઓ આત્મમન્દિરોનાં અાન્તરદ્વાર ખુલ્લાં કરી નાંખી કેવા વેગથી અંદર વહી રહી છે !

આજનો વિષય પણ એવી જ લલિત, મધુર, રસભરી કવિવાણી પરત્વે છે; સ્વદેશના ગૃહ અને રાજ્યરંગમાં

કવિની ભાવના. કવિવર નર્મદની વાણીની પેઠે એ ઘુમી નથી, રસપ્રેમી હરિલાલ ધ્રુવનાં કવનની પેઠે વિકાસ પામતાં છગરોમાં ઉત્સાહની ગેબી ફૂંક તેણે ફુંકી નથી, ભાવના અને કલ્પના કલાની લહરોમાં કાન્ત અને નરસિંહરાવની ઉર્મિઓની પેઠે તે રમી નથી; હૃદયગુહાઓનાં ઉંડાં ઉંડાણોમાં મણિલાલ અને ગોવર્ધન-ભાઇની જ્ઞાનભક્તિભરી ઝરણીઓની પેઠે તે ઉતરી ભાસતી નથી; છતાં તેણે પણ ઘણું કર્યું છે. પ્રેમભક્તિમય રહી—સુન્દરતાનું સેવન -પ્રભુતાનું પૂજન સંસ્કારી કવનમાં કવિવર બાલે કર્યું છે. હાફિઝનો સુફીવાદ, નારદ-શાંડિલનો પ્રેમધર્મ, બાયરન-બર્ન્સ અને મુરનો

કાવ્યરંગ આપણી ભાષામાં એક નવીન, સુન્દર, સુખકર વાણીમાં ત્હેમણે ઝળકાવ્યો છે; અને કલાન્ત કવિ, હરિપ્રેમ પંચદશીમાં એ મહાશય આપણને એવી કવિતા–પ્રીતિધર્મની સામગ્રી આપી ગયા છે કે જેને માટે આપણે એમના હમેશાંને માટે ઓશિંગણ રહેવાનાજ.

બીજું કંઇ ન કર્યું હોય, તેમની કવિતાનાં આન્તર તત્વો–ભાવોમાં આપણે ન ઉતરીએ, તેમની કાવ્યલહરોની સપાટી ઉપર જ આપણે તરીએ તો પણ શું? જીવનના મહાન ઉદ્દેશોની સાથે કવિહૃદય ધડકતું નહતું એમ ક્ષણભર માની લઇએ તોપણ તેથી એમની કાવ્યપ્રભા. રજ પણ ઓછી થતી નથી.

"દોષ ન દેજો કવિવરને જો લતાકુંજ આરામ કરે;
સુખશાન્તિ જ્યાં વસી રહી છે, હરી કીર્તિનો ત્યાગ કરે."

કવિઓની જીવનવેણુના સુર એક કાળને માટે નથી જ. "વસન્ત"ના સાક્ષર તંત્રી કહે છેઃ "કવિતા તે કવિનું પોતાનું મનરંજન કરવા માટેનું રમકડું નથી. એ દૈવી શક્તિએ તો ઘણું વધારે ઉન્નત કાર્ય સાધવાનું છે. એણે સમસ્ત સમાજના અન્તરાત્મામાં પ્રવેશ કરી, સમાજમાં નવું આનુપવૃત્તિઓનું બળ, નવું રસિક નેત્રનું તેજ, નવી અધ્યાત્મ દૃષ્ટિ ઉત્પન્ન કરવાની છે અને એને પરિણામે સમાજને ઉદયક્રમમાં એક ભૂમિકા આગળ ચઢવાનું સામર્થ્ય આપવાનું છે." આ ઉચ્ચવાહિની વિચારમાળાને વધાવી લેતાં આપણે એમ પણ કહેવું પડશે કે કવિવાણી એક કાળ માટે નથી, એક પગથીઆને કે પગલાંને માટે પણ નથી. આપણને કોયલના સુર શ્રવણ થાય પણ રહસ્ય પામવાને સંસ્કારી હૃદયો ઉત્પન્ન થાય ત્યારે જ તેમાં કવિતા–રસ પ્રીતિનો વેગ નિહાળાય છે. એટલે એમાં કંઇ કોકિલના 'કુઉ'

રવનો દોષ છે એમ તો નહીં જ મનાય. પરિણામે તો–કાળક્રમે તો સંસ્કારી વાણીની સફળતા છે જ. કવિવર નરસિંહરાવ સ્વાનુભવ કથે છે તેમઃ—

" હૃદયકુંજ વિષે વસી કુંજતો
કલ અલૌકિક કોકિલ કો સુણ્યો
રવ મનોરમ એ મન રૂચતો
વહી રહે ધ્વનિ કુંજ વિષે ઝીણો. "

એમ ઘણી વાર બને છે છતાં

" મનુજ જીવનનાં મનનાં વળી
અનુપ ગાન હું એ ન શકું કળી
કંઇ રહસ્ય ઉંડાં ઝળકાવતું
તદપિ એ મુજને મન ભાવતું. "

અને એ પ્રમાણે માત્ર મનોરંજક થઇને પણ કવિતા જીગરમાં એકવાર ઉતરી તો પછી ધીમે ધીમે પણ એનો પ્રવાહ તેના સકળ પ્રદેશને રસપૂર્ણ કર્યા વિના રહેતો જ નથી. એટલા માટે જ કહ્યું છે કેઃ—

The Poet chant may be a thing,
Of lightsome tone and word;
But a living sound may dwell in a string.
That shall waken and rouse as its echoes fling.
Till myriads breasts are stirred.

લ્હેરોમાં ઝબોળાયલાં રસિક હૃદયોને શું અશક્ય છે ? કવિતા હશે, સત્ય, રસવાહી પ્રેમપૂર્ણ હૃદયનાં કવન હશે, સહૃદય અધિકારી જીગર હશે તો પછી ઉપરની સઘળી માગણી ઉપડતાં વાર નહીંજ લાગે.

વિશ્વરચનાની દૈવી સુન્દરતાનું સ્વરૂપ આપણા કવિવરના હૃદયમાં એટલું ઉંચું છે કે વિશ્વપિતાને પણ ત્હેનાથી, પોતાની કૃતિથી જ વિવશ. મોહીત થઇ ગએલા તેમણે કલ્પ્યા છે.

" એવી સુન્દર મોહિની અહહહા ! કામી પિતાને કર્યો,
" શું આશ્ચર્ય કદાપિ મોહિત થઇ હું શર્ણ જેને ઠર્યો;
" સર્વે સાક્ષર નમ્ર ભાવિક જનો જેના રહે આરતી
" તે દેવી નિત નિત્ય મંગલમયી **त्वांमातुमे भारती.** "

'ભારતી ભૂષણ'ના ઉદ્દેશ સૂચન તરીકે પણ ભારતી-ભગવતી-વાગ્દેવીનું એજ પ્રકારે યાચન રાખી તેને અનુસરવા બાલાશંકરે જીવન પર્યંત યત્ન કર્યા કીધો હતો તો પછી પ્રારંભમાં આ મંગલયાચના વિના એવુંજ સુન્દર, એવું જ મનોરમ બીજું શું યાચવું?

અહીં એક વિજ્ઞાપના રજુ કરૂં છું:—

કવિવર બાલની કૃતિઓના સંપૂર્ણ અભ્યાસનું આ લેખ ફળ નથી, તેમ ભક્તિભાવનાના ગુઢતમ સિદ્ધાન્તો, સુફીમતનાં અંતીમ રહસ્યો, એના ઉંડા-ગહન ભાવના અર્થ, કવિતાની આન્તર લહરીઓ સમજ્યા વિના પ્રયાસ નિષ્ફળતાજનક છે એમ મ્હેં માન્યું છે. બાલાશંકરના હૃદયની તરંગાવલિનું અધ્યયન ઘણું ઉપયોગી છે પણ કઠિન છે. ઉપરથી શાંત લહેર લહકાતું તેમનું ઉરસરોવર બહુ ઉંડું છે. આપણે તેમની કૃતિઓ જેમ જેમ વાંચીએ છીએ, વિચારીએ છીએ, રસ પ્રાસન કરીએ છીએ, ભાવનાને અંતરમાં ઉતારીએ છીએ, તેમ તેમ તેમના જીગર સાથે આપણું જીગર એકતા પામતું જાય છે અને તે બન્ને આત્મતત્ત્વોનો દૃઢ સંજોગ એ જ સુન્દરતા -પ્રભુતાનાં દર્શનની સુભાગ્યશાલિની પળ એમ અચૂક થઇ આવશે

એ વિશે આ હૃદયને પૂર્ણ શ્રદ્ધા છે. મને એ અધિકાર પ્રાપ્ત થયો નથી, થવો મુસ્કેલ છે માટે 'શ્રદ્ધા' શબ્દ વાપર્યો છે; પરન્તુ સહૃદયતાથી કવિવર બાળનાં કવનો પોતાના ચિત્તમાં ઉતારવા પ્રયત્ન થશે તો પણ એ 'આકાશના ઉમ્મર ઓળંગીને કોઈ અવનવા તેજને તરતું' તો અભ્યાસક નિહાળી શકશે એ ખાત્રી છે.

મહાયુગ અને આન્તરયુગનો સંયોગ.

આપણા કવિતાના સાહિત્યમાં નરસિંહ, પ્રેમાનન્દ, નર્મદના મહાયુગ (Periods) જેમ જોવામાં આવ્યા છે તેમ તે પ્રત્યેક યુગની વચ્ચે અકકેકો, એટલે-ભાલણ, દયારામ અને નરસિંહરાવનો આન્તરયુગ પણ દર્શનીય થયો છેઃ એ ઇતિહાસ કલાનું અવલોકન અન્ય સ્થલે થયું છે. આ સમયે મહાયુગ અને આન્તરયુગના સંયોગનો કાલ હતો, અને ૧૮૭૯-૮૦ થી ૧૮૯૦-૨ સુધીમાં એ સર્વનો સંયોગ થઈ ચૂકયો એ આપણા ઇતિવૃત્તમાં સંસ્કાર-સફળતાનું વિલોકન કરાવતી યશસ્વી વાર્તા છેઃ પરન્તુ એ વર્ષાવલિમાં તેના શિરોબિન્દુએ વિરાજતું ૧૮૮૭ નું સુહાગી વર્ષ ગુજરાતી ભાષાને, તેમજ આપણા આજના વિષયને માટે, સોનેરી અક્ષરે આલેખાવા યોગ્ય હોઇ તે તરફ સહજ નજર ફેરવીએ.

અદ્દભુત સાહિત્ય પ્રવૃત્તિઃ ઇ. સ. ૧૮૮૭ નું વર્ષ તેનું શિરોબિન્દુ.

નર્મગદ્ય તેના સંગૃહીત રૂપમાં બહાર પડયું, અસ્તોદયની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ, અને દલપત કાવ્યની પ્હેલી આવૃત્તિ તથા ભીમરાવનું મેઘદૂત બ્હાર પડયું ત્યારથી આ અદ્દભુત સાહિત્યપ્રવૃત્તિનું દશક આપણી નજરે ઉલ્લાસભર્યું તરે

છે. કાન્તા, માલતી માધવ અને ઉત્તર રામચરિત, હરિલાલ ધ્રુવનું આર્યોત્કર્ષક અને ત્હેમના શોધખોળની નરસિંહરાવનાં કાવ્યોની શરૂઆત, કાદમ્બરી, નારીપ્રતિષ્ઠા, કલાન્ત કવિ–બુલબુલ અને મકરંદનાં સુવાસપૂર્ણ લખાણના દર્શનની સાથે, બળહીન કૃત્રિમ કવિતાશૈલીનો છેલ્લો ઝબકારો–અને સમિપ નાશ પણ આપણે એજ અરસામાં જોઇયે છીએ. નીલકંઠકવિતા, વિજયવાણી, પ્રતાપકાવ્ય, રાણકદેવી, પ્રતાપ નાટક, રણછોડ ગલુરામ પ્રકાશિત માર્કંડેય પુરાણ અને એવાં અનેક પુસ્તકો આપણી નજરે પડે છે.૧૮૮૫માં કવીશ્વર દલપતરામને સી. આઇ. ઇ. નો ખિતાબ આપવામાં આવે છે. અને ૧૮૮૬ માં તેમનું સ્મારક ફંડ તથા કવિ બુલાખીરામ–ઉક્ત વર્ગના પ્રતિનિધિનો સ્વર્ગવાસ થાય છે. પ્રાચીન કાવ્યોના શોધસંગ્રહ, અપ્રસિદ્ધ કવિતાનું પ્રકાશન, અને જૂના કવિઓની કૃતિઓનો જીર્ણોદ્ધાર પણ આ સમયમાં જ નિહાળાય છે. પ્રાચીન કાવ્ય ત્રિમાસિક, કાવ્ય દોહનનું રા. સા. મહીપતરામે કરેલું સંશોધન, પ્રાચીન ગુજરાતી પુસ્તકમાળા, નારાયણનાં લખાણો, ભામિનીભૂષણ, મુદ્રારાક્ષસ–તારા વગેરેનાં ભાષાંતરોનો પ્રારંભ પણ એટલામાં જ થએલો છે. તે પછી ઇ. સ. ૧૮૮૭ ના કીર્તિવંત, ઓજસ્વી વર્ષમાં આપણે આવી હિંચીએ છીએ. ભારતીભૂષણ જન્મ પામે છે; હરિપ્રેમ પંચદશી અને પ્રેમજીવન પ્રત્યક્ષ થાય છે; સરસ્વતીચન્દ્ર (ભા. ૧), કુસુમમાળા અને બૃહત્ કાવ્યદોહન (ભા. ૧–૨) સાંપ્રત કાળમાં ત્હેમના લેખક–સંગ્રહકારને સાહિત્ય સામ્રાજ્ય અપાવનારા ગ્રન્થોની સાથે અરેબિયન નાઇટ્સનું ગુજરાતી પ્રેસનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર, ઇન્દ્રજીતવધ કાવ્ય, અને અશ્રુમતીનું બંગાળીમાંથી ગુર્જરીમાં આવ્યા·

હન પણ દષ્ટિગોચર થાય છે. ૧૮૮૮ માં નવલરામનું પરલોકગમન અને ૧૮૯૨ માં વ્રજલાલ શાસ્ત્રીનો દેહત્યાગ અને Classical Poets of Gujaratનું પ્રકાશન: તેમ થોડા વખત પછી બાલાશંકરનું ગુ. વ. સોસાયટીમાંથી વડોદરે જવું અને 'ભારતીભૂષણ' અને 'ઇતિહાસમાળા'નું બંધ પડવું: એ સમયમાં પણ ઇતર લાભદાયી પ્રયાસ થએલા છે. વડોદરાના સાહિત્યપ્રેમી નરેશની ચિરકાળ ઉદારતા દર્શાવતી રહેલી પ્રાચીન કાવ્યમાળા જન્મ પામે છે, અને કુસુમાવતી, ગુલાબસિંહ, ગીતગોવિન્દ, પ્રાર્થનામાળાનો બાન્ત્ય ભાગ, કુંજવિહારનાં કાવ્યો, સ્નેહમુદ્રા, મૃચ્છકટિક આદિ કંઇક ઉત્તમ ગ્રન્થો બહાર પડે છે. આવાં આવાં અનેક રંગબેરંગી કનકકિરણોથી સુપ્રકાશિત, સુન્દર ઝળક મારતાં સાહિત્યરત્નોના સંગ્રહથી પ્રતાપવાન બનેલા આ દશકને ત્રિવેણી સંગમ તરીકે આપણે ઓળખી શકીશું. દલપતશૈલીનો છેલ્લો પ્રકાશ, નર્મદશૈલીનું નવીનતા ભર્યું રૂપાન્તર અને મણિલાલ, ગોવર્ધનરામ તથા નરસિંહરાવની રસ-ત્રિપુટીનાં સંસ્કારી આન્દોલનોમાં ઝુલતા આન્તર્ યુગનો પ્રારંભ—એ બધું આ કાળમાં જ થાય છે. હરિલાલ ધ્રુવ અને બાલાશંકર એ પ્રવૃત્તિની સમયમૂર્તિ તો ન હતા, પરન્તુ ત્હેના પ્રારંભક નેતા હતા. હરિલાલના પ્રયાસ નર્મદને પથે વહન કરતા હતા, એટલે કંઇક પણ તેજ જે રહ્યું હતું તેથી દોરાતાં સહૃદય મનુષ્યો ત્હેમની પાછળ પાછળ થોડોક વખત ચાલ્યાં. કવિવર બાલના પ્રયત્નો સર્વ દિશાઓ-માંથી તેજલહરોનું પ્રાશન કર્યાં છતાં સનાતન નૂતનતાનાં મંજુલ તરંગોની પ્રતિતી રૂપ હતા; ત્હેમને અનુસરવા કંઇક પ્રયાસ થયા પણ તે વ્યર્થ નીવડયા. આલ્પ્સ ગિરિરાજના ઉચ્ચતમ શિખરનું

ઉલ્લંઘન ગજરાજ વિભૂષિત સેના સાથે 'હૅનીબાલ' જ કરી શક્યો. તોપોની સાથે હયપાયદળવાળા લશ્કર સહિત 'નેપોલીયન' જ કરી શક્યો. (પરન્તુ સૈકાને સૈકા પર્યન્ત અન્ય મહારથીઓની ગતિ પણ ત્યાં થઈ શકી ન હતી.) તેમજ દિવ્ય સુન્દરતાની ઝાંખી, પ્રતિભામય કલાનું સ્વામિત્વ, સતત વિકાસમાન અલૌકિક કાવ્ય-ઉર્મિઓના સુર અંતરમાં ગુંથી તે જગતમાં જગતની વસ્તુઓ સાથે સામ્ય કરી ઉતારવા એ કઠિન હતું. એટલે એ માર્ગ અન્ય સર્વને માટે હજુ સુધી " અગતિગમન " સમાન રહ્યો છે, એ આશ્ચર્યજનક નથી. સર્વવ્યાપી પ્રેમબ્રહ્મમાં રસલીન થઇ જવું એ આલ્પ્સના ઉલ્લંઘન કરતાં પણ વધુ કઠિન જ છે.

૨ કવિ જીવન.

જીવનવિકાસ, અધ્યયન, જ્ઞાન તથા સહયોગી પ્રવાહો.

કવિવર બાલના જીવનવૃત્તાંત વિશે બહુ જણાયલું નથી. જે થોડુંઘણું હું જાણી શક્યો છું, તે ત્હેમના એક મિત્રે કરેલી ત્હેમની જીંદગીની હસ્તલિખિત ટુંકી નોંધ ઉપરથી જ છે. એટલું હજુ ગુજરાતનું સદ્ભાગ્ય છે કે કવિવરના ઉપાસક, અનુયાયી વર્ગમાંથી પણ કેટલાક મિત્રો છે કે જેમની પાસેથી ત્હેમનાં લખાણોનો સંગ્રહ, ત્હેમના પ્રીતિપરિચયની વાર્તાઓનો સુવાસ મળી શકે છે.

બાલાશંકરનો જન્મ ઇ. સ. ૧૮૫૮ માં રા. સા. ઉલ્લાસરામ અર્જુનરામ, જેઓ મામલતદારને ઉચ્ચ દરજ્જે હતા, ત્હેમને ઘેર થયો હતો: જે સાલમાં ત્હેમના બાલમિત્ર સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઇનો જન્મ થયાનું પણ આપણે જાણીયે છીએ. તેમને એક બ્હેન હતી

છતાં એકના એક પુત્રની સ્થિતિમાં હોવાથી બાલાશંકર ચૌદ પંદર વર્ષની વય સુધી એમના પિતાની સાથે જ રહ્યા હતા, એટલે સ્વાભાવિક નિયમ પ્રમાણે પિતાહૃદયની છાપ આપણા કવિવરના જેવા કોમળ, વિકાસમાન મન ઉપર દૃઢતાથી બેસે એમાં કાંઇ નવાઈ જેવું નથી. ઉલ્લાસરામભાઇ ઉદાર, માયાળુ અને ફારશી સાહિત્યના શોખીન હતા, અને આ સર્વ ગુણ બાલાશંકરમાં ઘણી વધારે સબળતાથી ઉતર્યા. ૧૮૭૨ ના આશરામાં નડીયાદની એંગ્લો-વર્નાક્યુલર સ્કૂલમાં એ દાખલ થયા અને થોડા જ સમયમાં મણિલાલ નભુભાઇ અને અન્ય સહાભ્યાસી યુવકોની સાથે ત્હેમને ગાઢી મિત્રતા થઇ. "મણિલાલની જયન્તી" વિશેના લેખમાં ત્હેના વિદ્વાન્ લેખકે કેટલીક આ સમયની હકીકત જણાવી છે તે બાલાશંકર અને મણિલાલ બંનેના જીવનપ્રારંભના ઐકયની તવારિખરૂપ હોવાથી અહિં તેમાંથી થોડા ઉતારા આપ્યા છે. "આ અરસામાં સ્વ. બાલાશંકર ઉલ્લાસરામની દોસ્તીથી મણિલાલને થએલા એક અસાધારણ લાભની નોંધ લીધા વિના ચાલશે નહીં. સુરત વગેરે તરફ ફરતાં બાલાશંકરને કોઇએ કાવ્ય રચવાનો છંદ લગાડેલો અને એ છંદ એમણે મણિલાલને ચડાવ્યો. મણિલાલ, બાલાશંકર અને એક ત્રીજા મિત્ર મોહનલાલ પ્રસાદરાય એમની મુખ્ય ગમ્મત ઘણાં વર્ષ સુધી એજ રહી કે, કવિતા વાંચવી, સમજવી અને કરવી. આ બાલમંડળના પ્રકાશક ગ્રહો વિદ્દ્વર મણિલાલ અને કવિવર બાલ હતા. એકના અસાધારણ બુદ્ધિબળથી અને અન્યના રસિક હૃદયબળથી તે સમયના તેમના સહાધ્યાયીઓ તેમના પ્રતિ બહુ માનની દૃષ્ટિથી જોતા હતા. સાંકળચંદ શેઠ ઘણી વખત મને કહેતા

હતા કે કવિવર બાલનાં અરુણોદય સમયે સ્ફુરતા નવીન કવનો સાંભળવા તે આતુરતાથી વહેલા ઉઠી બાલાશંકરને ત્યાં જતા હતા. આ બાલમંડળમાં કાવ્યસાહિત્ય અને ભાષાવિશુદ્ધિના વિષયો ચર્ચિત થતા, અન્ય ભાષાનાં પુસ્તકો વંચાતાં, તેમનાં ભાષાંતર થતાં, અને સર્વદા, સર્વદેશીય, અને કવિતાકળા દિનપરદિન વૃદ્ધિગત થતી જતી હતી. એવામાં તે સમયની સામાજીક પ્રવૃત્તિઓના આવશ્યક તરંગરૂપ મંડળીઓ કહાડવાનો ઉત્સાહ આ મિત્ર વર્ગમાં પણ સચેતન થયો અને સાંસારિક પ્રવૃત્તિઓ માટે જ્ઞાતિની 'સ્વસુધારક સભા' તથા ધાર્મિક જાગ્રતિ માટે 'પ્રાર્થના સમાજ' કહાડવામાં આવી. અહીં "મણિલાલની પોતાની તથા બાલાશંકરની કવિતા પણ ગવાતી. બાલાશંકરને હિન્દી કવિતાનો પણ શોખ લાગ્યો અને એમણે દર રવિવારે અમદાવાદ રા. દલપતરામ પાસે ભણવા જવા માંડ્યું, અને ગાવા બજાવવામાં પણ એક ઉસ્તાદ પાસેથી શાસ્ત્રીય નિપુણતા મેળવવા માંડી." આગળ જતાં "સ્વસુધારક વિસ્તાર પામી, સાઠોદરા જ્ઞાતિશુભેચ્છક સભા બની હતી. ત્હેમાં જ્ઞાતિના સુધારાના અનેક પ્રશ્નો ચર્ચાયા, ઠરાવો પસાર થયા, પણ ફળ નહિં એવું જ આવ્યું. પ્રાર્થના સમાજ બંધ થઇ, અને સ્વસુધારક કુદરતી રીતે આયુક્ષીણ થઈ ગઇ! પણ તે બંને પ્રયત્નોમાંથી બાલાશંકર અને મણિલાલને મળેલું ફળ, સાહિત્ય જ્ઞાનનો શોખ ધીમે ધીમે પકવ થતો ગયો." "૧૮૭૬ માં મણિલાલે 'શિક્ષા શતક' નામની એક ન્હાની ચોપડી બહાર પાડી અને પ્રેમી મિત્રે તે બાલાશંકરને અર્પણ કરી;" અને તે બંને કવિવરો હજુ પણ સંગીત અને કવિતાને કિનારે કંઇક કાળ અર્ધનિદ્રિત જીવનમાં વ્યતીત કરતા, આપણે જોઇએ છીએ.

આ સ્વપ્નો કેટલાં પ્રત્યક્ષ થયાં તે એ બંનેનાં જીવન ઇતિવૃત્તના અભ્યાસકોને સુવિદિત છે. મણિલાલ વધારે કરી શક્યા, ત્હેમનું કર્યું વધારે લાભદાઈ થઇ શક્યું એ આપણા સાહિત્યના ઇતિહાસની સુપ્રસિદ્ધ વાર્તા છે; પરન્તુ બાલાશંકરે કેટલું કેટલું પોતાની જન્મભાષા માટે કરવાનું નિર્માણ કર્યું હતું, તેમાંથી કેટલો અંશ માત્ર જ ઉપજી ફળદાયી થઇ શક્યો એ કેટલાં થોડાં મનુષ્યો જાણે છે? છતાં આજના વિષયને માટે તે મહત્વનો સવાલ નથી. ત્હેમણે કરવા નિર્ધાર્યું હતું તે નહીં પણ જેટલું એમણે કર્યું છે તેજ આપની પાસે મૂકવાની મ્હારી કર્તવ્યભૂમિકા હું સમજું છું.

" શિક્ષાશતક " પ્રકાશિત થયા પછી આ બંને સાક્ષરોના જીવનપ્રવાહ ભિન્નભિન્ન માર્ગોમાં વળ્યા.

અનેક માર્ગી પ્રવૃત્તિ અને ત્હેનું પરિણામ. યોગશાસ્ત્રોના અભ્યાસક, કર્તવ્ય મીમાંસા અને ન્યાયશાસ્ત્રના જ્ઞાતા, તથા વેદાન્ત વિષયક ગ્રંથોના મહાશાસ્ત્રીનું જીવન હવે શિષ્યવૃત્તિ ધારણ કરી વધુવધુ દૃઢાભ્યાસ નિમગ્ન રહ્યું. બીજું કારણ એ પણ હશે કે દ્રવ્યસાધનની પ્રતિકૂળતાએ એમની આંખ ઉઘાડી. બાલાશંકરને એજ પ્રકારની સાધ્યતાએ હમેશને માટે હાની કરી. એકનો એક પુત્ર, પિતા સમૃદ્ધિવાન, સત્તાવાન, ઘરમાં કોઇ કહેનાર નહી, સ્વાભાવિક વૃત્તિચાંચલ્યતા ને ત્હેમાં સંસ્કૃત, ફારશી, ઇંગ્રેજી અને વ્રજ કાવ્ય સાહિત્યનો અભ્યાસ (અને તે પણ સ્વતંત્ર, તરંગી કવિઓનો) એ સર્વ પાછળ થએલા કાળવ્યયે ત્હેમના પરીક્ષાના અભ્યાસને ક્ષતિ લગાડી. દ્રવ્યસાધને, સ્વાભાવિક ઉદાર વૃત્તિએ ત્હેમને વિવિધ માર્ગે જતી પ્રવૃત્તિઓમાં ઉતાર્યા; અને સર્વગ્રાહી

ચંચળ પ્રકૃતિએ શાળાના ધોરણાનુસાર અધ્યયન ઉપરથી ભાવ ઉઠાડી નાંખ્યો. એટલે ક્રમાનુસાર જ્ઞાન તો ત્હેમને મેટ્રિક્યુલેશન સુધીનું જ મળી શક્યું હતું

ગુજરાત કૉલેજમાં એમણે બે વર્ષ એફ. એ. ની પરીક્ષાર્થ પ્રયત્ન કર્યો હતો; પણ તે ઇતર વાચનના શોખને લીધે તથા કેટલાક પ્રતિકૂલ સોબતીઓના સહવાસથી નિષ્ફળ ગયો હતો.

૧૮૮૦ માં ધોલેરાના કસ્ટમ ખાતામાં એમને વીસ રૂ. ની જગો મળી હતી. કસ્ટમ ખાતામાં માત્ર અગીયાર મહિના નોકરી કર્યા પછી તેમને મી. બારોડેલ કલેક્ટરના સમયમાં ભરૂચમાં રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં સને ૧૮૮૧-૮૨ માં કારકુનની જગ્યા પ્રાપ્ત થઈ હતી. થોડો સમય રજીસ્ટ્રેશન ડીપાર્ટમેંટમાં રહ્યા હતા. આ નોકરીના શુષ્ક જીવન સમયમાં પણ આ કવિવરે સાહિત્યની અન્ય શાખામાં પોતાની રસિકતા પ્રકટ કરાવી હતી. તે સમયે પુરાતન સ્થળો સંબંધી માહિતી (archcological remains) મેળવી, નર્મદાતટ ઉપરના સ્થલોનો ઇતિહાસ સરકાર તરફથી સંગ્રહ કરવાની યોજના થઇ હતી. તે પ્રસંગે બાલાશંકરની નોકરીની કલેક્ટર પાસે માગણી કરતાં મી. આર. કોર્ટની (R. Courtney) એસિસ્ટંટ કલેક્ટર ભરૂચ, નીચે પ્રમાણે લખે છે:—

" This young man (Mr. Balashanker) inherits from his father a great taste for languages. He is well acquainted with Gujarati, Brij, Persian, Urdu, Sanskrit & English. He has a taste for archaelogy & has already deciphered inscriptions. He knows how to transfer facsimilis of inscriptions to paper * * * * *

It seems to me a pity that the valuable & uncommon talents of Mr. Balashanker U. should not be utilized. * * * * * ”

આ લખાણુ ઉપરથી સ્વ. બાલાશંકરે કર્નાળીના સંબંધમાં રિપોર્ટ કર્યો હતો અને શિલાલેખોના અર્થનું આવિષ્કરણ કર્યું હતું. મી. કેમ્બેલે ડૉ. બર્ગેસને બાલાશંકરને ખાસ લક્ષમાં રાખવા ભલામણ કરી હતી.

ત્યારપછી પોલિસ ખાતામાં તેમની કેરફારી થઇ હતી. ત્યાંથી પુનઃ રેવન્યુ ડિપાર્ટમેંટમાં પાછા આવ્યા, અને થોડો સમય કલેકટર ઑફિસમાં રહયા. પછી તેમની બદલી આમોદમાં ત્રીજેરર તરીકે થઇ હતી. (૧૮૮૨-૮૩) પ્રકૃતિના બિગાડને લીધે તેઓ લાંબી રજા ઉપર રહ્યા હતા. આ રજાના સમયમાં એમના અંતઃકરણના ઘણા ઉંચા ધર્મો વિકાસને પામ્યા હતા. એમનું જીવન સ્વભાવથી રસિક હોવાથી તેમની પ્રવૃત્તિમાં વડીલો પ્રતિ ભક્તિભાવ,સમાન પ્રતિ અકારણ મૈત્રી, અને કનિષ્ઠ પ્રતિ અપૂર્વ વાત્સાલ્ય પ્રકટ થયાં હતાં. આ વિશ્રામસમયમાં ભવિષ્યમાં ઉદય પામનાર વિસ્તૃત સાહિત્યકૃતિઓનાં તેમની મનોભૂમિમાં બીજ રોપાયાં હતાં. પિતા સાથે યાત્રા કરતાં, (૧૮૮૪-૮૫) તીર્થ સ્નાનાદિથી શુદ્ધિ સંપાદન કરવા કરતાં, વ્રજભાષાના અપૂર્વ ગ્રંથોના પરિશીલનથી, કાવ્યદેવી પ્રતિની અસાધારણ ભક્તિથી તેમને પવિત્ર થવાનું વધારે સુચ્યું હતું.સતત સાહિત્યાધ્યયનમાં જીંદગી ગાળનાર સરસ્વતીસેવકને અને તેમાં પણ આપણા કવિવર જેવા તરંગશાળી હૃદયને પરતંત્રતા કઠિન, દુ:સહ લાગે એ માનવું મુશ્કેલ નથી. અંતે તબિયત દુરસ્ત નહીં રહેતી હોવાથી લીધેલી

લાંબી રજામાં કુટુંબસહ તીર્થયાત્રા અને સકળ ભારતની મુસાફરી કરી આવતાં, પિતાના દેહત્યાગ પછી, અલ્પ સમય ત્હેમાં પાછા જોડાયા પછી પણ, સાધનની પ્રતિકૂળતા વધતી જતી છતાં પણ, અંતે નોકરીનું રાજીનામું આપી દીધું અને (એમનું પછીનું જીવન જગત જોઇ શકે તો) પરતંત્ર કિંવા સ્વતંત્ર—જે માનીએ તે થયા.

" આયર્ન એન્ડ મેટલ ફેક્ટરી " નામના બીડના કારખાના પાછળ એમણે કરેલો કાળક્ષય અને ધનવ્યય જાણીતો છેઃ હું તો એને જીવનવ્યય જ સમજું છું. એ કારખાનું ફળદાયી કરવાની એમની અનેક ઉમેદો, અનેક પ્રયાસો, બર ન આવી શક્યા. ઘણું નુકશાન ગયું અને અંતે પરતંત્રતા (જે વાસ્તવિક રીતે કદિ પણ અદૃશ્ય થઇ જ નહોતી તે) પાછી ભોગવવાનો કાળ આવ્યો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આસિસ્ટંટ સેક્રેટરીની જગો તે સમયે ખાલી હતી અને રા. રા. લાલશંકરભાઈ જેઓ ઉલ્લાસરામભાઇના સ્નેહી હતા ત્હેમણે બાલાશંકરને ૧૮૯૩ ના અરસામાં અમદાવાદ બોલાવ્યા. અહીં એકાદ બે વર્ષ રહી વડોદરા કલાભવનમાં ત્હેમને જગો મળવાથી તેઓ ત્યાં ગયા. જ્યાં પણ થોડા વખતમાં મ્હોટા પાયા ઉપર " આયર્ન એન્ડ મેટલ ફેક્ટરી " નું કારખાનું પાછું ઉભું કીધું. માનવામાં આવે છે કે ત્હેમને વધારે આયુષ બક્ષાયલું હોત તો આગલો અનુભવ બહુ ફળપ્રદ થઇ પડત અને ત્હેમના જીવનની મહેચ્છાઓ (પોતે દ્રવ્યોપાર્જન કરવું એ પોતાને એકલાને માટે નહીં પણ સમસ્ત સાહિત્યઉપાસક વર્ગને માટે જ) એ ફરી બતાવવાની સુહાગી પળ આવી શકત. પરન્તુ પ્રભુને કાંઇ અન્ય ઇચ્છા હશે; અન્ય પથે ત્હેમના કલ્યાણનું ભાવિ નિર્માણ થએલું હશે; એટલે એ કારખાનું

સંગીન પાયા ઉપર આવી શકે તે પ્હેલાં જ એટલે ૧૮૯૮ માં મરકીએ વડોદરામાં દેખાવ દીધો અને અલ્પ સમયમાં આપણા સાક્ષર કવિવર ત્હેના ભોગ થઇ પડયા !

સાહિત્યના અંકુર અને ત્હેની ખિલાવટ

મણિલાલ અને બાલાશંકરના સાહિત્યના સહાભ્યાસ સમયે અને પછી પણ લક્ષ્મીની તે સમયની અનુકૂળતાને લીધે બાલાશંકરનો સારાં સારાં પુસ્તકો એકઠાં કરવાનો શોખ પોષણ પામી ઘણો વૃદ્ધિ પામી શક્યો હતો. તેઓ ભાષા, સાહિત્ય અને કવિતાના ફારશી, સંસ્કૃત, ઇંગ્રેજી, વ્રજ બધી ભાષાનાં ગ્રંથો ઘણું મૂલ્ય ખરચીને પણ નામ સાંભળે કે મંગાવ્યા વિના રહેતા નહીં. આવી અનુકૂળતા અને વૃત્તિઓના વેગમાં જે સાહિત્યપિપાસા પરિપાક પામે, ત્હેનું શુભ ફળ આવ્યા વિના રહે જ નહીં. સાહિત્યના મેદાનમાં રસપ્રવાહ માટે ત્હેમણે અનેક નીકો ખોદી હૃદયપૂર વહાવ્યાં; અનેક વિશ્રાન્તિસ્થાન, સહાયતીર્થો સ્થાપિત કરવા મહાપ્રયત્નો આદર્યા; અનેક રીતે, મહાકવિ પ્રેમાનન્દની વાણીમાં આપણી ગુર્જરી " થાયે સખી ઊપરી "–અન્ય ભગિની ભાષાઓથી ઉચ્ચતર અને એ હૃદયલાલસા રાખી મહાન્ યજ્ઞ આરંભ્યા; 'ભારતી ભૂષણ' જેવું પ્રતિમાસે ૧૦૦ પૃષ્ઠનું દળદાર સાહિત્યપોષક માસિક, 'કૃષ્ણમહોદય' જેવું ધર્મપ્રીતિના પોષણાર્થે બીજું માસિક, 'ઇતિહાસમાળા' જેવું આપણા દેશનાં પૌર્વ અને પાશ્ચાત્ય ઇતિવૃત્તોના સંગ્રહશોધનનું શોધખોળની આપણી જિજ્ઞાસા પ્રેરિત કરવાનું ત્રીજું મહાન માસિક. આ અને આવા પ્રયત્નોની સાથે જ અનેક અન્ય પ્રવૃત્તિઓ ('બુદ્ધિપ્રકાશ'નું પ્રકાશન, 'સરસ્વતી સૌંદર્ય'ની ધારણા આદિ) પણ ચાલુ

જ હતી. ત્હેમની મહેચ્છાઓ લઘુતા–અલ્પતા સમજી શકતી નહીં હતી; ત્હેમના ઉરવિહાર ઉન્નત, વિશાળ હોઈ નિરંતર વિસ્તર્યે જ જતા હતા. પરન્તુ એમણે આરંભેલી કાર્યાવલી જે એક મનુષ્યને માટે સિન્ધુમન્થન જેટલી દુષ્કર હતી, તે એમના જેવા સાંસારિક, માનસિક, દ્રવ્ય સંબંધી અને ઔદ્યોગિક એવી અનેક વ્યથાઓમાં બદ્ધ થએલા મનુષ્યને માટે તો નિઃસીમ, પરમ વિકટ જ હતી. એમની વ્યવહારી કાર્યકુશળતાની ન્યૂનતા, કુદરતી ઉદારતા, નિર્મર્યાદિતા, ઉજ્વલ આશાજનકતા, પરન્તુ તેમાં ઐહિક વર્તમાનનું વિસ્મરણ કરી જવાની વૃત્તિ, એ સર્વ ઉદ્યોગ–વ્યાપારમાં હાનિકારક નીવડે એ બહુ નવાઈ જેવું નહીં લાગે; પરન્તુ તે ગુણ સાહિત્યપ્રવૃત્તિઓમાં પણ એમને નુકશાનકર્તા થઈ પડયા ! કારણ એ હતું કે લેખ લખવો એ જૂદી વસ્તુ છે; અને છપાવવો, ખપાવવો એ બીજી ચીજ છે. આ બન્નેમાં મનુષ્યોનાં ભિન્ન ભિન્ન તત્વો ઉપયોગમાં આવે છે. એક એમનામાં ઘણી બલવત્તમ સ્થિતિમાં હતું અને બીજું બિલકુલ નહતું એમ કહીશું તોપણ ચાલશે. કબૂલ છે, જીવનસંધ્યાના સમયમાં દુનિયાના વ્યવહારે શિક્ષણ આપેલું ત્હેને લીધે તે ઘણું કરી શકત; પરન્તુ તે માત્ર સંગૃહિત થએલો ગુણ હતો. એમનું જીવન લંબાયું હત તો એ ગુણ ઉપયોગનો થઇ પડત એ સ્વીકારતાં પણ કહેવું પડશે કે તેથી ત્હેમના હૃદયની અન્યમાર્ગી લહરીઓ ઘણીવાર સામર્થ્ય-વાન થઇ પડત અને બ્હારથી મળેલો ગુણ બ્હારનો બ્હાર જ રહેત.. એટલે સાહિત્યસેવામાં જીંદગી સમર્પાયા છતાં સહયોગી પ્રવૃત્તિ-ઓએ ત્હેના ઉચ્ચ તરંગોને બરબાદ કીધા અને ફળ માત્ર એ આવ્યું કે જે રસાસહયા ત્રૂટક ત્રુટક એમની જીવનવીણાના તાર

આપણને મળ્યા છે તે સાંધી, શોધી, જરૂર પડે તો તે તૂટક પડતા યંત્રની વચ્ચે ત્હેવો જ ત્હેને મળતો તાર ઉમેરી કવિત સંગીતના ઉસ્તાદે તે વગાડવાની રહી. પરંતુ ત્યાં અન્ય મનુષ્યોના પ્રયત્નો બાલકોના હાથમાં આવેલા તારના ઝણકાર સાંભળીને તેઓ આનન્દ પામે એવા પ્રકારના જ થઈ પડવાના. આવા જ પ્રકારનું એક મહાન્ નુકશાન આપણી ભાષાને એ થયું છે કે લેખકો-કવિવરોએ શોધકોનાં, સંગ્રહકારોનાં, ગ્રન્થપ્રકાશકોનાં અનેક માર્ગે વિવિધ પ્રવૃત્તિઓમાં ભળી કામ કર્યાં છે. સ્વ. હરિલાલ ધ્રુવે અન્ય પ્રવૃત્તિઓનો ઉત્સાહ —લાલસા ત્યજી દઇ જો કવિતા જ લખી હોત તો અત્યારે આપણી સમક્ષ એકાદ ભવ્ય મહાકાવ્ય ઝળકતું આપણે નિહાળી શકતા હોત; બાલાશંકરે જો પત્રપ્રકાશનનો ઉમગ દાબી રાખી, ગઝલો જ લખી હોત તો અત્યારે આપણી ભાષામાં એક એવું લલિત, રમ્ય, સુખદ ગજલિસ્તાન ખડું થયું હોત કે જે અન્ય કોઈપણ ભગિનીભાષા કરતાં આપણી ગુર્જરીને વધુ પ્રેમઝરણામાં રેલાવતું હોત. ત્હેની સાથે સાધનની અનુકૂળતાએ મણિલાલની કૃતિઓ, ગોવર્ધનભાઇના ગ્રન્થો કેટલા વધારે પ્રકાશમાન હોત? એ પણ વિચારવાનું છે. પરન્તુ આપણે અહીં ટેનિસન અને રસ્કિન, કાર્લાઇલ અને સ્વિન્બર્ન પ્રકાશવાને, ત્હેમની અનુકૂળતા આપણા પ્રથમ પંક્તિના વિચારકોને સાધ્ય થવાને હજુ કેટલી બધી વાર છે? અને તેમ નહીં થાય ત્યાંસુધી આપણી પ્રિયતમ માતૃભાષાની ખરી ઉન્નતિની આશા કેવી રીતે રાખી શકીશું?

બાલાશંકરના ગૃહજીવન વિશે બોલવાને હું અધિકારી નથી.

કેટલીક વસ્તુઓ એવી હોય છે કે ત્હેના સત્ય

આચાર વિચાર અને વૃત્તિઓ. નિરીક્ષણની—આન્તર અવલોકનની સુગમતા વિના તે વિશે બોલવું એથી વખતે અન્યાય થવા સંભવ રહે છે. પરન્તુ જેટલું થોડું હું હેમના વિશે જાણી શક્યો છું તે ઉપરથી હેમનું વર્તન આ બે શબ્દોમાં જ આલેખી શકાય એમ માનું છું. "નિડર અને નિખાલસ:" હું હેમને અત્રે બે વાર મળ્યો હતો, ત્યારે પણ મ્હને એજ અનુભવ થયો હતો. મનુષ્યો અને પ્રવૃત્તિઓ બન્ને વિશે એક જ પ્રકારના ભાવથી તેઓ બોલતા. તે સમયે કવિતરંગિતતા કરતાં ગંભીર સ્વતંત્રતા એમનામાં વધારે જોવામાં આવતી; અને સર્વદા સાહિત્યસેવા, સાહિત્યપોષણ એ એમની વાર્તાનો પ્રિય વિષય હતો. ઉપર કહેવામાં આવ્યું છે તેમ ખરી ઉદારતા, અને હેની સાથે સરલતા, મિઠાશ, આકર્ષણશક્તિ, ઉત્સાહ, આશાજનકતા એ મહાગુણ હતા; પરન્તુ એ સર્વમાં પણ નિડરતા અને નિખાલસપણું તરતાં હતાં. "ભારતીભૂષણ"-માં કાવ્યપારિતોષ કરીને એમણે સાહિત્યોત્તેજક જાહેર ખબર પ્રકાશિત કરી હતી. હેના ઉત્તરમાં બે કાવ્ય હેમને મળ્યાં. બંને પસંદ પડયાં અને જે એમની રસિકવૃત્તિને પ્રથમ પંક્તિનું લાગ્યું હેને વધુ ઇનામ તો આપ્યું, પરન્તુ તે પ્રસિદ્ધ કરવાની બાબતમાં પોતાની અનુમતિ દર્શાવતાં એમણે આગ્રહપૂર્વક લખ્યું હતું કે " રા.———એ જાણવું જોઇએ કે ભારતીભૂષણને ગાયકવાડની કે ઇંદ્રરાજાની અથવા દિવાન બહાદુરની પરવા લગ્ગિર પણ નથી, માટે તે જો અમારા આશ્રયથી છપાવવા માગતા હોય તો તેમનાં રણસિંગાં છાપવામાં નહીં જ આવે." બાલાશંકર એવું કદી પણ કરતા નહીં કે જે બ્હાર-જગત સમક્ષ કરતાં આંચકો ખાય. એમની ગુહ્યતમ વાર્તા પણ પ્રકાશિત કરી દેતાં

એમના નિખાલસપણાને સ્હેજ પણ આઘાત થતો સાંભળ્યો નથી. 'કલાન્ત કવિ' અને 'હરિપ્રેમ પંચદશી' એ બંને એવા મહાગુણોનાં કંઇક દષ્ટાંતોથી ભરપૂર છે.

હવે નિડરતા અને નિખાલસપણા માટે એમના કાવ્યતરંગો નિહાળીએ.

છો માહરા નોંધે ગુન્હાઓ નિંદકોનો દફતરી,
પણ મસ્ત તુજ દરબારમાં આવ્યા વિના ગમતું નથી.
મુજ મસ્તને બનશે કયમે દોઢડાહી દુનીયાંની સહે
અપની વિચારે ન, ઔરકી લે સિર, તેને હું શું કરૂં ?

ભલે કહો ઉન્મત્ત અજાણ્યું જગત બાલ વહી ગયો ગયો !

ગરીબ હતો ગર્વિષ્ટ હતો, જગમાં જન્મેલ છકેલ:

બધા સંસારથી આ બાલ બેદરકાર જૂદો છે.

હશે યોગી મ્હોટા જગતની મહિં યોગ સાધતા
કદાપી, હું તોયે મન નવ ગણું છો રખડતા.

અરે મારી કાંતો અપકિરતિનાં ગાન ગજવો
ફરી ચોરે ચૌટે ઘરઘર પતાકા ફરકવો
નથી ચિંતા કાંઇ, નથિ કિરતી ઇચ્છા સ્વપનમાં.

અને પ્રભુતાને હૃદય ખોલીને કહે છે કે:—

જન્મ્યો કાંઇ નથી જગત રીઝવવા, દરકાર શાની ધરૂં?
લખ્યો લેખ નથી લલાટપટલે, કે નિત્ય સેવા કરૂં.
જન્મ્યો કાંઈ નથી ભવાઈ ભવને કે ઢોંગ સારૂ ઘડ્યો
સ્વચ્છંદી પણ ફંદી માત્ર તુજનો આ બાલ પાયે પડ્યો.

ભક્તિસંજીવનના અર્પણમાં તે કહે છે કેઃ—

"હું એવો તો બેપરવા છું કે આલોક કે પરલોકની મને દરકાર નથી."

જે હૃદય સ્વતંત્રતા, નિષ્કામપ્રીતિ, નિર્મળતાનાં ઉછળતાં મોજાંથી છલકાતું હતું ત્હેનાં આ કંઇક બિન્દુમાત્ર છે. કવિવર બાલનાં કવનોનું આન્તરદર્શન બાહ્યદર્શનથી જૂદું છે, છતાં આ વચનોની ઉગ્ર નિડરતા તો પરમ સત્ય પ્રીતિની વેગવાન લહરો જ છે. રસિકતા, સાહિત્યપ્રેમ, સ્વદેશવત્સલતા કંઈ કંઈ આ કવિવરના મનોરાજ્યમાં જોઇએ છીએ અને જોઇશું. ત્હેમના પૂરની પ્રબળતા ત્હેના પૂર્ણ ગૌરવમાં આપને દર્શાવી નહીં શકું એ સંભવિત છે છતાં કદિ કદિ એ મહાન્ આત્મસિન્ધુની ભરતી ઓટનું દર્શન થાય તો તે એમના હૃદયમાં નિરંતર પ્રકાશમાન રહેલી પ્રીતિચન્દ્રિકાના ધવલ, ઉજ્વલ સૌમ્ય પ્રભાવની જ ઝાંખી છે એમ માની લેવા વિનંતિ છે. દાખલા તરીકે આ કવિવરના ઉરતરંગોનાં ઉજળાં સ્વપ્ન અનેક હતાં. કલ્યાણગ્રામની ભાવના સા. શ્રી ગોવર્ધનભાઇના સરસ્વતીચન્દ્રના ચતુર્થ વિભાગમાં આપણે નિહાળી શકીએ છીએ. ત્હેમના સંસ્કાર બીજરૂપે બાલાશંકરની સાથેના વાર્તાવિનોદમાં ઘણીવાર શ્રવણ કર્યાનું ત્હેમના અનુયાયી મિત્રો પાસેથી સાંભળ્યું છે. એકાદ ફૂલવાટિકા વેગવતી સરિતાને કિનારે સ્થાપિત કરવી જ્યાં કવિવરોનોજ, વિચારવન્ત મહાત્મા-

એનો જ નિવાસ થાય અને ત્યાં જ ત્હેમને જીવનનિર્ગમનનાં સર્વ સાધનો સુગમ કરી આપવાં. એમનું ઘણીવાર કહેવું થતું કે જો આવી રસમય જીંદગીની એકાદ સૌવર્ણ પળમાં એક લીંટી પણ લખાય તો તે હજાર દરજ્જે બીજાં લખાણો કરતાં ઉત્તમ છે જ. આ અને આવા વિચાર ફળપ્રદ કરવા પણ ત્હેમનો સંકલ્પ હતો અને તેટલાં કારણસર વ્યાપાર ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું ત્હેમને સ્મરણ થતું હતું. આ ઉદાત્ત મહાન જીવન તેમાંથી થોડીક પણ સફળતા જોવા-તેમ કરી શકવા રહ્યું નહીં એ સકળ ગુજરાત અને ભારત સમસ્તને પણ અપૂર્વ ગમગિનીની જ વાત છે. છતાં અહીં એટલું જણાવવાની જરૂર છે કે સાહિત્યપ્રેમી સ્વ. મીઠાલાલ અનુપરામ દીનબંધુ, 'જ્ઞાનદર્શન'ના તંત્રી અને 'ભારતીભૂષણ'ના થોડા સમય માટેના વ્યવસ્થાપક, તથા રા. છગનલાલ મનસુખરામ-પારિતોષિક યોગ્ય મનાયલા "ચન્દ્રોકિતકા" કાવ્યના લેખક, વગેરે અનેક કવિવર બાલના અનુયાયી મિત્રો ઘણા ઉપયોગના થઈ શકયા હતા. તથા ભરૂચના કલેકટર અને મુંબાઈના નામદાર ગવર્નરે પણ ત્હેમને નોકરીમાં છતાં 'ભારતી ભૂષણ'ના પ્રકાશનાર્થે સુગમતા કરી આપી હતી એટલે એ બાબતમાં કવિવરને બહુ અનુકૂળતા પ્રાપ્ત થઇ હતી. હજી પણ ત્હેમનાં કાવ્યો-લખાણોના એવા તો પ્રીતિભકત સંગ્રહકારોનાં દર્શન હું કરવા ભાગ્યશાળી થયો છું કે ત્હેમની જાહેર ખબરો, હસ્તાક્ષર વગેરે જે મળે છે તે માત્ર પ્રીતિપરાયણતા—સાહિત્યસેવાની ભાવનાથી જ સંગ્રહીત કરી રાખે છે. એવા સજ્જનો પણ આપણા દેશના આભૂષણ રૂપ જ છે.

૩. સાહિત્યપ્રવૃત્તિ

સામયિક પ્રવૃત્તિમાં આગળ પડવા અનેક વિચાર થયા પછી ૧૮૮૭ માં 'ભારતી ભૂષણ' જન્મ પામ્યું. પિતૃવત્સલ પુત્રે તે સ્વર્ગસ્થ પિતાના નામની સાથે સંયોજી, ઉલ્લાસમરામભાઇનું નામ અમર કર્યું. પ્રથમ એ ત્રિમાસિક વાર્ત્તિકના રૂપમાં બ્હાર પડવા લાગ્યું, પરન્તુ એ વર્ષને અન્તે ત્હેને માસિકનું સ્વરૂપ અપાયું. આટલામાં તો તંત્રી અનેક મુસીબતોમાં આવી પડયા હતા. નિર્માણ કરેલા મહાન્ લેખ લખાતા નહીં હતા. એવામાં 'કૃષ્ણ મહોદય' પણ વૈષ્ણવ ધર્મ–પ્રીતિ-ધર્મના ઉત્તમોત્તમ આવિર્ભાવના સંરક્ષણ માટે કહાડયું. અને થોડા કાળમાં 'બુદ્ધિપ્રકાશ', 'ઇતિહાસમાળા' પણ એમના તંત્રીત્વ નીચે નીકળવા માંડયાં. 'કૃષ્ણ મહોદય' પાછળથી સહતંત્રી શેઠ સાંકળચંદ મગનભાઇને સોંપી દેવામાં આવ્યું હતું. છતાં એમાં ચન્દ્રાવતી નાટિકા અને ભક્તિસંજીવન બ્હાર પડયાં, અને રા. કેશવલાલ ધ્રુવનું ગીતગોવિન્દનું રસિક સંસ્કારભર્યું ભાષાન્તર પણ એ જ પત્રમાં પ્રકટ થયું. બાલાશંકર તંત્રીત્વની જવાબદારીમાંથી જૂદા થયા પછી અલ્પ કાળમાં એ પત્ર પણ અસ્ત થઈ ગયું. એ સમયનું 'બુદ્ધિપ્રકાશ' કોઇ પ્રવીણ પ્રાસાદિત નેતાની લેખિનીનું સૂચન કરે છે. ફારસી કાવ્યોનાં વિવેચન, ફારસી ભાષા સાહિત્ય તથા ફારસી ઐતિહાસકોએ લખેલી ગુજરાતની તવારિખ પ્રકાશ પામતી આપણે જોઇએ છીએ. 'ઇતિહાસમાળા'નો એક પણ અંક જોવા હું ભાગ્યશાળી થઈ શકયો નથી એટલે એ વિશે કાંઈ કહી શકું તેમ નથી; પરન્તુ બાલાશંકરની અમર કીર્તિ સંપાદન કરાવનાર તો 'ભારતી ભૂષણ' જ છે, અને ત્હેના વિષયોનો ક્રમ નીચે મુજબ છેઃ—

બાલાશંકરનાં લખાણ પૈકી:—

હરિપ્રેમપંચદશી, સાહિત્ય દર્પણનું ભાષાન્તર (બાલબોધિની ટીકા સહિત), ભક્તિસંજીવન (નારદનાં ભક્તિસૂત્ર ઉપરથી), એની બાલકૃત બૃહત્ સાહિત્યસિન્ધુ, કર્પૂરમંજરી (નાટિકા), મૃચ્છકટિક, માર્કોપોલોનો પ્રવાસ, કલાન્ત કવિ, હાફીઝનાં કાવ્યોનું ભાષાંતર, પ્રોષિતા પચીસી, સૌન્દર્ય લહરીનું ભાષાંતર, ફારસી તવારિખોના તરજુમા—અમીર હમજા, ઇસ્લામમાં પુનરુત્થાન અને નરક વગેરે.

અન્ય લેખકોનાં લખાણ પૈકી:—

રા. દોલતરામ કૃત કુસુમાવલી, નારીપ્રતિષ્ઠામાંના અભિપ્રાયનો સ્વ. મણિલાલે કરેલો બચાવ, સ્વ. હરિલાલ ધ્રુવ કૃત કુંજવિહાર, રા. નર્મદાશંકર કૃત સતી નાટક, કાન્તનાં કાવ્યો અને અન્ય લેખકોનાં ગ્રન્થોમાં મૃગાવતી, નાગર બત્તીસી (હિંદી કાવ્ય), ઇસ્કંદર અને ઈંદુના (એક વાર્તાનું ભાષાંતર), ચન્દ્રોકિતકા, રઘુવંશનું પદ્યાત્મક ભાષાંતર વગેરે.

આ વિષયોનાં નામ પણ વાંચીને આપણને જણાઇ આવે છે કે જે સાક્ષરતાનું કવિવરની પ્રાસાદિત આકર્ષણશક્તિ આવાહન કરી શકી હતી તે સત્યશઃ સ્તુતિપાત્ર અને અનુપમ હતી.

બાલાશંકરનાં લખાણ ત્રણ વિભાગમાં પડતાં આપણે જોઇએ છીએ. કવિતા અને નાટકો, ઇતિહાસ અને પ્રવાસ, તથા ભક્તિ અને સાહિત્યના ગ્રન્થો. ભક્તિ તથા સાહિત્યના ગ્રન્થોમાં ભક્તિસંજીવન અને સાહિત્યદર્પણ, સાહિત્યસિન્ધુ અને દેવીદાસ કૃત રાજનીતિ છે.

દેવીદાસ કૃત રાજનીતિમાં રાજ્યતંત્રમાં કુશળતાની પ્રાપ્તિના

કાવ્યાલંકાર વિભૂષિત નિયમો છે. વૃદ્ધ ચાણક્યાદિની શૈલિ ઉપર રચાયલા વ્રજભાષાના ગ્રન્થનું ભાષાંતર છે. **સાહિત્ય દર્પણ**-એ સાહિત્ય શાસ્ત્રનાં પ્રમુખ ગ્રન્થનું અનુકરણ છે; પરન્તુ ત્હેમાં બાલાશંકર સાહિત્યદર્પણકારની પ્રણાલિકાઓમાં રમી અન્ય અનેક સમાગ્રી ત્હેણ ત્હેમાં વાળી, અદ્દ્ભૂત રસનિષ્પત્તિ ઉપજાવે છે સંસ્કૃત, ઇંગ્રેજી, વ્રજ, ગુર્જરાદિ અનેક શાસ્ત્રકાર કવિઓનાં હૃદયનું રસપાન વાચક ત્હેમાં કરી શકે છે. આ આહ્લાદ ધીમે ધીમે વૃદ્ધિ પામતો હોય છે, એટલામાં જ તે મહાન્ ગ્રંથ અપૂર્ણ રહ્યો એ સત્યની પ્રતીતિ અતિશય ગ્લાનિકારક થઇ પડે છે. **સાહિત્યસિન્ધુ**—વસોના અમીન વેણીદાસજીના છત્ર નીચે કવિ દુર્ગારામજીએ રચેલા પરન્તુ અધુરા રહી ગએલા સાહિત્યસિન્ધુને પૂર્ણ કરી પ્રકાશમાં મૂકવાનું મહદકાર્ય પણ ત્હેમણે માથે લીધેલું તે આરંભમાં જ રહ્યું.

આ સર્વ ગ્રન્થસમૃદ્ધિની શ્રેણિમાં **ભક્તિસંજીવન** અનુપમ તેજના અંબારથી ઝળહળે છે. તે પણ અપૂર્ણ જ રહ્યો છે, છતાં ત્હેમાંથી જેટલું પ્રાપ્ત થઇ શકે એમ છે તે એમની કાવ્યલહરો અને અંતરાત્માના હિલોળા સાથે ગ્રથિત હોવાથી ત્હેના હૃદયનું દર્શન હવે પછી થશે.

ઇતિહાસ અને પ્રવાસનાં પુસ્તકોમાં-મિરાતે અહમદી અને સિકંદરીની તથા માર્કોપોલોની મુસાફરીના ગ્રન્થોના તરજુમા આવી જાય છે. આ ત્રણે પુસ્તકો આપણી ભાષાસમૃદ્ધિના વિકાસાર્થે ઉપાડવામાં આવ્યાં હતાં, પરંતુ અનેક પ્રકારની ઉપસ્થ થએલી પ્રતિકૂળતાને લીધે તે પણ અપૂર્ણ રહ્યાં છે; અને ઇતિવૃત્તના ગ્રન્થો તો પૂર્ણ પ્રકાશમાં આવે ત્હેને હજુ ઘણી ઘણી વાર છે: કારણ ફારસીનો અભ્યાસ હાલ ઘણોજ અઘાટત અવગણનામાં આવી પડ્યો છે, એમ ભાસે છે.

નાટકો અને કવિતાઃ—

ચન્દ્રાવલી, કર્પૂરમંજરી અને મૃચ્છકટિક એ બાલરચિત નાટકો—ભાષાન્તરો છે. પ્રોષિતાપચ્ચીસી, સૌંદર્યલહરીનું પદ્યાત્મક ભાષાન્તર હાફીઝનાં કાવ્યોનું અનુકરણ, કલાન્તકવિ અને પ્રેમપંચદશી એ ત્હેમનાં કાવ્યો છે.

ચન્દ્રાવલી અને કર્પૂરમંજરીમાં આછાં આછાં પીયૂષ ઝરતો મનઃપ્રકાશ મૃચ્છકટિકમાં સફળતામય વિહરે છે. ખરૂં જોતાં મૃચ્છકટિક નાટક અને હરિપ્રેમપંચદશી—કલાન્ત કવિ ઉપર જ આ કવિવરની કાવ્યયશઃકલા પ્રફુલ્લ અવલોકાય છે; અને તે જ ત્હેમના કીર્તિશરીરને અમરતા અર્પે છે.

મૃચ્છકટિક એ રસભાવગ્રાહી ભાષાન્તર છે, અર્થગ્રાહી નથી. ત્હેના વાચનથી કવિવર બાલના જીવનનું સ્મરણ તાજું થાય છે. એ ઇતિહાસસિદ્ધ વાર્તા છે કે કંઇક કવિઓ—લેખકોએ એવું જ કાંઇ કાંઇ લખ્યું છે, અનુકરણ કીધું છે કે જે ત્હેમની જીવનલહરો સાથે સામ્ય રાખતું હોય. Goldsmith કવિએ Good Natured Man લખ્યો ત્હેમાં તે પંડે જ નાયક છે. ‘Vicar of wakefuld’ લખ્યું ત્હેમાં પણ સ્વાનુભવ ચિત્રો પદેપદે દ્દષ્ટિગોચર થાય છે. Goethe એ Faustની કલ્પના કરી, ગોવર્ધનભાઇએ સરસ્વતીચન્દ્રનું મનોરાજ્ય ચિત્ર્યું, Hugoએ geane Valgin મૂર્તિમાન કીધો, કાલીદાસે ‘યક્ષ’ રૂપે મેઘ પ્રાર્થન કર્યું, Byronને Manfred લખ્યો, Lyttonને Zanoniની નવલકથા જનિત કરી, મણિલાલે ગુલાબસિંહ રૂપે ત્હેનો અનુવાદ કર્યો—આ સર્વ સંસ્કારી જીંદગી—જીગરોનો તે વિચારની સાથે સામ્યતાથી આકર્ષાતો સંબંધ

હતો. કેશવલાલ ધ્રુવને જયદેવ–અમરૂ ઉપર પ્રીતિ બંધાઇ, મણિલાલને ભવભૂતિના અપૂર્વ, મહાનુભાવ પ્રેમતરંગોએ આકર્ષ્યો, અને બાલાશંકરનું આત્મતત્ત્વ હાફીઝ, નારદના હૃદયોદ્‌ગારમાં પ્રેરાયું, એ પણ એ જ કારણને લીધે. મૃચ્છકટિકના ભાષાંતરમાં પણ એમ જ થયું. ચારુદત્તના વચને વચને, વિચારે વિચારે, બાલાશંકરની જીંદગી, ત્હેમની મનલહરો પ્રત્યક્ષ, મૂર્તિમાન થયા વિના રહેતી નથી. અને આવા નૈસર્ગિક પ્રીતિસંબંધથી જ મૃચ્છકટિકનું ભાષાંતર એમની અન્ય કૃતિઓથી વધારે સારૂં છે.

સૌંદર્યલહરી અને હાફીજના કાવ્યાત્મક અનુકરણનું પણ એમજ છે.

મૃચ્છકટિકમાં પ્રતિભાભરી, રસિક, લલિત, કુમળી બાનીની કવિતા ઠેકાણે ઠેકાણે નિહાળાય છે.—

અહો મધુરી વીણા તું વ્હાલી સખી !
પ્રેમી કેરાં હૃદય શાન્ત કરનાર જો.

અને

અહો સુખરૂપ તરુવર એ મહાજન છે,
નિર્મળ ગુણરૂપ નવપલ્લવ લ્હેરાય જો.
વિનયશાખ ઝઝુમી ઝઝુમી જેને લાગી,
દૃઢ વિશ્વાસનું મૂલ અચલ કહેવાય જો.
દાન દયા ગુણ ફુલડાં ચોતરફે ગરે,
સરસ ઉદિત કીર્તિફલથી લચકાય જો.
કહો એ શુભ તરુવરરૂપ જનને આશરે,
મિત્ર પંખીડાં એનાં છે સુખમાંય જો !

આવાં અનેક સુમધુર પદો કુદરતી વાણીમાં અવતરતાં આપણે જોઈ શકીએ છીએ.

હાફીઝનાં ભાષાંતરોમાં "પ્રીતમ તું સહુ સુન્દરતાનો સાર છે", એ ગરબી, "વાઈ ગાયક વાંસળી ગઈ નિશી આનન્દમાં સુસ્વરે" એ શાર્દૂલવિક્રીડિત, અને "અગર તે યાર શીરાઝી" એ ગઝલ એવાં તો સુન્દર કોમળ રૂપાન્તર છે કે માત્ર વિસ્તારના ભયે જ આપની સમક્ષ ત્હેમને મૂકતાં હું ડર્યો છું. પણ જ્યાં સર્વત્ર પ્રેમ અને રસ અસ્ખલિત મોહક બાનીમાં વહ્યાં કરે છે, ત્હેમાંથી શું શું ને કેટલું કેટલું સ્વીકારવું, શું શું ને કેટલું કેટલું ત્યજવું ? એ પ્રશ્ન પણ અતિ ગહન થઇ પડે છે.

કવિતાની મોહિની-ભરી માધુરી.

કવિવર બાલની કૃતિઓ વિશે એટલું જણાવવું આવશ્યક છે કે એમના જીવનની સમસ્ત લહરીઓની પેઠે એ પણ અપૂર્ણ છે. હૃદય ભાવમાં તો અપૂર્ણ નથી, પણ કલાવિધાનમાં જોઇએ એટલી સંપૂર્ણતા પામી શકી નથી, એટલું દુર્ભાગ્ય છે. કવિવર કદિ વધારે આયુષમાન રહ્યા હોત તો ત્હેમાંની ન્હાની ન્હાની રહી ગએલી કલાની ત્વરાજનિત ખામિઓ નિઃશંક દૂર થઇ હોત. પરંતુ તે ભાગ્ય ગુજરાતને રહ્યું નથી. હજી પણ "કલાપીનો કેકારવ" ને મળેલા સાક્ષર તંત્રીત્વનો લાભ ત્હેમનાં કાવ્યોને કદિ મળી શકશે તો કાંઇક બની શકે એ સ્વીકારતાં પણ એ કવિવરની પોતાની સંસ્કારભરી લેખિની-પીંછીના જાદુઇ સ્પર્શથી તે કાવ્યો-હૃદયચિત્રો સચેતન થવાની આશા તો હવે રહી નથી જ. કવિવર બાલની શૈલિ, ત્હેમનાં કાવ્યો-અપૂર્ણ કિંવા સંપૂર્ણ જે હો તે હો-હાલ પણ આપણને મીઠાં, લલિત, કોમળ, સુરમ્ય અને અર્થપૂર્ણ ભાસે છે. નવા વિચાર અને નવીન ભાવનાઓ સાદી, સ્હેલી ભાષામાં ઉપજાવી કહાડવાની ત્હેમની શક્તિ આબાદ છે. વ્રજભાષાના

સાહિત્યાભ્યાસે હેમને યમક, પ્રાસાનુપ્રાસાદિ ઉપર પ્રીતિ અર્પી છે, પણ હેમની પ્રીતિ એ ગુલામગીરી નથી. હેમની કાવ્યશક્તિ નૈસર્ગિક છે: અભ્યાસે માત્ર હેને અમુક પ્રણાલિકામાં જ વહાવી છે. સુન્દર કલ્પનાચિત્રો તે અકેકકી લીટીમાં ખડાં કરી શકે છે: અકેકકી પંક્તિમાં ગૂઢતમ હૃદયભાવ કથી શકે છે.

"એક દીન તે અલકાવલિમાં દીઠી'તી મુખની છબી."

છૂટા અંબોડાના વાળની લટામાંના પ્રીતિપૂર્ણ મુખચન્દ્રનું દર્શન એ મનોહર આલેખનમાં આપણને તાદૃશ્ય થાય છે.

"તું તો સદા નૂતન અને આખું જગત નિત્યે જુનું."

એ પંક્તિમાં સુન્દરતાની **ક્ષણે ક્ષણે** ઉત્થન થતી **નવતા** એ જ **રમણીયતા**ના સ્વરૂપનું ભાન પ્રતીત કરે છે. તથા

"અંજન આંખડી ન આંજ, કપાશે સુ આંગળી."

(નાયિકાની અકૃપાનું સૂચન કરી, માર્મિક કટાક્ષ તરીકે કહ્યું છે.) અને સુન્દરતા-કોમળતાની પ્રફુલ્લતા જોવી હોય તો:—

"જોબન ઝૂલડે ઝુલી તું સુમન સેજમાં ઢળી."

એ વગેરે વચનોમાં સારી રીતે જોઈ શકાય છે.

હવે એમના હૃદયોદ્દગારની આત્યંતિક ભાવના અને પ્રીતિપરાધીનતા તરફ નજર નાંખીએ. પ્રીતિને તે કહે છે કે—

બલિહારી ત્હારા અંગની ચંબેલીમાં દીઠી નહીં,
સખ્તાઈ ત્હારા દીલની મેં વજ્રમાં દીઠી નહીં;
મન માહરૂં એવું કુળું પુષ્પ પ્રહાર સહે નહીં,
પણ હાય ત્હારે દિલ દયા મેં તો જરા દીઠી નહિ.

એમ કવિનો અનુભવ વદે છે. અને

સર્વાંગ કોમળ, કુસુમ લજવે, એહવાં તારાં લસે,
પણ અંતરે પથ્થર સમી પ્રિય પીડ ક્યમ એ વીસરે ?

પરન્તુ,

દિલદારના દર્શન વિના બીજું મને ગમતું નથી,
પુતળી પેઠે નજદીકમાં બેઠા વિના ગમતું નથી;
મુખચંદ્ર ઓપે ઝગઝગી ઝરતું સુધા જ્યાંથી વહી,
તેમજ ચકોર ગરીબને પીધા વિના ગમતું નથી.

આવાં અનેક કવન ત્હેમના પ્રેમજીવનની ઝાંખી આપણને કરાવી રહ્યાં છે. અને

"ઘડી ઘડી ભણકાર ભામિની ! ઉડી આકાશે આવે છે,
અલક અત્તર ભભકાર સુગંધી લહરી લહકતી આવે છે."

એ અને એવાં પદો વાંચતાં વાચકના હૃદયમાં પણ પ્રિય સ્મરણની સુવાસ લહરી લ્હેરાઈ આનન્દ નથી આપતી ?

૪ કવિતાનો પ્રેમધર્મ.

કલાન્ત કવિઃ—અનેક જગવિટમ્બણામાં ફસાઇ પડી, કવિતા અને સાહિત્યનું વિસ્મરણ કરેલું ત્હેનું સ્મરણ થઇ આવતાં, વિટમ્બણાઓ તળે દબાયલો-દટાયલો કવિવર, આત્મપુનરોદ્ધારના ઉછાળાથી ગુલાબસિંહની પેઠે વિપત્તિઓની પાર ચાલ્યો જાય છે. આ સમયનું 'કલાન્ત કવિ' એ કાવ્ય છે. ત્હેનાં કવન સમજી શકાય એવી ભાષામાં પણ અતિ ગૂઢ ભાવનાથી આલેખાયલાં છે. એના થોડા પ્રારંભિક શ્લોક ઉપરથી ઐતિહાસિક જીવનની સાથે ક્વચિત સામ્ય અર્પાય એ સંભવિત છે; પરન્તુ તેમ નથી. ત્હેને માટે આન્તર પુરાવો સબળ છે. એ કાવ્ય અને **હરિપ્રેમપંચદશી** એ બન્નેમાં પ્રેમ

બ્રહ્મની સાથે અદ્વૈત-અભેદ એ જ ભાવનાની ધૂન લાગી રહી છે. પરન્તુ કવિવર બાલનો પ્રેમ છે તે હારીઝથી વધારે ઉન્નત છે; મણિલાલના અભેદ માર્ગપ્રવાસથી આગળ વધેલી સ્થિતિમાં છે; દયારામની-જયદેવની સ્થૂલ પ્રિયવિહાર ભાવનાઓથી ઉચ્ચતર છે, નરસિંહ મીરાંના પ્રીતિરસ-કલ્લોલનો સોદર છે. ત્હેમણે કેટલી શક્તિથી એ પ્રેમપૂર વહાવ્યું, કેટલા પ્રકાશથી એ પ્રેમપિયૂષ ઝળકાવ્યાં, એ ઐતિહાસિકોનું-વિવેચકોનું કામ છે; અહીં બની શકે તેમ નથી. પણ એટલું તો ખરૂં જ કે ઉગ્રતમ ભક્તિભાવનાથી પણ એ પ્રેમનો ઉછાળો પર હતો. સર્વાનુભવ રસિક અને સ્વાનુભવ રસિક એ ભેદ ત્યાં ગણવાના નથી. કારણ વ્યષ્ટિનું ઉચ્ચતમ ગાન તે વિના સમષ્ટિનું અન્ય વધુ હિતકર બીજું શું હોઇ શકે ?

अनेक जन्मना मनो પ્રાપ્ત થતા પ્રેમને એ રસિક હૃદયની દિવ્ય ગુંથણીનું નામ આપીશું. ભક્તિમાં સ્વાર્પણનો ભાવ તરે છે; ત્હેમાં એક ઉપર, બીજું ઉતરતી પંક્તિનું એમ પણ લાગ્યા વિના રહેતું નથી. અને એક અર્પનાર, બીજું સ્વીકારનાર એ ભાવના પણ પ્રત્યક્ષ થાય છે. પ્રેમમાં એકતા, બે અનુકૂળ સંયોગી બળોનું ઐક્ય એ ભાવથી સમાનતા-અને ત્હેનો ભેદ ઉડી જતાં એકતા જ રહે છે. કબૂલ છે કે ભક્તિની અંતિમ સ્થિતિ પ્રેમની અત્યંત અવસ્થા સાથે સામ્ય રાખે છે. પરન્તુ, પ્રેમથી બ્રહ્મનું અદ્વૈત પ્રાપ્ત કરવામાં એક પગથિયું છે, તો ભક્તિથી બે છે. પ્રેમ કહો, ભક્તિ કહો, તદ્વિષયક જ્ઞાન કહો, જે કહો તે કહો, પણ તે પરમતા, અમૃતત્વ, એકાગ્રતા, કામતા, શૂન્યતા, સનાતનતા, આનન્દરૂપતા જ છે, એ સત્ય વિસ્મરવું ન જોઇએ. કવિવર બાલ પણ તે જ પરબ્રહ્મની સાથેના

અદ્વૈતના ઉપાસક હતા અને ભક્તિ તથા તે પ્રેમ ત્હેમના હૃદયમાં અલૌકિક એકતા ધારણ કરતાં હતાં.

એમ કહેવામાં આવ્યું છે કે સુફીમતમાં પ્રભુને પ્રિયા માની, વૈષ્ણવ ધર્મમાં પ્રભુને પતિ માનીને ભક્તિ થાય છે. આ કુદરતથી વિરુદ્ધ ભાવનાને લીધે એ ધર્મપ્રણાલિકાઓ અધૂરી છે. પરન્તુ એમ હોય તોપણ સુફીમતમાંય સ્ત્રીભક્તજન થયાનું ઇતિહાસ જણાવે છે, વૈષ્ણવ ધર્મમાંય પુરુષ ભક્તજનના જીવન સુપ્રસિદ્ધ છે; એટલે એ અસ્વાભાવિકતા જનસમૂહે સ્વીકારી નથી. સુફીવાદ અને કૃષ્ણભક્તિનાં અનીતિનાં અનેક ફળફૂલ બેશી ચૂકયાં હોય તો તેમ છતાં પણ દુનિયાના સર્વ તારનાર ધર્મો એ જ માર્ગે નથી વળ્યા ? કોઇપણ સંસ્થાનું સનાતન યૌવન એ સંસારનો નિયમ નથી. જીર્ણતાનો ત્યાગ, નવીનતાનો સ્વીકાર, જૂનાં બંધારણોમાં સમયાનુકૂળ ફેરફારની જાદુઇ ફૂંક એ જ જીવિતમાં દીર્ઘાયુ થવાનું અમૃતપ્રાશન છે. એ નિયમોનું ઉલ્લંઘન એ જ મત્યુ છે. જેમ યોગ્ય અશુદ્ધ શોધનને અભાવે ભક્તિ-પ્રેમ માર્ગે અનીતિના પંકમાં પતિત થવાની ભીતિ છે, તેમ જ્ઞાન-વેદાન્તને માર્ગે મનુષ્યનું મનુષ્યત્વ પણ વીસરી સ્વાર્થ લાલસાઓના પૂરમાં ત્હેના ધુરંધર તપસ્વીઓને તણાતા, કર્મમાર્ગોમાં જીંદગીના અધમતમ પડ ઉપર જ ત્હેના પ્રવાસીઓ દબાઈ રહેલા, પ્રકૃતિ સંસ્થાપક ધર્મપન્થોમાં મુસાફરોનાં જીગરની શ્રદ્ધા અને ભક્તિ સમૂળી લુપ્ત થઇ ત્હેમનાં જીવન ઐહિક સામગ્રી સંપાદનમાં જ નષ્ટ થતાં આપણે નથી જોતાં ! જ્ઞાન અને ભક્તિપ્રેમની ધર્મપગથિઓ જ ઉત્તમ છે, કારણ ત્યાં હૃદયને વિકાસ મળે છે; અન્યમાં વિચાર આચારને મળે છે અને તેથી એટલી ન્યૂનતા છે. વિચાર આચારની ઉત્તમતા સ્વીકારતાં પણ ભક્તિપ્રેમ અને તદ્વિષયક જ્ઞાન એજ મ્હને

સરલ, સફળ માર્ગ ભાસે છે, અને આપણું ભારત, જ્યાં પૃથ્વીના સકળ ધર્મરંગોથી પૃથ્વી અને આકાશ–મનુષ્યનાં હૃદયજીવન અને આચારવિચાર રંગાયાં છે, ત્યાં જ્ઞાન અને પ્રેમને જ ઉચ્ચતમ સ્થાન, ધર્મભાવનાના શિરોબિન્દુએ આરોહણ કરનાર પ્રજા તરફથી આપવામાં આવ્યું છે, એ જ તે સત્ય પ્રતીત કરે છે. મ્હેં જ્ઞાનને ભક્તિ અને પ્રેમની સાથે મુકયું છે, પરંતુ તે અદૃશ્ય થઇ જાય છે, ભક્તિભાવના પણ વિલીન થઇ જાય છે, પ્રેમમાત્ર પણ પરમાત્મા અને આત્માના સંયોગ સાધનરૂપ રહી અન્તે લુપ્ત ભાસે છે, ત્યારે જ ખરો અદ્વૈત પ્રાપ્ત થાય છે.

બાલાશંકરનો કાવ્યધર્મ હાફીઝનો સુફીવાદ, દયારામની કૃષ્ણભક્તિ અને મણિલાલના વેદાન્તનો જ્ઞાનમાર્ગ એ સર્વના સંગ્રહ વિકાસ-ક્રમરૂપ છે. આવા અલૌકિક સંસ્કાર માત્ર અભ્યાસથી આવી શકે નહીં એ સ્વાભાવિક છે. પરમાત્માની કૃપા, ઉદ્‍ભવમાન થએલાં પૂર્વ-કર્મનું પ્રફુલ્લ થવું, એ જ હોઈ શકે. એ ત્યારે જ બને છે કે જ્યારે કવિવર કાન્તનાં રસભર્યાં કવનમાં કહીએ તો

> "આંજે ને અજવાળે આંખલડી સખી !
> અંતર ઉપર ઉઘડે આલમનૂર જો !"

એ આલમને ઉજાસતું નૂર–પ્રતિભા–પ્રકાશ અંતરમાં ઉતર્યા વિના સર્વ નકામું જ–ફાંફાં જ છે.

કવિતાનો પ્રેમધર્મ. કવિવર બાલે કવિતા લખવાનું શરૂ કર્યું ત્યારથી આપણે જોઇએ છીએ તો છેવટ સુધી બહુ ફેરફાર, વધુ વિકાસ આપણને જણાતો નથી. નરસિંહ મહેતાની કવિતા માટે સાક્ષર શ્રી ગોવર્ધનભાઇ કહે છે તેમ અહિં કેવળ એક સરખી "અકૃત્રિમ શૈલી અને હૃદય-

પ્રસાદ " છે. નથી ન્યૂનતા પૂરાઈ, નથી પૂર્ણતા વધી. હરિપ્રેમ પંચદશી જેની અસર પ્રેમજીવન અને અભેદોર્મિમાં નિહાળાય છે, ત્હેની પ્હેલે-થી છેલ્લી ગઝલ સુધી ફરી વળીશું તો પણ ત્હેમાં મહાક્રાંતિ કોઈ પણ સ્થળે દૃષ્ટિગોચર થશે નહીં. જે ન્હાના ન્હાના ફેરફાર જણાશે તે માત્ર ત્વરા અને અનિયંત્રિત લેખિનીના પ્રવાહના પરિણામ રૂપ માત્ર જ છે. એટલે આ સ્વાભાવિક સરળતાભરી પ્રતિભાપૂર્ણ વાણીના કદી બાહ્ય અને આન્તર સ્વરૂપોની ભિન્નતાની તરફ દૃષ્ટિ ન કરીએ, કુદરતી આહ્લાદ માત્ર મળવાને, અર્પવાને તે કાવ્યો લખાયલા ક્ષણભર માની લઈએ, તો પણ,

वेणुं मधुर निदवानं वने वनमृगा इव

વનમાં વેણુના મધુરા ટંકાર સાંભળી તે તરફ આકર્ષાતા વન-મૃગોની પેઠે-મનુષ્યહૃદય પણ તેની તરફ વળશે જ. પરન્તુ આ કાવ્યો-માં એટલું જ નથી, તેથી ઘણું વધારે ઊંડું રહસ્ય છે. જેમાં ઉતરવા ભાગ્યશાળી થનાર ભાવિક તો—પછી જીવનની અન્ય ઇચ્છાઓ, વાસનાઓથી પર-તન્મય જ થઇ રહે એ બહુ સંભવિત છે.

સાક્ષર શ્રી ગોવર્ધનભાઈ જેને દેવરહસ્ય અને ભક્તિરસભરી લોકપ્રીતિ સંપાદન કરતી પ્રાચીન કવિવરોની બાલભાષા કહે છે, અને જેને જનસમૂહના કિલ્લા સર કરતી વર્ણવે છે, તે ભાષા અને તે રહસ્યભાવના આપણા અર્વાચીન કવિવરોનાં અંતરમાંથી અદૃશ્ય થતી ત્હેમને દેખાઇ, એટલું જ નહિ પરંતુ " ભક્તિની જ્વાલાઓ ત્હેમના હૃદયમાં શુદ્ધ સત્તાથી પ્રકટ થઇ શકવી તે ઘણા કાળ સુધી કઠણ નીવડશે " એવી ભીતિ પણ એ મહાશયને લાગી છે. દયા-રામના ઊર્મિના ઉછાળા માત્ર પ્રયત્ન જણાયા છે; મણિલાલનાં કાવ્યોમાં પ્રયત્ન પણ ભાસ્યો નથી, ત્યાં બાલાશંકર માટે તેથી વધુ

ઊંચું સ્થાન માગવું એ સાહસ જ ગણાશે; પણ આથી જ હું એ માગણી કરતાં અટકું છું. પરંતુ એટલું તો ખરૂં જ કે દયારામનાં પદો અને મણિલાલની વિચારસ્રોતસ્વિનીની પાર જઇને બાલાશંકરનાં કાવ્યોનું ગૂઢતમ રહસ્ય આપણે પામવાને અધિકારી બની શકીએ તો કદાચ આ આરોપ ઘણે અંશે દૂર થવા સંભવ છે. કવિવર બાલની ભાષા નિઃસંશય સ્વતંત્ર, સંસ્કારી, સુન્દર બાલકની-જ-લોકસમૂહને આકર્ષે એવી જ ભાષા છે. ત્હેમાં નથી આડંબર, નથી ગહનતાનો પ્રયાસ; અને નથી થતું રસવહન સ્ખલિત છતાં હરકોઇ ભાવ નૈસર્ગિક પ્રતાપની રશ્મિમાલામાં અવતરે છે. એ હવે સર્વ માન્યતા છે કે પૂર્વ અને પશ્ચિમના દેશોની વર્તન-વિચાર શૈલી વચ્ચે બહુ ભેદ પ્રથમથી જ છે. સ્વ. હરિલાલ ધ્રુવ કહે છે તેમ—" જંબુદ્વીપ સાત્વિક રંગ, રાજસ યુરોપના બંગ "-યુરોપ પ્રથમથી જ રજોગુણી પ્રવૃત્તિમાન ભાસ્યો છે અને સર્વથી વધુ આ વૃત્તિનું અસ્તિત્વ ત્હેના કાવ્યગ્રન્થોમાં છે. હોમર જુઓ, ડેન્ટી જુઓ, મિલ્ટન જુઓ, ન્હાનાં મ્હોટાં, જૂદા જૂદા દેશોનાં કાવ્યો પણ જૂઓ, જ્યાં જોશો ત્યાં યુરોપનાં કાવ્યો, મહા-કાવ્યોમાં દેવતાઓ પણ મનુષ્ય જેવા, ધર્મની ભક્તિભાવના અતિશય ઓછી અને-હું ત્હેની પ્રજા સમૂહમાંની હયાતીની ના પાડવા માંગતો નથી-પણ ત્હેમના કાવ્યરસસાગરમાં તો ત્હેનું દર્શન માત્ર પણ દુર્લભ જ ! હવે આપણી તરફ દષ્ટિ ફેરવો. જુઓ રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત્ અને અનેક ત્હેવા પ્રકારના ગ્રંથો. આર્યાવર્ત્તની ભગિની ભાષાઓમાં પણ એમજ છે. આપણા ગુજરાતીમાં જુઓ. નરસિંહથી દયારામ સુધી તો લગભગ ભક્તિ વિષયક કવિતા જ-અને પછી પણ જોઇશું તો ભોળાનાથ,

નૃસિંહાચાર્ય–દલપતરામ અને નર્મદાશંકરની પણ હૃદયવૃત્તિઓ પ્રભુભક્તિમય. આગળ વધીએ તો પછી બાલાશંકર, મણિલાલ, બુલબુલ અને કાન્ત. અને જરા આઘા જઇને ઊંડો અંતરાત્મા નિહાળીશું તો નરસિંહરાવ, ગોવર્ધનભાઈ અને ન્હાનાલાલ–બધેય એની એજ ભાવના છે ! એટલે આધુનિક ઇંગ્લિશ કવિવરોમાં પણ ક્વચિત્ ક્વચિત્ તે ભાવનાઓ દશ્યમાન થાય છતાં, એટલું તો ખરૂં જ છે કે, આપણી કેળવણી ગમે તે કરશે તો પણ આપણું આત્મતત્વ વીસરી આપણે દેવરહસ્યની પ્રીતિવાળા, શુદ્ધભક્તિની જ્વાળા હૃદયમાં ધારણ કરનારા, સાહિત્ય અને ઇતર પ્રીતિમાં પણ પ્રભુ પ્રત્યે પ્રેમ ધારણ કરનારા મટી જવાના નથી. હું માનું છું કે આ છેલ્લો ગુણ કવિવર બાલમાં ઘણે અંશે હતો, અને તે આપણને ત્હેમનાં કાવ્યો-માંથી પ્રતીત થાય છે.

સુફીમત એટલે પ્રેમ એ ઐહિક બન્ધનોથી કેવળ નિરંકુશ વસ્તુ છે, આન્તર સુન્દરતા એજ પારલૌકિક સૌંદર્યનો અંશ છે, અને તે બન્નેનું સંમીલન થાય પછી મસ્તી-અભેદ–અદ્વૈતની ચિરકાળ શાન્તિની પ્રાપ્તિ એ માન્યતાઃ તથા ભક્તિ એટલે હૃદયની સકળ વૃત્તિ-ઓનું, જગતની વસ્તુ સર્વસ્વનું પ્રભુ નામને સમર્પણ, પછી ત્યાં પાપ કિંવા તિમિરનો નિવાસ હોઇ જ શકે નહીં એવી સમજણ–એ બન્ને વિચારપ્રવાહો પ્રબળ વેગમાં બાલાશંકરના ચિત્તની માધુરીના કુંડમાં મળે છે અને ત્યાંથી આ ભરવેગ સંગમના ફળરૂપ જે કવિતા-નો ફુવારો ઉડે છે તે જ માત્ર 'ભારતી ભૂષણ'નાં પૃષ્ઠોમાં મીલાઈ રહેલાં હરિ પ્રેમપંચદશી અને 'ક્લાન્ત કવિ'નાં કાવ્યો છે. તો હવે આ કાવ્યોમાં શું છે તે આપણે જોઇએ.

આગળ જણાવવામાં આવ્યું છે તે મુજબ બાલાશંકરનો પ્રેમ-ધર્મ સુફીવાદ અને ભક્તિભાવનાના સંમીલન રૂપ હતો. ત્હેમનાં કાવ્યોમાં પરમાત્માને ક્ષણે ક્ષણે પ્રીતમ અને પ્રિયતમાનાં સંબોધનથી આવાહન થતું આપણે જોઇએ છીએ. ઘડીમાં તે પ્રિયદર્શન ઉત્સુકતાથી ગમગીન આશક તરીકે ફરીયાદ કરી રહે છે, ઘડીમાં સંમીલનમાં સુખ માનતી માશુકની પેઠે જીગરની દાદ દર્શાવી રહે છે. મીરાંબાઈ અને નરસિંહ, હાફીઝ અને દયારામ અને જયદેવ—એમના હૃદય-રહસ્યમાં રમતી વાણીમાં એમની અલૌકિક પ્રીતિને પોતાની કરી ઉરસિતારના સુરમાં તેનું સ્વર્ગીય ગાન ઉતારે છે.

અહીં એક બીજી મહત્વની વસ્તુ આપણે યાદ રાખવાની છે ને તે એ કે, કવિવરના હૃદયમાં દિવ્ય કાલ્પનિક સૌંદર્યની ભાવના એજ પરમાત્માની ભાવના છે. અને ઘણે ખરે ઠેકાણે ત્હેમણે સુન્દરતાને નામે જ પ્રભુનું પ્રેમયાચન કરેલું છે. એટલે એ બંનેનું સામ્ય ગણવું આવશ્યક છે. 'ક્લાન્ત કવિ' પ્રિયતમા સુન્દરતાને કહે છે કેઃ—

જડાત્મા માટીનાં કલપી રમ્ય પુતળાં—
પુરો પ્રેમાંશી હું—
ધરી વીણા કાંધે અનુસરીં તહારી ગતિ અને
મનસ્વી વિચારે મૃદુ સ્વર કરંતો તુજ કને.

કુદરતની દિવ્ય સુન્દરતાનું સહસા એમને દર્શન થયાનું સ્મરણ થઇ આવે છેઃ-

થયું મ્હારૂં ત્હારૂં મિલન શુભ એ દૈવી ભૂમિમાં
પ્રતાપી દેવીના નવરસભર્યા પ્રાંગણુમાંઃ—

મ્હને પૂરૂં તારાં શશિ રવિ રતનોનું સ્મરણ છે
અહા! પૂર્ણિમાએ રમણિય પ્રદોષે વન વિશે!

પછી કવિ અને કુદરત વચ્ચે પ્રીતિ થાય છેઃ—

કવચિત્ નિદ્રામાંથી ઝબકિ જગવી પ્રેરી મુજને,
પરાભાન્તિ તારી લઇ જતી મને રમ્ય સુવને;
તને બોલાવાને સમિપ મુજ સંકેત વનમાં,
આહા! ગાજી રેતા મુરલીરવ મીઠા ગગનમાં!
ફર્યો તારી સંગે મન બહુ ઉમંગે બહુ દિશે
સદા સાથે રેતી નવલ સુખ દેતી હતિ ખરે;
તરંગો તારામાં હૃદય કેવું મુજ પીગળતું,
સુખે વા દુઃખે વા રહતું રસપીયૂષ ઝરતું.

પછી કૃતિમાંથી કર્તા તરફ મતિ વળે છે અને કુદરત સમસ્તને પ્રભુતાની પ્રતીતિ માત્ર રૂપે તે નિહાળે છેઃ-

હશે યોગી મોટા જગતની મહિં યોગ સધતા,
કદાપી હું તોયે મન નવ ગણું છો રખડતા,
સમાધી લાગી જે સહજ તવ પ્રેમે મુજ તણી,
ખરે તે મારી છે સતત દૃઢ મોક્ષે નિસરણી.
નથી વેદાન્તે જે, નથીં સ્તવન પૂજા નિયમમાં,
નથી પૂરાણોમાં, નથીં ગમન યાત્રા વિષયમાં;
નથી નીતિ માર્ગે નથીં અધિક વિજ્ઞાન રણમાં,
વસ્યું આવીને તે ફળ અમિત તારા ચરણમાં.

અને

વળી મોક્ષે સિદ્ધિ તવ સુચરણે આવી જ રહી.

એમ પ્રેમી હૃદયને આત્મવિકાસ થયા પછી તે માને છે કે—

રહ્યા બાંધ્યા તારી અલકલટની સાંકળ વડે
કદી ત્હેને કાંઇ નહિ જગતમાં બંધન નડે.

અને

સદા જેને શીરે તવ પિયુષ ધારા વહીં રહી
સદા તે સ્નેહીને શુચિ સરિત શ્રી પ્રાણુ વહી,
નહીં તેને અંગે જગત વ્યવહારાગ્નિ અડશે
સદા તેને ચિત્તે ઉદધિ પરમાનંદ વહશે.

આખરે સુન્દરતાને સંબોધે છે કે—

પછી કોઈ કાળે ક્ષણિક વપુના બંધ વિખરે
રહેતું પાસે ને નજર વધુ તારા પર રહે,
તજી સંસારાબ્ધિ સતત દુઃખવારીથી પુરજે
રહે આશા–તારા સ્વરૂપ મહીં ચૈતન્ય વિચરે.

અને એ મહાન આશામાં સમાપ્તિ કરે છે.

'હરિપ્રેમપંચદશી' પણ સોદર કાવ્ય છે; એ જ ભાવનાઓ, એ જ પ્રેમ, એ જ કવિત્વ, પરન્તુ વધુ પ્રકાશ, વધુ લાલિત્ય, વધુ માધુરીમાં ઝળકે છે. આ કાવ્યને માટે કવિવર કહે છે તેમ ત્હેમાં પ્રેમાંશ તરતો છે અને અંતરોતર જ્ઞાનાંશ ઢંકાતો ચાલ્યો આવે છે. ઉપરછલા વિચાર ન કરતાં જરા ઉંડી દૃષ્ટિથી વાંચવા તેઓ વાચકને ભલામણ કરે છે.

ત્હેમાં વીસ ખંડ છે; પ્રીતમ પ્રિયતમાની રસલીલાનું વર્ણન છે. રાધિકા અને શ્રીકૃષ્ણચન્દ્રની પ્રીતિપ્રતિમા વાંચનારના હૃદયમાં ખડી થાય છે; નવીન પ્રકારની અષ્ટપદીને બદલે પંચદશી–વૃન્દાવનને બદલે જગકુંજ, જયદેવને ઠેકાણે બાલ, શ્યામવર્ણું યમુનાજલની

જગોએ નીલરંગી કાળસાગરના સાગરતરંગો, એવું એવું જ કાંઇ મનમાં થઇ આવે છે. નવીન રચના, નૂતન ભાવના સ્વીકારતાં પણ એનું એ ચિત્ર કાવ્યજીવનમાં સચેતન થાય છે. વેણુનાદ પણ થાય છે, પંખીડાંનાં કલ્લોલ પણ સંભળાય છે, વનકુંજોમાંથી આવતી મિઠ્ઠી અનિલલહરીઓ પણ ચોતરફ સુગંધ રેલતી અહીં લહકાય છે.

'પ્રેમપંચદશી'નાં બધાં કાવ્યોમાં ઉતરવું અત્યારે કઠીન થઇ પડે એમ છે; પરન્તુ જે થોડુંક આપણે જોઇ શકીશું તેથી જણાશે કે ઉપરથી રચનાવિહીન પરન્તુ કુદરતી રીતે ત્હેનાં આન્તર તત્વોનાં ગૂઢ સંબંધથી તે અનુકૂળ બન્ધનોમાં અરસ્પરસ સંયુક્ત રહેલાં છે. કવિ સુન્દરતાને-પ્રભુતાને ગુમાની, ગુણગરવીલી, માનિની, સજની, પ્રિયતમા, અબોલા, પટ્ટરાણી આદિ અનેક નામ અર્પે છે, અને તે નામોમાં એક જ ભાવના અધ્યાહાર છે એમ આપણે માની લેવાનું છે.

પહેલો ખંડ પ્રભુ પ્રીતિની શોધમાં નાયક ગાળે છે, અને આવા સમયમાં થઇ આવતી મનોવૃત્તિઓ બીજા, છઠ્ઠા, સાતમા, બારમા, ચૌદમા, પંદરમા અને અડારમા ખંડમાં પ્રદર્શિત થઇ છે. ત્રીજામાં માનસિક પ્રિયદર્શનની સ્મૃતિનું ભાન થાય છે અને તે આઠમા તથા દસમા ખંડમાં પુનઃ પુનઃ દષ્ટિગોચર થાય છે. પછી પાંચમા ખંડમાં એ અલૌકિક સુખનું સ્વપ્ન આવે છે. અગીયારમા ખંડમાં દિવ્ય દર્શન થાય છે અને તેરમા ખંડમાં પ્રિયદર્શનની પ્રતીતિ નિરંતરને માટે રહે છે; પરન્તુ ચોથા ખંડમાં પ્રેમમાર્ગની ખુબિના અણસમજુ પણ વ્યવહારકુશળ મનુષ્યો પ્રેમીના દિલ ઉપર પોતાની દુનિયાદારીવાળી બુદ્ધિની અસર કરવા જતાં પાછા પડે છે ત્હેનું વર્ણન છે, અને નવમામાં જાગ્રતિ માટે મનને પ્રબોધે છે. જે થયું એ બધું સ્વપ્નતુલ્ય

થઇ થઇ જાય છે. ફરીથી દર્શનોત્કંઠા સોળમા ખંડમાં ઉદ્ભવે છે. સત્તરમામાં પ્રીતિના ઉદ્ગાર હૃદયમાંથી નીકળી આવે છે. ઓગણીસમા ખંડમાં પ્રિયતમાનાં દર્શન થાય તો વધામણી આપવાને કવિવર તત્પરતા ધારણ કરે છે, અને વીસમામાં પ્રેમીની નિસ્પૃહતા સંપૂર્ણ અંશે ખિલી નિકળી ભાસે છે.

આતે સ્વપ્ન કે આતે જાગ્રત્-ખરૂં શું અને ખોટું શું એ ભ્રાન્તિમાં વાચકને અનેક સ્થળે લિટનની Strange Storyની પેઠે આ કાવ્યમાળા ઝૂલાવે છે. મ્હેં ત્હેમનો ગ્રથિતસાર આપવા પ્રયત્ન કર્યો છે, પણ તેથી તેની પોતાની કાર્યપ્રણાલિકા તોડવી પડે છે. નાટકના ઉઘડતા પડદાની પેઠે, એક પછી એક અવનવીન રૂપમાં વિકાસમાન થતી વનલક્ષ્મીની પેઠે, ધીમે ધીમે ખીલી નિકળતા સાન્ધ્યનભરંગની પેઠે, આ કાવ્યના ખંડ આપણા હૃદય સમક્ષ સરે છે. દર્શન થતાંની સાથે સ્વપ્નવત ભાસે છે, સ્વપ્નમાં વિહાર કરતાં દર્શનલાલસા થાય છે અને પુનઃ દર્શન થઈ, વળી પાછી એની એ પિપાસા રહે છે અને ભૂતકાળ સ્વપ્નવત્ બની જાય છે. આને મનુજીવન કહો, કાળસ્વરૂપો કહો, જે કહો તે આવી જ રીતે દર્શનીય થાય છે. અને અંતે નાટકના છેલ્લા પડદાની શ્યામતા-પાનખરમાં વૃદ્ધ થઇ મૃતપ્રાય બનતી વનશ્રી-રાત્રિના અંધકારમાં ભળી જતી આકાશરેખાઓની પેઠે આ સર્વ જીવનતરંગો પ્રભુતાની અભેદ અદ્વૈતભાવના પ્રેમની આત્યંતિક અવસ્થામાં આત્મપરમાત્મનો ભેદ વિસ્મરી એકત્વ પામે છે. હવે આ કાવ્યસરિતામાંથી થોડાંક સુધાબિન્દુ સંગ્રહી જોઇએ.

કવિ સુન્દરતાને શોધે છે,

એ વીર વિરહી ખોળવા તુજને જગત કંઇ કંઇ ભમ્યો,
ગિરિવર ગુહા કે કુંજકુંજે તોય મેં દીઠી નહીં;
બાગમાં, અનુરાગમાં કે પુષ્પના મેદાનમાં
ખોળી તને આતુર આંખે તોય મેં દીઠી નહીં.
સરખાવી તારૂં તન મેં ખોળી ચમેલી વનમાં
પણ હાય! ખૂબી આજની ફરમાઈ! કાલ દીઠી નહીં.

પ્રીતિનું કારણ પૂછતાં ઉત્તર દે છે કે—

કંઇ સ્વાર્થ કે કારણ તહારા પ્રેમમાં મ્હારે નથી
પ્રેમનું કારણ પ્રેમ તે વિના બીજું ગમતું નથી.
શો સ્વાર્થ બુલ્બુલને ગુલાબી રંગમાં આવી વસ્યો
એને ઘડીભર રંગ એ જોયા વિના ગમતું નથી.

અને—

રે ક્ષણ પ્રતિક્ષણ મધુર મુખ નિરખ્યા વિના ગમતું નથી.

વળી કહે છે કે—

મુજ દુઃખનો વિશ્રામ વ્હાલી મેં ધર્યો મુખ પંકજે
લઇ સ્કંધપર વીણા મધુરી ગાઉં તારાં બિરદ હું.

દુનીયાંડાહ્યાં મનુષ્યોની શિખામણો પરત્વે કહે છે કે,–

ભરસાગરે તોફાન વાયુ ગર્જતા ઘમઘોરમાં
ઉપકંઠ બેસી હસે ટીટોડી તેહને હું શું કરૂં ?

અનિલલહરીને પૂછે છે કે—

પલક એક પ્રીતમજી અમને સંભારી મન લાવે છે ?
અશ્રુપુષ્પ જે ભેટ મોકલ્યાં પ્યારી અલક ધરાવે છે ?

પ્રિયતમ અને પ્રિયાની વચ્ચે જગત્‌સિન્ધુ પડ્યો છે ત્હેનું સ્મરણ કરતાં ફરિયાદ કરે છે કે,–

રડી રડી તું બેશી રૂહે ને પ્યારી કાંઇ વિરાજે
વચમાં લહરી લહકંતો મહાસાગર ગર્જન ગાજે.

આપણા એક નવિન કવિના " હું છું, સુન્દર ગીતડું તું મ્હારૂં બુલ્બુલ " એ સુરસ કવનનું સ્મરણ અગીયારમો " દિવ્ય દર્શન " વાળો ખંડ ઉઘાડતાં થાય છે. પરંતુ ભાવના, ભાષા, વિચાર વધારે બળવાન, વધુ ગહન, ઉંડી કલ્પનામય અહીં આપણી સમક્ષ ખડાં થાય છે.

હું છું શંકર તું સતી શિરમણી સૌંદર્ય ધારાવતી,
તું છે પ્રેમળ મારી નિશ્ચલ સખી ! પ્રેમે સમાધિ સ્થિતિ;
ત્હારે છે મુખચન્દ્રમા મુજ શિરે ચન્દ્રાર્ક સારસ્વતી,
હાં હાં જોડ સમોવડી મળી પ્રિયે, વિદ્યાપતી શ્રીમતી.
જેણે એકજ બિન્દુપાન કરીયું સૌંદર્ય ધારા થકી,
રે ! તે પ્રાણી તણી ગતિ અવર શી તર્શી સદાયે ગતી.

આવાં આવાં અનેક સુન્દર કવન આ કાવ્યમાં પગલે પગલે દષ્ટિગોચર થાય છે. કવિ અહીં પોતાના હૃદયની પ્રેમભાવના–બ્રહ્મભાવના તાદૃશ કરે છે,–

ધારા ઉપર હું પદેપદ સખી ! ત્હારા વિચારે ફરૂં,
આધારે તુજ મૂર્તિના નયનથી સંસારમાંહી ફરૂં.

અને કદિ ભાનુ અને દ્વાદશ ચન્દ્ર અસ્ત થશે, વસુંધરા વારિમાં રોળાશે, જગતની કંઇક પ્રેમતરણીઓ પણ ડુબી જશે, છતાં

મારી ટેક શુચિધ્વજા પ્રલયના પયોધિમાં ફર્કશે.

અને

સૃષ્ટિના શ્રમથી વિનિદ્રિત પરબ્રહ્મ પ્રશાંતિ ગ્રહે,
સંસારી જીવ માત્ર નામ રૂપમાં ના ભેદ કાંઇ રહે;
કાંતે ! કોઈ દિને દિનેશ કિરણો જ્યારે તને તર્જશે.

ત્યારે પણ—

મારો નાદ તુહિ તુહિ સઘન જો શૂન્યાત્મમાં ગર્જશે.

સુન્દરતાનું આવાહન કરતાં કહે છે કે—

પા રે અમૃત ઘૂંટડા નવી નવી નિત્યે કવિતા બને.

પ્રભુપ્રેમની ભાવનાનું ઉચ્ચ ભક્તિભર્યું સ્વરૂપ આલેખતાં કવે છે કે—

નયનપાત્રમાં રંગી મદિરા ભરી પાવા તૈયાર,
કાળજડું શેકીને ચર્વણ લઈ ગયો તે દ્વાર.
રગરગ ખેંચી તાર કરી પિયુ પિયુ પિયુ ગાન કરંતાં,
અંતરવીણા નાદ કરંતાં, પ્રિય મુખ નજર ધરંતાં.
પ્રીતમપદની રજની રજનો પુણ્યશ્લોક પરાગ,
અંજન આંખે સુરમો કરવા મેં ચાહ્યો બડભાગ.

પરંતુ એ સર્વમાં નિષ્ફળતા છે, છતાં પ્રેમી-હૃદયવૃત્તિનું બળ, એકાગ્રતા તો એની એજ રહે છે.

દૃષ્ટિ કિરણની કલમ લઇ કંઇ ચિતર્યાં ચિત્ર હજાર,
પ્રિયતમ કેરાં પૃથ્વિપાટ પર પણ સહુ સરખાં યાર;
કર્યાં કર્યાં આંસુ અલતો સંસાર, રુધિર નયનધાર—

અને

પ્રેમ વસ્યો ત્યાં ભેદ કશો છે પછી કશી છે રીસ;
બાલ મુકી દુનિયાને, નામ્યું પ્રિયપદ પંકજ શીષ,
મુકયો મુકયો આ અખિલ સંસાર, મન ધરી પ્યાર;
પ્રિતમ હજુ ના મળ્યો રે.

છતાં—

કવિમાં હારીઝની વિશ્વસમસ્તથી પર જતી ઉદારતા પણ સ્થળે સ્થળે પ્રત્યક્ષ થયાં કરે છે.

પ્રભુનાં દર્શન થાય છે તે સમયે વદે છે કે,

આજની નિશા હરિ જો કરે કે ખૂટે નહીં;
ત્રિ જગત્ ચઢાવું એ આખડી મેં ધરી ધરી.

અને વાંછના તો એ જ રહ્યાં કરે છે કે—

નિરખું નયનભર મૂર્તિ મોક્ષની ભરી ભરી.

કવિશ્વર દલપતરામનું આપણી જૂની વાંચનમાળામાંનું જાણીતું વાક્ય

" પોપટ પાળે પ્રીતથી, કોઈ ન પાળે કાગ "

એની સાથે ઓગણીસમા ખંડને સંબંધ છે. કાગવાણી શ્રવણ કરતાં–પ્રિયમિલનની સ્મૃતિ યાદ થતાં થતાંમાં કવિતા લખતે લખતે એ યાદ આવ્યું; ત્હેની સાથે એમ પણ ભાસી આવ્યું કે વાયસને એથી મહાન્ અન્યાય થાય છે, એટલે ત્હેના આવકારનું જ કાવ્ય જોડવા વૃત્તિ થઇ ગઇ. હવે એ સુવિદિત છે કે કાગડો કોઈ પણ ઘર આગળ બોલે તો તે પરોણા આવવાની નિશાની તરીકે મનાય છે. આપણા પ્રેમી કવિને તો સુન્દરતાદેવીની પરોણાગત માટે ઉત્સુકતા હતી જ એટલે તરત ધારણા સફળ થઇ.

મીઠી મીઠી વાણી બોલો વાયસજી,
કુમકુમ રંગ વધાવું;
આવે જો પ્રમદા પટરાણી,
પંજર હેમ ઘડાવું.

અને

છોજી પિયુસંગમના સૂચક,
કરૂં શો નિછાવર વારૂં.

હવે છેલ્લા કાવ્યખંડમાં આવીએ છીએ.

નજર મારી પ્રિયા વિના ન દેખે કંઇ જગત આખે,
બીજાના અંધકારી પ્રેમનો તો જાર જૂદો છે;
શિખે જો પ્રેમ પૂરો તો જ અચલ અભેદ પામે તું,
નથી ત્યાં પ્રેમ જ્યાં છે ભેદ—એ વ્યવહાર જૂદો છે.

તથા

ગુરૂ આદેશ છે અમને અવળ પંથે વળ્યા જઇએ,
દુનીયાંથી પછી આ બાલ બેદરકાર જૂદો છે.

એ નિસ્પૃહ સ્વાતંત્ર્યપૂર્ણ અર્થવાહી શબ્દોમાં આ ખંડ પૂર્ણ થાય છે.

આવાં આવાં અનેક વિચારરત્નોથી ઝળકતો આ ભંડાર આપણી ગરવી ગુર્જરીનાં સંતાનો પાસે છે ત્યાં સુધી પ્રેમધર્મની મહત્તમ ભાવનાઓ પણ ક્ષીણ થતી જતી કોણ માની શકશે ?

કવિવર બાલનું અર્વાચીન કવિઓમાં સ્થાન નિર્માણ કરવાનો, ત્હેમના સાંસારિક જીવનના અનેક તડકા છાંયા દષ્ટિગોચર કરાવવાનો કિંવા જે અર્થમાં મ્હેં ત્હેમની કૃતિઓનો અર્થ કીધો છે તે સત્ય મનાવવાનો આ લેખનો હેતુ નથી જ. આગળ નિવેદન કર્યું તેમ આ તો માત્ર સહૃદયતાથી એ મહાનુભાવનાં વેણ સમજવાનો પ્રયાસ જ છે. મનુષ્ય માત્ર જ્યાં સુધી મનુષ્ય છે ત્યાં સુધી જગતના નિવૃત્તિ પ્રવૃત્તિના ઝૂલા ઉપર ઝુલશે, તેજતિમિરનાં મોજાંમાં ઉછળશે, પણ ત્હેને ત્હેના કવિહૃદયની સાથે સંબંધ નથી એમ આપણને આપણી

પહેલી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખસ્થાન ઉપરથી બોધ મળ્યો હતો; અને તે જ ઉદ્દેશને અનુસરતાં આ લેખ લખાયલો છે. આપણે શુદ્ધ ન્યાય કરી શકીએ એમ નથી. આપણા કવિવરે કહ્યું છે તેમ—

જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહીં ભાસે,
ન સારા કે નઠારાની જરાએ સંગતે રહેજે;
કટુ વાણી સુણે જો કોઇની વાણી મીઠી કહેજે.

* * * * *

પીયે તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે.

અને એ સુબોધક વચનો ઉચ્ચારનાર મહાત્માની–ત્હેમના રહેલા કાવ્ય અવશેષની રજા લેતાં, ત્હેમની કૃતિમાંથી જ દેવી સુન્દરતા–પ્રભુતાનું સ્મરણ, પ્રાર્થન કરીશું–

પ્રેમી પ્રાણી તણી મહા પ્રણયિની સંપૂર્ણ કામેશ્વરી,
કોટી અર્કસમ પ્રભા સુજતણા જે ચિત્ત સ્થાનેશ્વરી;
જેના અંશ થકી હું ઉદ્દ્ભુત થઇ તું મારી પ્રાણેશ્વરી,
તે દેવી નિત નિત્ય નૂતન સદા, **त्वां पातु विश्वेश्वरी !**

રામમોહનરાય જશવંતરાય દેસાઈ.

કથામંજરી-ભાગ પહેલો.

(સોનેરી નામનું સુન્દર પુંઠું-કિંમત રૂ. અઢી.)

બીજા કોઇ સંગ્રહમાં ન આવેલી નીચેની સોળ વાતો આમાં છેઃ-

વાર્તા.	લેખક.
૧ વેષધારી	(રા. રા. છગનલાલ હરિલાલ પંડયા; બી. એ.)
૨ તારાનું અભિજ્ઞાન	(રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ.)
૩ એક રાત્રી.	(ડૉ. રવીન્દ્રનાથ ટાગોર. તે ઉપરથી રા. રા. મહાદેવ હરીભાઈ દેસાઈ; બી. એ. એલ. એલ. બી.)
૪ અપરિચિતા.	(,, ,, રા. રા. ભગવાનદાસ ગીરજાશંકર ભટ)
૫ મણી.	(,, ,, રા.રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર બી. એ.
૬ વીસમી સદીની શકુંતલા.	(રા.રા.વૈકુંઠલાલશ્રીપતરાયઠાકોરબી.એ.)
૭ દોલત.	(સ્વ. ભાઈ રણજીતરામ વાવાભાઈ મહેતા; બી. એ.)
૮ સુમનનો સંતાપ	(રા.રા.ઈન્દુલાલકે.યાજ્ઞિક,બી.એ.એલ.એલ.બી.)
૯ લગ્ન.	(સૌ. શારદા મ્હેતા; બી. એ.)
૧૦ " ગરબાવાળી "	(રા. રા. સુધાકર.)
૧૧ પૈસો કે પ્રેમ ?	(રા. રા. ચંપકલાલ એચ. ભગુડીઆ, બી. એ.)
૧૨ વિચિત્ર સ્વયંવર.	(રા. રા. બાલયોગી.)
૧૩ રેણુકા.	(રા. રા. ગોકળદાસ ડી૦ રાયચુરા.)
૧૪ કમળાનો કજીઓ.	(રા. રા. રમણીક અ. મહેતા.)
૧૫ પ્રિય બાલા.	(રા. રા. ડાહ્યાભાઇ લક્ષ્મણ પટેલ.)
૧૬ લલિત-માધુરી	(રા. રા. જગજીવન કાળીદાસ પાઠક. લગભગ ૮૦ પૃષ્ઠની મોટી અપ્રસિદ્ધ સ્નેહવાર્તા.

કથામંજરી-ભાગ બીજો.

(મોટાં પૃષ્ઠ ૩૦૦ સોનેરી સુન્દર બંધાઈ—કિંમત રૂ. ત્રણ.)
આ ભાગમાં વિદ્વાન્ લેખકોની નીચેની ચૌદ વાતો-કથાઓ છેઃ-

૧ **નિર્મળા.** (લગભગ ૧૦૦ પૃષ્ઠની અપ્રસિદ્ધ પવિત્ર સ્નેહકથા.)

૨ **ગુલછરીના બાગમાં ગુલાબ.** (લેખક મી. શિવાવક્ષ નસરવાનજી મોજીઆ. પારસી સંસારી સ્નેહકથા.)

૩ **બે મૃગનાયક.**—(લે. જીવનલાલ અમરશી મહેતા. આત્મભોગ વડે પરમાર્થ સાધનની અપ્રસિદ્ધ કરુણકથા.)

૪ **સુખી રાજકુમાર.** (લે. રા. રા. સવાઈલાલ ચુનીલાલ યાજ્ઞિક.)

૫ **એક સ્વપ્ન.** (લેખક રા. રા. પુષ્કરરાવ વામનરાવ મહેતા, એમ. એ. એલએલ. બી.)

૬ **મદનનો મનોરથ**—(લે. રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે, એમ. એ. એલ. એલ. બી. ચાલુ જમાનાના ઉછરતા યુવક અને પ્રેમી જીવનનું એક સુંદર દૃશ્ય.)

૭ **નિર્ભયતાની મૂર્તિ.** (લે. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી.) આત્મબળની શક્તિનો પ્રભાવ દર્શાવનારી વાર્તા.)

૮ **માછીની છોકરી**—(લે. રા. રા. ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા. માતૃપ્રેમ, મનોનિગ્રહ અને સાચા પ્રેમની અપ્રસિદ્ધ વાર્તા.)

૯ **ચતુર્મુખ-ચાર મુખનું કૌતુક.**
૧૦ **મુદ્રાહારબંધ.**
(૯–૧૦: લે. રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ, બી.એ.એલએલ.બી. બુદ્ધિચાતુર્યની અદ્ભુત વાર્તાઓ.)

૧૧ **વિચિત્રવિલ**–(લે. રા. રા. પુષ્કરરાવ વામનરાવ મહેતા. (આશ્ચર્યકારક, બુદ્ધિચાતુર્ય, અને અદ્ભુતાભરી વાર્તા.)

૧૨ **હીરામાણેકની મોટી ખાણ.** (લે. રા.રા મણિકંર રત્નજી ભટ્ટ. વધી પડેલી ખોટી જરૂરીયાતો વિશે વિચારણીય બોધકકથા.)

૧૩ **દુખમાંથી સુખ.** (લેખક સ્વ. રાજકવિ કલાપી.)

૧૪ **માતૃભાષા પ્રત્યેનો પ્રેમ.**

ગુજરાતી સાહિત્ય-પરિષદ્‌ના

પ્રમુખનાં ભાષણો.

——xxxx——

૧. રા. રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું ભાષણ.

(પ્રાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ.)

સાક્ષર બન્ધુજનો,

આ સભાનો ઉપક્રમ આપણા મન્ત્રીએ વિસ્તારથી દર્શાવેલો છે, તે ઉપક્રમનો નિર્વાહ સભ્ય જનોએ કરી બતાવવાનો છે, અને તે પછી તેનો ઉપસંહાર યથાશક્તિ યથામતિ મ્હારે શિર છે; તો આ આરંભસ્થાને તે વિષયોથી તટસ્થ રહેવામાં અને અન્ય વક્તાઓના મધુર ગુઞ્જારવથી પ્રસન્ન થઇ તે પછી તેમનું અનુસરણ કે તેમના વિષયોનું અનુસ્તવન કરવામાં તેમના પ્રતિ મ્હારો ધર્મ વધારે સચવાશે એમ ધારી, આ સ્થળે મને તમારા પ્રમુખસ્થાને પ્રતિષ્ઠા આપવા માટે તમારો ઉપકાર માનું છું અને હવે પછી જે વિષયો ચર્ચાવાના છે તેના શીવાય કાંઇ અન્ય વિષયોમાં ચઞ્ચૂપાત કરવાની રજા માગું છું.

બન્ધુજનો, આ યુગ રાજકીય, સાંસારિક અને અન્ય વિષયના સમાજોનો છે. કોઈ સ્થાને કોન્ગ્રેસો તો કોઇ સ્થાને કોન્ફરન્સો, કોઇ સ્થાને ક્લબ નામે તો કોઇ સ્થાને એસોસિયેશન નામે સમાજો, આમ તેમ અન્ય દેશોમાં ભરાય છે. જ્યાં સર્વ પાસ આવા સતારના રણુકારા સંભળાય છે ત્યાં આપણા એકતારાનો ધ્વનિ પણ તેમાં ભળે અને સામાજિક પ્રવૃત્તિના લયમાં કાંઇક વૃદ્ધિ કરે તો તે ચિત્ર દેખીતું

સુન્દર જ છે. જ્યાં ચારે પાસ ગાન તાન મચી રૂહેતું હોય એવા પ્રદેશમાં ઉભું રહેલું પ્રાણી ગાનાદિકમાં કુશળ નહિ હોય તો બોલ્યા વિના હ્રદયમાં ગાન ઉતારવા મંડશે, તેનાં હાથપગ તેની પ્રેરણા વિના તાલ આપતાં હોય તેમ નૃત્ય કરશે, અને પ્રસિદ્ધપણે વર્તતા ગાનમાં અપ્રસિદ્ધપણે આ હૃદય અને શરીર લય પામશે. જો ગાનમાં કુશળ ન હોનાર આવો લય પામશે તો ગાનમાં પ્રવીણ સત્ત્વો પ્રકટપણે એવા ગાન ભેગું ગાન કરવા મંડી જશે. આવી જાતના લયનું કારણ આ સૃષ્ટિમાત્રનો જડચેતનવ્યાપી એક નિયમ છે અને તે નિયમનું નામ Rhythmic Law–તાલબન્ધ અથવા અનુપ્રાસયોજના–આપીએ તો સમજાય એવું છે. આપણી સાહિત્ય પરિષદ્ આખા આર્યાવર્તના એક સમાજપ્રવર્તક નૃત્યમાં આવા તાલબન્ધનિયમના બળથી ઉભી થઈ છે. જે સરસ્વતીદેવીને આપણા ઋષિમુનિઓએ વીણાધારિણી ગણેલી છે. તે દેવીના ભક્તો આવા નિયમને પાળે તો દેવીની પૂજા ફલદાયિની થશે એવી આશા કેવલ શુષ્કવાદ જેવી નથી.

આ "આશા શુષ્કવાદ જેવી નથી" એ શબ્દોનો ઉચ્ચાર કરું છું ત્યાં એક શંકા મારા હૃદયમાં ઉભી થાય છે. આવા તાલબન્ધ એકપાસથી દૃષ્ટિગોચર થાય છે તો બીજી પાસથી તાલભંગનાં કઠોર ચિત્ર પણ દૃષ્ટિગોચર થયા વિના રૂહેતાં નથી. કોન્ગ્રેસમાં ઐક્યની ગર્જનાઓ જે કાળે થાય છે તે જ કાળે તેમાં નૃત્ય કરનારાઓના ચરણો ઉપર કોઇ ગુપ્ત રીતે તો કોઇ પ્રકટ રીતે લાકડીઓ મારી તેમને લુલા લંગડા કરી દેવાના પ્રયત્ન કરનારાઓનાં ચિત્ર પણ જોઉં છું. સોસ્યલ કોન્ફરન્સને પણ એવા જ ઘાત થાય છે, અને તમે જે કાંઇ સામાજિક ક્રમ કરશો તે સર્વમાં પણ એક પાસથી તાલબન્ધ તો બીજી પાસથી આવો જ તાલભંગ પણ જોશો. આવે પ્રસંગે

તાલબન્ધના પક્ષનાં કોઇક હૃદયો નિરાશ થાય છે તો કોઇક હૃદયોમાં વધારે શૌર્ય ચ્હડતું દેખું છું. કોઇક પગ ભાગી જઇનૃત્ય કરનારમાંથી એક જણુને ઓછો કરે છે તો કોઇ સ્થાને તો એકને સ્થાને બીજા બે નૃત્ય કરનાર ઉભા થાય છે, કોઇક સ્થાને પૃથ્વીપરથી પડતી લાકડીયોના પ્રહારને બળે ભાગી પડવાને સટે કેટલાકના ચરણ વધારે વધારે ઉંચા ઉછળી ઉછળી વધારે વધારે નૃત્ય કરે છે. આ સર્વ જોઇ હું નિરાશ થતો અટકું છું. ધીમે ધીમે તાલભંગમાં પણ તાલબન્ધની જ સાંકળો દેખું છું, ને તાલબન્ધ અને તાલભંગ ઉભયને પ્રેરનાર એક પરમ તત્ત્વને જોઇ તેનામાં શ્રદ્ધા પામું છું. એ પરમ તત્ત્વને બળે જેમ દાંડીઆ રમનારા એક બીજાના હાથના દાંડીયાને પોતાના હાથના દાંડીયાવતે ઝાપટે છે તે જ રીતે તાલભંગવાળાના પ્રહારથી ઝપટાતા તાલબન્ધમાં અને તાલબન્ધને પ્રેરતા તાલભંગમાં હું કોઇ મહત્તર તાલબન્ધ દેખું છું. ગણિતશાસ્ત્રીઓ વત્તા અને ઓછાનાં ચિહ્ન–plus અને minus–વાળી સંખ્યાઓ એકઠી કરી એક કૌંસમાં મુકી તેનો ઉપયોગ કરે છે તેમ સંસારના ગણિતનો પરમ શાસ્ત્રી પણ આ તાલબન્ધ અને તાલભંગને આવા જ કૌંસમાં મુકી કોઇ પરમ સાધ્યને સાધે છે, તેને પાશ્ચાત્ય શાસ્ત્રીઓ evolution કહે છે.

ગુજરાતી સાહિત્યનો વિસ્તાર વધારવો અને એ સાહિત્યને લોકપ્રિય કરવું એ ઉદ્દેશ આ સભાનો છે, તે ઉદ્દેશના વિષયમાં તાલભંગ થવાનો સંભવ દેખાતો નથી; કારણ, આ સભાના સભ્યજનો સાક્ષર હોવાથી આ વિષયના નિર્વાહમાં તાલબન્ધ કરે એવું જ અનુમાન થાય છે. બાકી સભાથી બ્હાર નીકળશો તેની સાથેજ એવાં મનુષ્યો મળશે કે જેઓ ગમે તો ગુજરાતી સાહિત્યને દેશકાલના ઉદય માટે નિરર્થક ગણશે, ગમે તો સાહિત્ય માત્રને વેદીયાં ઢોરને

માટે ગામ આંગણે કહાડેલી ગોચર જમીન જેવું ગણશે, કોઇ વળી એવું ગોચર કહાડી નાંખી ખેડાણ જમીનમાં ભેળવી દેવું યોગ્ય ગણશે, અને ગમે તો કોઇ વ્યવહારકુશળ અને દેશાભિમાની મનુષ્યો એટલે સુધી કહેશે કે આવી સભાઓમાં આપણે કાળક્ષેપ અને શક્તિનો વ્યય કરીયે તેના કરતાં કોઇ વધારે લોકોપયોગી કામમાં ચિત્ત ધાલીયે તો દેશનું કલ્યાણ થાય. આ સર્વ ચર્ચાઓ લોકમાં સભાબ્હાર ઉઠે અને આપણી સભામાં તેથી ભય પ્રાપ્ત થાય ત્યાં સુધી સાક્ષરસભામાં આ અક્ષરવિરોધનો પ્રતીકાર કરવાનું કારણ નથી. હું આ વાત ઉપર આજથી ધ્યાન એટલા માટે ખેંચું છું કે આવતા વર્ષની સભાને પ્રસંગે આવું ભય જણાય તો તેને માટે સભ્યજનો સજ્જ રહે. આ સભાના તાલબન્ધને વિસ્તાર આપવાના ઉદ્દેશનો ફલોદય આપણે જે સાધનો વાપરીશું તેના ઉપર વધારે આધાર રાખશે. માટે બ્હારનાં વિઘ્નો કરતાં આપણી અંદર અંદરનાં વિઘ્નો ઉપર અને તે દૂર કરવાનાં સાધનો ઉપર તેમ આપણા ઉદ્દેશના ફલોદયનાં સાધનો ઉપર હું બે શબ્દ કહેવા ઇચ્છું છું.

આપણાં અંતર્વિઘ્નોથી પ્રાપ્ત થતા તાલભંગના ભય તો સમીપ જ છે. ગુજરાતી લેખનપદ્ધતિનો વિષય આપણા ઐક્ય અથવા તાલબન્ધના સંબંધમાં **प्रथमग्रासे मक्षिका** જેવો થઇ પડે એમ છે. કેઇ પદ્ધતિની કવિતા શિષ્ટ ગણવી એ વિષયમાં મતભેદ તો એટલો થઇ ગયો છે કે **तत्र युद्धं कचाकचि**. એ યુદ્ધમાં પડનારા તો એક બીજાથી રીસાઇને જ બેસે છે. ધર્મવિષય, રસવિષય, સંસારસુધારાનો વિષય, ઇત્યાદિ સર્વ વિષયોની ચર્ચા સાક્ષરવર્ગમાં સમુદ્રમન્થન જેવું મન્થન પામે છે અને દેવદાનવો જેવા હૃદયભેદ ઉત્પન્ન કરે છે. આ છેલા વિષયો એક રીતે સાહિત્યના વિષયો છે ને બીજી રીતે નથી.

રાજકીય સાહિત્ય, ધર્મવિષય સાહિત્ય, ઇત્યાદિ નામો જોઇએ તો વિષયમાત્ર સાહિત્યગમ્ય છે. આવા બાહ્ય વિષયોની અપેક્ષા રાખનાર સાહિત્યને બાદ કરી તેના શીવાયના સાહિત્યને જ સાહિત્ય કહીયે તો ઉક્ત વિષયો સાહિત્ય નથી. આમને સાહિત્ય કહેવું કે ન કહેવું એ ચર્ચામાં ન પડતાં આવા બાહ્ય વિષયોની અપેક્ષા રાખનાર સાહિત્યને આપણે સાપેક્ષ સાહિત્ય કહીશું અને તે વિનાના શુદ્ધ કેવળ સાહિત્યને નિરપેક્ષ સાહિત્ય કહીશું. આ સભાનાં કાર્યની યાદી જોતાં શાસ્ત્રસાહિત્ય અને કાવ્યાદિક કેવળ સાહિત્ય એવા એ ભેદ સ્વીકારતાં ઘણી અનુકૂળતા થશે. આટલા ચાર શબ્દોની પરિભાષા શુદ્ધ જ છે એમ હું કહેતો નથી. માત્ર મને આ પ્રસંગે તે સ્ફુરી આવે છે અને એ તમારાથી સમજાય એવા શબ્દો છે એમ ગણીને અનુકૂળતાનો વિચાર કરી એ શબ્દો હું વાપરૂં છું. આટલો મ્હારો આશય ધ્યાનમાં રાખશે તેને મ્હારી સાથે તાલભંગની વાસના નહી થાય.

હવે આ સભાના યોજેલા વિષયોમાંથી સાપેક્ષ સાહિત્ય દૂર રાખેલું છે એટલે તેના અન્તર્વિઘ્નનો એક પ્રદેશ દૂર રહેલો છે. પરંતુ કેવળ નિરપેક્ષ સાહિત્યને અંગે પણ આવાં વિઘ્ન—આવા તાલભંગ—નાં દૃષ્ટાંત હવણાં જ દર્શાવ્યાં છે. હું "હવણાં" લખું છું, કોઇ "અહુણાં" લખશે, કોઇ "હમણાં" લખશે, અને કોઈ "અધુના" લખશે. આ મહાન્ તાલભંગ થાય છે અને આ એક શબ્દ લખવામાં કીયા કીયા અક્ષર ભેગા કરવા તેને માટે સાક્ષરો પુષ્કળ અક્ષરયુદ્ધ કરે છે, "મગજમારી" થાય છે, અને ક્લેશ અને કલહ પણ જાગે છે. આ સર્વે તાલભંગ વચ્ચે હું પોતે એવો તાલબન્ધ રાખું છું કે એ સર્વ જુદી જુદી લેખનપદ્ધતિઓ સાથે સમભાવ રાખું છું, તેમના લેખકોના

ઉદ્દેશોનું ગ્રહણ પ્રીતિથી કરૂં છું, અને એ સર્વ પદ્ધતિઓ ઉપર દ્વેષ કે તિરસ્કારની દૃષ્ટિ કરવાથી મુક્ત રહી, મને અનુકૂળ પડતી પદ્ધતિનો પક્ષપાત કરી તેને વળગી રહું છું. આવી રીને મ્હારી લેખનપદ્ધતિ અન્ય પદ્ધતિઓ સાથે તાલબન્ધ રાખતી નથી ત્યારે મ્હારૂં હૃદય તે સૌની સાથે તાલબન્ધ રાખે છે. કેટલાક ચોપટ અને શેતરંજ રમનારાઓ રમતાં રમતાં જાતે લ્હડી પડે છે ત્યારે કેટલાક રમનારાઓ બાજી પરનાં દાંતનાં અને લાકડાનાં રમકડાંને રમાડતાં એ રમકડાંના જયપરાજયથી પોતાનાં હૃદયને જયપરાજયની વૃત્તિઓથી પરાભવ પમાડતાં નથી. ડાહ્યા વકીલો અસીલોને માટે યુદ્ધ કરવામાં આગ્રહ રાખે છે અને તે કાળેજ એક બીજાના સ્નેહભાવને હીન કરતા નથી. એક પાસથી તેઓ અસીલને માટે લ્હડે અને બીજી પાસથી તેમનાં હૃદય હસી હસી અન્યોન્યની પ્રીતિ કરે એવો ધંધાનો અનુભવ છે. તમે પરસ્પર સાથે પુરા આગ્રહથી ચર્ચા ચલાવો તેની સાથે જ એ ચર્ચા કરતાં પ્રીતિ અને બન્ધુતાની ચન્દનઅર્ચાથી ચર્ચાત્ર અને તમારાં હૃદય વધારે વધારે સંધાય એ કળા તમે પામશો તો આ સભામાં હૃદયના તાલભંગનો સ્પર્શ નહી થાય. ઉત્તરરામચરિત નાટકમાં લવ અને ચન્દ્રકેતુ શસ્ત્રયુદ્ધ કરતાં કરતાં હૃદયપ્રીતિ પામી ગયા એ આર્યો-પદ્ધતિનું અનુકરણ આપણી સભાના સભ્યજન ધારશે તો કરી શકશે.

એવી પ્રીતિથી જોવા જેવા ગુજરાતી સાહિત્યવૃક્ષનાં પાંચ પર્વ (પેરાગ્રાફો) છે :—

પર્વ ૧. મૂળ અને થડ.

૧. ગુજરાતમાં ગુજરાતી સાહિત્યના ઉદય પહેલાં કેવું સાહિત્ય હતું ? કેઈ ભાષામાં હતું ? રાજકીય સ્થિતિ કેવી હતી ? ગુજરાતી સાહિત્યનાં મૂલ થડની જનની—ભૂમિ—ની ઓઘે (Heredity) શું ઉતર્યું ?

(અ) રજપુત રાજાઓનો કાળઃ—ઇ. સ. ૭૪૬–૧૨૯૮ વનરાજથી કર્ણદેવ વાઘેલો. અણુહિલવાડ પાટણમાં—સંસ્કૃત સાહિત્યનો યુગ.

ઇ. સ. ૮૨૫ યાદવોએ દ્વારકાં છોડયું અને તેઓના નાયક દૃઢપ્રહાર રાજાની સાથે દક્ષિણમાં ચન્દ્રાદિત્યપુર અથવા શ્રી નગરમાં જઈ વસ્યા.

ઇ. સ. ૧૦૧૦–૪૧ ધારાના વિદ્વાન રાજા ભોજે અણુહિલવાડ લાટ વગેરે ઉપર ચઢાઈ કરી. તેણે રચેલાં પુસ્તકો—સરસ્વતીકંઠાભરણ, રાજમૃગાંકકરણ વગેરે.

ઇ. સ. ૧૦૧૦ આનંદપુર (વડનગર) ના ઉવ્વટે અવન્તિમાં વાજસનેયિસંહિતા ઉપર ભાષ્ય લખ્યું.

ઇ. સ. ૧૦૨૪ જિનેશ્વર નામના જૈન યતિએ ખરતર ગચ્છ સ્થાપ્યો અને અષ્ટવૃત્તિ તથા લીલાવતી લખ્યાં.

ઇ. સ. ૧૦૫૦–૫૫–વિક્રમાંકદેવચરિત. (૧૦૫૦ માં લખાએલું; તેમાં સોમેશ્વર ચાલુક્યે ધારાના ભોજ ઉપર મેળવેલી જીતનું વર્ણન છે.)

ઇ. સ. ૧૦૫૦ ત્રિલોચનપાલ ચાલુક્યનું લાટ દેશ ઉપર રાજ્ય હતું એ સંબંધી સુરતનો તામ્રલેખ.
ઉપરનાં તમામ પુસ્તકો સંસ્કૃત ભાષામાં રચાએલાં છે.

ઇ. સ. દશમા શતકથી ભાષાસાહિત્યની શરૂઆત થાય છે.

ઇ. સ. ૧૦૫૧ તામિલમાં હાલાસ્યમાહાત્મ્યનું રૂપાન્તર મધુરાપુરાણ લખાયું

ઈ. સ. દશમા શતકમાં હીંદી ભાષા હતી પણ એનું સાહિત્ય નહોતું.

ઈ. સ. ૧૩ મું શતક–મલ્લિનાથ ટીકાકાર, અને તેમના પુત્ર નરહરિ કાવ્યપ્રકાશના સરસ્વતીતીર્થ નામના—ટીકાકાર થયા.

ઈ. સ. ૧૨૬૦ દેવગિરિના યાદવરાજા મહાદેવે ગુજરાત ઉપર ચઢાઇ કરી અને વિશળદેવ ઉપર વિજય મેળ-વ્યો. તેનો મુખ્ય અમાત્ય હેમાદ્રિ: એણે ચતુર્વર્ગચિન્તામણિ નામનો ગ્રન્થ તથા વાગ્ભટ પર ટીકા લખી. હેમાદ્રિનો આશ્રિત બોપદેવ હતો. તેણે હરિલીલા, શતશ્લોકી વગેરે ગ્રંથો લખેલા છે-બધા સંસ્કૃતમાં છે.

આ વખતમાં તામિલ વ્યાકરણ લખાયું.

ઈ. સ. ૧૨૯૨ સંસ્કૃત ગ્રંથો ઉપર વાર્તિક લખનાર જિનપ્રભસૂરિ અને હેમચંદ્રની સ્યાદ્વાદમંજરી ઉપર ટીકા લખનાર મલ્લિષેણસૂરિ હતા.

ઈ. સ. ૧૨૯૩ કાવ્યપ્રકાશ ઉપર જયન્તી ટીકા લખનાર જયન્ત ગુજરાતના સારંગ દેવના રાજ્યમાં હતો.

ઉપસંહાર—સુરત સહિત આખા ગુજરાત કાઠીયાવાડમાં રજપુત રાજાઓનો અમલ હતો અને સાહિત્ય સંસ્કૃત હતું. જૈન વિદ્વાનોમાં પણ ઘણું ખરૂં સંસ્કૃત સાહિત્ય હતું. ગુજરાત બ્હાર પણ એ જ સાહિત્ય હતું, પણ હીન્દી ભાષાનો અને તામિલ સાહિત્યનો ઉત્તર-દક્ષિણમાં જન્મ થયો હતો. રજપુત રાજાઓ વિષયે ભાટ-ચારણોના રાસા વગેરે–રાસમાલા–ગુજરાતી ભાષાની બ્હેનપણી પ્રાકૃત

અને અપભ્રંશ ભાષા એમાં લખાયા. કંઇક મારવાડી, કંઇક વ્રજ અને કંઇક બીજી ભાષામાંથી મિશ્રણ-તે રાજકવિઓની ભાષા હતી. અને બ્રાહ્મણ જૈન વિદ્વાનોના સાહિત્યની ભાષા સંસ્કૃત હતી. ગુજરાતી એ સર્વના મિશ્રણરૂપે બોલાતી હોવી જોઇએ. હાલની કચ્છી ભાષા જેવી ભાષા કદાચ તે વખતની ગુજરાતી ભાષા હશે. કચ્છી ભાષામાં સંસ્કૃત શબ્દો ઘણા થોડા ફેરફાર સાથે બોલાય છે, (જેમકે, દોત્રો, પોત્રો વગેરે), પણ તેમાં સાહિત્ય નથી.

(આ) ૧૨૯૮-૧૪૨૦.

(અણહિલવાડ પાટણ અલાઉદ્દીન તરફથી સર થયા પછી મુસલમાન સુબાઓ વગેરેની હાડમારીમાં પડયું ત્યાંથી તે ૧૪૨૭ માં અમદાવાદ બંધાતા સુધી.)

રાજકીય.	ધર્મસાહિત્ય.	અન્ય સાહિત્ય.
ઇ. સ. ૧૨૯૮ સોમનાથ, અણહિલવાડ અને ખંભાત અલાઉદ્દિનના મોગલ સુબાઓએ સર કર્યાં.	૧૩૦૦ મેરુતુંગ (જૈન)	૧૩૦૦ કૈય્યટ: પતંજલિના મહાભાષ્ય ઉપર ભાષ્યપ્રદીપનો કર્તા.
૧૩૦૮ અલાઉદ્દિને ઝાલાવાડ જીત્યું.	૧૩૩૨ સાતમા મધ્વગુરુ વિદ્યાતીર્થનું મૃત્યુ	૧૩૧૦ ગુજરાતના રાજા સારંગદેવ (કર્ણઘેલાનો બાપ) ના મન્ત્રી વિક્રમનો પુત્ર તેજસિંહ તે દૈવજ્ઞાલંકૃતિનો કર્તા.
૧૩૧૫ ગુજરાતમાં બંડ	૧૩૩૪ હરિભદ્રસૂરીની જમ્બુદ્વીપસંગ્રહિણીઉપર પ્રભાનન્દસૂરિની ક્ષેત્રસંગ્રહિણી વૃત્તિ.	૧૩૧૦ અલંકારનો ગ્રંથ–પ્રતાપરુદ્રીય તેનો કર્તા વિદ્યાનાથ ઓરંગલમાં થયો.
૧૩૨૦ કાઠીઆવાડમાં લાખા ફુલાણીનો વિજય.	૧૩૩૯ આઠમા મધ્વગુરુનું મૃત્યુ.	
૧૩૩૯ મહમદ તઘલખ દીલ્હીને સટે દૌલતાબાદને (દેવ-	૧૩૪૩ નવમા મધ્વગુરુનું મૃત્યુ.	
	૧૩૪૮ જૈન કર્તા મેરુતુંગ. (૧૩૦૦ ના મેરુતુંગથી ભિન્ન).	

ગિરિને) રાજનગર કરે છે.

૧૩૪૫ ગુજરાતમાં બંડ

૧૩૪૬ „

૧૩૪૭ ગુજરાતમાં બ્હામણી શાહીનો આરંભ.

૧૩૪૯ મહમદ તઘલખે જુનાગઢ લીધું.

૧૩૫૦ મહમદ તઘલખ ગોંડળમાં.

(પછી ગુજરાતમાં સુબાઓનો કાળ)

૧૪૭૬ ગુજરાતના સુબાનું બંડ.

૧૩૯૧ ગુજરાતમાં બંડ

૧૩૯૪ સુબો ઝાફરખાન ઇડર જીતે છે.

૧૩૯૬ એજ સુબો સોમનાથ દેવાલયનો નાશ કરે છે અને પોતે સ્વતંત્ર થાય છે.

૧૩૯૯ તૈમુર.

૧૪૦૫ તૈમુરના મરણના સમાચાર ગુજરાતમાં આવે છે.

૧૪૦૭ ગુજરાત અને માળવા વચ્ચે વિગ્રહ

૧૩૫૩ તપાગચ્છના કુલમંડનનો જન્મ.

૧૩૬૮ સોમતિલકસૂરિ (શીલતરંગિણીના કર્તા) નું મૃત્યુ.

૧૩૭૩ વિમલચન્દ્ર સૂરિની પ્રશ્નોત્તર–માલા ઉપર દેવેન્દ્રની ટીકા.

૧૩૭૬ને } દશમાને
૧૩૮૪ } અગીઆરમા મધ્વગુરુનું મૃત્યુ

૧૩૯૬ અભયદેવ સૂરિનું તિજયપહુત્ત સ્તોત્ર.

૧૩૩૬ જયવલ્લભ કૃત પ્રાકૃત વજ્જાલય નામના ગ્રન્થ ઉપર છાયાકાર રત્નદેવ.

૧૩૪૩ રુદ્રપાશીય ગચ્છના જિનપ્રભની ષડ્દર્શની

૧૩૪૯ રાજશેખર સૂરિનો (દિલ્હીમાં પ્રબન્ધકોશ. અને અન્યત્ર શ્રીધરની ન્યાયકન્દલી ઉપર “પંજિકા” રચ્યાં.

૧૩૫૦ સાયણાચાર્ય અને માધવાચાર્ય (વિજયનગરમન્ત્રીઓ)

૧૩૬૬ સંઘતિલકાચાર્યનું કુમારપાળચરિત્ર.

૧૩૭૨ રત્નશેખરસૂરિનું શ્રીપાલચરિત.

(મુસલ્માનો બે પાસ).		
૧૪૧૦ ,,		
૧૪૧૭ પ્હેલા અહમદશાહે ૧૪૦૦ માં બંધાવવા માંડેલું અમદાવાદનું કીલ્લાકામ સંપૂર્ણ થયું.		
૧૪૨૦ અહમદશાહે ગુજરાતમાં શાંતિ પ્રવર્તાવી.		

ઉપસંહાર—અણુહિલવાડ પાટણ પડયા પછી સવાસો વર્ષ પછી ગુજરાતના સાહિત્યનાં મૂળ નરસિંહ મ્હેતા વગેરેએ રોપવા માંડયાં તે પ્હેલાના આ સવાસો વર્ષનો આ **મુસલમાન યુગ**—તેમાં

(ક) ગુજરાતની બ્હાર કૈય્યટનું ભાષ્યપ્રદીપ (૧૩૦૦), વિદ્યાનાથનું પ્રતાપરુદ્રીય (૧૩૧૦), અને સાયણાચાર્ય અને માધવાચાર્ય (૧૩૫૦) ના સંસ્કૃત સમર્થ ગ્રન્થો રચાય છે ત્યારે તેજઃસિંહના એક ગ્રન્થ (૧૩૧૦) વિનાના સર્વ ગ્રન્થો ગુજરાતીમાં માત્ર જૈન સાધુઓના રચેલા છે. એ ગ્રન્થો પણ મ્હોટા ભાગે ધર્મસાહિત્યના અને સંસ્કૃત સાથે **પ્રાકૃતમાં** પણ છે. એ સાધુઓએ તેમના "ગચ્છો"—નો આશ્રય પામી આટલો સાહિત્યવૃક્ષ ઉગવા દીધો છે. ત્યારે બ્રાહ્મણાદિક અન્ય વર્ગનું સાહિત્ય જે રજપૂત રાજાઓના કાળમાં સ્ફુરતું હતું તે કેવળ અસ્ત થયું અને એ સાહિત્ય કેવળ અસ્ત થયા પછીના કાળમાં ગુજરાતી સાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું.

(ખ) દીલ્હીના બાદશાહો, ગુજરાતના સુબાઓ, અને અન્ય ન્હાના મ્હોટા સરદારોના વિગ્રહ આ યુગના આરંભથી તે ૧૩૫૦ સુધી ચાલ્યા અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જુનાગઢ, ગોંડળ વગેરે

કાઠીયાવાડના ભાગોમાં અને બાકીના ગુજરાતમાં ચાલી રહ્યો હતો, તેવામાં જૈન ગચ્છોના ચાર પાંચ સાધુઓ ઉક્ત સાહિત્યના એકલા આધારરૂપ હતા. તે પછીનાં પચીશેક વર્ષમાં એટલે ૧૩૭૯ સુધીમાં રાજકીય શાંતિ જેવું પ્રમાણમાં હતું તેમાં પણ બીજા પાંચેક જૈન સાધુઓ જ એવા આધારભૂત હતા. અને તે પછી લગભગ પચાસ વર્ષ સુધીમાં તો જૈન સાહિત્ય પણ લગભગ શાંત થઇ રહી ગયું. અનેક બંડ, ઇડર અને સોમનાથ ઉપર મુસલમાન સરદારોની ચ્હડાઇઓ, તૈમુરલેને આખા હિંદુસ્થાનમાં વર્ત્તાવેલો ભય-કમ્પ, અને અંતે ગુજરાત અને માળવાના સુલ્તાનો વચ્ચેના વિગ્રહ—એ બનાવો ગુજરાતમાં આ પચાસ વર્ષોમાં ક્ષોભનાં વમળ વિસ્તારે છે અને સાહિત્યને કેવળ અસ્ત કરી દે છે.

(ગ) પણ પ્રશ્ન એવો ઉઠે છે કે જૈન સાધુઓ જેટલી સાહિત્યધારા ટકાવી શકયા તેનો કાંઇ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો? તેઓ ક્યાં ભરાઇ પેંઠા હતા? આના ઉત્તરમાં દન્તકથામાંથી એવો ઉત્તર નીકળે છે કે તેઓ ઘરબાર છોડી અન્ય ઘરબાર શોધવાના વમળમાં પડયા હતા. વાણીયા બ્રાહ્મણોના ઉદ્યોગ અણુહીલવાડ પાટણમાં અશકય થતાં તેઓ પોતાનાં સર્વસ્વ લેઇ અન્ય સ્થાનો શોધવા લાગ્યા. આજના કાળમાં ગુજરાત કાઠીઆવાડમાં અનેક સ્થાનોમાં વાણીયા બ્રાહ્મણની અનેક જાતિઓ જોવામાં આવે છે, તેમાંની કેટલીક અણુહીલવાડ પાટણની આશપાશ આવેલાં એક વેળાનાં નગરોમાંથી આવી છે. કોટીશ્વર અથવા કોટવર્કને ઇષ્ટદેવ ગણુનારા ખડાયતા બ્રાહ્મણ વાણીયાનું મૂળસ્થાન ખહાલ કે ખડાત જે હો તે; હાટકેશ્વરને ઇષ્ટદેવ ગણુનારા નાગર બ્રાહ્મણો અને નાગર વાણીઆઓનાં મૂળસ્થાન વડનગર અને વીસનગર; ઝારોળા વાણીઆ-

ઓનાં ઝારોળ ગામ અને હીમજા માતા, દીશાવળ વાણીઆઓનાં દીસા અને સિદ્ધેશ્વરી; શ્રીમાળી બ્રાહ્મણ વાણીયાઓનાં સ્થાન શ્રીમાળ અને ભિન્નમાળ અને ઇષ્ટદેવી મહાલક્ષ્મી; અને મોઢ બ્રાહ્મણ વાણીઆનું મોઢેરા; આ સર્વ જ્ઞાતિઓનાં આ મૂળસ્થાનો અને ઇષ્ટદેવોનાં દેવાલયો અણુહીલવાડ પાટણની આસપાસના પ્રદેશમાં આવેલાં છે અને રજપુત રાજાઓને આશ્રયે ઉદય પામેલાં ઉદ્યોગ અને વિદ્યાઓમાં વળગેલી આ જ્ઞાતિઓ આશ્રયભંગ થયે અન્ય આશ્રય શોધવા નીકળી પડેલી દેખાય છે. અહમદાવાદ એ શતકમાં બંધાયું નહોતું. ચાંપાનેર, સુરત, મથુરાં, કાશી વગેરે સ્થાનો સુધી આ ન્હાસતી ભાગતી જ્ઞાતિઓ પ્રસરી ગઇ, પણ ગુજરાત કાઠીઆવાડમાં આખરે ઠરેલી જણાય છે. આ યુગ એમને માટે ભ્રમણયુગ હતો અને એવા યુગમાં ગચ્છોના આશ્રયમાં રહેલા જૈન સાધુઓ જેટલું સાહિત્ય ટકાવી શકયા તેનો અંશ પણ આ સંસારીઓ કેમ ન જાળવી શકયા એ એમના આટલા ઇતિહાસથી સ્પષ્ટ થાય છે. જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનને બળે શુદ્ધ અને સરળ રૂપે તેમના સાહિત્યમાં સ્ફુરે છે ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ અને રાજકર્તા મુસલ્માન વર્ગ એ ઉભયના સંસર્ગથી બ્રાહ્મણ વાણીઆઓની નવી ભાષા કેવી રીતે જૂદું ધાવણ ધાવી બંધાઈ તે પણ તેમના આ ભ્રમણના ઇતિહાસથી જ સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની ઉભયની ગુજરાતી ભાષા આમ જુદે જુદે રૂપે બંધાવા પામી તેની સાથે ઉક્ત યુગને અંતે ઉક્ત કારણોથી સંસ્કૃત વિદ્યા અને સાહિત્ય લોપ પામી ગયાં, અને જો કોઇ નવું સાહિત્ય ઉગતા સરજેલું હોય તો તેની ભાષા લોકની આ નવી ગુજરાતી જ હોવી જોઇએ એવું અનુમાન આટલા ઇતિહાસમાંથી

ફલિત થાય છે. ઈ. સ. ના દશમા શતકમાં હીંદી ભાષા ઉત્તર હીંદુ-સ્તાનમાં જન્મી તે કાળે ગર્ભરૂપે સ્ફુરણા પામેલી ગુજરાતી ભાષાના અસ્થિપગ-જરમાં ચારસો પાંચસો વર્ષોની ગર્ભસ્થિતિએ પરિપાકદશા આણી, સંસ્કૃત સાહિત્યનો લોપ થતાં ગુજરાતી ભાષામાં સાહિત્ય-જીવન સ્ફુરવા લાગ્યું હોય એમ સમજાય છે. કારણ, આપણા આદિ કવિઓની ભાષા તેવા પરિપાકને પામેલી સ્થિતિમાં પ્રકટ થાય છે.

(ઘ) આ જ યુગમાં ગુજરાત બ્હાર અને શંકરાચાર્યના દેશમાં જ તેમના અદ્વૈતમાર્ગના વિજયઅંશોને પાછા હઠાવે એવો મધ્વમાર્ગ પ્રવર્તે છે અને દશ મધ્વ એક પછી એક આ પ્રવર્તનના આધાર બને છે. મધ્વાચાર્ય અને રામાનુજ ઉભય ધર્મગુરુઓ દક્ષિણ-માં બારમા શતકમાં ઉદય પામ્યા હતા, પણ તેમના પન્થ ગુજરાત સુધી હજી સુધી આવ્યા નહતા. એમના પૂર્ણોદયનો કાલ કાંઇક આ યુગમાં જ હતો અને તેમના સાધુઓ ગુજરાતમાં અને ઉત્તર હિંદુ-સ્થાનમાં કંઇક આ યુગને અંતે આવવા લાગ્યા હશે એમ હવેના યુગના ઇતિહાસથી સમજાય છે. ગુજરાતની ઉક્ત પ્રકારની ભૂમિમાં અને ઉકત પ્રકારના ઋતુમાં બ્હારથી ઉક્ત પ્રકારનો પવન વાવા લાગ્યો તેવામાં આપણા આદિકાળના કવિઓની શક્તિથી આપણા સાહિત્યવૃક્ષનાં બીજ રોપાયાં.

(૨) આદિ ગુર્જર સાહિત્ય. ૧૯૦૦–૧૫૦૦ સુમારે.

આ બીજ આખા ગુજરાતમાં રોપાયાં નહી, પણ જુનાગઢ, દ્વારકા, પાટણ અને સિદ્ધપુરમાં પ્રથમ પ્રકટ થયાં. આ બીજયુગ લગભગ પંદરમા શતકના અંત સુધીનો છે.

આ યુગમાં રાજકીય ઇતિહાસઃ—

(અ) અમદાવાદના સુલતાનોની ચ્હડાઈઓ-માળવા-ઉજ્જણ વગેરે પર (૧૪૨૨), ઇડરના રાજા પુંજાનું યુદ્ધમાં મરણ (૧૪૨૮), ઝાલાવાડના રાજાની હાર (૧૪૩૦), સુરત પાસેનું બગલાન (૧૪૩૨) તથા ચાંપાનેર પર ચ્હડાઇ (૧૪૪૮), માળવાવાળા મહમદની કપડવણજ આગળ હાર (૧૪૫૧).

(આ) અમદાવાદમાં જુમામસ્જીદ બંધાઇ રહી (૧૪૨૪), હાતમતી ઉપર અહમદનગરનો પાયો (૧૪૨૭), અહમદશાહનું મરણ (૧૪૪૨) અને મહમદ કરીમશાહને ગાદી.

(ઇ) માળવા અને ગુજરાતની સંયુક્ત સેનાઓ ઉપર મેવાડના રાણા કુંભાનો વિજય (૧૪૨૪), કુંભાની ગુજરાતપર ચ્હડાઇ (૧૪૫૮), મહમદ બેગડો—ચાંપાનેર પર (૧૪૮૩ થી ૧૪૮૫), શીરોહી રાજા ગુજરાત પર (૧૪૮૭), કુંભાનો પુત્ર ગાદી પર (૧૪૮૯), ઇડર પર બેગડો (૧૪૯૬).

(ઉ) ગીરનાર ઉપર પાંચમા રા. મંડળિકનો લેખ (૧૪૫૯), રા મંડળિક હાર્યો ને વટલાયો (૧૪૭૧).

(એ) લાહોરમાં શિખ ગુરુ નાનકનો જન્મ (૧૪૬૯) અને મરણ (૧૫૩૮), વલ્લભાચાર્યનો જન્મ (૧૪૭૪), બંગાળાના નદીયામાં વૈષ્ણવ ગુરુ ચૈતન્ય (૧૪૮૫ જન્મ), કબીરજીનો ઉદય (૧૪૯૦).

(ઓ) ગીતગોવિન્દના કર્તા જયદેવ (૧૨ મું શતક) બંગાળામાં; રામાનંદ આગ્રામાં; કબીર બનારસમાં; વિદ્યાપતિ બહારમાં (મોગલના સમયમાં); મીરાંબાઇની ગીતગોવિંદપરની ટીકા; વલ્લભાચાર્ય બનારસમાં; આગ્રામાં સુરદાસ, અને તુલસીદાસ અકબરના રાજ્યમાં, તેઓએ આધ્યાત્મિક રહસ્ય વિષે લખ્યું. તેમાં તુલસીદાસે

રામસીતા વિષે (રામાયણ) લખ્યું અને સુરદાસે રાધાકૃષ્ણ સંબંધે લખ્યું. તુલસીદાસે ઉત્તર હિંદુસ્તાનમાં રામની ભક્તિનો ઉપદેશ કર્યો, તેવો ઉપદેશ અમદાવાદમાં દાદુએ અને તેના શિષ્યોએ રજપુતાણામાં કર્યો. બંને જહાંગીરના વખતમાં થયાં.

(ઓ) નરસિંહમ્હેતા (૧૪૧૫-૮૧); મીરાં (૧૪૦૩-૧૪૭૦); પાટણનો ભાલણ (૧૪૩૯-૧૫૩૯) મોઢ બ્રાહ્મણ; સિદ્ધપુરનો ભીમ (૧૪૮૪ માં હયાત), જાતે ઉદીચ્ય.

આ શતકના પૂર્વાર્ધમાં નરસિંહ અને મીરાં અને ઉત્તરાર્ધમાં ભાલણ અને ભીમ થઇ ગયા.

પૂર્વાર્ધ=અમદાવાદમાં પ્રથમ સુલતાનીનો પાયો નંખાયો અને આખા ગુજરાતમાં તેમના તરફનો ક્ષોભ વ્યાપી રહ્યો હતો તે વખતે માત્ર બે સ્થાને શાંતિ અને ઉદય હતાં: નરસિંહના જુનાગઢમાં અને મીરાંબાઇના દ્વારકામાં—જેની ઉજ્જડ સ્થિતિએ કોઈ રાજાને કે સુલ્તાનને આઠમા સૈકા પછી આકર્ષ્યા નથી. કુમ્ભો ગુજરાત ઉપર ચ્હડાઇઓ કરતો હતો પરંતુ તેના બીજા ખુણામાં પડેલી દ્વારાવતી-માં એ જઇ શકે તેમ નહોતું. તે દ્વારાવતીએ મીરાંને શાંતિ અને આશ્રય આપ્યાં હતાં ત્યારે નરસિંહને સ્વદેશે આશ્રય આપ્યો હતો. ગૃહકુટુંબ અને જ્ઞાતિ સાથે ઉભય ભકતોએ સંબંધ છોડયો હતો અને શ્રીકૃષ્ણ સાથે નવો સંબંધ બાંધ્યો હતો. ઉભયની કવિતામાં અ-કૃત્રિમ શૈલી અને હૃદયપ્રસાદ છે. કેઇ શક્તિએ દીવાશળી બની એ-મનાં હૃદયમાં નવી જ્વાલાઓને પ્રકટી અને કીધા તેથી એ જ્વાલા-ઓ તેમનાં મરણ સુધી હોલાઈ નહી અને તેમના ઉત્તરાધિકારી-ઓને દાયાદ કરતી ગઇ એટલા પ્રકરણના શોધમાં ચમત્કૃતિ હોવી

જોઇએ. ગુજરાતના આ આદિ કવિઓમાં આ જ્વાલાઓ ગુજરાત બ્હારના કોઇ પ્રસિદ્ધ નવા ધર્મપ્રવર્તકોમાંથી નથી આવી, કારણ તે સર્વ આ કવિયુગના આયુષ્ય પછી જન્મ્યા અથવા ઉદય પામ્યા છે અને સર્વ પ્રવર્તકોના ઉપદેશનાં બીજ નરસિંહ અને મીરાંનાં કાવ્યોમાં છે, અને આ એની કીર્તિ ગુજરાત બ્હાર કાશ્મીર અને સમુદ્ર સુધી પ્રસરી હતી એ બે વાત ધ્યાનમાં લેઇએ છીએ ત્યારે ગુજરાતનાં આ બે રત્નની અમરપ્રભાઓથી આ સર્વ પ્રવર્તકોને ઉપદેશબીજ મળ્યાં છે એવું ભાન થવાનો પ્રસંગ છે. કોઇ નવો યુગ બેઠો હોય તેમ આખા હિંદુસ્થાનના સર્વ ભાગમાં આ (ઉપર " એ " માં બતાવેલા) પ્રવર્તકો નવા દીવા પેઠે પ્રકટયા હતા અને (જયદેવ અને મીરાં શિવાયના સર્વ) દીવાઓના મૂળ દીવા—નરસિંહ અને મીરાં ગુજરાતમાં તેમનાથી આગળ પ્રકટયા હતા.

આ મૂળ દીવાઓમાં કાંઇ પણ અન્ય જ્યોતિઃના પ્રભાવથી જ્વાલાઓ પ્રકટી હોવી જોઇએ તે વિષયે તેમની દન્તકથાઓ ઉપરાંત કાંઈ પુરાવો શોધીએ તો તેમાંથી પણ ફળ જડે તેમ છે.

(૧) **મીરાંબાઇ.** (જુઓ) " એ. "

(૨) શ્રીમદ્‌ભાગવતની અસર—આ શતકના ઉત્તરાર્ધના બીજ ઉપરઃ—બૃ. કા. ભાગ ૪ પૃ. ૪૭. ભાગવત માહાત્મ્ય પૃ. ૪૯—૫૧ઃ ભાગવતના અધ્યાયોનો સાર અને પૃ. ૧૫૨ માં ફલશ્રુતિનો શ્લોકઃ—

" પંડિત બોપદેવ દ્વિજ એક, કીધો હરિલીલા વિવેક,
તેને આધારે કહીએ કથા, સરોવર ભજલો કુવો યથા."

શ્રીમદ્‌ભાગવત બોપદેવનું કરેલું છે એમ આજ કેટલાક માને છે અને કેટલાક નથી માનતા. પરંતુ બોપદેવે વર્તમાન ભાગવતરૂપે

અથવા અન્ય ભાગવતરૂપે કંઇ પણ ગ્રન્થ તો કરેલો જ હતો અને ને ગ્રન્થનો આત્મા આ કાળે ગુજરાતમાં સ્ફુરતો હતો એટલું આથી સિદ્ધ થાય છે. બોપદેવના દેશના રાજાએ ગુજરાત ઉપર સવિજય પ્રયાણ ઇ. સ. ૧૨૬૦ માં કર્યું હતું એ આપણે જોયું છે અને તેણે રચેલી "હરિલીલા" ને આધારે આપણા ભીમ કવિએ પણ ઉક્ત પ્રકારે હરિલીલા રચી છે ને તેમાં ભાગવતના અંશ આવે છે. એ રાજાના કાળથી તે ભીમના કાળસુધી જે બોપદેવની ભાગવતકથા ગુજરાતમાં કીર્તિમતી હતી તે જુનાગઢના રજપુત રાજ્યમાં અપ્રસિદ્ધ નહી હોય અને એ કથાનાં બીજ અને રહસ્ય આપણા નરસિંહ મ્હેતાના ઉદયની જ્વાળારૂપ થયાં હતાં એમ એના ગ્રન્થોમાં સ્પષ્ટ સ્ફુરે છે.

મીરાંને ગમેલું ગીતગોવિંદ અને નરસિંહને ગમેલી રાસલીલાવાળું ભાગવત એ ઉભય ગ્રન્થોનું પૃથક્કરણ કરીયે તો દેવકથા અને દેવરહસ્ય એવા અંશ બેમાંથી નીકળે છે અને તે ઉપરાંત ભાગવતમાંથી અધ્યાત્મજ્ઞાન, યોગ વગેરે પણ નીકળે છે, અને એ સર્વે અંશોનું શિખરસ્થાન પરાભક્તિમાં આવે છે.

આ યુગનાં ચારે કવિજન સંસ્કૃતનાં સંસર્ગી હતાં. તીર્થસ્થાન સિદ્ધપુરમાં આ શતકના પાછલા ભાગમાં રાજ્યકીય શાંતિ રહેલી જણાય છે, અને અણહિલવાડ પાટણમાંથી ઉગેલા અંકુર જેવા પાટણ નગરમાં જૈનસાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃત સાહિત્યને રચવામાં લાગ્યા હતા અને રાજકીય સ્થાન મટી એ પણ તે કાળે તીર્થ નહીં તો તીર્થ જેવું જ આ સાધુઓએ કરેલું જણાય છે. અન્ય વર્ણોનો ભમણગુમ સમાગમ થતાં ભીમ અને ભાલણને આ સ્થાનોમાં સંસ્કૃત અભ્યાસનો યોગ થયો અને ઘણા કાળથી ગુજરી

દેવામયલા સંસ્કૃત સાહિત્યને સ્થાને ગુજરાતી સાહિત્ય તેઓ રચવા લાગ્યા. એ સાહિત્યમાં દેવકથાથી ઉપક્રમ થયો અને ભાલણે કાદમ્બરી જેવી માનુષી કથાનું સંસ્કૃતમાંથી ભાષાંતર કર્યું. પણ તેમણે તો જ્યારે ભીમની ભાષા બોલીને કહીયે તો સરોવર કાંઠેના કુવાનું પાણી પાયું છે, ત્યારે નરસિંહે અને મીરાંયે પોતાનાં હૃદય–પાતાલના ઝરાઓમાંનું પાણી પાયું છે–દેવકથા ઉપરાંત દેવરહસ્યના ચમત્કારો ઉભય હૃદયમાં થઇ રહ્યા છે. મીરાંબાઇ એમ જાણતાં હતાં કે વ્રજમાં તો એક જ પુરુષ છે અને સ્થૂલ શરીરના સર્વ પુરુષો તો ભક્ત દૃષ્ટિએ સ્ત્રીઓ જ છે. આવું જ દેવરહસ્યજ્ઞાન અને તે ઉપરાંત અધ્યાત્મજ્ઞાન એ ઉભયના સંયોગ–વિયોગ નરસિંહની કવિતામાં સ્ફુરે છે. આથી તેનાં જ્ઞાન–ભક્તિનાં પદ સમજી તેમાંથી મળેલા પ્રકાશની ભાવનાથી તેની દેવકથા વાંચનારને જ એ કવિની અન્ય કવિતાઓનું માહાત્મ્ય સમજાશે.

રાસલીલાને અંતે શ્રીમદ્‌ભાગવતકાર પૂર્વપક્ષ કરી પૂછે છે કે “ગોપીઓ કૃષ્ણ સાથે રાસ રમવા આખી રાત ગઈ હતી છતાં તેમના સ્વામીઓએ તેમની અસૂયા કેમ ન કરી ?” તેના ઉત્તરમાં એ સમાધાન કરે છે કે “એ સ્વામીઓએ તો પોતાની સ્ત્રીઓને પોતાની પાસે જ દીઠી છે એટલે ગઈ દીઠી નથી તો અસૂયા શાની થાય ?” અર્થાત્ ગોપીઓનાં સ્થૂલ શરીર તેમના સ્વામીઓ પાસે જ રહેલાં હતાં અને તેમને વ્યભિચારદોષ થયો ન હતો. માત્ર તેમનાં સૂક્ષ્મ શરીર શ્રીકૃષ્ણ સાથે રાસલીલા રમવા ગયાં હતાં, અને એ કૃષ્ણ તો ગોપીઓનાં તેમ તેમના સ્વામીઓનાં સર્વનાં હૃદયમાં અધ્યક્ષ હતા, અને તેમની સાથે સમાગમ પામેલાં ગોપીઓનાં સૂક્ષ્મ શરીરને એ રાસલીલાનો સમય તે “ બ્રહ્મરાત્રિ ” નો સમય હતો.

અન્ય ભૂતાની નિશાને કાળે આ ગોપીઓનો આ જાગરણકાળ તે તે તેમની બ્રહ્મરાત્રિ. વલ્લભપંથમાં પુરુષો પ્રતિજ્ઞા લે છે કે "હું વ્રજની ગોપી છું" તે આવી રીતની બ્રહ્મરાત્રિના આવા ભક્તિરસના રાસને ઉદ્દેશીને કહેવાય છે, અને નરસિંહનો "સુરતસંગ્રામ" પણ એ જ બ્રહ્મરાત્રિની સૂક્ષ્મ શરીરભાવનાઓને ઉદ્દેશે છે.

નરસિંહનાં અધ્યાત્મપદની સંગતિ કરીયે છીયે ત્યારે તેના આવા આશય સ્પષ્ટ થાય છે. "નિર્ગુણનાથને નીરખી નવ શકો, સગુણ સુરતી ત્હારે કેમ જાણે?" એ પંક્તિમાં કવિ સ્પષ્ટ કહે છે કે નિર્ગુણનાથનું અધ્યાત્મજ્ઞાન થયા પછી તેના સ્વરૂપપ્રત્યયના દઢીકરણ માટે "સગુણ સુરતી" અર્થાત્ ભક્તિયોગ છે, અને એ નિર્ગુણની ઉપેક્ષા કરી કેવળ સગુણને સાધનાર તો, કવિના મત પ્રમાણે "ચૈતન્યનિન્દા કરે, જડનું વન્દન કરે, અચેત ભુલ્યો તે ભિન્નભાવ આણે" એ નાથ ક્યાં છે? એ પ્રશ્નના ઉત્તરમાં કવિ કહે છે કે "નેત્રમાં નાથ છે." અને તે ઉત્તરમાં છાન્દોગ્ય ઉપનિષદ્‌ના **एष तेऽक्षिणि पुरुषो दृश्यते** " એ વાક્યનો આશય છે. એ દર્શનથી એક "અદ્ભર અનુપમ મૂર્તિ" ભાસશે, વિશ્વ તે રાસના સંગીતથી ઉભરાયલું ભાસશે અને "ભાસશે બ્રહ્મ વ્રજવનવેલી"—બ્રહ્મરૂપ વ્રજવનની વેલી આ રાસમાં પ્રત્યક્ષ થશે. વળી યોગદૃષ્ટિ પામી કહે છે કે, "નીરખીને ગગનમાં કોણ ઘુમી રહ્યો, તે જ હું શબ્દ બોલ્યે" ત્યારે "તે જ હું" ના સંસ્કૃત "**सोऽहम्**" સંભારી એક બીજા કવિનું વાક્ય સ્મરણમાં આવે છે કે "સોહં જાપ જપંતાં પાપ બ્રહ્માને પળાં યોગી." એ બ્રહ્મ—એ હરિ–પાસે છે, પોતાનામાં છે, પણ તેની અને મનુષ્યની સ્થૂલ દૃષ્ટિની વચ્ચે "ઓંકાર આડો પડ્યો છે"

એવું કવિ ગણે છે. આ "ઓંકાર" કીયો ? માણ્ડૂક્યોપનિષદ્‌માં વર્ણવેલા ચતુષ્પાદ બ્રહ્મના ત્રણ પાદ—જાગરિત, સ્વપ્ન, અને સુષુપ્તિ-રૂપ ઓંકારના ત્રણ પાદ દૂર કરો, તો ચતુર્થપાદમાં નિર્ગુણ હરિ પ્રત્યક્ષ થાય છે. એ માત્રારહિત ચતુર્થ બ્રહ્મપાદ આ માત્રાવાળા ત્રિપાદ ઓંકારમાં વર્તે છે તે ઓંકારને ભેદી ચતુર્થપાદ જોવો, જાગરિત સ્વપ્ન સુષુપ્તિરૂપ ઓંકાર-પાદ આડા પડેલા છે તે દૂર કરી, તેમાં રહેલું નિર્ગુણ આત્મતત્ત્વ અનુભવવું, એ જ અભિપ્રાય વાળી ગોપી પાસે નરસિંહ કહેવડાવે છે:—

"પ્રભુજી છે પાસે રે, હરિ નથી વેગળારે, આડો તે પડયો છે ઓંકાર,
"દિનકર રૂંધ્યો રે જેમ કોઇ વાદળે રે, થયું અજવાળું મટયો અંધકાર,
"વાદળું તે મટયું રે, લાગ્યું જેમ દીસવા રે, ભાનુ કાંઇ દેખાયો તે વ ર,
"લોકડીયાની લાજરે, બાઇ મ્હેંતો નાણીયો રે, મેલી કુલતણી કંઈ લાજ,
"જાદવાને માથેરે છેડો લેઇ નાંખીયોરે, ત્યારે પ્રભુ-વર પામી છું આજ."

મીરાંબાઇએ વ્રજમાં જે એક જ પુરુષ સર્વના પતિરૂપ દીઠેલો તે જ આ ગોપી જુવે છે, એ પતિની અને ગોપીની દૃષ્ટિ વચ્ચે પ્રથમ માયાનો ઓંકાર વાદળા પેઠે પડયો હતો, તે દૂર થતાં ભાનુ પ્રકાશે છે અને ગોપી પ્રભુવરને પામે છે. નિર્ગુણ અમાત્ર આત્મતત્ત્વ વિના ગોપીનો આ બીજો વર નથી. ભક્ત માત્ર એ તત્ત્વની ઉપાસક ગોપી છે. એ ઉપાસક ગોપીરૂપ બુદ્ધિઓ અનેક છે પણ તે સર્વમાં અનેક પ્રતિબિંબોરૂપે વસેલું આત્મતત્ત્વનું વસ્તુરૂપ બિમ્બ તે સર્વ બુદ્ધિઓમાં વિલસે છે ત્યારે ભક્તિરસના રાસ મચે છે. કવિ તેને "અનંત ઓચ્છવ" નું નામ આપી તેનું ફળ ઉપાસકને પ્રત્યક્ષ થતું વર્ણવતાં કહે છે કે—

" જળહળ જ્યોત ઉદ્યોત રવિકોટમાં, હેમનો કોર જ્યાં નીસ રે તોસે.
" સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાનાં પારણાં માંહી ઝુલે."

જ્યાં આ સોનાના પારણામાં ઝુલતા સચ્ચિદાનંદને કવિ કહે છે ત્યાં ઇશાવાસ્યોપનિષદ્ સોનાના પાત્રમાં સત્ય તત્ત્વને ગુપ્ત રહેલું ગણી કહે છે કે,

हिरण्मयेन पात्रेण सत्यस्यापहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

અધ્યાત્મદૃષ્ટિ સોનાના પાત્રમાં સચ્ચિદાનંદને જુવે છે તો ભક્તકવિ તેને સોનાના પારણામાં જુવે છે અને ઝુલાવે છે.

સાંપ્રત ગુજરાતી સાહિત્યવૃક્ષનાં થડ અને મૂળ પંદરમા શતકમાં આ પ્રમાણે બંધાયાં ને રજપુત રાજાઓના કાળમાં સંસ્કૃતસાહિત્યભૂમિ ગુજરાતમાં ખેડાતી હતી તેમાં ઉગેલા વનસ્પતિઓના અંશમાંથી ગુજરાતી સાહિત્યનાં પ્રથમ મૂળમાં સત્ત્વ પ્રકટ્યું. ગુજરાતી જૈનસાહિત્ય પંદરમા શતકમાં નથી. બાકી બીમ બાલણમાં દેવકથા અને માનુષી કથાનાં સાહિત્યમૂળ પ્રકટ થયાં, પણ દેવરહસ્યને પ્રકટ કરનારી જ્વાલાઓ તો મીરાંમાં અને નરસિંહમાં પ્રકાશી. તેમાં દેવકથા, દેવરહસ્ય અને અધ્યાત્મવિષય એ ત્રણની રમણીય કુલગુંથણી નરસિંહમાં જેવી પ્રકટ થઇ છે તેવી પાછળના કવિઓમાં પણ નથી થઈ. હીન્દી ભાષાની ઉત્પત્તિ અને તામિલ સાહિત્યની ઉત્પત્તિ ગુજરાતી પ્હેલાં થઇ, પણ તામિલ ભાષાનું સાહિત્ય જાણ્યા પ્રમાણે નરસિંહ જેવું હજી નથી અને હીન્દી કવિઓ તો નરસિંહના અનુયાયી જેવા કાળક્રમમાં છે.

પર્વ ૨. સોળમું ઇસવી શતક.

ફક્ત કવિઓ (૧) વસ્તો, (૨) વછરાજ, (૩) તુળસી.

વછરાજ—જંબુસર—કબીરપંથ—

રસમંજરી. } માનુષી કથા.—સામળની પદ્ધતિનું મૂળ.
શ્રીચરિત.

વસ્તો: બોરસદ. } દેવકથા—પ્રેમાનંદની પદ્ધતિનું મૂળ.
તુળસી: જુનાગઢ, કુત્યાણા.

વસ્તાનું ને તુલસીનું મૂળ નરસિંહ, અને વાર્તાવિસ્તાર તેમનો પોતાનો. કબીરપંથી વછરાજે દેવકથા મુકી દીધી ને વાર્તાવિસ્તાર રાખ્યો.

પર્વ ૩. સત્તરમું શતક.

અખો, અમદાવાદ. પ્રેમાનંદ, વડોદરા. સામળ, સીંહુજ— ગોપાળદાસ, રત્નેશ્વર, શિવદાસ, દ્વારકાદાસ, નાકર, મુકુંદ, વલ્લભ-ભટ, વીરજી, હરિદાસ વગેરે.

પ્રેમાનંદ—દેવકથા; અખો—અધ્યાત્મ; અને સામળ—માનુષી કથા.

પ્રેમાનંદની દેવકથા—વાર્તાવિસ્તાર સોળમા શતકનો, ષડ્રસ-માં નરસિંહનાં બીજનો વિકાસ, સંસ્કૃત કવિયોના અલંકાર આલેખનના ધ્વનિ, દેવકથામાં માનુષહૃદયનાં રસસ્થાનની પ્રતિષ્ઠા—પ્રેમાનંદ-ની જાતશક્તિનો વિકાસ.

સામળની માનુષી કથા—સોળમા શતકની માનુષી કથાનો વિસ્તાર, પરંતુ તેનું અનંતશાખિત્વ, વાક્ચાતુર્ય, અનુભવબુદ્ધિ, રૂઢિ-ત્યાગ વગેરે—સામળની જાતશક્તિનો વિકાસ.

અખો—અધ્યાત્મબીજ નરસિંહનાં, પણ દેવરહસ્યની જ્વાલાઓ શૂન્ય; કબીર વગેરેની અસરથી ? વાક્યપ્રહારનાં બીજ નર-

સિંહમાંથી (અખાનું ગુરુઅંગ અને નરસિંહનાં "અંધગુરૂએ વળી નિરંધ ચેલા કર્યા," "કરણી તો કામની, હોડ કરે હંસની" વગેરે પણ વિસ્તાર અખાની જાતશક્તિમાંથી.

પર્વ ૪. હરાડમું શતક.

અખો, પ્રેમાનંદ, અને સામળની શક્તિનો અભાવ. થોડા પણ મહાન્ અંગારાને સટે સ્ફુલિંગો, તડતડીયા ને તનખા; સુંદર ન્હાનાં રમણીય કાવ્યો.

આ અને સત્તરમા શતકમાં ફેર શાથી ? આ વિષે મ્હારા નામના લેખમાં મેં લખ્યું છે.

કવિયોઃ—(અ) દ્વારકેશ, ધનદાસ, નરભેરામ, પ્રીતમદાસ, બ્રહ્માનંદ, ભાણદાસ, વલ્લભભટ (અમદાવાદી), શિવાનંદ, બાપુસાહેબ, દીવાળી.

(આ) જૈનકવિ—ઉદયરત્ન.

અધ્યાત્મ, દેવકથા, માનુષી કથા, વગેરેમાં પાછલા યુગના તનખા; નવું કાંઇ નહી. જૈન કવિતાનો ગુજરાતીમાં પ્રથમ ઉદય—અન્ય કવિયોથી જુદો પડતો અને ઉક્ત પ્રકારની જૈન શૈલીના અને જૈન વિરક્તિના ગુણોથી ભરેલો, પણ તનખા જેવો.

પર્વ ૫. ઓગણીસમું શતક. ૧૮૫૦ સુધી (હરાડમાના ઉત્તરાર્ધથી.)

પ્રથમ ભાગ—ગીરધર અને રણછોડજી દીવાન—સવિસ્તર દેવકથા.

બીજો ભાગ—ધીરો, મનોહર, ભોજો—અધ્યાત્મ અને યોગ: પાછલા યુગોનો વિકાસ; યોગ, નવો.

ત્રીજો ભાગ—પરચુરણ સર્વ—મુક્તાનંદ, નિષ્કુળાનંદ, પ્રેમાનંદ સ્વામી, બાપુ, રણછોડ ભક્ત, હરિભટ, હરિરામ, નીરાંત અને રાધાબાઇ—હરાડમા શતક જેવા તનખા.

તનખા—તે વૃક્ષને શિખરે આવેલાં ન્હાનાં ન્હાનાં ખરી પડતાં ફુલાં જેવા.

ચોથો ભાગ—જૈન કવિઓ બે ચારેક, હરાડમા શતક પેઠે.

પાંચમો ભાગ—દયારામ: દેવરહસ્ય—નરસિંહ પછી દયારામમાંજ; અધ્યાત્મ-અલ્પ; દેવકથા-વિસ્તારવાળી તેમ તનખા જેવી—બે જાતની—પણ માનુષી વૃત્તિઓથી ઉભરાતી, પણ પ્રેમાનંદના જેવી માનુષી હૃદયના ઉચ્ચ અને સ્થાયી વિકારોની પ્રતિષ્ઠાને સટે નિરંકુશ અને ઉછળતા ક્ષણિક વિકારોની પ્રતિષ્ઠા-એ પોતાની શક્તિ. વૈરાગ્ય અને ભક્તિ શુદ્ધ—પણ મનુષ્યહૃદયની નિર્બળતાને સ્વીકારીને તેમાંથી ઉદ્ધાર માગવા હરિશરણ: નરસિંહ અને મીરાંના હૃદયમાં વિશુદ્ધિના બળથી પ્રભુ સાથે ઐક્ય.

ઉપસંહાર.

પાંચ પેરાઇઓ નાંખી ઉંચો ઉગેલો ગુજરાતી પ્રાચીન સાહિત્ય-વૃક્ષ આમ સમાપ્ત થાય છે. તે પછીનું હાલની વિદ્યાનું-અર્વાચીન સાહિત્ય એજ વૃક્ષમાંથી બીજી વડવાઇઓ પેઠે નવી ભૂમિમાં મૂળ નાંખી ઉગ્યું છે. એ નવી ભૂમિ સાથે એક પાસથી અને પ્રાચીન વૃક્ષ સાથે બીજી પાસથી જોડાયલા વડવાઇઓ રૂપ વિસ્તાર પામતા આપણા અર્વાચીન સાહિત્યવૃક્ષની સ્થિતિ સુપ્રસિદ્ધ છે અને તેને માટે આજ અવકાશ નથી. પણ જે વૃક્ષ સાથે એ નવીન વૃક્ષ જોડાયલો છે તે વૃક્ષની સુસ્થિતિ ઉપર નવા વૃક્ષની સુસ્થિતિનો પણ આધાર

છે. માટે પાંચસો વર્ષથી પાંચ પેરાઇઓ નાંખી ઉગી નીકળેલા આપણા પ્રાચીન સાહિત્યના રસથી આપણે ભોમીયા થઇશું તો જ તેના રસાયનનો ઉત્તમ લાભ પામીશું.

એ પ્રાચીન વૃક્ષની ભૂમિ રજપુત રાજાઓના કાળમાં કેવા કેવા સમર્થ સંસ્કૃત ગ્રંથોથી બંધાઇ હતી, અને એ ભૂમિમાંથી આપણા આદિ કવિઓએ કેવી રીતે બીજ અને પોષણ લીધાં છે, તે નરસિંહના દૃષ્ટાંતથી આપણે જોયું. એ તથા આદિ કવિઓના સાહિત્યમાં ચ્હડેલાં તત્ત્વ, કથાભાગ, રસભાગ, રહસ્યભાગ અને જ્ઞાનભાગ—થડમાંથી ચ્હડતા રસ પત્ર પુષ્પાદિકમાં ચ્હડે તેમ આપણા પ્રાચીન સાહિત્યની છેલ્લી પેરાઇઓ અને તેમના અંશોમાં ચ્હડયા છે તે આપણે જોયું. આપણી અર્વાચીન વડવાઇઓ ભલે નવી ભૂમિઓમાં પ્રવેશ કરે પણ તેમનું મૂળ પોષણ તો આ પ્રાચીન વૃક્ષોમાંથી જ સતત ધારારૂપે ચાલ્યાં આવશે તો જ આપણા લોકનાં જીવનમાં ભળી શકશે. નવા સાહિત્યના પોષકોએ આ વાત ભૂલવા જેવી નથી અને તેમાંના કેટલાકના લેખને સામાન્ય વાંચનારાઓ ગમે તો દોષદૃષ્ટિથી જુવે છે અને ગમે તો જોતા જ નથી. તે સાહિત્યરોગનું કારણ એક એ છે કે આ નવા સાહિત્યકારો આપણા પ્રાચીન રસોનું સેવન યથેષ્ટ કરતા નથી, અને એ સેવન વિનાના પાક લોકને પચતા નથી.

બીજી પાસથી દૃષ્ટિ કરીએ છીએ તો આપણા પ્રાચીન વૃક્ષના ઇતિહાસમાં તેનાં થડમૂળની સ્થિતિ અને ત્રીજા પર્વની એટલે પ્રેમાનંદના યુગની સ્થિતિ એ બે ભાગ જેવા બળિષ્ઠ નીવડયા છે તેવા બળવાળા અન્ય ભાગ નીવડયા નથી. છેલ્લા પર્વમાં દયારામે પણ બળિષ્ઠતા ઘણી દર્શાવી છે અને હાલમાં તેની કવિતાના કેટલાક અંશ

ભિન્ન ગણાવાથી તેનું બળ હીન થઇ ગયું છે: પરંતુ આ પરિણામને માટે કેટલીક રીતે એ મહાકવિની ઉચ્છૃંખલતાને માથે મુકાયલો આરોપ યોગ્ય છે; તો બીજી રીતે એ કવિની વાણીના શક્તિપાત ઝીલવામાં હાલના લોકની અશક્તિ પણ દેખાય એવી છે. નરસિંહ મ્હેતાના કાળ પછી દેવરહસ્યનો મર્મજ્ઞ વર્ગ નષ્ટ થયો છે. તે રહસ્યોનો પુનરુદ્ધાર કરવા દયારામ જે પ્રયત્ન કરે છે, તે તેનાં રસિકવલ્લભ આદિ કાવ્યોમાંથી જડશે. આવા મર્મજ્ઞ વર્ગ વિના ભક્તિની જ્વાલાઓ પૂર્ણ કલાથી પ્રકટ થવી કઠણ છે. આપણા જુના વર્ગના વડીલોમાં ભક્તિની જ્વાલાઓ છે; પણ તે અસમંજસ અને અપૂર્ણ હોય છે, અને રહસ્યની મર્મજ્ઞતા તેમનામાં દિવસે દિવસે ક્ષીણ થાય છે. આપણા ઇંગ્રેજી સાહિત્યમાં ઉછરેલા વિદ્વાનો મોડા વ્હેલા આ મર્મજ્ઞતાને પામી શકવાનો સંભવ છે, પણ ભક્તિની જ્વાલાઓ તેમનાં હૃદયમાં શુદ્ધ સત્તાથી પ્રકટ થઇ શકવી તે ઘણા કાળ સુધી કઠણ નીવડશે. પણ કેશવચન્દ્રના જેવાં હૃદય આવા વર્ગમાં કોઇ દિવસ નીવડી શકશે એવી આશા એ જ મહાત્માના દૃષ્ટાન્તથી સાર્થક થાય છે. જ્યારે એવો કાળ આવશે, ત્યારે જે સાહિત્યબળ આપણા પ્રાચીન વૃક્ષે ધારેલું છે તેવું બળ નવીન વૃક્ષ પણ ધારી શકશે.

દેવરહસ્ય અને ભક્તિરસને વિષયે આવી આશા છે તો પ્રેમાનંદની, સામળની, અને દયારામની કવિતાઓમાં સ્ફુરતા માનુષ વ્યવહારના હૃદયરસ એ કવિયોના જેવું બળ પ્રાપ્ત કરવામાં આવશ્યક છે. શેલી અને વર્ડ્ઝવર્થના ઉત્કૃષ્ટ હૃદયરસ આપણે ચાર ઇંગ્રેજી જાણનારાઓને પ્રિય લાગે તે સ્વાભાવિક છે અને તેથી આપણા સાહિત્યનો ઉત્કર્ષ સંભવે છે. પરંતુ તે જ રસનું આપણા લોકના રસની બાલભાષામાં કાંઇક અવતરણ કર્યા વિના આ ઉત્કર્ષ લોકમાં પ્રસર-

વાનો નથી. એ અવતરણ કેવી કળાથી કરવું તેનાં દૃષ્ટાંત નરસિંહ મ્હેતાની અને અખા ની વાણીમાંથી જડશે, કારણ, તેમણે તેમના કાળના લોકના હૃદયકિલ્લાઓ સર કર્યા હતા: તે લોકનું કેવળ અનુસરણ કરીને નહી, પણ લોકપ્રવાહના સામા મોરચા મારીને સર કર્યા હતા.

પ્રેમાનંદ પેઠે બાલવર્ગભરેલા લોકને અનુસરી વશ કરવામાં તેમ નરસિંહ અને અખાની પેઠે તેમને સર કરી વશ કરવામાં જે જે કળાઓ શોધવાની છે તે જ શોધનમાં પ્રાચીન અને અર્વાચીન સાહિત્યવૃક્ષોનાં સાથે લાગાં પોષણ, વીર્યવૃદ્ધિ અને ઉત્કર્ષ છે. તે શોધન આવી સાહિત્યપરિષદોથી સિદ્ધ થાય તો તેમાં જૂના અને નવા સર્વ વર્ગનું કલ્યાણ સમાયલું છે.

૨.

બીજી પરિષદ્‌ના પ્રમુખ.

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું ભાષણ.

સાહિત્યરસિક મહિલાઓ અને ગૃહસ્થો!

પ્રમુખપદ ધારણ કરવું.

તમે જે મહાન્ પદનો ભાર બંધુપ્રેમથી મારે શિર મૂકો છો તે, રુચિ અરુચિનો, સ્વીકાર અસ્વીકારનો અને ઇચ્છા અનિચ્છાનો પ્રશ્ન બાજુ ઉપર મૂકી **नमः सर्वकार्यप्रतिपत्तिहेतवे कर्तव्यधर्माय ।** એ મહાસૂત્રને માન આપી, ધારણ કરવા ઉદ્યુક્ત થાઉં છું. મારી ગતિ મેરેથનના સંગ્રામમાં સેનાનીપદે નીમાયલા સ્પાર્ટાના અગતિક શિક્ષાગુરુના જેવી છે. આથેન્સનો અભ્યુદય ઇચ્છનારા રણવીરના અપ્રતિમ ઉત્સાહથી તે દુર્બળ શિક્ષાગુરુ વિજયશાળી થયો, તેવો આજ હું પણ ગુર્જર–સાહિત્યની અભિવૃદ્ધિ ઉપર પ્રેમ રાખનારા ને તેના ઉત્કર્ષમાં આનંદ માનનારા અનેક સાહિત્યવીરોના ઉત્સાહથી યશસ્વી થવાનો લોભ રાખું છું.

પહેલી પરિષદ્‌ના પ્રમુખ.

સાહિત્ય પરિષદ્‌નું આ બીજી વારનું મળવું થાય છે. પ્રથમ મેળાવડામાં એક વિશાળ હૃદયના, ઊંડી લાગણીવાળા, પ્રખર તર્કશીળ, ઉર્જ્વળ પ્રતિભાશાળી, કર્તવ્યનિષ્ઠ અગ્રગણ્ય સાક્ષરે પ્રમુખપદ શોભાવ્યું હતું. એ સાક્ષરે જે નિવૃત્તિની પ્રીતિથી ધનપ્રદ પ્રવૃત્તિનો પરિત્યાગ કરી નડિયાદમાં નિવાસ સ્વીકાર્યો હતો, તે નિવૃત્તિ એમનો અમર આત્મા અત્યારે અક્ષરધામમાં ભોગવે છે! ભાવનાં ભૂતાવળને ધુણાવનાર ને બોલાવનાર, નવીન વિદ્યાના મનોરાજ્યનું પ્રતિબિંબ પાડનાર ને સત્પુત્રીના અલ્પજીવનનું ઉર્જ્વળ ચિત્ર આલેખનાર એ અગ્રેસર લેખકને કોણ સ્મરતું નહિ હોય? સદ્‌ગત શ્રી ગોવર્ધનરામનો ઠામ તો અહિં ખાલી જ છે.

પરિષદ્ મળવાનાં સ્થાન.

પરિષદ્‌નો પ્રથમ મેળાવડો બે વર્ષ ઉપર તેને જન્મ આપનારી સાહિત્યસભાના નિવાસસ્થાન અમદાવાદમાં મળ્યો હતો. પન્હોતા પ્રેમે ઉછેરેલા બાળકને તેની માતા આજે આ રત્નાકરની પુત્રી મુંબઇના ખોળે મૂકે છે. અહિં એક તરફ મહાસાગર ગંભીર ગાન કર્યાં કરે છે, સદાગતિ કોઇ સમયે વાંસળીના તો કોઇ સમયે ભેરીના સુર કાઢતો વહ્યાં જાય છે ને ઋતુઓ પ્રકૃતિનો રાસ રમ્યાં કરે છે. અહિં સ્પર્ધામાં ધૂમાંપૂમાં થતા સંચાઓ વેગભેર ભમી રહ્યા છે, ધાઇ‌ઘેલી વરાળની અને વીજળીની ગાડીઓ એક છેડેથી બીજે છેડે દોડધામ કરી રહી છે ને વ્યાપારની શેતરંજનાં મ્હોરાંઓ સર્વત્ર ફેલાઈ જઈ અનેકાનેક દાવ ખેલતાં ચોપટનું ધાંધળ મચાવી રહ્યાં છે. એવા પ્રવૃત્તિના ધામમાં પરિષદ્‌નાં પગલાં વળવાં ઉચિત જ છે. મુંબઇનું વાતાવરણ વ્યાપારના કોલાહલોને તેમ જ વિદ્યાનાં આંદોલનોને અવકાશ આપવા પૂરતું વિશાળ ને અનુકૂળ છે. અહીં દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, ત્રિમાસિક ને અન્ય સામયિક પત્રો સર્વદેશી ચર્ચા ચલાવ્યા કરે છે. અનેક વિદ્યાપરાયણ સંસ્થાઓ લેખથી ને ભાષણથી શોધખોળ ને વિદ્યાવૃદ્ધિમાં આગળ ને આગળ પગદંડો કર્યાં જાય છે. સંગીત, શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય આદિ કળા, કોઇ વ્યક્તિના તો કોઈ સંયુક્ત મંડળના પ્રયત્નથી, વિકાસ પામવાનું કરે છે. આ પશ્ચિમ હિંદુસ્તાનનું પાટનગર દક્ષિણમાં આવ્યું છતાં આપણા દાક્ષિણ્યસંબંધનું જ કંઇ નથી; આપણું પણ છે. ગૂજરાતના પ્રબોધના ઇતિહાસમાં સ્થાન પામવા યોગ્ય બુદ્ધિવર્દ્ધક સભાનું આ મુંબઈ જ કાર્યાલય હતું. ફાર્બસ સભાની સંચિત શક્તિના ભાવી વ્યાપારનું ક્ષેત્ર તે આ જ છે. મરાઠી ને કાનડીની સાથે ગૂજરાતી સાહિત્યને એમ. એ.માં

આવકાર આપનાર શારદાપીઠનું આ ધામ છે. પેશ્વાઇનું પૂના ભલે દક્ષિણીનું જ કહેવાઓ, સલ્તનતનું અમદાવાદ ભલે ગૂજરાતીનું જ ગવાઓ અને અમીરાતનું હૈદ્રાબાદ મિંધી બાંધવોનું જ ભલે લેખાઓ. મુંબઇ તો સર્વનું જ છે; ને આપણું તો છે જ. પારસી અને મુસલમાન બંધુઓ સાથે ગૂજરાતી હિંદુઓએ જ મુંબઇને સોનાની મુંબઈ બનાવી છે. તેમના મધ્યમાં એટલે સ્વજનના મધ્યમાં–આમ મંડળમાં–પરિષદ્ સાહિત્યની અભિવૃદ્ધિની ચર્ચા ચાલુ રાખવાને મળેલ છે.

સાહિત્ય તે શું ?

જેની અભિવૃદ્ધિ પરિષદ્‌ને ઇષ્ટ છે તે સાહિત્ય તે શું ? કેટલાક કાવ્ય નાટકને સાહિત્ય કહે છે. બીજા નવલકથાને સાહિત્યમાં-ઉમેરે છે. ત્રીજા ચરિત્રગ્રંથને ભેગા ગણે છે. ચોથા નીતિનિબંધનાં સાહિત્યકોટિમાં ગણના કરે છે. પાંચમા પ્રવાસના વર્ણનોનો સાહિત્યમાં સમાસ કરવા માગે છે. છઠ્ઠા ગિબનકૃત રોમન સામ્રાજ્યની પડતી ને પાયમાલીની તવારિખને સાહિત્યમાં ઊંચું સ્થાન આપે છે. એમ સાહિત્યની મર્યાદા મુસાફરની દૃષ્ટિમર્યાદાની પેઠે આઘી ને આઘી જાય છે. આપણા પૂર્વજોએ તો સાહિત્યને **વાઙ્મય** નામ આપી તેમાં સર્વનો સમાવેશ કર્યો છે. **જે કંઇ સંસ્કારી સ્થાયી ભાષામાં લોકોત્તર લેખ કે કથન તે સાહિત્ય સંજ્ઞાને પાત્ર** છે. વાણી જંગલી મનુષ્યને, ભરતમુનિ જેને વાચિક અભિનય કહે છે તેની જ ગરજ સારે છે. તિર્યગ જાતિમાં અવ્યક્ત ધ્વનિ જે કામ બજાવે છે, તેના જેવું જ કામ જંગલી મનુષ્યમાં વ્યક્ત વાણી બજાવે છે. વ્યક્તિની જ લાગણીનો તે યાદૃચ્છિક ઉદ્‌ગાર બને છે. અન્યને બોધ, તે માત્ર આનુષંગિક છે. સુધરેલા મનુષ્યમાં, જેમ નાણું દ્રવ્યના વિનિમયને માટે અને મૂલ્યના સંતોલનને માટે લેખાય છે, તેમ વાણી વિચારના વિનિ-

મયને માટે અને ભાવના સંવિભાગને અર્થે વ્યવહારનું મુખ્ય અને મહત્ત્વનું સાધન બને છે. કેળવાયલા મનુષ્યને વાણી આવા લૌકિક વ્યવહાર કરતાં લોકોત્તર પ્રયોગને માટે વધારે ઇષ્ટ છે. સામાન્ય મનુષ્ય જ્યારે બોલીને બોલવાને માટે જ શુકવત્ વાપરે છે, ત્યારે બોલી બોલાતાં આપોઆપ પળાતા ઉચ્ચારણના નિયમોનું શાબ્દિક તેમાંથી દોહન કરે છે: બોલીના બોલોને બોલતા કરી તેમની સાત પેઢીનો ઇતિહાસ કઢાવે છે. વળી વૈયાકરણ એક વાક્યમાં શબ્દો કૌટુંબિક બની શી રીતે પરસ્પર સંકળાય છે તેના નિયમો સાંધે છે, બોલીરૂઢિનું સ્વરૂપ નોંધે છે અને શબ્દસિદ્ધિની સાથે શબ્દશુદ્ધિ નિર્ધારે છે; તથા એક રાષ્ટ્રને માટે એક લિપિનો અને એક ભાષાનો પ્રશ્ન આડકતરી રીતે વિચારે છે. વાણીનાં વર્ણબદ્ધ મૂળતત્ત્વોને એક વર્ગ જ્યારે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ નિહાળે છે ત્યારે અન્ય વર્ગ શબ્દોના ભાવપ્રદર્શક સામર્થ્યને જ પકડી લઈ લોકોત્તર ભાવચિત્રનાં કાવ્ય રચે છે, બુદ્ધિસંવાદી અલંકારથી શણગારે છે, હૃદયસંવાદી છંદોમાં ગોઠવે છે ને શ્રોત્રસંવાદી સંગીતમાં ઉતારે છે. ત્રીજો વર્ગ, સંસ્કારી હૃદયના ઉચ્ચ વિશુદ્ધ સંસ્કારો જે ધાર્મિક અને તાત્ત્વિક ચિંતનમાં તથા આધ્યાત્મિક ને નૈતિક પરીક્ષણમાં પરિણામ પામે છે, તેના ઉલ્લેખથી સાહિત્યને બળકટ બનાવે છે. ચોથો વર્ગ, જેના જીવનની એક પણ કળા રાષ્ટ્રના ઉત્કર્ષને માટે પ્રકાશી હોય, તેવી વ્યક્તિનાં ચરિત્રને ચારિત્રની ચિત્રાવળીથી અને નિજ મંડળ તથા અન્ય મંડળના સામાજિક અને રાજકીય ઇતિહાસના સંદર્ભથી સાહિત્યને શણગારે છે. પાંચમો વર્ગ ઇતિહાસની પતાકા ને પ્રકરી રૂપ સંસારશાસ્ત્રનાં વિવિધ અંગો ખિલાવે છે. એવી રીતે મનુષ્ય જીવન ઉચ્ચ કરવાને, દુ:ખનો ભાર હલકો કરવાને અને સાત્ત્વિક સુખની સંપત્તિ

વધારવાને અભિનયકળા, ગાનકળા, ચિત્રકળા, શિલ્પકળા, સ્થાપત્યકળા અને મોટાઇનો દેખાવ ન કરનારી સાદી ગૃહ કળાઓનું વિવેચન વળી અન્ય વર્ગો કરે છે. આ ઉપરાંત આવો જ આડકતરાતો સંબંધ ઊંચી કેળવણીમાં સર્વત્ર દેશી સાહિત્યને સ્થાન આપવાની અને સામાન્ય વર્ગમાં ઉપયોગી રસાયનાદિ વિદ્યાનું સામાન્ય જ્ઞાન ફેલાવવાની ચર્ચા સાહિત્ય સાથે ધરાવે છે.

આરંભ ક્યારથી?

પરિષદ્ જે ગૂજરાતી સાહિત્યના વિકાસ માટે ઉદ્યુક્ત છે, તેનો આરંભ આજથી પાંચસેં વર્ષ ઉપર થયો એમ સામાન્ય રીતે મનાય છે. સર્વે ભાષામાં કાવ્ય સાહિત્ય જ પહેલવહેલું ખેડાય છે, તે પ્રમાણે આપણી ભાષામાં પ્રથમ કવિતા જ લખાયલી બહુધા મળી આવે છે. ગૂજરાતી ભાષામાં આદિ કવિનું માન નરસિંહ મહેતાને સર્વાનુમતે અપાય છે. વિશેષમાં એમ પણ માનવું છે કે એ રસિક નાગર કવિના સમય પહેલાનું સાહિત્ય તે **પ્રાકૃત** કે **અપભ્રંશ** સાહિત્ય, ગૂજરાતી સાહિત્ય નહિ. આ રીતે એ ભક્તરાજનું નામ કવિઓની કાલાનુપૂર્વી દર્શાવવામાં જ નહિ પણ ભાષાઓની મર્યાદા બાંધવામાં પણ કામે લગાડાય છે. અત્યાર સુધીમાં જે જૂજ શોધખોળ થઇ છે તેમાં નરસિંહ મહેતાની પૂર્વે થયેલા કોઇ સમર્થ કવિનું નામ મળી આવ્યું નથી, કે જે એમને આદિ કવિના સ્થાનથી ઉથલાવી પાડે. પરંતુ ભાષાની બાબતમાં તો કહેવું જોઇયે કે ઇસવી સનના પંદરમા શતકની મર્યાદા જે બંધાયલી છે તે ચારસેં પાંચસેં વર્ષ અથવા કદાચ તેથી પણ એકેક સદી વધારે પાછી હઠાવવી પડશે. કોઇ કહેશે કે તમે તો ભીમદેવ અને સિદ્ધરાજ જયસિંહના સમયની વાતો કરો છો, પણ હેમાચાર્ય જ તે સમયની ભાષાને એમના અષ્ટાધ્યાયીમાં **અપભ્રંશ** નામ આપે

છે. એ કહેવું ખરૂં છે, પણ **अपभ्रंश** નામથી ભૂલાવો ખાવાનો નથી. જો નામથી જ દોરાઇયે, તો અખાની વાણીને ગૂજરાતી નહિ, **अपभ्रंश** નહિ, પણ **प्राकृत** કહેવી પડશે; કેમકે વેદાંતી કવિ પોતે જ તેને **प्राकृत** નામ આપે છે. ભાલણ ને પદ્મનાભ પણ કાદંબરી અને કાન્હડદે પ્રબંધ **प्राकृत**માં લખ્યાનું જણાવે છે. એ કાવ્યોની ભાષા **महाराष्ट्री**, **शौरसेनी**, માગધી કે **पैशाची** છે નહિ, પણ ગૂજરાતી જ છે. કેવળ નામ ઉપર આધાર રહેતો હોય, તો નરસિંહ મહેતાને ગુજરાતીના આદિ કવિ કહી શકાશે નહિ; કેમકે તેમના પોતના જ શબ્દોમાં કહિયે, તો તેમનું સુરતસંગ્રામ કાવ્ય '**अपभ्रष्ट गिरा**' માં એટલે કે **अपभ्रंश**માં છે. જેવી રીતે આપણા આ આદિ કવિના ઉત્તમ કાવ્યની ભાષા **अपभ्रंश** નામે ઓળખાવ્યા છતાં ગૂજરાતી જ છે, તેવી રીતે હેમાચાર્યની **अष्टाध्यायी** નો **अपभ्रंश** તે ગૂજરાતી જ છે. જેટલે દરજ્જે વૈદિક ભાષા જે સામાન્ય રીતે **संस्कृत** નામથી ઓળખાય છે, તે ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ લૌકિક **संस्कृत**થી ભિન્ન છે, તેટલે દરજ્જે અથવા તેથી પણ વિશેષ આ **अपभ्रंश** જે **प्राकृत** નામથી પ્રસિદ્ધ છે તે **महाराष्ट्री** આદિ **प्राकृत**થી ભિન્ન છે. **प्राकृत**નૂં વ્યાકરણકલેવર **संस्कृत** વ્યાકરણનાં મૂળતત્ત્વોનું બંધાયલું છે. જે Synthetical stage એટલે સમસ્ત દશામાં **संस्कृत** છે તે જ દશામાં નિર્દિષ્ટ **प्राकृत** છે. **संस्कृत**ના જ રૂપાખ્યાનના પ્રત્યયો ઘસાયલા **प्राकृत**માં કાયમ રહ્યા છે. **अपभ्रंश**માં એ પ્રત્યયો છેકાછેક ઘસાઇ જઈ તેમની જગા નવા પ્રત્યયોથી પૂરવામાં આવે છે. નામનું પ્રથમના એકવચનનું **प्राकृत** રૂપ અને ક્રિયાપદનું વર્તમાન કાળનું અંગ એ **अपभ्रंश**માં મૂળ બને છે ને તેના ઉપર સમગ્ર રૂપાખ્યાનની ઇમારત બંધાય છે. એ રીતે જેને

Analytical stage એટલે વ્યસ્ત દશા કહે છે તેમાં અપભ્રંશ ભાષાને પ્રવેશ કરતી આપણે જોઇએ છીયે.

ગૂજરાતી ભાષાના ત્રણ યુગ.

વાસ્તવિક રીતે ગૂજરાતી ભાષાના ત્રણ યુગ છે. ઇસવી સનના દસમા અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ; પંદરમા શતકથી સત્તરમા શતક સુધીનો બીજો અને તે પછીનાં શતકોનો ત્રીજો. પહેલા યુગની ભાષાને અપભ્રંશ કે પ્રાચીન ગૂજરાતી નામ આપવું ઘટે છે. બીજા યુગની ગૂજરાતી જે સામાન્ય રીતે હાલમાં જૂની ગૂજરાતીના નામથી ઓળખાય છે, તેને મધ્યકાલીન ગૂજરાતી કહેવા યોગ્ય છે. ત્રીજા યુગની ગૂજરાતીને અર્વાચીન ગૂજરાતી સંજ્ઞા આપવામાં મતભેદ હોય જ નહિ. પહેલાં પાંચ શતકોની ભાષા ગૂજરાતી છે તેની પ્રતીતિ સારૂ કાલક્ષેપનો ઉપાલંભ વ્હોરીને પણ શતકવાર ઉદાહરણ આપવાની જરૂર છે. એ પાંચ શતકના સાહિત્યને ગેરઇનસાફ થયો છે. કેમકે મધ્યકાલીન ગૂજરાતીને જ પ્રાચીન કાવ્યમાલાના અભિમત તંત્રી ગૂજરાતી ગણવા ના પાડે છે, ત્યાં પ્રાચીન ગૂજરાતીનો તો ઘડો જ થવો કેવો ! માતાપિતા મોટાં છોકરાંને ઇનકાર કરી નવારસ ઠેરવે ને ન્હાના બાળકને જ કબૂલ રાખે, તેના જેવું આ તો થાય છે. અવમાનિત સાહિત્યની શોધ ખોળ થતી નથી, અભ્યાસ થતો નથી, ચર્ચા થતી નથી ને તેને ન્યાય મળતો નથી. આંધળે બ્હેરૂં કુટાય છે ને ગૂજરાતી અગૂજરાતીની યોગ્યતા તપાસાયા વગર અવળું વેતરાયાં જાય છે. વગર ઓળખ્યે અથવા ભૂલમાં ભુટકાઈ અજ્ઞાનના અંધારામાં પ્રકાશની રાહ જોયા વગર આપણે આપણા સાહિત્ય વડની જમીનમાં ઊંડી ઊતરેલી વડવાઇઓ વાઢી નાંખવા પ્રવૃત્ત થઇયે છિયે. આ સાહસ અટકાવવા તે તે શતકની ભાષાનાં ઉદાહરણ નીચે આપવામાં આવે છે.

પંદરમા ચઉદમા શતકનું ગુજરાતી.

શ્રીકૃષ્ણના ભક્ત નરસિંહ મહેતાને જુનાગઢના શિવભક્ત રા મંડળિક સાથે વાદ પડયો, તે અરસામાં ઉતારેલા वसन्तविलासમાંથી કેટલીક કડીઓ પ્રથમ આપિયે છીયે. એ કાવ્યની એક લિખિત પ્રત ડેકન કૉલેજના સરકારી સંગ્રહમાં પણ છે. જૂનાં ગૂજરાતશાળાપત્રમાં પૂર્વે એ કાવ્ય મારા તરફથી છપાયું હતું. એમાંથી દસ જ વૃત્ત અહિં ઉતારું છું.

खेलन वा त्रि सुखाली (जाली गूख विश्राम) ।
मृगमदपूरि कपूरिहिं पूरिहिं जल अभिराम ॥
अभिनव परि शिणगारी नारी रमइं विसेसि ।
चन्दन भरइं कचोली, चोली मण्डन रेसि ॥
कामुक जन मन जीवन ती वन नगर सुरङ्ग ।
राजु करइं अभङ्गिहिं रङ्गिहिं राउ अनङ्ग ॥
कुसुम तणं करि धणुह रे गुण ह भमरलामाल ।
लख लाघवि नवि चूकइ मूकइ सर सुकुमाल ॥
इम देखी रिद्धी कामनी कामनी किंनरकण्ठि ।
नेहगहेलि माननी माननी मूकइं गण्ठि ॥
केसू कली अति वांकुडी आंकुडी मयणची जाणि ।
विरहिणीनां इणं कालि ज कालिज काढइ ताणि ॥
सकल कला तुं निशाकर शा करं सइरि संताप ।
अबल म मारि कलङ्की शङ्की भ्या हवं पाप ॥
बहिन् रहि नहि मनमथ मन मथतु दीह राति ।
अङ्ग अनोपम शोषइ पोषइ वइरणी राति ॥

विरह सहू ते भागलु कागलु करलउ पेखि ।
वायसना गुण वरणए अरण ए त्यजइ विशेखि ॥
मुख आगलि तूं मलिन रे नलिन जई जलि नाहि ।
दन्तह बीज दिखाडि म दाडिम तूं मुख माहि ॥

ઉપરના ઉતારામાં નરસિંહ અને પદ્મનાભમાં મળી આવતા **चो** પ્રત્યય ભાલણમાં મળી આવતું **करं** રૂપ ને પદ્મનાભમાં મળી આવતા **लउ** પ્રત્યય વિદ્યમાન છે. તે ઉપરાંત જેને બીજી કે ચોથી વિભક્તિ કહે છે તેના અર્થમાં **प्राकृत** રીત્યા ષષ્ઠીના **दन्तह** રૂપનો પ્રયોગ એમાં ધ્યાન ખેંચે છે. વળી અર્વાચીન હિંદી મરાઠીના સામાન્ય કૃદંતનું પૂર્વરૂપ **खेळन है.व्या.८।४।४४१। तुम एव मणाण-हमणहिं च** । સૂત્રની સ્મૃતિ આપે છે, તથા પ્રાચીન ગૂજરાતીનો **रेसि** પ્રત્યય **है.व्या.।८।४।४२५। ताद्र्थ्ये केहिं-तेहिं-रेसि-रेसिं-तणेणाः** । સૂત્ર યાદ દેવરાવે છે. આ રૂપ ને પ્રત્યય પંદરમા શતકથી જુનો હોવાથી આપેલો ઉતારો ચૌદમા શતકની ભાષાનું પણ ભાન કરાવવા સમર્થ છે. આથી તે શતકની ભાષાના દૃષ્ટાંત **प्राकृतपिंगलसूत्र**માંથી શોધતા નથી. એ ગ્રંથમાં લક્ષણ બાંધ્યાં છે તે મધ્યકાલીન ગૂજરાતીમાં છે: ને ઉદાહરણો પણ મોટે ભાગે તે જ ભાષામાં છે.

તેરમા શતકનું ગૂજરાતી.

તેરમા શતકની લોક ભાષાનાં ઉદાહરણ મેરુતુંગ પૂરાં પાડે છે. એણે **प्रबन्धचिन्तामणि** રચ્યાની સાલ ઇ. સ. ૧૩૦૫ છે. તેથી મધ્યમ ગણતરીએ એના પ્રબંધોમાંનું **अपभ्रंश** સાહિત્ય તેરમા શતકનું લેખિયે છિયે. નીચેના દુહા **मुञ्जराजप्रबन्ध**માંથી લીધા છે.

मुञ्जु भणइ मुणालवइ जुव्वणु गयउ म झूरि ।
जइ सक्कर सय खण्ड थिय तोइ सु मिट्ठी चूरि ॥
जा मति पच्छइ संपजइ सा मति पहिली होइ ।
मुञ्जु भणइ मुणालवइ विघन न वेढइ कोइ ॥
झोली तुट्टिवि किं न मुअउ किं न हुउ छारह पुञ्ज ।
घरि घरि नच्चावीयइ जिम मक्कड तिम मुञ्ज ॥
सायरु खाई लङ्क गढ गढवइ रावण राउ ।
भग्गक्खइ सवि भंजि गय मुञ्ज म करउ विसाउ ॥

નીચેનાં રાણકદેવીનાં વચનો सिद्धराजप्रबन्धमांनां ધ્યાન ખેચનારાં છે.

तइं गढुआ गिरनार काहु मणि मच्छर धरिउ ।
मारीतां खेंगार एकु वि सिहरु उ ढरिउ ॥
जेसल मोडि म वाह वलि वलि विरुउ भावियइ ।
नइ जिम नवा प्रवाह नवघण विणु आवइ नहि ॥
वाटीतउ वढवाण वीसारतां न वीसरइ ।
सोनासमा पराण भोगावह तइं भोगवइ ॥

નીચેનાં સુભાષિત પણ લક્ષ ખેંચે એવાં છે.

जइआ रावणु जाइउ दहमुहु इक्कसरीउ ।
जणणी वीहली चिंतवइ कवणु पियाविइ खीरु ॥
एहु जम्मु गयु नग्गउ भडसिरिखग्गु न भग्गु ।
तिक्खां तुरां न माणिआं गोरीगलइ न लग्गु ॥

कसु करु पुत्तकलत्तधी कसु करु करसण वाडि ।
आइवु जाइवु एकला हत्थे बिन्नि वि झाडि ॥

હવે **अपभ्रंश** કિંવા પ્રાચીન ગૂજરાતીના વ્યાકરણના આદિપ્રવ-
તંક અને **प्राकृत** બોલીઓના પાણિનિ જે હેમા-
બારમા અગિયારમા ચાર્ય તેની **अष्टाध्यायी**માંથી ઉદાહરણ ઉતારિયે
શતકનું ગૂજરાતી. છિયે. એ સમર્થ ગુર્જર ગ્રંથકારનો સમય ઇ. સ.
૧૦૮૮–૧૧૭૨ છે. આથી એના **अपभ्रंश** ખંડમાં
સંગ્રહેલું સાહિત્ય બારમા અને અગિયારમા શતકની લોકભાષાનાં
દૃષ્ટાંત તરીકે લેઇયે છિયે.

वायसु उड्डावन्तिअइ पिउ दिट्ठउ सहसात्ति ।
अद्धा वलया महिहि गय अद्धा फुट्ट तडत्ति ॥
हिअडा फुट्टि तडत्ति करिकालक्खेवें काइं ।
देक्खउं हय विहि कहिं ठवइ पइ विणु दुक्खसयाइं ॥
साहु वि लोउ तडप्फडइ वड्डत्तणह तणेणं ।
वड्डप्पणु पुणु पाविअइ हत्थि मोकलडेण ॥
जइ न सु आवइ दूइ घर कांइ अहोमुहु तुज्झु ।
वयणु जु खण्डइ तउ सहिए सो पिउ होइन मज्झु ॥
जइ स सणेही तो मुइअ अह जीवइ निन्नेह ।
बिहिं वि पयारे हिं गइ अधण किं गज्जइ खल मेह ॥
बप्पीहा पिउ पिउ भणवि कित्तिउ रुआहि हयास ।
तुह जालि महु पुणु वल्लहइ बिहुइ न पूरिअ आस ॥

हिअइ खुडुक्कइ गोरडी गयणि धुडुक्कइ मेहु ।
वासारत्ति पवासुअहं विसमा संकडु एहु ॥
तं तेत्तिउ जलु सायरहो सो तेवडु वित्थारु ।
तिसहे निवारणु पलु वि नवि पर धुघ्धुअइ असारु ॥
जं दिट्ठउ सोमग्गहणु असइहिं हसिउ निसङ्कु ।
पिअमाणुसविच्छोहगरु गिलि गिलि राहु मयङ्कु ॥
अन्ने ते दीहर लोअण अन्नु तं भुअजुअलु ॥
अन्नु सु घणथणहारु तं अन्नु जि मुहकमलु ।
अन्नु जि केसकलावु सु अन्नु जि प्राउ विहि
जेण णिअम्बिणि घडिअ स गुणलावण्णनिहि ॥
पिअसंगमि कउ निद्दडी पिअहो परोक्खहो केम्व ।
मइं बिन्निवि विन्नासिआ निद्द न एम्व न तेम्व ॥
जाइज्जइ तहिं देसडइ लब्भइ पियहो पमाणु ।
जइ आवइ तो आणिअइ अहवा तं जि निवाणु ॥
जइ पवसन्ते सहु न गय न मुअ विओए तस्सु ।
लज्जिज्जइ संदेसडा दिन्तिहिं सुहय जणस्सु ॥
खज्जइ नउ कसरक्केहिं पिज्जइ नउ घुण्टेहिं ।
एम्वइ होइ सुहच्छडी पिएं दिट्ठें नयणेहिं ॥
सिरि जरखण्डी लोअडी गलि मणियडा न वीस ।
तोवि गोट्ठडा कराविआ मुद्धए उट्ठबईस ॥

अब्भा लग्गा डुङ्गरिहिं पहिउ रडन्तउ जाइ ।
जो एहा गिरि गिलणमणु सो किं धणहें धणाइं ॥
सिरि चडिआ तोडन्ति फल पुणु डालइं मोडन्ति ।
तोवि महद्दुम सउणाहुं अवराहिउ न करन्ति ॥

નીચેના બે દુહા મુંજ રાજાને લગતી પ્રાચીનતર લોકકવિતાના હોઈ જોવા જેવા છે.

रक्खइ सा विसहारिणी ते कर चुम्बिवि जीउ ।
पडि बिम्बिअमुञ्जालु जलु जेहिं अडोहिउ पिउ ॥
बाह विछोडवि जाहि तुहुं हुउ तेम्वइ को दोसु ।
हिअअट्ठिअ जइ नीसरहि जाणउ मुञ्ज सरोसु ॥

હેમાચાર્યનો સંગ્રહ મોટો છે. મહાભારત ભાગવત આદિ કાવ્યો તેમના સમયમાં અથવા તે પહેલાં રચાયલાં હતાં અને **अपभ्रंश** સાહિત્ય એટલે કે પ્રાચીન ગૂજરાતી સાહિત્ય સારું ખેડાયલું હતું, તેની એમના ઉતારામાં આપણને ઝાંખી થાય છે. વળી, ગૌડમંડળમાં કવિ જયદેવે **गीतगोविन्द** થી રાધાકૃષ્ણની પ્રીતિ ગાઈ તે પહેલાં ગૂર્જર ભૂમિમાં એ રસરાજના અધિષ્ઠાતાની અને એ રાસેશ્વરીની પ્રેમગાથા **अपभ्रंश** કવિઓ ગાઈ રહ્યા હતા, તેનું પણ સંગૃહીત વચનોથી ભાન થાય છે. પરંતુ એ બધા ફકરા અહિં ઉતારવા જેટલો અવકાશ નથી. આ ટૂંકી નોંધ, ગુજરાતી સાહિત્યના આરંભનો અવધિ અગિયારમા શતકની પણ પૂર્વે જાય છે, તેનો સહજ ખ્યાલ આપવા માટે છે.

બીજા અપભ્રંશ સાહિત્યનો સહ-જ નિર્દેશ

प्राकृतद्व्याश्रयને નામે પ્રસિદ્ધ **कुमारपालचरित**ના છેલ્લા સર્ગનો પાછલો ભાગ હેમાચાર્યે **अपभ्रंश**માં રચેલો છે. મુંજરાજના સમયમાં થયેલા અમિતગતિના શિષ્યનો **छक्कम्मोवएसो** પણ **अपभ्रंश**માં છે. વળી મહાકવિ કાલિદાસના **विक्रमोर्वशीय**ના ચોથા અંકમાં જે પ્રક્ષિપ્ત ભાગ મળી આવે છે તે પણ **अपभ्रंश**માં છે. **साहित्यदर्पण**નો કર્તા વિશ્વનાથ **कर्णपराक्रम** નામે **कडवक**બદ્ધ મહાકાવ્ય **अपभ्रंशमां** રચાયાનું લખે છે. જૈન ભંડારોમાં બારીક તપાસ કરાશે તો ઘણાં અમૂલ્ય રત્નો નીકળી આવવાનો સંભવ છે. **अपभ्रंश** **સાહિત્ય બહાર પડવાથી આપણી ભાષાની તેમજ બંગાળી, હિંદી, મરાઠી વગેરે બીજી પણ અર્વાચીન ભાષાની ઉત્પત્તિ ઉપર અપૂર્વ પ્રકાશ પડશે.** બૌદ્ધોની **पाली** અને જૈનોની **अर्धमागधी** વૈદિક **महासंस्कृत** સાથે જે સંબંધ ધરાવે છે, તેના કરતાં પણ વધારે નિકટનો સંબંધ આપણી **अपभ्रंश** ભાષા સાથે એ બધી ભાષાઓ ધરાવે છે.

પ્રથમ યુગનું ઉ-ત્તેજક સાહિત્ય.

ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં ગૂજરાતી સાહિત્યની કાળમર્યાદા હજારેક વર્ષની થવા જાય છે. આટલું જૂનું સાહિત્ય તેની ભગિનીઓના ભંડારમાં મળી આવતું નથી, તેને લીધે એ સવિશેષ મૂલ્યવાન બને છે. એ સાહિત્યના આપણે ત્રણ યુગ પાડયા હતા. પ્રથમ યુગનું પ્રાચીન ગૂજરાતી સાહિત્ય નિર્મળ પ્રેમભાવના પોષતું ને ઉજ્જવળ દેશભક્તિથી ઉભરાતું ઉત્સાહપૂર્ણ છે. જે કાળમાં જેવી દેશની સ્થિતિ, તેવું તેનું તે કાળનું સાહિત્ય હોય છે. મહારાણી ઇલિઝાબેથના રાજ્યકવિથી આજ પર્યંત આપણા પ્રતાપી રાજકર્તાઓનો

ઉત્તરોત્તર અધિકાધિક ઉદય થતો આવ્યો છે, તો તેમનું એ સદીઓ-નું સાહિત્ય પણ પરમ તેજસ્વી અને ઉત્કર્ષશાળી છે. ઇસવી સનની અગિયારમી, બારમી ને તેરમી સદી ગૂજરાતના પરમ અભ્યુદયની હતી. ચાંચિયા અને લૂંટારાને શાસન થતાં કરી વ્યાપાર જળમાર્ગે ને સ્થળમાર્ગે ધમધોકાર ચાલી રહ્યો હતો. દેશનો ઉદ્યોગ ખીલવવાને માટે બ્હારથી શિલ્પીઓ તેડાવી વસાવ્યા હતા. કુરુક્ષેત્ર, પાંચાલ, શૂરસેન, પ્રયાગ, અયોધ્યા, આદિસ્થળના શ્રોત્રિય બ્રાહ્મણોને આણી દેશમાં જુદે જુદે સ્થાને સ્થાપ્યા હતા વિદ્વાનોને સંપૂર્ણ આશ્રય મળી રહ્યો હતો; તે એટલે સુધી કે હેમાચાર્યનું વ્યાકરણ હાથીની અંબાડીમાં રાજદરબારી સવારીના ઠાઠથી મોટી ધામધૂમ સાથે મહારાજા સિદ્ધરાજના સરસ્વતીભંડારમાં પધરાવવામાં આવ્યું હતું. સિંધ, માળવા, કનોજ, અયોધ્યા, ચેદિમંડળ, અપરાંત અને ચોલમંડળ પર્યંત દિગ્વિજયી ગુર્જર વીરોની વીરહાક ગાજી રહી હતી. આવા સમયના સાહિત્યમાં શૂરાતનની જ્વાળા અને સ્વદેશપ્રીતિની જ્યોતી ભભુકી રહે તે સ્વાભાવિક છે. સાહિત્યના ઉત્કર્ષ સાથે દેશનો ઉત્કર્ષ સંધાયલો જ છે. નાંખી નજર ના પહોચે એવા જે પ્રાચીન યુગમાં પ્રકૃતિની વિવિધ વિભૂતિમાં પ્રકાશતા દિવ્ય સત્ત્વનો મહિમા ઋષિઓએ ગાયો, તે જ યુગમાં આર્યોના આધિપત્યે આર્યાવર્તને આર્યાવર્ત બનાવ્યો, જે સમયે ઉપનિષદ્ સાહિત્યની પરમોજ્જ્વળ બ્રહ્મભાવના પ્રગટી, તે સમયે ગાર્ગી આદિ મહિલાઓ પૂજાઈ અને અરુંધતી સપ્તર્ષિની પંક્તિમાં માન્યપદ પામી. જે જમાનાએ રામાયણ અને મહાભારત જેવી વિશ્વવિખ્યાત વીરસંહિતાઓને જન્મ આપ્યો, તેણે ભારતભૂમિની નૈતિક ને આધ્યાત્મિક ઉન્નતિ પણ જોઈ. જે વખતમાં બુદ્ધ ભગવાનનાં ઉદ્બોધક વચનોનાં ત્રિપિટક ગૂંથાયાં, તે વખતમાં વિશ્વવિજયી સીકંદરના સમર્થ અનુયાયીઓએ સાર્વભૌમ

ચંદ્રગુપ્તની અને તેના પ્રતાપી પૌત્ર અશોકની મૈત્રી શોધી, જે કાળમાં વિશુદ્ધ દાંપત્યપ્રીતિનું આદર્શ **મેઘદૂત** ઉદ્ભવ્યું, તે કાળમાં ભરતખંડે સ્વરાજ્ય પાછું મેળવ્યું. ઉત્કર્ષકાળનું સાહિત્ય આ રીતે ઉત્સાહપૂર્ણ હોય છે. ગૂજરાતી સાહિત્યનો પ્રથમ યુગ તે ગૂજરાતના ભવ્ય ઉદયનો હતો. તેથી તે યુગના સાહિત્યમાં પુરુષપરાક્રમનું ગંભીર ગાન છે. મહાન યતિ હેમાચાર્યના મૂલ્યવાન સંગ્રહમાં એક વાર ફરીને આપણે ચંચુપાત કરિયે. જ્યારે યદૃચ્છાએ સંગૃહીત સુભાષિત આવાં શૂર પૂરનારાં છે, ત્યારે તે સમયનું ઉદ્દેશપૂર્વક રચાયલું સાહિત્ય તો કેવું ઉત્તેજક હશે તે કલ્પનાગમ્ય છે. સંગ્રહમાંનાં થોડાંક વચન આપણે આપણા કાર્ય સર ઉતારિયે છિયે.

धवलु विसूरइ सामिअहो गरुआ भरु पिक्खेवि ।
हउं किं न जुत्तउ दुहुं दिसिहिं खण्डइं दोण्णि करेवि ॥

भल्ला हुआ जु मारिआ बहिणि महारा कन्तु
लज्जेज्जं तु वअंसिअहु जइ भग्गा घरु एन्तु ॥

जीविउ कासु न बल्लहउ धणु पुणु कासु न इट्ठु ।
दोण्णि वि अवसर निवडिअँहिं तिण सम गणइ विसिट्ठु ॥

अम्हे थोवा रिउ वहुअ कायर एम्व भणन्ति ।
मुद्धि निहालहि गयणयलु कइ जण जोण्ह करन्ति ॥

महु कन्तहु बे दोसडा हेल्लि म झङ्खहि आलु ।
देन्तहो हउ पर उव्वरिअ जुज्झन्तहो करवालु ॥

जइ भग्गा पारक्कडा तो सहि मज्झु पिएण ।
अह भग्गा अम्हहं तणा तो तें मारिअडेण ॥

पुत्तें जाएं कवणु गुणु अवगुणु कवणु मुएण ।
जा बप्पीकी भूहडी चम्पिज्जइ अवरेण ॥

महु कन्तह गुट्ठट्ठिअहो कउ झुम्पडा बळन्ति ।
अह रिउरुहिरे उल्हवइ अह अप्पणें न भन्ति ॥

सरिहिं न सरेहि न सरवरेहिं नाहि उज्जाण वणेहिं ।
देस रवण्णा होन्ति वढ निवसन्तेहिं सुअणेहिं ॥

हिअडा जइ वेरि अ घणा तो किं अब्भि चडाहुं ।
अम्हाहिं बे हत्थडा जइ पुणु मारि मराहुं ॥

पाइ विलग्गी अन्त्रडी सिरु ल्हसिउं खन्धस्सु ।
तो वि कटारइ हत्थडउ बलि किज्जउं कन्तस्सु ॥

અલંકાર પ્રસ્થાનની અસર.

આ યુગના પૂર્વ ભાગમાં સંસ્કૃત અલંકારપ્રસ્થાનની અસર **અપભ્રંશ** સાહિત્ય ઉપર થતી જોવામાં આવે છે. સમસ્યાપૂર્તિ શ્લેષ આદિ સભારંજની કવિતા અને સુભાષિતના મુક્તક આ સમયમાં **સંસ્કૃત**ની પેઠે **અપભ્રંશ**માં પણ રચાય છે. એ યુગના ઉત્તર ભાગમાં રજપૂત રાજ્યની અવનતિ થાય છે ને મધ્યકાલીન ગૂજરાતીના યુગમાં તો દેશ પરચક્ર નીચે કચરાય છે. પરંતુ પેશવાઇનો લોપ થવા છતાં પેશવાઇએ આપેલો વેગ મરાઠી સાહિત્યમાં જેમ ટકી રહેલો

જોઇયે છિયે, તેમ રાજ્યની ઊથલપાથલ થયા છતાં
મધ્ય યુગમાં પૂર્વ- પણ ગતરાજ્યના સમયનો વેગ આ મધ્ય યુગના
યુગનાં આંદોલનો. આરંભમાં કેટલોક વખત ટકી રહે છે અને **નરસિંહ,**
ભાલણ અને **પદ્મનાભ** જેવાં કવિરત્ન પાકે છે,
પરંતુ તેમની કવિતાનો પ્રવાહ જુદે માર્ગે વહે છે. નાતજાતની અને આલંકારિકની મર્યાદા ઉલંઘી પ્રત્યગ્દષ્ટિથી રાસલીલા અને દાણલીલામાં ભાગ લેતો સ્વતંત્ર નાગર કવિ ભક્તિશૃંગારના ઉન્નત પ્રદેશમાં સ્વચ્છંદ ઘૂમે છે; વિદ્વાન્ બ્રાહ્મણ કાંત **કાદમ્બરી** ને **ભાગવત** દેશી" કે ગૂજરાતીમાં **સંસ્કૃત**માંથી ઉતારી પોતાની રસવૃત્તિનો વેગ કૃતાર્થ કરે છે; ને આશ્રિત નાગર કવિ આશ્રયદાતાના પૂર્વજનાં પરાક્રમનું યશોગાન ગાઈ હૃદય ઠલવે છે. મધ્ય યુગના બીજા ગણાવવા જેવા સમર્થ લેખક છે નહિ. મોટા ભાગે સ્થૂળ ધર્મબુદ્ધિ તૃપ્ત કરવા મહાભારત રામાયણનાં ન્હાનાં મોટાં આખ્યાનોનાં જોડકણાં જોડાયલાં આ સમયમાં મળી આવે છે. અથવા તો સામાન્ય જનસમાજની વિનોદવૃત્તિ સંતોખવા વાર્તાઓ ગદ્ય ને પદ્યમાં લખાયલી જોઇયે છિયે. **ભાલણસુત ઉદ્ધવ** વાલ્મીકિના **રામાયણ**નું પ્રતિબિંબ ઉતારે છે. **વીકાસુત નાકર** પુરાણીના મુખે સંસ્કૃત કથા સાંભળી માણગોળાવાળા ઉપર ઉપકારને અર્થે પુણ્યબુદ્ધિથી **ભારત**નાં પર્વો ઘડે છે. એ ધર્મસંહિતા પાછળ બહુ કથાભટો એ યુગમાં મંડી પડે છે. (વિષ્ણુદાસ,
શિવદાસ, દેવીદાસ, મુરારિ, શ્રીધર આદિક કથકોનાં
મધ્યું યુગનું ધર્મ આખ્યાનોની ને કથાઓની ધર્મમંદ નિઃસત્વ પ્રજામાં
મંદ મુમુક્ષુજીવક ખપતી પુષ્કળ થાય છે. બોરસદ પરગણાનો વસ્તો
સાહિત્ય. આખ્યાનશૈલીમાં વાર્તાની વિનોદશૈલી મેળવી શુક-
દેવ-આખ્યાન રચે છે. નાગર વચ્છરાજ જેને પ્રેમા-

નંદનો શિષ્ય **વીરજી** સુરેખાહરણના આરંભમાં સ્મરે છે, તે આ-
ચરિત્રની વાર્તામાં બ્રહ્મજ્ઞાનનું ગૂઢ રૂપક સમાવે છે. જૈન યતિ
નેમવિજય ધર્મ અને આચારના ઉપદેશ અર્થે અદ્ભુત કથનનો
ઉપયોગ કરે છે. એ લેખોની કૃતાર્થતા જમાનાની જરૂરિયાતો પૂરી
પાડવાની સાથે સાહિત્યવૃક્ષનાં મૂળ સજીવન રાખવામાં સમાપ્ત થાય
છે. સારસ્વત પ્રવાહ જે પંદરમા શતકમાં પવિત્ર દર્શન દેઇ સોળમા
અને સત્તરમા શતકમાં સોસાઇ સોસાઇને ન છતો જેવો થઇ ગયો
હતો, તે અઢારમા શતકમાં પાછો વિસ્તારથી જોસભરે પ્રગટ વહેવા
માંડે છે. આદિકવિની રસદૃષ્ટિને તત્વદૃષ્ટિ વિભક્ત થઇ
વ્યક્તિના પ્રતાપ· પ્રેમાનંદ અને અખામાં સંક્રાંત થઇ, એકે પોતાનું
થી સજીવન રહેલાં નવું જીવન પ્રેરનારી વાણીથી નૂતન રસિક મંડળ
મૂળ નવપલ્લવ થવાં. ઉભું કર્યું અને તેમાં પોતે તારામંડળમાં ચંદ્રવત્
સુધા સીંચતો પ્રકાશ્યો. નાગર ગુરુથી ભાખા ભાક્તનો
મંત્ર પામી પ્રવૃત્તિનાં પ્રચંડ આંદોલને તેણે સાહિત્યને અનેક દિશામાં
અપૂર્વ વેગથી બહલાવ્યું, સંસારિક જીવોનાં પ્રપંચ અને ક્ષુદ્રતાથી
સંસાર જેને નીરસ લાગ્યો હતો, એવો બીજો અકવિ મનાવામાં માન
ગણતો જ્ઞાની કવિ નિઃસંગ રહી અચળ્યો રસ ચળવામાં ઉધુક્ત
રહ્યો. અઢારમા શતકમાં ભાલણના સાહિત્યરસિક શ્રોતાને સ્થાને
વાર્તાના ચમત્કારના ભોગી શ્રોતાજ હતા. એમની રુચીને પોખતું
વાર્તાસાહિત્ય જેનાં મૂળ **નેમવિજય** વચ્છરાજ વગેરેએ સજીવન
રાખ્યાં હતાં, તે રખીદાસના સીંહુજના ચોરામાં
સાહિત્યના સુક- વિસ્તાર પામ્યું. ઓગણીસમું શતક શમથમ દુર્બળ
વણામાં એક અ- સાહિત્યનું છે. તેમાં ઘણે ભાગે ભજનિયાં ને વૈરાગ્ય-
મરવેલ. નાં પદ સાહિત્યની પાનખર ઋતુનાં શુષ્ક પત્રવત

જ્યાં ત્યાં પથરાય છે. દેશમાં અવ્યવસ્થા એક છેડેથી બીજે છેડે મચી રહે છે. અશાંતિને લીધે વ્યાપાર અટકી પડે છે. લડાયક ધાડાંના ત્રાસથી ખેતીવાડીને ભારે ધક્કો પહોંચે છે. ઉન્નત ભાવના સમર્પનારૂં ધર્મ ચૈતન્ય ઉપશાંત છે. ગુરૂકુળમાં કેળવણીનો પ્રચાર બંધ પડયો છે. એવા સંકટના સમયમાં કરતાલ વગાડી ભજન કીર્તન ગાઇ આશ્વાસન આપનારા બુટિયો, નિરાંત ભગત, રણછોડ ભગત, તથા ઉત્સાહ અને પ્રવૃત્તિનાં મૂળ બાળી રાખનારા વૈરાગ્યનો બોધ આપનાર નિષ્કુલાનંદ, કેશવદાસ, અક્ષખ બુલાખીરામ જેવાની પદરચનાનોજ વિકાસ થવો શક્ય છે. સાહિત્યના આ સુકવણાંમાં એક જ વેલી નવપલ્લવ રહી નયનને અને હૃદયને ઠારે છે. તે નર્મદાને તટે ઉદ્ભવી છતાં અન્ય દેશકાળનું પાણી પી ફુલીફાલી જણાય છે. નરસિંહ, ભાલણ ને પ્રેમાનંદનો ઘટ્ટ પરિચય દયારામભાઇની વાણીમાં જોઇયે છિયે; પણ એ ફક્કડ કવિ કોઇનો દેવાદાર રહ્યો નથી. મહેતાને નામે નવાં પદ જોડીને, ભાલણની દશમલીલાનો પોતાની વાણીમાં ઉદ્ધાર કરીને અને પ્રેમાનંદના ઓખાહરણમાં બારોબાર ઉમેરો કરીને દયારામે બ્રહ્મોઋણ વાળી દીધું જણાય છે. પાછલા સાહિત્યનું સંક્ષિપ્ત સમાલોચન અહિં પૂરું થાય છે. શુક્લપક્ષની અષ્ટમીએ ચંદ્રનું અર્ધું બિંબ તેની પુંજથી અજવાળીને સુધાથી સીંચી પ્રકૃતિદેવી બાકીના મંડળની ઉજ્જવળ રૂપરેખા જ દોરે છે, તેમ આ સાહિત્યના સુધાનિધિના બિંબનું પ્રતિબિંબ પણ અહિં અધુરું જ દોર્યું છે. પહેલી પાંચ સદીનું સાહિત્ય સંગ્રહાયું નથી–શોધાયું જ નથી. બીજી પંચશતીના પણ ઉત્તમોત્તમ ગ્રંથો હજુ પ્રકાશમાં આવવા બાકી છે. નરસિંહનો સહસ્રપદી રાસ પુરો ઉપલબ્ધ નથી. ભાલણનું રામબાલચરિત ત્રુટિત જ મળ્યું છે. એનો દશમ સ્કંધ

પ્રકાશકની વાટ જુએ છે. પ્રેમાનંદના ત્રણ જ નાટકો છપાયાં છે. બીજાં આઠ ક્યાં છે? ક્યાં છે એનાં લાખ લાખ પુરનાં ત્રણ કાવ્યો! ક્યાં છે **પ્રથીરાજ રાસાને** ને ટક્કર મારતું વલ્લભે વખાણેલું કર્ણચરિત્ર? એ વલ્લભનાં નવે રસનાં નોખાં નોખાં કાવ્યો પણ બધાં પ્રસિદ્ધ થયાં નથી. પિતાને પરિતોષ પમાડનારી કૃષ્ણવિષ્ટિ પણ શોધી કઢાઇ નથી. ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં અત્યંત ઉપયોગી **વલ્લભકૃત** પ્રેમાનંદકથા પણ પ્રકાશમાં અણાઇ નથી. જેટલું સાહિત્ય બહાર પડ્યું છે, તે અપ્રસિદ્ધ સાહિત્યના મુક્તાફલામાં થોડું છતાંએ મગરુરી ઉપજાવનારું છે. **નરસિંહ** મહેતાનાં ગોવિંદગમન, સુરતસંગ્રામ ને ચાતુરિમાપર્યંષક હૃદય ગાઢ પણ આદ્રાદ્રં ભક્તિરસનાં પારદર્શક પડો ઉકેલે છે **ભાલણની** રામકૃષ્ણની બાળલીલામાં રસિક હૃદય વાત્સલ્ય ભાવની મુગ્ધતા જુએ છે. **પદ્મનાભના** પ્રબંધની કવિતા વાંચી ઉત્સાહશીલ હૃદય ઉછળ્યા વગર રહેતું નથી. ભાષાભક્ત પ્રેમાનંદની વાણીની તો વાત જ શી કહેવી? એના અભિમન્યુ આખ્યાનના વીરરસથી **નાંદોર** દરબારમાં રજપૂત સામંત વીરહાક કરી ઉઠયો હતો. એનાં નાટકો **સંસ્કૃત** નાટકોની સમોવડી કરે એવાં છે. એનું માંધાતા આખ્યાન વાંચી ઠાવકા મનુષ્યને પણ હસવું દાબી રાખવું મુશ્કેલ પડે એમ છે. એના પુત્ર વલ્લભની બાનીનો ઝોક કોઈ ઓરજ છે. પ્રેમાનંદના મંડળના વૃદ્ધ પ્રસાદકવિ દ્વારકાદાસનાં વચનો રોમેરોમ રસ ઉભરાવે છે. દયારામ આદિ શૃંગારી કવિની ગરબીઓ લાખોને અદ્યાપિ પણ ભક્તિમાં ને શૃંગારમાં લીન કરી નાંખે છે.

કાવ્યમાર્ગમાં જુનું સાહિત્ય યશસ્વી બન્યું છે ખરું પણ કાવ્યમાં જ સાહિત્યની પરિસમાપ્તિ થતી નથી. કાવ્ય-

નૂતન સાહિત્યમાં સાહિત્યમાં પણ કાલિદાસની સુઘડતા અને શૈલિ
પારસી, મુસલમા ટેનીસનની ઉન્નત પ્રતિભા, મિલ્ટનની પ્રૌઢતા અને
ન સહોદરની સ શેકસપીઅરની સર્વદેશી કુશળતા આવવી હજુ અપે-
કારિતા અપે- ક્ષિત છે; તેની સાથે કળાવિધાન અને શૈલી પણ
ક્ષિત છે કેળવાય તે અપેક્ષિત છે. એ સાહિત્ય કેવળ પુરાણ-
મૂલક છે, તે સંસારમૂલક થવું પણ ઇષ્ટ છે બીજા
સાહિત્યના માર્ગો તો ઘણે ભાગે અક્ષુણ્ણ જ છે, કવિ નર્મદાશંકરના
સમયથી ગદ્ય કંઇક ખેડાવા લાગ્યું છે. ચરિત્રનિરુપણ તરફ પણ કંઇક
લક્ષ દોરાયું છે. સંગીતકળા સંબંધી કંઇક કુતૂહળ ઉત્પન્ન થયું છે. પણ
હજુ કરવાનું બહુ છે. બંગાળી ને મરાઠી સાહિત્યના મુકાબલામાં
ગૂજરાતી સાહિત્ય પછાત છે. એના સર્વદેશી વિકાસનો આધાર
ગૂર્જર ભૂમિના પુત્રો હોવાનું અભિમાન ધરાવનારા ઉપર છે. સાહિ-
ત્યના કાર્યક્ષેત્રમાં જાતિનો, જ્ઞાતિનો ધર્મનો કે વર્ણનો ભેદ નથી. હીંદુ,
પારસી, મુસલમાન સર્વે જેમની જન્મભાષા ગૂજરાતી છે, જેમના
શિક્ષણનો પાયો ગૂજરાતીમાં નંખાયો છે ને જેમનો વ્યવહાર મોટપણે
ગૂજરાતીથી ચાલે છે, તે પછી પારસી હો હીંદુ હો કે મુ લમાન
હો, સૌએ સહોદર છે. બધાની ગૂજરાતી સાહિત્યના ઉત્કર્ષમાં સહ-
કારિતા અપેક્ષિત છે. એક વખત સમશેર બજાવવા આગળ પડનાર
મુસલમાન ભાઇએ કલમપેશીમાં પાછળ પડવું યોગ્ય નથી. જૂની હીં-
દીના અનુસાર રૂપ **પદુમાવતિ** નામે વાર્તાકાવ્યનો કર્તા મુસલમાન
જ છે. મુસલમાન રાજ્યકાળમાં ઉત્તર હિંદુસ્તાનમાં એવા મુસલમાન
કવિઓ અનેક થયા છે. હાલ પણ ઉત્તરમાં મુસલમાન શાયરો મશ-
હુર છે. જે લાભ ઉત્તર હિંદુસ્તાનના મુસલમાનો હિંદીને આપે છે તે
લાભની ગૂજરાતી ભાષા અહિંના મુસલમાન ભાઇઓ પાસેથી આશા

રાખે તે બરહક છે. હિંદુસ્તાનની ગાયનકળા મુસલમાન ઉસ્તાદોએ ખીલાવી સજીવન રાખી છે.

સાહિત્યમાં ભાષાની વિશુદ્ધિ અને એકતા.

એવી જ ઉસ્તાદી ગૂજરાતી સાહિત્ય ખીલાવવામાં આપણે તેમની માગિયે છિયે. આપણા ઉત્સાહી પારસી બંધુઓ તો સાહિત્યક્ષેત્રમાં આગળ જ છે. એમના અગ્રેસર લેખકોએ મરહૂમ કવિ દલપતરામે ગુર્જરી વાણીવિલાપમાં મુકેલું આળ ખોટું પાડયું છે. તેમ છતાં ઘણા મલબારી, ઘણા તારાપોરવાળા, ઘણા ખબરદાર, ઘણા વાયુચક્રશાસ્ત્ર ચર્ચનાર, ઘણા ખરાન આદિની તવારીખ લખનાર, ઘણા આરોગ્ય અને વૈદક શાસ્ત્રોનું ઉપયોગી જ્ઞાન ફેલાવનાર, ઘણા દેશ પરદેશના રમુજી એહવાલ આપનારની સાહિત્યોપાસક ટોળામાં ભરતી કરવાને અને ભાષાની એકતા જાળવવાને જરૂર છે. પારસી ભાઇઓ ઇંગ્રેજીમાં કાબેલિયત મેળવવા જે મહેનત લે છે તે મુબારક છે. પણ તે મહેનતના ફળ રૂપ તેમના જ્ઞાનનો લાભ ગૂજરાતી બોલનારી સર્વ આલમ એક સરખી રીતે લઇ શકે એટલા માટે પારસી બોલીમાં નહિ પણ ગુજરાતી ભાષામાં તેમના હાથે ગ્રંથો લખાવા ઇષ્ટ છે. અમુક ભાગની કે અમુક કોમની બોલીમાં ગ્રંથ લખાવાથી ભાષાની વિશુદ્ધિ જળવાતી નથી, લેખક ટોળામાં ફુટ પડે છે, ને લેખનો લાભ સમસ્ત મંડળ લેઈ શકતું નથી. આથી સાહિત્યની ભાષાની એકતા અને વિશુદ્ધિ જાળવવા હમેશાં સુધરેલા દેશોમાં લેખકો પોતે જ ભાષા પ્રત્યેની પૂજ્ય બુદ્ધિથી, સાહિત્ય પ્રત્યેના ગૌરવથી, અને સ્વબંધુ પ્રત્યેના પ્રેમથી કાળજી રાખતા જોવામાં આવે છે. બ્રિટિશ દ્વીપોના એક ભાગનો હો કે બીજા ભાગનો, દેશી હો,

કે વિદેશી, યુરોપ કે અમેરિકાનો હો, એશિયા કે આસ્ટ્રેલિયાનો ગોરો હો કે કાળો, જે કોઇ લેખક અંગ્રેજીમાં જ ગ્રંથ લખવા પ્રવૃત્ત થાય છે તે (King's English) એટલે રાજરૂઢ ઇંગ્રેજીમાં જ લખે છે પારસી બોલી મુકી રૂઢ ગૂજરાતી ભાષા વાપરવી કંઇ પારસી ભાઇઓને મુશ્કેલ નથી. જે વાંચનમાળા હિંદુ મુસલમાનો શીખે છે, તે જ પારસીઓ શીખે છે. એ વાંચનમાળાથી સુરતી બોલીનું સુરતીપણું અને કાઠીયાવાડી બોલીનું કાઠીયાવાડીપણું ગયું છે. એ વાંચનમાળા-માંથી કેળવાયલા પારસીઓની પારસી બોલીનું પારસીપણું ઘણે ભાગે ઘસાયું છે. પારસીઓમાં મગરૂર થવા જેવું એ છે કે સ્ત્રીશિક્ષણનો બહુ સારો ફેલાવો છે. પારસી બાળકીઓ અને હિંદુ બાળકીઓ એક જ વાંચનમાળા વાંચે છે. આ જોતાં સામયિક અને જાથુ સાહિત્યમાં પારસી બોલીના આયુષનો વરતારો ટુંકો જણાય છે, પણ એ વરતારો સાચો પાડવાનું પારસી લેખક મંડળના હાથમાં છે. પારસી રોજીંદાં પત્રોના માલીકોના હાથમાં છે, જ્ઞાનપ્રસારક સભા જેવી સંસ્થાઓના હાથમાં છે. આશા છે કે કેળવાયલા ઉત્સાહી પારસી ભાઇઓ જમાનાના ઝોકને માન આપશે.

પારસી ભાઇઓ રૂઢ ગૂજરાતી ભાષા વાપરતા થાય, તેની સાથે
ગૂજરાતી ભાઇઓએ પણ સાહિત્યની દિશામાં એક
ધર્મરંગે રંગાયલા અગત્યનો ફેરફાર કરવાની જરૂર છે. કેવળ પૌરાણિક
સાહિત્યનો સમય (Mythological) સાહિત્યને પડખે શુદ્ધ સંસારી
ગયો છે. સાહિત્ય તેમણે ખેડવું જોઇએ, જેમાં પૌરાણિક
કથાઓથી અજાણ્યા પારસી અને મુસલમાન ભાઇઓ
સરખો આનંદ લેઇ શકે. આની શરૂઆત થઇ ચૂકી છે. કેવળ ધર્મના
રંગે રંગાયલા સાહિત્યનો સમય વીત્યો છે. એક સમય એવો હતો

કે જ્યારે સર્વ ઉપદેશ સર્વ જ્ઞાન આપવાનું દ્વાર ધર્મ હતો, પ્રતીતિ શ્રદ્ધા ને પ્રીતિ ઉપજાવનારો માર્ગ દેવકથા હતી, રુચિ અને આદર પ્રગટાવવાનો પ્રકાર અદ્‌ભુતકથન હતું. સમયબળને અનુસરી આરોગ્યસંરક્ષણાર્થે સ્નાન શૌચાદિના સામાન્ય નિયમ ધર્મનું અંગ બન્યા; દેશાટનનો લાભ આપનારું તીર્થ માહાત્મ્ય શત શાખાએ વિસ્તર્યું; નીતિનો બોધ દેનારાં અનેક અદ્‌ભુત ઉપાખ્યાનો ઉદ્‌ભવ્યાં; અને જ્ઞાન અને નિર્વાણનો માર્ગ સર્વને માટે ખુલ્લો મૂકનાર ઐતિહાસિક બુદ્ધ ભગવાન ઈશ્વરાવતાર બન્યા. એ જમાનો આજ નથી. જુના જમાનાએ શીલવતીના રાસને અને રોપદર્શિકાને જન્મ આપ્યો, તો નવો જમાનો સરસ્વતીચંદ્રને અને કાન્તાને જન્મ આપે છે. ભૂતકાળમાં વ્યક્તિની સ્તુતિના રાસા અને પ્રબંધો રચાતા. તો વર્તમાનકાળમાં સામાજીક સ્થિતિના ઇતિહાસ લખાય છે. પ્રાચીન યુગમાં ધર્મના સંગ્રહાર્થે સાધુઓના મહાન્ સંઘો મળતા, ત્યારે અર્વાચીન સમયમાં નાગરીપ્રચારિણી સભા, એકલિપિપ્રચારિણી પરિષદ્, સાહિત્યપરિષદ્ જેવાં મંડળ, ભિન્ન ભિન્ન ભાષાનાં સાહિત્ય સર્વમાન્ય કરવા, પોતાનું ભૂતપૂર્વ સાહિત્ય સંગ્રહવા, પ્રવર્તમાન સાહિત્યનો સર્વતોમુખ વિકાસ સાધવા સ્થળે સ્થળે મળે છે.

પૂર્વનું ઉત્તેજક અને પશ્ચિમનુ પોષક સાહિત્ય.

આવા મેળાવડાનું સાર્થક્ય ક્યારે કે જ્યારે આશ્વિનોએ ચ્યવન ભાર્ગવમાં નવું જીવન પ્રેર્યું હતું તેવું નવું જીવન વૃદ્ધોમાં પ્રેરાય, અને રાજર્ષિ વિશ્વામિત્રના સાહચર્યમાં રામ લક્ષ્મણ જેમ વીરચર્યામાં ઉદ્યુક્ત થયા તેમ યુવકો પોતાનું પરાક્રમ પ્રકાશવા પગભર થાય. આરંભ મહાન છે. ખંડેર ફરી વસાવવાનાં છે, ઉજ્જડ પ્રદેશ આબાદ કરવાનો છે, નવાં થાણાં નાંખવાનાં છે, આપણને ગુંગળાવી

નાંખતી આલંકારિકોની કીલેબંદી આપણે તોડી પાડવાની છે, સાહિત્યના ઉદ્યાનમાં જડ નાંખી વધેલા નિંદ્ય રોપાઓ નીંદી કાઢવાના છે, ભયંકર પ્રાણીની આશ્રયભૂત ઝાડી સાફ કરવાની છે, તૃષા છીપાવનારાં જળાશયો ખણવાનાં છે, આબાદી વધારનારી ન્હેરો ખોદવાની છે, ઉત્પન્નની આપલે સરળ કરનારા માર્ગો ઉઘાડવાના છે. આ કામમાં આપણા પૂર્વજો પીઠ પુરી રહ્યા છે. કાવ્યક્ષેત્રમાં નવો વિજય મેળવવાને આદિકવિ વાલ્મીકિ આપણને કોકિલકંઠથી તેડે છે. આર્થિક વિદ્યાઓને પુનરુજ્જીવન આપવાને આરણ્યક પાલકાપ્ય હસ્તીના નિર્ઘોષથી પુકારે છે. સુકુમાર કળાઓને ખીલવવાને વીણા સારતા નારદ સાથે નાટયમુનિ ભરત સંજ્ઞા કરે છે. રસાયનાદિક વિદ્યાનો રાગ જગાડવાને વીતરાગ નાગાર્જુન પ્રબોધે છે. સાહિત્યના રાજ્યનો વિસ્તાર કરવાના પ્રયાસમાં સહાયભૂત થવા અનેક અક્ષરદેહધારી સાહિત્યવીરો વ્યૂહબદ્ધ આપણી પીઠે તત્પર ઉભા છે, જેઓમાં આપણા આજી પ્રમુખ માગ મુકાવી મોખરે આવી ઉત્સાહપૂર્ણ મુખમુદ્રાથી આપણને ઉત્તેજે છે. વળી આ તરફ આપણા મહાન રાજકર્તા આપણને આગળ દોરવા સન્મુખ તૈયાર છે. બેકન ને સ્પેન્સરની સરદારી નીચે તત્ત્વક્ષેત્રમાં ઘુમો. શેક્સપીયર, મિલ્ટન અને ટેનીસનની સહાયતાથી કાવ્યક્ષેત્રમાં આગળ ધસો, પોપ, ગ્રિમ અને મેક્સમુલરના અગ્રેસરપણામાં શબ્દવિદ્યા અને પૌરાણવિદ્યાના અજાણ્યા પ્રદેશ સર કરો. આ અને બીજા વિષય હાથ કરવામાં સાહાય્ય આપવા પાશ્ચમના વીરોની સેનાઓ સજ્જ જ છે. વિજય મેળવવામાં કોઇનો પ્રતિરોધ નથી. પ્રતિરોધક કહીયે, તો તે આપણું આલસ્ય જ છે, આપણો પ્રમાદ જ છે, આપણી કર્તવ્યવિમુખતા જ છે, આપણી હૃદયભીરુતા જ છે, આપણો અનુત્સાહ જ છે. આલસ્ય મર-

ઊંઘો માં, આલસ્યને જ મરડી નાંખો. પ્રમાદ ખાઓ માં, પ્રમાદને જ ખાઇ જાઓ. પ્રવૃત્તિધર્મની ભગવદ્‌ગીતોપનિષદ્‌નો નિત્ય પાઠ જ્યાં થાય છે, ત્યાં અનુત્સાહ ક્યાંથી, હૃદયભીરુતા શી, કર્તવ્યવિમુખતા કેવી ? જેના મનમાં રાષ્ટ્રને પ્રબોધવાની ઊર્મિ છે, તેને ઉંઘવાનું નથી; જેના મગજમાં કંઇ નવું ઉત્કર્ષક કહેવાની પ્રેરણા છે, તેને મૌન ધારવાનું નથી; જેની પ્રતિભામાં વીજળિક શક્તિના અંશ ઝણઝણે છે, તેને જડવત્ બેસી રહેવાનું નથી. આપણામાં સમર્થ નરનો તોટો ન હોવો જોઇયે. પ્રતિવર્ષ આપણા શારદાપીઠમાંથી પદવીધારી નરો

સંખ્યાબંધ બહાર પડે છે. આ આપણા વીરો શું

આપણા શારદા- નિર્વીર્ય છે ? નહિ જ નહિ. ત્યારે શું એમ છે કે પીઠના પદવીધારી કોઇ પૂછે તો જ સહદેવ જોશીની પેઠે તેમના જ્ઞાનનો

નરો. તેઓ આપણને લાભ આપે ? ના ના, તેમ

ન હોય. ત્યારે તો એક જ દિશામાં તર્ક દોડે છે

સીતાજીની ભાળ કાઢવા નીકળેલા મહાવીરો અરણ્ય ને પર્વત ઓળંગતા ઓળંગતા દક્ષિણ મહાસમુદ્રને તીરે જઇ પહોંચ્યા, ત્યારે નલ નીલ સાથે હનૂમાન પણ શોચ કરવા લાગ્યા કે હવે શું કરવું ? આ મહાસમુદ્ર શે ઓળંગાય ? તે ક્ષણે વિચક્ષણ જાંબવાને મારુતિને તેમના સામર્થ્યનું સ્મરણ કરાવી ઉત્સાહપૂરતાં વચનથી કહ્યું કે "કપિરાજ ! તમે પણ આમ શોચ કાં કરો છો ? તમારે તો આ આ મહાસમુદ્ર ગોષ્પદ માત્ર છે." આવી કોઇ જાતની સ્મૃતિ આપણા શારદાપીઠના વીરોને આપવાની જરૂર હોય તો કોણ જાણે ! એમનામાં નિગૂઢ સામર્થ્ય છે. એઓ ચાહે તો, એક વખત મહાન્ શંકરાચાર્યે આકાશમાર્ગે ચાલી જતી સરસ્વતીને યોગબળે આકર્ષ્યાનું કહેવાય છે, તેવી રીતે આ વીરો પણ દ્વીપાંતરમાં જઇ વસેલી સર-

સ્વતીને અને તેની પૂઠે લક્ષ્મીને પણ એમની વિદ્યાના બળે આકર્ષી લાવે. જે પશ્ચિમમાં છે ને પૂર્વમાં નથી, એવું કેટલું બધું તેઓ અહિં વસાવી શકે એમ છે? બાળશિક્ષણ, સાર્વજનિક આરોગ્ય, પ્રતિનિધિ-સત્તાક રાજ્ય આદિ ખાસ પશ્ચિમના જ કહેવાતા વિષયમાં કેટલું ઉપયોગી જ્ઞાન આપવાનું તેમને સહજ છે? પશ્ચિમના જનસમાજમાં ઉદ્ભવ પામેલી હિતકારક યોજનાઓ આ દેશના જનસમાજને અનુકૂળ કરવાનું એમનાં અવલોકન અને અનુભવની સત્તાનો બહાર નથી. રસાયનવિદ્યાનો ઉપયોગ અપવાદભૂત પ્રો. ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર અને તેમના શિષ્યો સિવાય કેટલાએ ઔદ્યોગિક અભિવૃદ્ધિમાં કર્યો? પ્રાચીન મહાકવિની સૃષ્ટિનાં ભવ્ય ચિત્રોનો ઉપયોગ સદ્ગત ચિત્રકાર રવિવર્મા ઉપરાંત કેટલાએ હૃદયદ્રાવક ચિત્રકળાની ખીલવણીમાં કર્યો? મિલ, ફોસેટ ને સિજવિકના લેખનું રટણ કરી મી. રાનડે કે સર ફીરોજશાહ, ઓ. મી. ગોકલદાસ કે મી. ગોખલે જેવા અથવા તો દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇ કે ઓ. મી. ચિમનલાલ હરિલાલ સેતલવાડ જેવા આર્થિક પ્રશ્નોના ચિંતક કેટલા ઉભા થયા? ઇંગ્રેજીનો અક્ષર પણ ન ભણનાર સદ્ગત ભગવાનલાલ ઇંદ્રજી શોધખોળમાં યુરોપિયન શોધકોની હમોદમી કરે, એકે પરીક્ષા પસાર ન કરનાર રા. બ. રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઇ. શહેરસુધારાના અટપટા સવાલોનો નિર્ણય આણે, મધ્યમ દરજ્જાની કેળવણી ધરાવનાર સદ્ગત દી. બા. મણિભાઈ જસભાઈ ઓકેળવણીનો વિષય હાથ લે, અને આપણા પદવીધારી બંધુઓ તેમાં ચંચુપાત પણ ન કરે એમ કાંઇ હોય? સદ્ગત રા. સા. મહિપતરામ રૂપરામ નીલકંઠ હરકોઇને જેવું આવડે તેવું લખવાને પ્રેરતા. તેમને કોઇ ન આવડવાનું નામ દેતું તો તેઓ ભાર દઇને કહેતા કે, " ન

કેમ આવડે? લખો એટલે આવડશે.” માટે આ બંધુઓ પ્રત્યે એટલું જ કહેવું તે કે શરમાઓ નહિં, સંકોચ ખાઓ નહિં, પોતાને તુચ્છ લેખો નહિં. તમારી પાસે મૂલ ન થાય એવું ધન છે. તમે તેને અનુભવથી ઓપાવો; તમે તેને અવલોકનથી ખીલાવો; તમે તેને ઉપયોગથી બહલાવો; ને પછી એ ધન તમે તમારા ઓછા ભાગ્યશાળી અશિક્ષિત અથવા અલ્પશિક્ષિત બંધુઓને આનંદકારદાયક થાય એવા રૂપમાં આપો. આપણું લખાણ નામ અમર કરે એવું ન હોય તેની પરવા નહિં. કીર્તિ એ પ્રવૃત્તિનું પ્રવર્તક તત્ત્વ નથી, પ્રવર્તક તો કર્તવ્ય છે. **કર્તવ્યની પરિસમાપ્તિ કર્તવ્યમાં** જ છે; તેનો કર્તવ્યથી ભિન્ન અન્ય ઉદ્દેશ છે નહિં. માતપિતા સંતાનને ઉછેરે છે, રાજા પ્રજાને પાળે પોષે છે, શ્રીમાન અનાથની સંભાળ લે છે, શેરીમાં રમતા ન્હાના બાળકને રસ્તે જનાર ગાડીઘોડાના ઝપાટામાંથી ઉગારી લે છે, ને નદીમાં તણાતાને તરી જાણનાર તારે છે–એ પ્રત્યેકનું પોતાનું કર્તવ્ય છે, તે કરે છે. કરનાર સ્વધર્મ બજાવે છે એ જ એનું ગૌરવ છે, ન કરનાર સ્વધર્મમાં ચુકે છે ને દોષપાત્ર થાય છે.

આપણા શિક્ષિત-મહેતાજીઓ.

પદવીધારી સુશિક્ષિત પુરુષો મોટા શહેરોમાં વહેંચાયલા છે; પણ શિક્ષણશાસ્ત્ર ને શિક્ષણકળાનાં પ્રમાણપત્ર ધારણ કરનારા ગૂજરાતી મહેતાજીઓ બધા દેશમાં ફેલાઇ ગયેલા છે. તેમનો અવકાશનો સમય જે તેમને ગામડામાં ભારે પડતો થઇ પડે છે ને જે તેઓ હલકી ખટપટ કે તુચ્છ કારભારમાં ગૂમાવે છે, તેનો તેમના પોતાના હિતને માટે સદ્ઉપયોગ કરવા ધારે, તો અનેક માર્ગ છે. જૂના સાહિત્યનો સંગ્રહ કરવાની, સમાજના આચાર વિચારનું અધ્યયન કરવાની, મનુષ્યકુળની ખાસિયતનું અવલોકન કરવાની, જે મંડળમાં તેમનું જીવન નિર્માયું

છે તેમને જ્ઞાન અને સાહિત્યનો રસ લગાડવાની, તેમની વૃત્તિઓ કેળવવાની, તેમને ઉચ્ચ ભાવનાઓ અર્પવાની, અને તેમને સર્વે પ્રકારે પોતાની વિદ્યાનો, શક્તિનો અને સહૃદયતાનો લાભ આપવાની તેઓ અસાધારણ અનુકૂળતા ધરાવે છે. બાળકેળવણી એ તો તેઓ જે વેતન ખાય તેનો બદલો છે. જનસમાજના શિક્ષિત સામાજીક તરીકે-ના નિજ કર્તવ્યનો તેમાં સમાસ થઇ જતો નથી. કુટુંબમાં રહી કૌટુંબિકોની ઉપેક્ષા કરે તે સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે, તેવી રીતે સમાજ-માં રહી સામાજીક બંધુઓ પ્રત્યે બંધુકૃત્યમાં જે પ્રમાદ કરે છે તે જનસમાજનો દેવાદાર રહે છે અને સર્વ સમાજના પરમ અધ્યક્ષ જગદીશ્વરનો અપરાધી બને છે. જનસમાજ એક સહકારી સંસ્થા છે. એ સંસ્થાના સહકારધર્મથી શિક્ષિત સુશિક્ષિત, સાધનસંપન્ન ને સાધનરહિત એક સરખા બંધાયલા છે.

સાધનસંપન્ન બંધુઓ અને સાહિત્યપીઠની યોજના.

સ્વાગતમંડળના ઇતિહાસરસિક અધ્યક્ષ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજી શોધખોળમાં અને ઐતિહાસિક સંગ્રહમાં પોતાની સમૃદ્ધિનો સદુપયોગ કરી રહ્યા છે. શેઠ ગોકળદાસ તેજપાળ, શેઠ મંગળદાસ નથુભાઇ, શેઠ પ્રેમચંદ રાયચંદ, સર જમશેદજી જીજીભાઇ, સર કાવસજી જહાંગિરજી, શેઠ જમશેદજી નસરવાનજી તાતા વિગેરે મુંબઇના ધનાઢ્ય ગૃહસ્થોની ઉદારતાની પિછાન આપવી તે સૂર્યચંદ્રને ઓળખાવવા જેવું ગણાય. તેમણે કેળવણીની અભિવૃદ્ધિ માટે બહુ કર્યું છે. પણ સાહિત્ય-ની સેવામાં પોતાનું સર્વ ધન સમર્પનાર ને ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીને છેવટની વારસદાર ઠરાવી જનાર તો સુરતના સદ્દગત શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ જ છે. સાધનરહિત બંધુઓને માટે સાધનસંપન્ન ગૃહસ્થો પુસ્તકશાળા ને વાંચનશાળા ઉઘાડે છે. તેને

માટે તેમને અભિનંદન આપવું ઘટે છે. તેની સાથે પુસ્તકસંગ્રહ મૂલ્યવાન બનાવવા અને વાંચનશાળાનું વાંચન વજનદાર કરવા સાહિત્યને ઉત્તેજન આપવા સંયુક્ત ભંડોળ ઉભું કરવાની તેમને વિનંતિ છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની પ્રવૃત્તિ તેના બંધારણને લીધે એકદેશી છે. ફાર્બસ સભાની પ્રવૃત્તિની દિશા કંઇ ભિન્ન છે; પરંતુ તે પણ સર્વતોમુખ નથી. સાહિત્યસભામાં ઉત્સાહ છે ત્યારે સાધન નથી. આ ખોટ પુરી પાડવા સર્વતોમુખ ઉત્તેજન આપનારૂં સાધનસંપન્ન સાહિત્યપીઠ સ્થાપવાની જરૂર છે. જે વિશુદ્ધ ભાવનાવાળું અને ઉપયોગી જ્ઞાનવાળું અલ્પમૂલ્ય સાહિત્ય એકે એક ગામ જ્યાં ગૂજરાતી નિશાળ હોય ત્યાં મફત છુટથી વહેંચી સાહિત્યની ગંગા આંગણે વહેતી કરે, જે વધારે મૂલ્યનાં પુસ્તકોની અવેતન જંગમ પુસ્તકશાળા (Free circulating libraries) સ્થાપી સંગીન જ્ઞાનનો પ્રસાર કરે, જે ભાષણોથી ને નિબંધોથી લોકોનાં હૃદય કેળવે અને સત્પ્રવૃત્તિ ને સદુદ્યોગ જાગૃત કરે, જે સ્વકાર્યરસિક પગારદાર પુરુષોદ્વારા શોધખોળ ચલાવે; ટુંકામાં સાહિત્યનું સંગ્રાહક, સંરક્ષક, સંવર્ધક પ્રચારક અને વ્યાપક મંડળ નીવડે, આવા સાહિત્યપીઠની સ્થાપના લક્ષ્મીના વિશ્રામભૂત ઉત્તમ પુરુષોના હાથમાં છે.

વાચક વર્ગ તરફથી સાહિત્યને આવકારની જરૂર છે.

સાધનરહિત બંધુઓ પણ સાહિત્યની વૃદ્ધિને માટે બહુ કરી શકે એમ છે. જેમને અક્ષરજ્ઞાન છે તેઓ સારૂં સાહિત્ય વાંચે, તે પણ સાહિત્યની એક અંશે કૃતાર્થતા છે; સારાં ભાષણોને અને સારા લેખોને આવકાર આપે, તે પણ તેની કદર છે; બુદ્ધિનો ઉપયોગ કરી સારા નરસાનો વિવેક કરે, તે પણ ઉત્તેજન છે. આટલું કરે તો વાંચનાર ક્યાં છે, સાંભળનાર ક્યાં છે, સમજ-

નાર ક્યાં છે. કદર બુજનાર ક્યાં છે એ જે ફરિયાદ ઉઠાવવામાં આવે છે, તે દૂર થાય.

સમષ્ટિશ્રેય માટે વ્યષ્ટિપ્રવૃત્તિ.

આ રીતે સાહિત્યની અભિવૃદ્ધિમાં સર્વની પ્રવૃત્તિને સ્થાન મળે છે. સાહિત્યના ક્ષેત્રમાં કોઇનો બહિષ્કાર નથી. સર્વનો સહકારી ઉદ્યોગ સ્વીકાર્ય છે સત્સંગીનું મંદિર જ્યારે બંધાય છે, ત્યારે કોઇ સત્સંગી ઈંટો ઉપાડી કે તગારાં વહી શરીર વહેવરાવે છે; કોઇ સત્સંગી પત્થર ઘડે છે, વ્હેરે છે કે કોરે છે; કોઇ ઇમારત આંકે છે, તો કોઇ પાયા ખોદે છે, કોઇ ચણતર ચણે છે તો કોઇ ચિત્રનું કામ કરે છે; કોઇ સર્વના ઉપર દેખરેખનો ભાર ઉપાડે છે, તો કોઇ ખરચનો ભાર માથે લે છે. સર્વ પોત પોતાના ગજા પ્રમાણે કાર્યભાગ બજાવી ઉત્સાહ પ્રદર્શિત કરે છે. એ ન્હાના મોટા સૌ એ પુણ્યના સરખા અધિકારી છે. સર્વ કર્મના સાક્ષી પરમપુરુષની દૃષ્ટિમાં સૈનો પ્રયાસ સરખો આવકાર પામે છે. એ કર્મકાર, એ શિલ્પી, એ સૂત્રધાર, એ સમવેક્ષક, એ ધનદાતા, સંસારી પાળા કે સાધુ સૌ આ મહાન કાર્યમાં પોતાના વ્યષ્ટિજીવનને સમષ્ટિજીવનમાં હોમે છે. આવી સ્વધર્મપરતા, આવી સમષ્ટિશ્રેયની ભાવના આપણું સાહિત્યમંદિર બાંધવાને સરસ્વતીના સત્સંગીઓમાં ઇષ્ટ છે. કાર્યક્ષેત્ર ક્યાં ન્હાનું છે? સૌને પોતપોતાની યોગ્યતા અનુસાર પ્રવૃત્તિના અનેક માર્ગો ખુલ્લા છે. સ્વલક્ષણવતી કવિતા રચવાની પ્રતિભા ધરાવનાર કવિને ઘણા પ્રદેશ અક્ષુણ્ણ છે; તેમાં જ તે ઘૂમે એમાં સાહિત્યને લાભ છે. જેનાથી સ્વકલ્પિત લેખ નથી લખાતો, તેને માટે બીજી ભાષામાંથી અનુવાદનો માર્ગ ઉઘાડો છે. કેવળ સ્વભાષાનિષ્ઠને સ્વભાષામાં ઘણુંએ કરવાનું છે. અનેક પુસ્તકો ઉધઇ ખાય છે, અથવા પટારામાં કે પોથીમાં અંધારા-

માં પડ્યા છે, તેમનો ઉદ્ધાર કરવાનો છે. લોકગીત, લોકવાર્તા, રાસા ને પવાડા, શિક્કા ને શાસનપત્ર, શિલાલેખો ને પાળિયા, વહી ને દસ્તાવેજો, સંગ્રહનારાના પ્રયત્નની વાટ જુએ છે. હૃદયચક્ષુથી જોનારને લોકના રીત રીવાજો, વહેમો અને રૂઢ સંસ્કારો અવલોકન માટે તૈયાર છે. વિદ્યાના રસિકને ન્હાનાં ન્હાનાં પ્રદર્શનો માટે સાધનો ચોતરફ વેરાયલાં છે. પ્રતિમાવિધાન, ચિત્રવિધાન, સંગીતપરિચય આદિ અનેક કળાઓનો નિરાંતે એકાંતમાં અભ્યાસ થઇ શકે એમ છે. સરસ્વતીની સેવાના માર્ગ અનેક છે, જ્યારે દેવપૂજનના પ્રકાર આઠ જ છે. એક એક માર્ગ અનેક ઉપાસકોને યાવજ્જીવ વ્યાપૃત રાખે એવો વિશાળ છે. શ્રદ્ધાળુ સેવકોના લખલૂટ ધર્મદાયનું શ્રીજીના મુખવાસનું તાંબૂલ બને છે, તેમ પણ છે; ને વિદુરની ભાજી તથા સુદામાના તાંદુલ પણ ભગવાનને બહુ પ્રિય છે, તેમ પણ છે. સરસ્વતીદેવીને પણ સર્વ ઉપાસકોની ખરા હૃદયની સેવા સ્વીકાર્ય છે.

અસત્પ્રવૃત્તિ ને તામસીવૃત્તિ અનિષ્ટ છે.

આ મહાન ઉદ્યોગમાં સંભાળવાનું એક જ છે. અસત્પ્રવૃત્તિ સાહિત્યમાં વર્જ્ય છે, તામસી વૃત્તિ અનિષ્ટ છે, માટે આ પ્રવૃત્તિમય સંસારના સ્વામીનો અનુગ્રહ ઇચ્છી તે પ્રવૃત્તિના પ્રેરકને પ્રાર્થના એટલી જ છે કે,

असतो मां सद्गमय। तमसो मां ज्योतिर्गमय। ओम् शांतिः शांतिः शांतिः।

પરિશિષ્ટ

રા. રા. કેશવલાલભાઇના ભાષણમાંના પ્રાકૃતનું ભાષાન્તર.

પૃષ્ઠ ૩૬-૩૭.

જેને ગોખ ને જાળિયાં છે એવા ઘર (**विश्राम**) ને લગતો મજાનો જળક્રીડા કરવાને (**खेलन**) કુંડ (**वावि**) છે. તેનું સુંદર જળ કસ્તૂરી (**मृगमद**) અને બરાસકપૂરથી તર કરવામાં આવે છે.

નવતર પ્રકારે જેમણે શરીર શણગાર્યાં છે એવી સુંદરીઓ ખૂબ ક્રીડા કરે છે. તેઓ ચોળી શોભાવવાને માટે (**रेसि**) ચંદનનાં કચોળાં ભરે છે.

તે સમયે, કામી જનના મનનું જીવન જે રાજા કામદેવ, તે સોહામણાં વનમાં અને નગરમાં રંગભેર અભંગ રાજ્ય કરે છે.

કામદેવ [કેસુડાના] ફૂલનું ધનુષ અને ભ્રમરની હારની પણછ કરે છે. બાણ મારવાની ચાલાકી (**लाघव**) ને લીધે લક્ષ્ય [વીંધવામાં] ચૂકતો નથી. તે કુમળાં [ફૂલનાં] બાણ મૂકયો જ જાય છે.

એ રીતે કામની ઉદ્દીપન સામગ્રી (**रिद्धि**) જોઇને, કિંનરના જેવા કંઠવાળી રૂસણું લઈ બેઠેલી સ્ત્રી, નેહઘેલી બની માનની આંટી (**गंठि**) મૂકી દે છે.

કેસુડાની ઘણી વાંકી કળી તે જાણે કામદેવની આંકડી-અંકોડી છે. તેના વડે જ તે વિરહિણીનાં કાળજાં આ (વસંત) રૂતુમાં ખેંચી કાઢે છે.

હે સોળે કળાએ સંપૂર્ણ ચંદ્ર! તું સહીને (**सहीरि**) આ માટે

સંતાપ ઉપજાવે છે? હે ભાઈ (म्या)! [સ્રીહત્યાના] પાપથી કે કલંકથી ડરી અબળાનો જીવ લે માં.

બ્હેનો! કામદેવ રાતદહાડો મનને મથી નાંખતો અટકતો નથી. એ અંગને કોઇ ઓરજ પ્રકારે (अनोपम) સોસે છે. અરે! એ વેરણ રાતને લાંબી કરી મૂકે છે.

તેના (तेह) સર્વે વિરહનો અંત આવે છે. તે [પતિના] હાથનો (कर लउ) કાગળ જુએ છે. [તેથી] તે [શુભ શુકન આપનાર] કાગડાના ગુણ વખાણે છે: [અને કહે છે કે] અરે ભાઇ! તું અશુભ જંગલ મૂકી દે [ને અહિં સુખે રહે]!

હે કમળ! (ને સ્રીના) મ્હો આગળ તું મલીન જણાય છે. જા, જા, પાણીમાં ન્હાઈ આવ (મ્હો ધોઈ આવ). અરે દાડિમ! તું (એ સ્રીના) મ્હોમાંના દાંતને તારાં બીજ (દાણા) દેખાડ માં.

પૃષ્ઠ ૩૮–૩૯.

મુંજ કહે છે.—હે મૃણાલવતી! જોબન ગયું તેને માટે ઝુર માં (શોક ન કર). જો સાકરના સો કકડા થાય, તોયે તે ચૂરીચુરી થયેલી પણ મીઠી લાગે છે.

મુંજ કહે છે:—હે મૃણાલવતી! જે મતિ પછીથી સાંપડે છે તે જો પહેલી સાંપડી હોય તો કોઇ વિઘ્ન વેઠે નહિ.

અરે મુંજ! તું ઝોળી તુટીનેજ કેમ ન મુઓ? તું (બળીને) રાખોડીનો ઢગલો જ કેમ ન થયો? જેમ માંકડું (નચાવાય છે) તેમ તું ઘેર ઘેર નચાવવામાં આવે છે!

સાગર (સરખી) ખાઇ હતી, લંકા (સરખો) ગઢ હતો ને રાવણ રાજા (સરખો) ગઢવી (ગઢરક્ષક, દુર્ગપાલ) હતો. (પણ) ભાગ્યના ક્ષયે સઉ ભાગી (બરબાદ થઇ) ગયું. (માટે) હે મુંજ ! તું વિષાદ (અફસોસ) કર માં.

અરે હિણા ડુંગર (**गड्डुआ**) ગિરનાર ! તેં મનમાં (એવો તે) દ્વેષ કેવો ધર્યો છે કે રાખેંગાર મરાતા છતાં (**मारीतां**) એક પણ શિખર તારૂં તુટી પડયું નહિ?

અરે રાજા જયસિંહ (**जेसल**) ! તું (મને) વળી વળી બળાત્કારે (**मोडी**) લેઇ જા માં. (તેમ કરવામાં માત્ર) મારૂં (**विरूउ**) જ થશે. નવઘન (સુંદર મેઘ) વિના જેમ નદી નવા વહેણે વહેતી નથી, તેમ આ (રાણકદેવી પણ) નવા વહને આવનાર નથી.

વઢવાણ વટાવાતું (**वाटीतउ**) વીસારતાં વીસરાતું નથી. [તેની પાસે વહેનારા] હે ભોગાવા ! [આ મારા] સોના સમા પ્રાણ તારાજ વડે [**तइं**] ભોગવાઓ !

જ્યારે [**जइआ**] એક ધડ છતાં દશ મ્હોનો રાવણ જનમ્યો (**जायउ**) ત્યારે જનની ચિંતવે છે કે [આના] કયા મ્હોને ક્ષીર [દુધ] પાઉં ?

દિગંબરરૂપ [સ્થિતિ જેની છે એવો] આ જનમ છુટી પડયો [**गउ**] ! ન મેં સુભટનાં ખડ્ગ ભાગ્યાં, ન મેં તીખાંતુરંગ માણ્યાં, ન કે મેં ગોરીના ગળે બાથ બીડાવી.

દીકરી [**धी**] દીકરા ને પત્ની [**कलत्त**] ને શું કરશો ? ખેતી [**करसण**] વાડીને શું કરશો ? આવવું (તેમ) જવું એકલા જ છે, ને તે પણ બંને હાથ ખંખેરીને [**झाडि**].

પૃષ્ઠ ૩૯-૪૦-૪૧.

વાયસ (કાગડો) ઉડાવતાં [ઓએ] એકાએક (**सहसत्ति**) પિયુ પ્રવાસથી આવી પહોંચેલો જોયો; [એટલે એમ થયું કે] અર્ધાં બલૈયાં ભોંય [સૂકાયલાં કાંડાંથી] નીકળી પડયાં ને અર્ધાં તડાક કરીને (ફુલતાં કાંડે જ) ફુટી ગયાં !

[બાપુ] હૃદડા ! તડાક કરીને ફુટી જા. કાલક્ષેપ (વાર) શા માટે [કરે છે]? હું જોઉં તો ખરી કે ભૂંડો વિધાતા સેંકડો દુઃખ (નો ભાર) તારા વિના [**वइत्रिणु**] કહિં મૂકે છે?

બધો એ સંસાર વડાઈ (**वड्डुत्तण**) માટે (**तणेण**) તરફડિયાં મારે છે. પણ વડપણ તો હાથ મોકળો રાખ્યાથી પમાય છે.

હે દૂતી! જો એ ઘેર આવતો નથી, તો તેમાં તારૂં મ્હો તું શા માટે નીચું નામે છે? તું જે મારી સખી તેનું વચન જે ઉથાપે છે (**खण्डइ**) એ (આજથી) મારો પિયુ ન હોય.

જો તે [ખરા] સ્નેહવાળી [હશે] તો મુઇ હશે; જો જીવતી હશે, તો નિઃસ્નેહ જ [હશે]. બે એ પ્રકારે ધણિયાણી (**धण**) મેં [તારે લીધે] ખોઈ જ. અરે ખળ મેહ! તું કાં ગાજ્યા કરે છે?

મુઆ (**हयास**) બપૈયા! જો તારી અને વ્હાલાએ મારી બન્નેએ [બન્નેની] આશા પૂરી નહિ. [હવે] પિઉ પિઉ ભણીને [તું] કેટલું રડીશ?

હૈયામાં ગોરી ખટકે છે ને ગગનમાં મેહુલો ધુરકે છે. વરસાતની ઋતુમાં એવું વસમું સંકટ પ્રવાસીઓને થઇ પડે છે.

સાગરનું તેટતેટલું પાણી છે [ને] તેટતેટલો વિસ્તાર છે. પરંતુ તરશ નિવારનારૂં પળીભર પણ નથી. છતાં દુષ્ટ ઘુઘવ્યા કરે છે!

જ્યાં ચંદ્રગ્રહણ દીઠું, ત્યાં અસતીઓ નિઃશંક હીસી (હરખાઇ)

" (હાંહો) રાહુ ! પ્રિયજનનો વિછોડ (વિજોગ) પાડનારા ચાંદાને ગળી જા—ગળી જા ! "

તે દીર્ઘનેણુ અન્ય જ, તે ભુજની જોડી અન્ય જ, તે સ્તનનો વિસ્તાર અન્ય જ તે મુખકમળ અન્ય જ, તે કેશકલાપ (અંબોડો) અન્ય જ, અને જે વિધિએ તે ગુણુ અને લાવણ્યના નિધિ (ભંડાર) રૂપ નિતંબિની (સ્ત્રી) ઘડી તે પણુ પ્રાયઃ (બહુધા) અન્ય જ.

પિયુના સમાગમમાં નીંદડી [આવે] કેવી ? પિયુ પરોક્ષ છતાં [પણુ નિદ્રા] કેમ [આવે]? એમે નહિ ને તેમે નહિ-બન્ને (પ્રકારની) નીંદ મેં વણુસાડી.

જે વ્હાલા દેશમાં પિયુનું પરમાણું (=પત્તો) મળે, તહિં (મારે) જવું (એટલે) જો (એ) આવે તો અણાય, નહિ તો ત્યાં જ નિર્વાણુ (= આયુષની સમાપ્તિ).

તે પ્રવાસે જતાં જ્યારે સાથે ગઇ નહિ ને તેના વિયોગે મુઈ નહિ, ત્યારે સુહાગી સ્વામીને સંદેસડા દેતીએ લાજ્યું.

કચડ કચડ ખવાતું નથી, ગટગટ પીવાતું નથી; (છતાં) એમ જ નેણે પિયુ નિહાળ્યા કરતાં સુખ (सुहच्छडी) છે.

શિર પર જીરણુ ફાટીતુટી (खण्डी) લોમડી (=કામળી) છે ને ગળે (પૂરા) વીસ મણુકા (એ) નથી. તોયે [तोवि] તે મુગ્ધા વડે આમડિયા ઉઠબેશ કરાવાયા.

આભલાં ડુંગરોએ લાગ્યાં છે (તે જોઇ) પંથી રડતો જાય છે (ને વિચારે છે કે) આવા (મોટા) ડુંગર ગળી જવાના મનવાળો જે છે તે ધણુ (= પત્ની, ધણિયાણી) ના (મિલનના મનવાળો) કેમ ન (હોય) ?*

---

* सो किं घणेइ णाइ એવો પાઠ લેવો.

પંખી શિર ચડી બેસે છે, ફળ તોડે છે ને ડાળ મોડે છે; તોયે મહાદ્રુમ પક્ષીઓને [सउणाहुं] અપરાધી કરતુ (= ગણતું) નથી.

પૃષ્ઠ ૪૪

જેમાં મુંજનું પ્રતિબિંબ પડ્યું હતું તે ડોળાયલું જળ (પોતે) જે (એ) હાથે પીધું હતું તે એ હાથ ચૂમી ચૂમીને વિસ (=કમળદંડ) રૂપ વિષ જેના શરીરે (લપેટાયલ) છે એવી તે+ મૃણાલવતી જીવને ટકાવી રાખે છે.

બાંહ્ય છોડીને તું જા. તેમ (ભલે) થાઓ. એમાં શું છે [कोद्दोसु] ? હે રીસાયલા [सरोसु] મુંજ ! (આ મારા) હ્રદયેથી નીસરે (=છટકી જાય) તો તો હું જાણું (કે તું મને છોડીને ગયો).

પૃષ્ઠ ૪૫.

સ્વામી (=માલીક) નો બારે બાર પેખીને ગોરિયો મનમાં હેરાય છે [विसूरइ] કે (મારા) બે ખંડ કરીને દો દેશે મને કેમ નથી જોતરતા ?

ભલું હવું જે બહેન ! મારા કંથ મરાયા. જો (તે) ભાગીને (=હારીને) ઘેર આવત, તો હું સમાણી સખીઓ [वअंसिआ] આગળ લાજી મરત.

જીવતર કોને વહાલું નથી ને ધન કોને ઇષ્ટ નથી ? [પરંતુ] અવસર આવ્યે તે બે એ સત્પુરૂષ તરણા સમાન ગણે છે.

" અમે (તો) થોડા છિયે ને (અરે) રિપુ (તો) બહુ છે "

+ મૃણાલવતી નામમાં પણ " મૃણાલ એટલે કમળના દાંડા —વિસવાળી" એવો અર્થ છે.

એમ કાયર જ બોલે [भणन्ति]. મુગ્ધે ! તું ગગનતળ નિહાળીને જો કે કેટલા જ્યોત્સ્ના (ચંદની) કરે છે. રાતે અજુવાસ આપે છે ?

અલી ! તું આળપંપાળ (=ખોટું ખોટું) માં ભાખ. માગ કંથના બે દોષ છે (જ). આપતાં હું કેવળ ઉગરી–બાકી રહી છું; ને ઝૂઝતાં તરવાર ઉગરી–બાકી રહી છે.

હે સખી ! પારકા (સુભટો) ભાગ્યા હશે, તો મારા પિયુએ (ભગાડયે ભાગ્યા હશે). પણ જો આપણા (સુભટો) ભાગ્યા હશે, તો તે મરાયે (ભાગ્યા હશે).

વહાલી બાપીકી ભૂમિ [भुंइडी] અવરે ચંપાય–ચંપી જાય, ત્યારે પછી (તેવો) પુત્ર જનમ્યે [जायें] ગુણ શો [कवणु] ને મુએ અવગુણ શો ?

મારા કંથ ગોઠડા [=ગામ] માં છતાં ઝૂંપડું બળે કેવું ? કાં તો ને રિપુના રૂધિરે અથવા તો આપણા–પોતાના રૂધિરે ઓલવે તે નક્કી [न भन्ति].

અરે મૂખો ! દેશ સરિતાએ નહિ, તળાવે [सरि] નહિ, સરોવરે નહિ ને વાડીઓ (उज्जाण) ને વનોએ નહિ, પણ નિવાસ કરી રહેલા સુજનોએ રમણીય બને છે–શોભે છે.

અરે હૈયડા ! જો વેરી ઘણા છે તો શું આભમાં ચડી જઇયે ? અમારે બે હાથ છે. કદીક (મારયે તો) મારીને મરિયે.

પાયે આંતરડું વળગ્યું છે, શિર ખાંધ ઉપર લચી પડયું છે, તોયે કટાર ઉપર જ રૂડો હાથ છે (એવા) કંથનાં [હું] ઓવારણાં લેઉં છું.

કે. હ. ધ્રુવ.

